
પ્રસિદ્ધ કર્તા—

શ્રી જૈન આત્માનંદ સભા.

ભાવનગર.





શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને આ સત્તાવીશ, અઠ્ઠાવીશમા વર્ષની જૈન ઐતિહાસિક ચરિત્ર "સુકૃતસાગર યાને માંડવગઢનો મહાન્ મંત્રીશ્વર" એ નામની બુક ભેટ તરીકે આપતાં અમોને આનંદ થાય છે. દરવર્ષે વિવિધ સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ચરિત્રો, આચાર વિગેરેના પુસ્તકો ઉદારતાથી અને તેવાં તેટલાં કદના, અને સારા કાગળ ઉપર સુંદર ટાઇપથી છપાવી, સુશોભિત બાઇન્ડીંગથી અલંકૃત કરી આ માસિક સિવાય અન્ય કોઇ તરફથી તેવી રીતે અપાતા ન હોવાથી તેવો આનંદ થાય તે સહજ છે.

ઇતિહાસ એ દેશ કે સમાજનું પ્રથમ દરજ્જાનું સાહિત્ય અને ભૂતકાલીન દર્પણ છે, અને તે બીજા બધા કરતાં ઐતિહાસિક સાહિત્ય એવું ઉપયોગી સાહિત્ય છે કે તે વગર કોઇપણ પ્રજા, ધર્મ કે કોમ, જીવંત રહી શકે નહીં.

આ ઐતિહાસિક ગ્રંથમાં તે કાળના ઇતિહાસ સાથે એક જૈન કુળ-ભૂષણ નરરત્ન પિતા-પુત્રનું જીવનચરિત્ર છે. આવા ચરિત્રોના વાંચનથી આત્મામાં નવું જીવન, અને ચૈતન્ય આવે છે, તેમ શ્રદ્ધા દૃઢ થાય છે; ઘડીભર તેવા ઉત્તમ નર થવાની કે ઉત્તમકાર્યો કરવાની ઇચ્છા પણ થાય છે; જીવન-ચરિત્રના સહવાસમાં આવવાથી તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરોબર હોવાથી તેને લઇને જ અમારા તરફથી આત્માનંદ પ્રકાશ માસિકની ભેટ માટે ઐતિહાસિક સંબંધવાળા જીવન ચરિત્રોના પુસ્તકો અપાય છે.

જે મહાન્ પુરૂષનો પરિચય આ લેખમાં કરવામાં આવે છે, તેમના જીવન ચરિત્રની તુલના કે તેમના કાર્યનું અનુકરણ કોઇ પણ અંશે કરે તો તે મનુષ્ય પોતાનો જન્મ સફલ કરી શકે છે. આ ગ્રંથમાં જણાવેલ ચરિત્ર નાયક પૃથ્વીધરકુમારે પોતાની દરિદ્રાવસ્થામાં કેવા પ્રકારનું ધૈર્ય રાખી, પાછળ ઉન્નતાવસ્થામા કેવું ઉચ્ચ આચરણ આદરી,

પૃથ્વીધરકુમારનું બીજું નામ પેથડશાહ હતું. પેથડશાહના ગુરૂશ્રીધર્મઘોષસૂરિ હતા. તેઓની પાસે પાંચલાખ ટંકનું તેઓએ પરિગ્રહ પરિમાણ કર્યું હતું. બત્રીશ વર્ષની ભરયુવાન વયે પોતાની સ્ત્રી સહિત ચતુર્થવ્રત ગ્રહણ કર્યું હતું. ગુરૂમહારાજના નગર પ્રવેશ મહોત્સવમાં બહોંતેર હજાર સોનામહોરનો ખર્ચ કર્યો હતો. ગુરૂશ્રીની દેશના સાંભળી ૧૮ લાખ દ્રવ્ય ખરચ કરી ૭૨ દેવકુલિકા સહિત "શત્રુંજયાવતાર" નામનું વિશાળ જૈન ચૈત્ય માંડવગઢમાં બનાવ્યું હતું. બાકી બીજા ઘણા જિન મંદિરો બંધાવ્યા હતા. તે હકીકત આ ગ્રંથના ચોથા તરંગમાં આપેલ છે જે મનન કરવા જેવી છે. બન્ને વખતે પ્રતિક્રમણ અને ત્રિકાલ પ્રભુપૂજા કરવાનો તો ખાસ નિયમ હતો. ચરિત્ર નાયકે બ્રહ્મચર્ય કેવા સંયોગમાં ગ્રહણ કર્યું તેનો અધિકાર ખાસ જાણવા જેવો પાંચમા તરંગમાં જણાવેલ છે, જે વાંચતા આ મહાન પુરૂષ ખરેખર જૈન નરરત્ન હતા એમ જણાશે. તે સિવાય તેમની દેવગુરૂભક્તિ, રાજાએ કરાવેલ સાત વ્યસનનો નિષેધ, તેમની અપૂર્વ તીર્થ યાત્રા, દેવ, ગુરૂ ભક્તિ અને જ્ઞાન ભંડારોની સ્થાપના, તેમના પુત્ર ઝાંઝણની ધર્મભક્તિ તથા શ્રી ચતુર્વિધ સંઘ સાથે જુદા જુદા તીર્થોની યાત્રાઓના પ્રસંગે દરેક તીર્થે કરેલ દેવ, ગુરૂ, ધર્મ અને સ્વામીબંધુની અપૂર્વ-અલૌકિક સેવા, ઉચ્ચ ધર્મભાવના, અનુપમ ઉદારતા અને અપરિમિત દ્રવ્ય વ્યય વગેરેનું વર્ણન.. આઠમા તરંગમાં આપવામાં આવેલ છે જે મનન પૂર્વક પઠન-પાઠન કરતા શ્રદ્ધાળુ જનોના રોમરાય વિકસ્વર થાય છે અને આત્મિક આનંદ પ્રગટ થાય છે

આ ગ્રંથમાં પૃથ્વીધરકુમાર અને ઝાંઝણકુમારના ચરિત્ર સાથે અંતર્ગત કથા તથા આ આ ચરિત્રમાં સ્થાને સ્થાને ઉપદેશક-બોધક-શિક્ષાઓ પણ આપેલ છે.

આ [illegible] વર્ણન શ્રી મુનિસુંદર સૂરિકૃત પટ્ટાવલીમાં, શ્રીરત્નમંડન [illegible] ઉપદેશ તરંગિણીમાં [illegible] વિરચિત ઉપદેશ સપ્તતિમાં, [illegible] તથા ગુર્જર [illegible] મળી [illegible] પ્રગટ થયેલ [illegible] શ્રીરત્નમંડનગણી [illegible] શ્રીમદ્ [illegible] આ [illegible]

પોતાના દ્રવ્યનો કેવી રીતે સન્માર્ગે વ્યય કર્યો અને ધર્મની કેવી ઉત્તમ રીતે સેવા કરી તે આખું ચરિત્ર આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ વૃત્તાંત લગભગ તેરમી સદીમાં બનેલ છે. તે વખતે દીલ્લીના તખ્ત ઉપર અલ્લાઉદ્દીન ખીલજી રાજ્ય કરતો હતો, જેણે ઇ. સ. ૧૨૯૭ માં કરણઘેલાની પાસેથી ગુજરાત સર કર્યું હોય તેમ બીજી આસપાસની હકીકતપરથી માલમ પડે છે. તે વખતે માળવામાં (હાલના ધાર સ્ટેટમાં આવેલ) **માંડવગઢ** નામનું મોટી સમૃદ્ધિવાળું શહેર હતું અને પરમાર વંશીય માળવાના પ્રખ્યાત રાણા જયસિંહદેવ રાજા રાજ્ય કરતો હતો. તે વખતે તે નગરનો મધ્યાન્હ કાળ હતો; પરંતુ તે પણ કાલના ચક્કરમાં પડતાં તેની ઘણી નિશાનીઓ નષ્ટ થઇ ગઇ, હાલમાં તે માત્ર ગામડું છે, છતાં તેના પ્રવેશદ્વારપર એક પત્થરનું તોરણ અને પૃથક્ પૃથક્ સ્થાનોપર પ્રાચીન મંદિર અને ખંડેરોના ચિન્હો દેખાય છે. હાલ ત્યાં શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય છે, અને તેમાં બીરાજેલ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા મહાસતી સીતાના શીલના પ્રભાવથી વજ્રભૂત થઇ ગઈ હતી તે અત્યારે મૌજુદ છે એમ કહેવાય છે. હાલ ત્યાં યાત્રા કરવા જનારને પ્રાચીનતાનું ભાન થયા વગર રહેતું નથી. પૃથ્વીધરકુમારના ગુરૂ શ્રીમદ્ **ધર્મઘોષસૂરીશ્વરજી** હતા; તેની પછી બસેંહ વર્ષ પછી આ ચરિત્ર લખાયેલ છે. શ્રી ધર્મઘોષસૂરિની પાટ ઉપર શ્રી **સોમસુંદર સૂરિ** તેની પાછળ **મુનિસુંદર સૂરિ** તેમની પાટે રત્નસાગરસૂરિ તેમના શિષ્ય શ્રી **નંદીરત્નગણી** અને તેમના શિષ્ય **રત્નમંડનગણીએ** આ " સુકૃતસાગર " ગ્રંથની રચના કરી છે; જે [1]મૂળ ગ્રંથ અમારા તરફથી પંદર વર્ષ ઉપર પ્રગટ થયેલ છે.

ચરિત્ર નાયકના સમયમાં માંડવગઢ શહેર સર્વ પ્રકારે ઋદ્ધિ સિદ્ધિથી સંપૂર્ણ હતું. પૃથ્વીધરકુમાર વ્યાપારમાં નિપુણ હતા અને માનસિક તથા ધાર્મિક શિક્ષણના પારગામી પણ હતા. તેમના પુણ્ય પ્રભાવથી રાજા જયસિંહના મંત્રી પણ તેઓ થયા હતા. તેમને સતીશીરોમણિ પૃથમણી નામની ઉત્તમ સ્ત્રી હતી.

---

૧ આ ગ્રંથ મૂળ અમોએ પ્રકટ કરેલ છે અને તેમાં આવેલ ચરિ અનુકરણીય, પઠનપાઠન કરવા જેવું ઐતિહાસિક સત્યઘટના બનેલ હોવાથી : માસિકના ૨૭-૨૮ વર્ષની ભેટ તરીકે (ભાષાંતર કરાવી) આ વખતે આપીયે છી

પૃથ્વીધરકુમારનું બીજું નામ પેથડશાહ હતું. પેથડશાહના ગુરુશ્રી ધર્મઘોષસૂરિ હતા. તેઓની પાસે પાંચલાખ ટંકનું તેઓએ પરિગ્રહ પરિમાણ કર્યું હતું. બત્રીસ વર્ષની ભરયુવાન વયે પોતાની સ્ત્રી સહિત ચતુર્થવ્રત ગ્રહણ કર્યું હતું. ગુરુમહારાજના નગર પ્રવેશ મહોત્સવમાં બહોંતેર હજાર સોનામહોરનો ખર્ચ કર્યો હતો. ગુરુશ્રીની દેશના સાંભળી ૧૮ લાખ દ્રવ્ય ખરચ કરી ૭૨ દેવકુલિકા સહિત "શત્રુંજયાવતાર" નામનું વિશાળ જૈન મંદિર માંડવગઢમાં બનાવ્યું હતું. બાકી બીજા ઘણા જિન મંદિરો બંધાવ્યા હતા. તે હકીકત આ ગ્રંથના ચોથા તરંગમાં આપેલ છે જે મનન કરવા જેવી છે. બન્ને વખતે પ્રતિક્રમણ અને ત્રિકાલ પ્રભુપૂજા કરવાનો તો ખાસ નિયમ હતો. ચરિત્ર નાયકે બ્રહ્મચર્ય કેવા સંયોગમાં ગ્રહણ કર્યું તેનો અધિકાર ખાસ જાણવા જેવો પાંચમા તરંગમાં જણાવેલ છે, જે વાંચતા આ મહાન પુરુષ ખરેખર જૈન નરરત્ન હતા એમ જણાશે. તે સિવાય તેમની દેવગુરુભક્તિ, રાજ્યમાં કરાવેલ સાત વ્યસનનો નિષેધ, તેમની અપૂર્વ તીર્થ યાત્રા, દેવ, ગુરુ ભક્તિ અને જ્ઞાન ભંડારોની સ્થાપના, તેમના પુત્ર ઝાંઝણની ધર્મભક્તિ તથા શ્રી ચતુર્વિધ સંઘ સાથે જુદા જુદા તીર્થોની યાત્રાઓના પ્રસંગે દરેક તીર્થે કરેલ દેવ, ગુરુ, ધર્મ અને સ્વામીબંધુની અપૂર્વ–અલૌકિક સેવા, ઉચ્ચ ધર્મભાવના, અનુપમ ઉદારતા અને અપરિમિત દ્રવ્ય વ્યય વગેરેનું વર્ણન...આઠમા તરંગમાં આપવામાં આવેલ છે જે મનન પૂર્વક પઠન–પાઠન કરતાં શ્રદ્ધાળુ જનોના રોમરાય વિકસ્વર થાય છે. અને આત્મિક આનંદ પ્રગટ થાય છે

આ ગ્રંથમાં પૃથ્વીધરકુમાર અને ઝાંઝણકુમારના ચરિત્ર સાથે અંતર્ગત કથા તથા આખા ચરિત્રમાં સ્થળે સ્થળે ઉપદેશક–બોધક-શિક્ષાઓ પણ આપેલ છે.

આ પૃથ્વીધર કુમારનું વર્ણન શ્રી મુનિસુંદર સૂરિકૃત પટ્ટાવલીમાં, શ્રીરત્નમંડન ગણીકૃત ઉપદેશ તરંગિણીમા, પંડિત સોમધર્મ વિરચિત ઉપદેશ સપ્તતિમા, ઉપદેશ રસાલમાં, ઝાંઝણ પ્રબંધમાં, તથા ગુર્જર પ્રાચીન કાવ્યસંગ્રહમા મળી શકે છે; પરંતુ એ બધાનો મૂળ આધાર અમારા તરફથી પ્રગટ થયેલ મૂળ ગ્રંથ સુકૃતસાગર છે. તેના કર્તા શ્રીરત્નમંડનગણી છે. જે શ્રીમદ્ રત્નશેખરસૂરિજીના સમકાલીન હતા. તે સૂરીશ્વરજીનો જન્મ વિક્રમ સંવત ૧૪૫૭, દીક્ષા ૧૪૬૩, પંડિતપદ ૧૪૮૩, ઉપાધ્યાય પદ ૧૪૯૩ આચા-

૨પદ ૧૫૦૨, અને સ્વર્ગવાસ ૧૫૧૭ માં થયેલ છે. આ ચરિત્રનાયકના સંબંધમાં તેના સુકૃત્યોનું ઘણા ઘણા પંડિતો અને પૂર્વાચાર્યોએ વર્ણન સંસ્કૃત અનેક ગ્રંથોમાં કરેલ છે, પરંતુ તે સર્વને ઉપકારક ન થઇ શકે તેવા હેતુથી તેમના ચરિત્રના જે ખાસ અને મૂળ આધારભૂત ગ્રંથ શ્રીસુકૃતસાગર છે, તેનું જ શુદ્ધ અને સરલ ગુજરાતી ભાષાંતર કરાવી આત્માનંદ પ્રકાશ માસિકના માનવંતા ગ્રાહકોને આ વખતે ભેટ આપી કૃતાર્થ થઇયે છીયે.

આવા જૈન કુલભૂષણ નરરત્નનું ઐતિહાસિક ચરિત્ર પ્રગટ કરવાની આજ્ઞા આપવા માટે તથા તે માટે ઉપદેશ દ્વારા આર્થિક સહાય અપાવવા માટે મુનિરાજશ્રી **લબ્ધિવિજયજી મહારાજનો** આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથમાં દૃષ્ટિદોષ, પ્રેસદોષ, કે કોઇ સ્થળે ભાષામાં કંઇ સ્ખલના જણાય તો મિથ્યાદુષ્કૃત પૂર્વક ક્ષમા માંગવા સાથે અમોને જણાવવા સૂચના કરીયે છીયે કે જેથી તે સુધારવાને યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવે.

આત્માનંદ ભવન—ભાવનગર.
વીર સંવત ૨૪૫૬—આત્મ સંવત ૩૫
જ્યેષ્ઠ શુક્લ અષ્ટમી (ગુરૂજયંતી)

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ,
સેક્રેટરી.

બાલ બ્રહ્મચારી શ્રીમાન્ મુનિરાજ
શ્રી લબ્ધિવિજયજી મહારાજનું
સંક્ષિપ્ત જીવન વૃત્તાંત.

ગુજરાતનું પાટનગર પ્રસિદ્ધ પાટણ શહેર વર્તમાન સમયે જે પવિત્ર ભૂમિ ઉપર શોભાયમાન છે, તેજ ભૂમિ ઉપર પૂર્વે શ્રીમદ્ શિલગુણસૂરિ મહારાજના પરમ ભક્ત

મહાત્માના જન્મ સ્થાનનો પરિચય

ચાવડા વંશના કૂળદીપક વનરાજ ચાવડાએ અણહીલપુર પાટણ વસાવેલું, અને પોતે જૈન ધર્મના ખાસ ઉપાસક હોઈ શ્રી પંચાસરા પાર્શ્વનાથજી મહારાજનું ભવ્ય મંદિર પણ બંધાવેલું હતું; ત્યાર બાદ કેટલાક વર્ષો પછી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના પરમ ભક્ત જૈન ધર્મના ઉપાસક શ્રી કુમારપાળ મહારાજા આ પાટણ શહેરની ગાદી ઉપર બિરાજમાન થયા; જેણે પોતાના ૧૮ દેશમાં અમારી પટહ વગડાવી જીવદયા પળાવી અને દશે દિશામાં આર્હત ધર્મનો ઉદ્યોત કર્યો. તે શહેરમાં વર્તમાન સમયે જૈનોના શિખરબંધી મંદિરોની ધ્વજાઓ આકાશમંડળને આસ્વાદના કરી રહેલી છે, તેવાં ૧૨૫ જિનમંદિરો ભવ્ય અને મનોહર છે, તે સિવાય ઘર દેરાસરો પણ જ્યાં ૧૫૦-૨૦૦ આશરે શોભી રહેલ છે. કુમારપાળ ભૂપતિના સમયથી અદ્યાપિ પર્યંત જ્યારે જ્યારે જૈનધર્મના પર્વો કે મહોત્સવો હોય ત્યારે પરાપુર્વથી રિવાજ પ્રમાણે આખા શહેરમાં અણોજો પળાય છે, તમામ આરંભ સમારંભના કાર્યો બંધ રહે છે; એટલું જ નહીં પણ જૈનેતર તમામ વ્યાપારીયો ઘણા ભાગે જે જાતનો પોતાનો ધંધો હોય તે જાતના વિધવિધ માલ વડે દુકાનો શણગારે છે.

આવા જૈનપુરીગણાતા શહેરમાં વાસાવાડા નામે મહોલ્લામાં સુપ્રસિદ્ધ દશાઓશવાળ જ્ઞાતિના શેઠ નિહાલચંદ સાકળચંદ નામના

(બાળ બ્રહ્મચારી)



મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજ.

જન્મ સંવત ૧૯૪૦   દીક્ષા સંવત ૧૯૫૯.

ધી 'આનંદ' પ્રીન્ટિંગ પ્રેસ-ભાવનગર.

બાલ બ્રહ્મચારી શ્રીમાન્ મુનિરાજ

શ્રી લબ્ધિવિજયજી મહારાજનું

સંક્ષિપ્ત જીવન વૃત્તાંત.

મહાત્માના જન્મ સ્થાનનો પરિચય

ગુજરાતનું પાટનગર પ્રસિદ્ધ પાટણ શહેર વર્તમાન સમયે જે પવિત્ર ભૂમિ ઉપર શોભાયમાન છે, તેજ ભૂમિ ઉપર પૂર્વે શ્રીમદ્ શિલગુણસૂરિ મહારાજના પરમ ભક્ત ચાવડા વંશના કૂળદીપક વનરાજ ચાવડાએ અણહીલપુર પાટણ વસાવેલું, અને પોતે જૈન ધર્મના ખાસ ઉપાસક હોઈ શ્રી પંચાસરા પાર્શ્વનાથજી મહારાજનું ભવ્ય મંદિર પણ બંધાવેલું હતું; ત્યાર બાદ કેટલાક વર્ષો પછી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના પરમ ભક્ત જૈન ધર્મના ઉપાસક શ્રી કુમારપાળ મહારાજા આ પાટણ શહેરની ગાદી ઉપર બિરાજમાન થયા; જેણે પોતાના ૧૮ દેશમાં અમારી પટહ વગડાવી જીવદયા પળાવી અને દશે દિશામાં આર્હંત ધર્મનો ઉદ્યોત કર્યો. તે શહેરમાં વર્તમાન સમયે જૈનોના શિખરબંધી મંદિરોની ધ્વજાઓ આકાશમંડળને આસ્વાદના કરી રહેલી છે, તેવાં ૧૨૫ જિનમંદિરો ભવ્ય અને મનોહર છે, તે સિવાય ઘર દેરાસરો પણ ત્યાં ૧૫૦-૨૦૦ આશરે શોભી રહેલ છે. કુમારપાળ ભૂપતિના સમયથી અદ્યાપિ પર્યંત જ્યારે જ્યારે જૈનધર્મના પર્વો કે મહોત્સવો હોય ત્યારે પરાપૂર્વથી રિવાજ પ્રમાણે આખા શહેરમાં અમારી પળાય છે, તમામ આરંભ સમારંભના કાર્યો બંધ રહે છે; એટલું જ નહીં પણ જૈનેતર તમામ વ્યાપારીયો ઘણા ભાગે જે જાતના પોતાના ધંધા હોય તે જાતના વિચિત્ર માલ વડે દુકાનો શણગારે છે.

આવા જૈનપુરીગણાતા શહેરમાં વાસાવાડ નામે મહોલ્લામાં સુપ્રસિદ્ધ દશાઓસવાળ જ્ઞાતિના શેઠ નિહાલચંદ સાકળચંદ નામના

પિતા તથા રત્નકુક્ષ ધારિણી બાઇ એમકોર નામે સુશ્રાવિકા માતા, કે જેઓ જૈન ધર્મના પરમ ઉપાસક હતા, તેમને ગૃહે આ ચરિત્ર નાયકનો જન્મ સંવત ૧૯૨૭ માં થયો હતો અને તેમનું સંસારી નામ વાડીલાલ રાખવામાં આવ્યું હતું. ચરિત્ર નાયકને બે ભાઇઓ હતા, જેમના નામ કસ્તુરભાઈ તથા મગનલાલભાઈ જે ચરિત્ર નાયકથી નાની ઉમ્મરના છે.

પુના શહેર વગેરે સ્થળે રહી બાલ્યાવસ્થા મૂકયા પછી મરાઠી તેમજ ગુજરાતી ભાષાનો સારો અભ્યાસ કરેલ. નાની ઉમ્મરથી જ ધાર્મિક લાગણી તીવ્ર જણાઈ. પિતાની હૈયાતિમાં દીક્ષા લેવા અનુજ્ઞા માંગતા માત પિતાએ મોહના અભાવે અટકાયત કરવાથી. તેમના સ્વર્ગવાસ પછી દીક્ષા લેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

માતા પિતાના સ્વર્ગવાસ પછી શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી પોતાના શિષ્ય પરિવાર સહિત ઉપરોક્ત પાટણની પવિત્ર ભૂમિ ઉપર વિહાર કરતા પધાર્યા. તેમના શિષ્ય પંજાબી શ્રીમાન્ મુનિ મહારાજ શ્રી હીરવિજયજી મહારાજશ્રીના સદ્ઉપદેશ વડે અને પ્રથમથીજ વૈરાગ્ય ભાવના થઈ આવેલ, જેથી પાલનપુર શહેરમાં વિક્રમ સંવત ૧૯૪૫ ની સાલમાં માત્ર ૧૬ વર્ષની લઘુવયમાં પોષ માસની કૃષ્ણ સપ્તમીના દિવસે અન્ય સાત ભાઇઓ સાથે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના હાથે ચારિત્ર અંગીકાર કર્યું. તેમાં આપણા ચરિત્ર નાયકનું નામ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ રાખવામાં આવ્યું. શ્રીમાન્ મુનિરાજ શ્રી હીરવિજયજી નામથી વાસક્ષેપ કરી તેમના શિષ્ય તરીકે સૂરીશ્વરજી મહારાજે સ્થાપન કર્યા.

દીક્ષા.

વિક્રમ સંવત ૧૯૪૫ ના પોષ વદી ૭ મે દીક્ષા ગ્રહણ કર્યા પછી ગુરૂમહારાજ શ્રી સાથે ત્યાંથી અનુક્રમે શ્રી આબુજી તીર્થ તથા પંચતીર્થની યાત્રા કરતા. શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર તથા ગુરૂમહારાજજી સંગાથે જ પાલી શહેરમાં પધાર્યા અને ત્યાં વડી દીક્ષા શ્રીમાન્

વડી દીક્ષા.

વલ્લભવિજયજી મહારાજ તથા શ્રીમાન્ શુભવિજયજી આદિઠાણા ૮ સાધુ બડી ધામધૂમ પૂર્વક થઇ, અને ત્યાંથી વિહાર કરી તે સાલનું ચાતુર્માસ મારવાડના મુખ્ય શહેર જોધપુરમાં સૂરીશ્વરજી મહારાજની સંગાથે જ કર્યું.

વિહાર. ચાતુર્માસ વિત્યા બાદ ત્યાંથી વિહાર સૂરીશ્વર મહારાજ સાથે જ કરતા જયપુર, અજમેર, દિલ્હી થઇ પંજાબની ભૂમિમાં પધાર્યા. અને સં. ૧૯૪૬ ની સાલનું ચાતુર્માસ ગુરૂ આજ્ઞાથી લુધીયાના શહેરમાં કર્યું. ત્યાર બાદ પંજાબ દેશમાં હુશિયારપુર, જીરા, શંખત્રા, પટ્ટી, કોટલા, ગુજરાનવાળા. ઉપર જણાવેલા પંજાબના સાત ગામોમાં અગ્યાર ચાતુર્માસ થયા.

વિક્રમ સંવત ૧૯૫૭ ની સાલમાં તેરમું ચાતુર્માસ મારવાડના પ્રસિદ્ધ શહેર બીકાનેરમાં થયું. ત્યાંના શ્રાદ્ધધર્મ ઉપાસક શેઠ શિવચંદભાઇ સુરાણા તથા ઉદયમલજી ઢટ્ઠાની ગુરૂભક્તિ ઘણીજ પ્રશંસવા યોગ્ય હતી. સંવત ૧૯૫૮ નું ચાતુર્માસ ઉદયપુર શહેરમાં શ્રીમાન્ જયવિજયજી મહારાજશ્રી સંગાથે થયું હતું, ત્યાંથી શ્રી કેશરીયાજી તીર્થની યાત્રા કરી અનુક્રમે વિહાર કરતા ગુજરાતમાં પધાર્યા. સંવત ૧૯૫૯ નું ચાતુર્માસ પ્રવર્તકશ્રી મુનિ કાન્તિવિજયજી મહારાજની સંગાથે પોતાની જન્મભૂમિમાં પાટણ શહેરમાં થયું એટલે દીક્ષા લીધા બાદ ચૌદ વર્ષે જન્મભૂમિમાં પધાર્યા. ત્યાંથી વિહાર કરતા શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી ભોયણી મલ્લીનાથજી મહારાજની યાત્રા કરી કાઠિયાવાડમાં પધાર્યા અને સંવત ૧૯૬૦ નું ચાતુર્માસ બોટાદ નજીક પાળીયાદ ગામમાં થયું. ત્યાંથી વિહાર કરી શ્રી સિદ્ધગિરિ તીર્થ તથા તાલધ્વજ ગિરિની યાત્રા કરી. મહુવા શ્રીવર્ધમાન સ્વામીના દર્શન કરી કૃતાર્થ થયા. ત્યાંથી પાછા ફરતા નવાનગર શહેરમાં આવી સંવત ૧૯૬૧ ના માહ સુદી ૬ ના દિવસે પાટણના રહીશ સાલવી જ્ઞાતિના શ્રાવક નારાયણદાસ મોતીચંદને દીક્ષા આપી અને તે શિષ્યનું નામ સોહનવિજયજી રાખવામાં આવ્યું હતું. ત્યાંથી શ્રી સિદ્ધાચલજી,

રૈવતગિરિ, પ્રભાસ પાટણ, દીવ, ઉના અજાર, વગેરે તીર્થોની યાત્રા કરી અનુક્રમે માંગરોળ પધાર્યા. ત્યારબાદ સંવત ૧૯૬૧ માંગરોળ સં ૧૯૬૨ જામનગર સં ૧૯૬૩ ગોધા સં ૧૯૬૪ પાલીતાણા, સં ૧૯૬૫ રાધનપુર સં ૧૯૬૬ મહાર સં ૧૯૬૭ પાટણ, સં ૧૯૬૮ વાપૂર, સં. ૧૯૬૯-૭૦-૭૧ પાટણ, સં ૧૯૭૨ અમદાવાદ સં ૧૯૭૩-૭૪-૭૫ સુરત, સં ૧૯૭૬-૭૭ પાલીતાણા, સં ૧૯૭૮ વળા (વલ્લભીપુર) માં ચાતુર્માસ કર્યા. તેમના આ ચાતુર્માસમાં ધાર્મિક કાર્યો ઘણાજ ઉત્તમ થયા. સાથે વિશાશ્રીમાળી જ્ઞાતિનું ૪૫૦ ગામનું સંમેલન આ સ્થળે વળામાં થયું અને ત્યાં મહામારી રોગ ચાલવાનો ભય ઉત્પન્ન થયેલ તે પણ ગુરૂ કૃપાથી અટકયો. અહીંથી ચારિત્રનાયક સં ૧૯૭૯ માં વિહાર કરી શીહોર મુકામે પધાર્યા. ત્યાંથી મોટા ગુરકામાં ગયા હતા. ત્યાં તેમને પંન્યાસશ્રી શાંતિવિજયજી મહારાજના શિષ્ય કાન્તિવિજયજી મહારાજ મળ્યા. તેઓનો ભાવ સાથે રહેવાનો હોવાથી અને રંઘોળાના શ્રાવકોનો ત્યાં ચાતુર્માસ કરાવવાનો અત્યંત આગ્રહ હોવાથી મહારાજશ્રીને ગામડા માટે લાગણી હોવાથી તે કબુલ કર્યું. અને સં. ૧૯૭૯ ની સાલનું ચાતુર્માસ રંઘોળા ગામમાં કર્યું (આ સ્થળે સાધુનું ચાતુર્માસ કોઈ વખત થયેલ નહીં. તેમાં વળી આ બાળબ્રહ્મચારી વયોવૃદ્ધ મુનિરાજનું ચાતુર્માસ પ્રથમ થયેલ હોવાથી) ધર્મનો ઉદ્યોત ઘણોજ સારો થવાથી પાંચ સ્વામીવાત્સલ્ય થયા. કલ્પસૂત્રની વાંચનામાં પણ આસપાસના બારગામના શ્રાવકોએ ભાગ લીધો. ઘીની ઉપજ પણ સારી થઇ હતી.) તે સિવાય પૂજા પ્રભાવના આદિ ધર્મકાર્ય ઘણાજ સારા થયા હતા. આ ચાતુર્માસમાં મહારાજશ્રીએ આત્મશક્તિ નામની સ્તવનાવળી બનાવી હતી તે ગામના શ્રાવકોને ઉપયોગી લાગતાં પ્રસિદ્ધિમાં મૂકવા ભાવના થઇ; પરંતુ ઉપરોક્ત ચાતુર્માસ સિવાયના બીજા ચાતુર્માસોમાં મુખ્ય ધાર્મિક કાર્ય આદિ જે થયા તેમાં જે લાભ લેવાયો તે નીચે પ્રમાણે છે.

સં. ૧૯૪૬ થી ૧૯૫૬ સુધી ૧૧ ચાતુ [illegible] ભ [illegible]
વડીલો સાથે થયા, તેમાં અનેક જગ્યાએ [illegible]

જુદા ચાતુર્માસોમાં લેવાયલ લાભો.

વગેરે થયા તેનો લાભ લીધો. માંગરોળના ચોમાસા બાદ શ્રી ગીરનારજી યાત્રા એક દીવસમાં ચાર કરી અનુક્રમે જામ-વણુથળી પધાર્યા, ત્યાં વ્યાખ્યાન, અઠ્ઠાઈ મહોત્સવ અને જળયાત્રાનો વરઘોડો વગેરેનો લાભ મળ્યો, ત્યાંથી વિહાર કરી સં. ૧૯૬૨ માં જામનગરના ચાતુર્માસમાં પોતે તથા તેમના શિષ્ય રત્નવિજયજી સાથે હતા, તે સમયે ૨૨ પૂજાઓ એકીસાથે ઘણા ઠાઠ સાથે ત્યાંના સંઘે ભણાવી-પ્રભુભક્તિ કરી અને ત્યાંના સમુદાયને ધાર્મિક ક્રિયા એકત્ર રીતે ૯૫ વર્ષે થઈ હતી તે લાભ મળ્યો. સં ૧૯૬૩ ની સાલમાં ગોઘાના ચાતુર્માસમાં શ્રી સિદ્ધગિરિરાજનો છરી પાળતો સંઘ ૧૫૦ થી ૨૦૦ માણસો સાથે નીકળ્યો તેનો લાભ લેવાયો.

સં. ૧૯૬૪ ની સાલમાં પાલીતાણાનું ચાતુર્માસ શ્રીમાન્ હંસવિજયજી મહારાજ સાથે થયું હતું, તે સમય પછી છઠ્ઠ કરી સાત યાત્રા સિદ્ધગિરિની કરીને છઠ્ઠ સાતની તપસ્યા એકી સાથે કરી નવાણું યાત્રા પણ સિદ્ધગિરિની કરી.

સં. ૧૯૬૫ નું ચાતુર્માસ રાધનપુર થયું, ત્યાંથી વિહાર કરી નજીકના ગામમાં જતાં અબદુલ રહેમાન નામના પઠાણે ગુરૂમહારાજનો બોધ સાંભળી માંસ મદિરા ન ખાવા, જીવો ન મારવા આદિ નિયમ લીધા હતા.

સં. ૧૯૬૭ ના પાટણના ચાતુર્માસમાં શ્રીમદ્ વિજયકમળ સૂરીશ્વરજીને ભેટયા અને તેમની આજ્ઞાથી તેજ ગામમાં શાલીવાડે ચાતુર્માસ કર્યું, અને તે વખતે ગુરૂમહારાજશ્રીના શિષ્ય રત્નવિજયજીના સંસારી ભાઇ શા લેહરૂભાઈ મોતીચંદે અઠ્ઠાઈ મહોત્સવ તથા નોકારશી કર્યાં. અને ચાતુર્માસ બાદ શ્રી આદિશ્વર ભગવાનના પગલાં શ્રી દેરાસરજીમાં મહોત્સવ પૂર્વક પધરાવ્યા.

સં. ૧૯૬૮ ના વાઘપુરના ચાતુર્માસમાં તપસ્યામાં ૧૪ અઠ્ઠાઈ તેમાં ૧૨ શ્રાવકો અને બે અન્યમતાવલંબીયો એક રજપુત તથા એક રબારીએ કરી હતી, ત્યાં ઉપદેશનો લાભ તે થયો.

સં. ૧૯૭૨ ના પાટણના ચાતુર્માસ બાદ કેશરીયાજીનો છહરી પાળતો સંઘ નીકળતાં શ્રી પ્રવર્તકજી સાથે શ્રી કેશરીયાજી તીર્થની યાત્રા કરી.

સં. ૧૯૭૩-૭૪-૭૫ સુરતના ત્રણ ચાતુર્માસમાં આગમ વાંચના તથા અનેક ધાર્મિક પ્રસંગોમાં ભાગ લેતા હતા, અને ત્યાંથી શ્રી સિદ્ધગિરિનો છહરી પાળતો સંઘ નીકળતાં શ્રી સાગરાનંદસૂરિ સાથે વિહાર કરતા ભરૂચ પધાર્યા, ત્યાં વેજલપુરમાં શિષ્ય શ્રી રત્નવિજયજી મહારાજને ન્યુમોનિયા તાવ લાગુ પડવાથી આઠ દિવસની બીમારી ભોગવી સં: ૧૯૭૬ ના ફાગણ સુદ ૮ ના રોજ પૂર્ણસમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા. આ સમયે આ ચરિત્રનાયક પણ માંદગીમાં હતા, તેઓ બન્નેની વૈયાવચ્ચ શ્રીમોહનલાલજી મહારાજના સંઘાડાના સાધુ પંન્યાસ ખાંતિમુનિજી વિગેરે સાધુઓએ સારી રીતે કરી હતી, અને મહારાજશ્રીની સાથે રહી પાલીતાણે આવતાં સુધી બહુજ સહાય કરી હતી. અન્ય સંઘાડાના સાધુ છતાં આ ગુરૂમહારાજશ્રીની માંદગી વખતે જે વૈયાવચ્ચ ઉત્તમ પ્રકારે ઉઠાવી તે ખરેખરી રીતે ધડો લેવા અને પ્રશંસવા યોગ્ય છે.

સં. ૧૯૭૭ નું ચાતુર્માસ તેમના વૃદ્ધ ગુરૂભાઈ પન્યાસજી સુન્દરવિજયજી સાથે પાલીતાણામાં થયું. આ ચાતુર્માસ બાદ ખદ્ડપર પ્રતિષ્ઠામાં ભાગ લીધો હતો, ત્યાંથી ભાવનગર વડવામાં પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજના દર્શનનો તથા વડવાના દેરાસરની પ્રતિષ્ઠાનો લાભ લીધો.

રંઘોળીના ચોમાસા બાદ વિહાર કરી ગામ દેવળીયા, ઉમરાળા થઈ વળા ગામે આવ્યા, ત્યાંથી અમદાવાદના ઝવેરી મોહનલાલ ગોકળદાસે પરિવાર સહિત તેઓશ્રીનો શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢીને સત્કાર કર્યો. સંઘની સાથે મુનિમહારાજ લબ્ધિવિજયજી તથા તપસ્વીજી અમૃતવિજયજી પન્યાસ શ્રી ધર્મવિજયજી તથા પંન્યાસ (રાધનપુરી) ભક્તિવિજયજી મહારાજજી વગેરે ઘણા સાધુઓ તેમજ આશરે શ્રાવક, શ્રાવિકાઓ શુમારે સંખ્યા ૧૦૦૦ ની હતી. તે સંઘે શ્રી પાલીતાણા [illegible] દરવાજાથી પ્રવેશ કર્યો અને શ્રી આદીશ્વરદાદાજીને વિધિ-

પૂર્વક બેઠયા. ત્યારપછી ચરિત્ર નાયકને ચોમાસાને માટે વળાના સંઘનું તથા સીહોરના સંઘ તરફથી પણ ચોમાસા માટે વિનંતિ થઈ તે વિનંતીને સ્વીકારી સીહોર ગામે પધાર્યા, અને ત્યાંનું ચોમાસું સુખશાતા પૂર્વક કર્યું. તે પછી શરીરશક્તિ ઘટતી જતી હોવાથી અને શ્વાસ ચડતો હતો તેથી વિહાર કરી શકયા નહીં, તેથી ૧૯૮૦-૮૧ નું ચોમાસું ત્યાં થયું. બીજા ચોમાસામાં સારી ધામધુમ થઈ હતી. શ્રી સંઘે ઓચ્છવ કરવા વિચાર કર્યો જેથી સંઘમાંથી નરસીભાઈ ગોવીંદજીએ ખર્ચ એકઠો કર્યો અને સંઘને સોંપ્યો જેથી આસો સુદ ૩ ના દિવસથી આસો વદ ૧ સુધી સમોસરણનો ઓચ્છવ આનંદથી ઉજવ્યો. અને સંઘના આદેશથી શા ગોપાળજી ભાઈચંદ ઓસવાળે નોકારશી જમાડી હતી તે પછી શા નાગરદાસ છગનલાલે મહારાજશ્રીને ચોમાસું બદલાવીને સારો લાભ લીધો હતો. ત્યારબાદ ચરિત્ર નાયકના સદુપદેશથી વાસા લલ્લુભાઇ પીતાંબરદાસે પોતાના ભત્રીજા કેશરીચંદના લગ્ન પ્રસંગે ધર્મશાળામાં સમોવસરણનો ઓચ્છવ સંવત ૧૯૮૨ ના ફાગણ વદી ૧ ના દીને કર્યો વદ ૯ મે પૂર્ણાહુતિને દિને રથ જાત્રાનો વરઘોડો ચડાવ્યો. તેજ દિવસે નોકારશીનું જમણ આપીને સંઘનો સત્કાર કર્યો હતો. એ પ્રસંગે મુનિરાજશ્રી લાભવિજયજી મહારાજજીના ગુણયલ શિષ્ય મુનિ શ્રી ગુણવિજયજીનો ઘણા વર્ષે ચરિત્ર નાયકને મેળાપ થવાથી આનંદ થયો હતો.

સં. ૧૯૮૨ ના તેજ અવસરે સમીવાળા શ્રી ૧૦૮ શ્રી પન્યાસજી મહારાજજી ભક્તિવિજયજી ગણી પોતાના શિષ્યોની સાથે પધારી ઓચ્છવનો રંગ વધાર્યો હતો. વળી તેજ દિવસે શ્રી તપસ્વીજી મહારાજ શ્રી પ્રમોદવિજયજી પોતાના તેજથી શાસનની શોભા વધારી હતી પણ શીહોરમાં થયેલું તે ચોમાસામાં ચરિત્ર નાયકનું શરીર શ્વાસ અને ખાંસીના દર્દથી વિશેષ પડતું હોઈ અત્રેના શ્રાવકોએ સારી વૈયાવચ્ચ કરી હતી. આ વર્ષે પજુસણમાં અત્રેના ત્રણ ગચ્છામાં કાંઈપણ કારણને અંગે જમણવાર વગેરે બંધ થઇ ગયા હતા તેથી મહારાજશ્રીનુ મન ઘણું નારાજ થયું. તેથે પ્રેમને લીધે મહારાજશ્રીના ઉપદેશ આપવાથી સંઘનું

[illegible] નગરી આવ્યા. અને પ્રથમ અત્રેના રહીશ શા. પર [illegible] ની ધર્મશાળાની જગ્યા માગી ત્યારે શા. [illegible] [illegible] ની એન સમૂળ નોકારશીઓ જમાડી [illegible] [illegible] નગરી ના કેશરાજ્યાળાઓ તે પ્રસંગે [illegible] આવ્યા ગામ ૨ ને દિને શ્રી [illegible] [illegible] સમય આવ્યો તે વખતે [illegible] [illegible] થઈ નાંહોતી. [illegible] [illegible] હતી. સં ૧૯૮૮ ના [illegible] [illegible] મહારાજ તથા [illegible] [illegible] મહારાજ સાથે અત્રે [illegible] [illegible] સાહેબ [illegible] સાથે [illegible] [illegible] ગીતાં [illegible] મુકાવી [illegible] તથા [illegible] [illegible] હતા. [illegible]

શ્રી આત્માનંદ પ્રકાશ.

જૈન કોમમાં અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી સત્યાવીશ વર્ષ થયા પ્રતિમાસે પ્રકટ કરવામાં આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબંધી ઉત્તમ લેખોથી આપણી કોમમાં પ્રસિદ્ધ થતાં માસિકોમાં તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેવા ગ્રાહકોને વાંચનનો બહોળો લાભ આપવા સાથે, વર્ષ પૂર્ણ થતાં પહેલાં નવીન દ્રવ્યાનુયોગ, ઐતિહાસિક વગેરેના વિષયોથી ભરપૂર ઉત્તમ ગ્રંથ સુંદર બાઇન્ડીંગથી અલંકૃત કરી ભેટ આપવામાં આવે છે. એક જ પદ્ધતિએ આવી ભેટનો લાભ દર વર્ષે આ માસિક જ આપે છે. હાલમાં તેનું સત્યાવીશમું વર્ષ ચાલે છે. દરેક માસિક અને પેપરવાળાએ સખ્ત મોંઘવારીના સબબે લવાજમ વધાર્યું, છતાં અમોએ સમાજને ઉદારતાથી વાંચનનો લાભ આપવા પ્રથમ હતું તેજ લવાજમ રાખ્યું છે, અને ભેટની બુક પણ સુંદર આપવાનો ક્રમ ચાલુ રાખ્યો છે; તેથી ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે. વળી ગુરૂભક્તિ નિમિત્તે પ્રગટ થતાં આ માસિકની ગ્રાહકોની બ્હોળી સંખ્યા તેજ તેની ઉત્તમતાનો પુરાવો છે. વાર્ષિક મૂલ્ય રૂા. ૧–૦–૦ પોસ્ટેજ ચાર આના મળી રૂા. ૧–૪–૦ રાખવામાં આવેલ છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે. નફો જ્ઞાનખાતામાં વપરાય છે. જેથી દરેક જૈન બંધુઓએ તેના ગ્રાહક થઇ અવશ્ય લાભ લેવા જેવું છે.



સુકૃતસાગર

યાને

માંડવગઢનો મહા મંત્રીશ્વર.



॥ अथ प्रथम तरंग ॥ १.



પલ્લવ (નવાંકુર), કેસરા, પાંદડાં અને ભમરાઓવડે મનોહર દેખાતા કલ્પવૃક્ષોની જેમ પાંચ[૧] પરમેષ્ઠીઓ તમારૂં ઇચ્છિત કરો.


હું ધારૂં છું કે—પોતાને નમસ્કાર કરતા મનુષ્યોને વિદ્યાનાં બીજ આપવા માટે તૈયાર થયેલી જે સરસ્વતી દેવી પોતાના હાથમાં અક્ષમાળા (નવકારવાળી) ના મિષથી તે વિદ્યાનાં બીજને જ ધારણ કરે છે, તે સરસ્વતી દેવી અમારૂં રક્ષણ કરો.

---

૧ જેમ કલ્પવૃક્ષ પુષ્પાદિ પાંચ અવયવવડે શોભે છે, તેમ અહીં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ અવયવવડે પરમેષ્ઠી પદ શોભે છે એમ જાણવું.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકે આપેલી ભેટો.

વર્ષ.	નામ.	વિષય.
૧-૨	શ્રી નવ તત્ત્વનો સુંદર બોધ.	ભાષાન્તર સાથે.
૩	શ્રી જીવ વિચાર વૃત્તિ.	,,
૪	શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર.	જુદી જુદી હકીકતોનો સંગ્રહ.
૫	શ્રી દંડક વિચાર વૃત્તિ.	ભાષાન્તર સાથે.
૬	શ્રી નયમાર્ગ દર્શક.	સાત નયનું સ્વરૂપ.
૭	શ્રી મોક્ષપદ સોપાન.	ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ.
૮	શ્રી જૈનતત્ત્વસાર.	તત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ.
૯	શ્રી શ્રાવક કલ્પતરૂ.	શ્રાવકના બાર વ્રતનું સ્વરૂપ.
૧૦	શ્રી ધ્યાન વિચાર.	ચાર ધ્યાનનું સ્વરૂપ.
૧૧	શ્રી જંબુસ્વામી ચરિત્ર,	અપૂર્વ ચરિત્ર.
૧૨	શ્રી જૈન ગ્રંથ ગાઈડ.	જૈન ગ્રંથ માર્ગદર્શક ભોમીયો.
૧૩	શ્રી ચંપકમાળા ચરિત્ર.	અપૂર્વ સતી ચરિત્ર.
૧૪	શ્રી અનુયોગ દ્વાર સૂત્ર.	ભાષાન્તર સાથે.
૧૫	શ્રી ગુરૂગુણમાળા અને સમય સાર પ્રકરણ.	આચાર્યશ્રીના ગુણોનું વર્ણન.
૧૬	શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ.	અપૂર્વ અધ્યાત્મ ગ્રંથ.
૧૭	શ્રી દેવભકિતમાળા.	દેવભકિતનું સ્વરૂપ.
૧૮	શ્રી ઉપદેશ સપ્તતિકા.	ઉપદેશ સાથે આદર્શ કથાઓ.
૧૯	શ્રી સંબોધ સપ્તતિકા.	તત્ત્વજ્ઞાનનો ગ્રંથ.
૨૦	શ્રી સુમુખ નૃપાદિ ધર્મ-પ્રભાવકોની કથા.	ઉપદેશક કથાઓ.
૨૧-૨૨	શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો.	સતી ચરિત્રો.
૨૩-૨૪	શ્રી ધર્મરત્ન પ્રકરણ.	ભાવ શ્રાવક તથા સાધુનું સ્વરૂપ.
૨૫-૨૬	શ્રી જૈન નરરત્ન ભામાશાહ (સચિત્ર)	ઐતિહાસિક નવલ કથા.
૨૭-૨૮	સુકૃત સાગર યાને માંડવગઢનો મહા મંત્રીશ્વર.	એક ઐતિહાસિક કથા સાહિત્ય.





સુકૃતસાગર

યાને

માંડવગઢનો મહા મંત્રીશ્વર.



॥ अथ प्रथम तरंग ॥ १.



પલ્લવ (નવાંકુર), કેસરા, પાંદડાં અને ભમરાઓવડે મનોહર દેખાતા કલ્પવૃક્ષોની જેમ પાંચ[1] પરમેષ્ટીઓ તમારૂં ઇચ્છિત કરો.

હું ધારૂં છું કે—પોતાને નમસ્કાર કરતા મનુષ્યોને વિદ્યાનાં બીજ આપવા માટે તૈયાર થયેલી જે સરસ્વતી દેવી પોતાના હાથમા અક્ષમાળા (નવકારવાળી) ના મિષથી તે વિદ્યાનાં બીજને જ ધારણ કરે છે, તે સરસ્વતી દેવી અમારૂં રક્ષણ કરો.

---

૧ જેમ કલ્પવૃક્ષ પુષ્પાદિક પાંચ અવયવવડે શોભે છે, તેમ અહીં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ અવયવવડે પરમેષ્ટી પદ શોભે છે એમ સમજવું

પંડિત પુરૂષો પાત્રના બે પ્રકાર કહે છે—સ્થાવર પાત્ર અને જંગમ પાત્ર. તેમાં પુણ્યને માટે જે પ્રાસાદ—ચૈત્ય અને પ્રતિમા વિગેરે કરાવવું તે સ્થાવરપાત્ર કહેવાય છે, અને જે અધિક જ્ઞાનવાન હોય, તપવડે કૃશ થયેલ હોય, મમતા રહિત હોય, અહંકાર રહિત હોય તથા સ્વાધ્યાય અને બ્રહ્મચર્ય વિગેરેથી યુક્ત હોય તે જંગમ પાત્ર કહેવાય છે. જે લક્ષ્મી સંસારરૂપી સમુદ્રને તારવામાં વહાણ સમાન અરિહંત વિગેરે પાત્રને વિષે કૃતાર્થ કરવામાં ન આવે તે લક્ષ્મીને અલક્ષ્મી (અળસ) જ માનેલી છે. કહ્યું છે કે—

शस्यश्रीभोगकृद्दानं, सर्वं जीमूतवारिवत् ।
परं सत्पात्रदानं स्यात्स्वात्यम्भ इव मौक्तिकम् ॥ ३ ॥

જેમ સર્વ પ્રકારનું મેઘનું જળ ધાન્યની સંપત્તિને કરનારૂં છે, તેમ સર્વ પ્રકારનું દાન ભોગ લક્ષ્મીને આપનારૂં છે. પરંતુ સ્વાતિ નક્ષત્રનું જળ જેમ મૌક્તિક (મોતી) રૂપ થાય છે, તેમ સત્પાત્રમાં આપેલું દાન મૌક્તિકને (મોક્ષને) આપનારૂં થાય છે.

સાત ક્ષેત્રમાં ધનરૂપી બીજને વાવી શ્રદ્ધારૂપી જળવડે તેને વૃદ્ધિ પમાડી નિયાણાદિક રૂપ ઇતિ[1] રહિત કરવામાં આવે તો તે ધનરૂપી [2]બીજશસ્યફળને આપનારૂં થાય છે; તેથી કરીને અનેક રાજાઓનાં ચરિત્રારૂપી ઉજ્વળ મોતીવાળા અને સારા ક્ષેત્રમાં ધનની વૃષ્ટિ કરવાના કારણરૂપ [3]સુકૃત-સાગર નામના ગ્રંથને હું કરૂં છું.



૧ ઉંદર, તીડ વિગેરેનો ઉપદ્રવ. ૨ ધાન્યરૂપી ફળને તથા વખાણવા લાયક મોક્ષરૂપ ફળને. ૩ પુણ્યરૂપી સમુદ્ર.



ચરિત્રારંભ.



માળવા દેશના એક વિભાગરૂપ **નમ્યાટ** નામનો દેશ છે, તે સ્વર્ગની રમણીયતાના આડંબરને જીતનાર છે, તથા તેમાં રહેનારા લોકો અખંડ સુખને ભોગવે છે. તે દેશમાં શત્રુ રાજાઓથી ન જોઇ શકાય તેવી **નાંદુરી** નામની નગરી છે, તે નગરીની ફરતો રહેલો કિલ્લો લક્ષ્મીના નિધાનની રક્ષા કરવામાં સર્પ જેવો શોભે છે. ત્યાં નમ્યાર નામનો દેશ, નાંદુરી નગરી, નેમિનાથનું ચૈત્ય, **નારાયણ** નામનો મંત્રી, **નાગિણી** નામની ગણિકા, **નાગ** નામનો શ્રેષ્ઠી અને **નગાર્જુન** નામનો યોગી વિગેરે ઘણા નકારો છતાં પણ ત્યાંના લોકોના મુખમાં કદાપિ દાન દેવાના વિષયનો નકાર હતો નહીં, તે નગરીમાં **ઊકેશ** નામના વંશમાં મોતી સમાન **શ્રીપદ્મ** નામના શ્રેષ્ઠીના કુળમાં ઉત્પન્ન થયેલો **દેદ** નામનો વણિક હતો, પરંતુ તે દારિદ્રયનું ઘર હતો. કહ્યું છે કે—

" चन्द्रे लाञ्छनता धने चपलता क्षारं जलं सागरे,
सर्पाश्चन्दनपादपेषु विरहः प्रेमास्पदे मानुषे ।
पुंरत्नेषु जरा सुरेषु पतनं विद्वत्सु दारिद्र्यमि-
त्येवं सर्वमकारि दूषणपदं सद्वस्तु दुर्वेधसा ॥४॥ "

" દુષ્ટ વિધાતાએ ચંદ્રને વિષે લાંછન કર્યું છે, લક્ષ્મીને વિષે ચપળતા કરી છે, સમુદ્રને વિષે ખારૂં પાણી કર્યું છે, ચંદનના વૃક્ષો ઉપર સર્પો રાખ્યા છે, પ્રેમી જનને વિષે વિયોગ કર્યો છે, નરરત્નોને વિષે વૃદ્ધાવસ્થા કરી છે, દેવોનું પણ પતન–ચ્યવન કર્યું છે, અને વિદ્વાનોમાં દારિદ્રય મૂક્યું છે, આ રીતે સર્વ ઉત્તમ વસ્તુને દૂષણનું સ્થાનરૂપ બનાવી છે. "

તે દેદ વણિક વ્યાજે ધન લઇને પાછું આપવાની શકિત નહીં હોવાથી લેણદારોના ભયને લીધે એકદા અરણ્યમાં ગયો. કહ્યું છે કે—

" प्रासादे शयनं विकालमशनं मिथ्यार्थसंदर्शनं,
स्वप्यापह्नवनं निशासु गमनं भट्टैश्च संतापनम् ।
संबाधानयनं सचाटु वचनं माहात्म्यनिर्वासनं,
यद्याकर्षसि दुःखकारणमृणं तत्पूर्वमेतत्पठ ॥५॥ "

" યક્ષાદિકના ચૈત્યમાં શયન કરવું, અવસર વિના ભોજન કરવું, મિથ્યા અર્થનું કહેવું; પોતે છુપાઇ જવું, રાત્રિમાં ગમન કરવું, ભાટ ચારણોના વચન સાંભળી સંતાપ-ખેદ પામવો, સંકટમાં પડવું, ખુશામતનાં વચન બોલવાં; અને પોતાના માહાત્મ્યને (માનને) દૂર દેશ કાઢી મૂકવું. આ સર્વ પાઠોને જો દુઃખના કારણરૂપ દેણાને કાઢવાની ઇચ્છા હોય તો તારે પ્રથમથી જ ભણવાના છે. "

એકદા ભોજ રાજાએ નવા ખોદાવેલા સરોવરમાં ભૂપણોથી ભૂષિત એક મસ્તક પ્રગટ થયું હતું, તેણે " કોણ જીવે છે (કોને જીવતો કહેવો) ? " એમ ત્રણ વાર પૂછ્યું, ત્યારે **ધનપાળ** કવિએ તેના ઉત્તરમાં કહ્યું હતું કે—" હે જળચર ! જેને ઘેર પાંચમે કે છઠે દિવસે શાક રંધાતું હોય, તથા જે પુરૂષ દેવાદાર ન હોય, અને પ્રવાસી ન હોય, તે પુરૂષ જ જીવે છે (તેવા પુરૂષને જ જીવતો જાણવો). "

તે દેદ વણિકે તે વનમાં નગાર્જુન નામના યોગીને જોયો. તે યોગી ઉત્તમ વર્ણવાળા સુવર્ણ અને રૂપાને બનાવવામાં સમર્થ હતો, તેમજ આકર્ષણ, વશીકરણ અને કામણ વિગેરે વિદ્યાનું ઘર હતો, તે પદ્માસને બેઠેલો હતો, તેણે સ્ફટિક મણિનાં કુંડળ પહેર્યાં હતાં, તેની પાસે સુવર્ણનો દંડ હતો, અને તેણે આખા શરીરે ભસ્મ ચોળી હતી. આવા તે વિદ્યાસિદ્ધ પુરૂષને જોઇને તે દેદ વણિકે પોતાનું દારિદ્રય નષ્ટ થયું માન્યું, અને મેઘને જોઇને મયુર આનંદ પામે તેમ તે આનંદથી પુષ્ટ થયો. કહ્યું છે કે—

" देवाण वरं विज्जाए, दंसणं गुरुनरिंदसम्माणं ।
महयालयस्स य लाहं, पुण्णेहि विणा न पावंति ॥ ६ ॥

" દેવોનું વરદાન, સિદ્ધ પુરૂષોનું દર્શન, ગુરૂજન અને રાજાનું સન્માન તથા નષ્ટ થયેલા ધનની પ્રાપ્તિ, આ સર્વ વસ્તુ પુણ્ય વિના મળી શકિત નથી. "

લેણદારોના ભયથી તે દેદ નગરીમાં ગયો નહીં, તેથી ભોજન કર્યા વિના જ તેણે યોગીંદ્રની સેવા કરતાં ત્રણ દિવસ નિર્ગમન કર્યા. તે વખતે તે દરિદ્રીએ આહારનો ત્યાગ કરી થોડી પણ પ્રશસ્ત સેવા કરી તેથી તે યોગીંદ્રનું મન તેના પર પ્રસન્ન થયું. કહ્યું છે કે—

" कृतज्ञा नेत्रसुरभिसुक्षेत्रावनिशुक्तिभाः ।
शैलदेहोषरव्यालतुल्यास्तु कृतघातिनः ॥ ७ ॥ "

" નેત્ર, ગાય, સારા ખેતરની પૃથ્વી અને શુકતી (છીપ) જેવા મનુષ્યો કૃતજ્ઞ એટલે કરેલાં ગુણને જાણનારા હોય છે, તથા પર્વત, શરીર, ઉખર ભૂમિ અને સર્પની જેવા મનુષ્યો કૃતઘ્ની એટલે કરેલા ગુણનો ઘાત (વિનાશ) કરનારા હોય છે. "

તે દેદને કૃપા કરવા યોગ્ય જાણીને યોગીંદ્રે કહ્યું કે—" હે વત્સ ! તું કેમ ભોજન કરતો નથી ? " ત્યારે તેણે પોતાનું સત્ય કારણ તેની પાસે નિવેદન કર્યું. કેમકે આવા યોગી પાસે અસત્ય બોલવું યોગ્ય નથી, કહ્યું છે કે—

" सत्यं मित्रैः प्रियं स्त्रीभिरसत्यं द्विषता सह ।
सत्यं प्रियं च पथ्यं च, वक्तव्यं स्वामिना समम् ॥८॥ "

" મિત્રની પાસે સત્ય બોલવું જોઇએ, સ્ત્રીઓની પાસે પ્રિય વચન બોલવું જોઇએ, શત્રુની પાસે જુઠું બોલવું યોગ્ય છે, તથા સ્વામીની પાસે સત્ય, પ્રિય અને હિતકારક વચન બોલવું યોગ્ય છે."

તે સાંભળી શક્તિમાન યોગીએ તત્કાળ હુંકાર શબ્દ કરીને ઘણા ખાંડ અને ઘી સહિત ખીરનો ભરેલો એક થાળ આકાશ માર્ગે મંગાવ્યો. અને તેને કહ્યું કે —તું આ ભોજન કર." ત્યારે દંભ-કપટ રહિત તે વણિકે કહ્યું કે—" તમે મંગાવેલા અજાણ્યા ઘરના આહારને હું નહીં કરું. કેમકે સત્પુરૂષો મોટા સંકટમાં પડેલા હોય તો

પણ તે પોતાના આચારનો ત્યાગ કરતા નથી. છેદ અને ઘસવાનું કષ્ટ પામ્યા છતાં પણ ચંદન સુંદર સુગંધને જ મૂકે છે." તે સાંભળી "કોના ઘરથી આ ખીર લાવ્યો છે?" એમ તે યોગીના પૂછવાથી તેના ચાકરે તેને અમુક ઘરથી લાવ્યાનું કહ્યું. એટલે તે યોગીએ તે વણિકને કહ્યું કે—"આ ખીર નાંદુરી નગરીમાં રહેનાર નાગ નામના શ્રેષ્ઠીની ગોત્રદેવીની પાસે ધરેલી હતી તે આણી છે, તેથી તું ખા." તે સાંભળી તે વણિક તે ભોજન કરી તૃપ્ત થયો. પછી કુલ અને આચાર વિગેરે ગુણોથી લાયક જોવાથી દેદને સુવર્ણસિદ્ધિનો આમ્નાય આપવાની યોગીને ઇચ્છા થઈ. કહ્યું છે કે—

"आमे घडे निहित्तं, जहा जलं तं घडं विणासेइ ।
इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥ ९ ॥"

"જેમ કાચા માટીના ઘડામાં નાંખેલું પાણી તે ઘડાનો વિનાશ કરે છે, તેજ પ્રમાણે અલ્પ આધારમાં એટલે અયોગ્ય પાત્રમાં નાંખેલું સિદ્ધાંતનું રહસ્ય તેનો નાશ કરે છે."

सर्वत्रोपचिकीर्षा, महतां खलु सा च युज्यते स्थाने ।
पर्जन्योऽप्यभिवर्षति, मरुस्थले शिथिलनिर्बन्धः ॥ १० ॥

"મહા પુરૂષોને સર્વત્ર ઉપકાર કરવાની ઇચ્છા હોય છે, પરંતુ તે ઇચ્છા પાત્રને વિષે કરવી યોગ્ય છે. મેઘ પણ [1]મરૂભૂમિને વિષે વૃષ્ટિ કરે છે પણ તેમાં તેનો શિથિલ આદર હોય છે."

ત્યાર પછી દયાના સાગરરૂપ તે યોગીંદ્રે દેદને કહ્યું કે—"જો તું મારૂં કહેલું કરે તો હું તારા ઉપર એક ઉપકાર કરૂં." ત્યારે તે વણિક નમન કરીને બોલ્યો કે—"હે પૂજ્ય! આવું વચન તમે કેમ બોલો છો? ઇંદ્ર પણ તમારા વચનને ઉલ્લંઘન કરવા શક્તિમાન નથી, તો મારા જેવો મનુષ્ય કઈ ગણતરીમાં છે? પુણ્યથી પામી શકાય એવા તમારા વચનને હું મારા અંતઃકરણરૂપી ઘરની અંદર રાખીને ઇષ્ટ વસ્તુને આપનાર ચિંતામણિ રત્નની જેમ તેનું નિરંતર આરાધન

[1] મારવાડની ભૂમિ.

કરીશ." ત્યારે યોગીએ કહ્યું કે—"તું યોગ્ય હોવાથી તને હું સુવર્ણસિદ્ધિ આપવા ઇચ્છું છું, તે પામ્યા પછી તારે કોઇ પણ યાચકને નકાર કરવો નહીં. કેમકે વણિક જાતિ હમેશાં લોભી જ હોય છે, તેથી તે કોઇને એક કોડી પણ આપતો નથી. તેવા અદાતારને સુવર્ણસિદ્ધિ આપ્યાનું શું ફળ ? કહ્યું છે કે—

देशाधीशो ग्राममेकं ददाति, ग्रामाधीशः क्षेत्रमेकं ददाति ।
क्षेत्राधीशः प्रस्थमेकं प्रदत्ते, नन्दस्तुष्टो हस्ततालीं ददाति ॥११॥

"દેશનો સ્વામી જેનાપર તુષ્ટ થાય તેને એક ગામ આપી દે છે. ગામનો સ્વામી તુષ્ટ થાય તો એક ખેતર આપે છે, ખેતરનો સ્વામી તુષ્ટ થાય તો એક પ્રસ્થ પ્રમાણ અનાજ આપે છે, અને વણિક તુષ્ટમાન થાય તો માત્ર હાથની તાળી જ આપે છે. (કાંઇ પણ આપતો નથી.)"

પછી તેનું વચન તે વણિકે અંગીકાર કર્યું, ત્યારે દારિદ્ર્યરૂપી લતામંડપને ભાંગવામાં મોટા હસ્તી સમાન તે યોગીએ વનમાં રુદંતી વિગેરે ઔષધીઓ તેને સ્પષ્ટ રીતે ઓળખાવી. પછી તે ઔષધીઓનો રસ કઢાવી તેમાં અર્ધ પ્રમાણ પારો મેળવ્યો. તેને લોઢાના પતરાંપર લેપ કરાવી તે પતરાં અગ્નિમાં નંખાવ્યાં. તે વખતે તે આઠ સેર વસ્તુ સુવર્ણ બની ગયું. પછી તેની ખાત્રીને માટે તે યોગીએ તેની જ પાસે ફરીથી એક વાર સુવર્ણ કરાવ્યું, તે વખતે તે તાપમાં નાંખવાથી સફેદ છેદ કરે તો ઉજ્જવલ અને કસોટી પર ચડાવે તો ચંપક જેવું મનોહર એવું તે સુવર્ણ કોમળ, વજનમાં ભારે અને સ્નેહવાળું—ચકચકિત એમ સર્વ લક્ષણોથી યુક્ત થયું. તેમ જ તે વણિકના મોટા પુણ્યને લીધે તેની સુવર્ણસિદ્ધિ અધિક સ્ફુરાયમાન થઇ. દૈવની અનુકંપા હોય તો શું શું સિદ્ધ ન થાય ? ત્યાર પછી સાનંદથી પુષ્ટ થયેલા તે દેદને યોગીએ રજા આપી, એટલે તે પોતાના ઘર તરફ જતાં આ પ્રમાણે માર્ગમાં વિચાર કરવા લાગ્યો.—" જો એ જ મનુષ્યોનું પુણ્ય પુષ્કળપણે દેખાય છે, તો જે લોકમાં કહેવાય છે કે 'બહુરત્ના વસુન્ધરા—પૃથ્વીમાં ઘણાં રત્નો છે.' તે વાત સત્ય જ છે. વળી—

" गल्वान्तर्दशनं तनोति शुचितां गोमुख्यकुक्षिस्थितं,
दुग्धीभूय जगद्धिनोति नयति ध्वंसं क्षुधं पाशवीम् ।
शीतार्यं दलयत्यवत्यरिगणात् प्राणान् परार्थोद्यतं,
यद्येवं तृणमप्यहो ननु तदा वाच्यः किमीदृग्जनः ? ॥"

" તૃણને દાંતની વચ્ચે નાંખવાથી તે દાંતની શુદ્ધિ કરે છે, ગાય વિગેરેના પેટમાં જવાથી તે દૂધરૂપ થઈને જગતના પ્રાણીઓને આનંદ પમાડે છે, પશુઓની ક્ષુધાનો નાશ કરે છે, ટાઢને દળી નાંખે છે, અને મુખમાં લેવાથી તે શત્રુઓથી પ્રાણોનું રક્ષણ કરે છે, આ પ્રમાણે જો તૃણ પણ પરોપકાર કરવામાં તત્પર છે, તો આવો ઉત્તમ પુરૂષ પરોપકારમાં તત્પર હોય તેમાં શું કહેવું ? "

ખરેખર વિધાતાએ કૃપા, ઉપકાર અને શીલ વિગેરે ગુણોરૂપી વિકસ્વર પલ્લવવાળી ભદ્રકતા નામની લતા આ યોગીરૂપી યોગ્ય પાત્રમાં ધારણ કરી છે–સ્થાપન કરી છે. કહ્યું છે કે—

" इह भरहे के वि जिआ, मिच्छद्दिट्ठी वि भद्दया भावा ।
ते मरिऊणं नवमे, वरिसे होहिंति केवलिणो ॥ १२ ॥

" આ ભરતક્ષેત્રમાં કોઈક જીવો મિથ્યાદૃષ્ટિ છતાં પણ ભદ્રકપણાને લીધે મર્યા પછી મનુષ્ય થઈને નવમે વર્ષે કેવળી થાય છે. (એટલે કે આઠમે વર્ષે દીક્ષા લઈ નવમે વર્ષે કેવલજ્ઞાન પામી શકે છે.) "

હે સભાજનો ! આ એક કૌતુકની વાત સાંભળો, કે ગંભીર અને ધીરબુદ્ધિવાળા આ દેદ વણિકે સ્વર્ણ (સુવર્ણ) કરતાં છતાં પણ દારિદ્રયની સાથે સ્વર્ણ (પોતાના દેણા) ને છેદી નાંખ્યું. જેમ સુગંધથી કસ્તુરી જાણવામાં આવે છે તેમ તે દેદના વિલાસથી તેની પાસે લક્ષ્મી છે એમ જાણવામાં આવતા લોકો બોલવા લાગ્યા કે–"ખરેખર આને કોઈ પણ ઠેકાણે મોટું નિધાન પ્રાપ્ત થયું છે." આ વાત અસત્ય છતાં પણ કોઈ માણસે રાજાની પાસે કહી કેમકે દુનિયામાં

"प्रत्यक्षार्पितवस्तुमंशयकरो गूढार्पितापह्नवं,
कर्ता लाभगृहास्तिमुख्यमसकृत्पृष्टोऽपि नो जल्पति ।
लोभित्वाज्जठरेऽपि वञ्चनपरो वक्ति व्ययं स्वल्पम-
प्यस्वल्पं मृशभीरुषु प्रथम इत्यादिस्वरूपो वणिक् ॥ १९ ॥

"વણિકને પ્રત્યક્ષ રીતે વસ્તુ આપી હોય તો પણ તે સંશય કરે છે, ગુપ્ત રીતે આપી હોય તો અવશ્ય ઓળવે જ છે, તેને કોઇએ લાભ, ઘર કે કોઇ વસ્તુનું હોવાપણું વિગેરે વિષે વારંવાર પૂછયું હોય તોપણ તે તેને જવાબ આપતો નથી, તે લોભી હોવાથી પોતાના ઉદરને પણ ઠગે છે, તે પોતાના થોડા ખર્ચને પણ ઘણો ખર્ચ કહે છે, તથા અત્યંત ભીરૂ મનુષ્યોને વિષે તે પ્રથમ જ હોય છે. આવા પ્રકારનો વણિક હોય છે."

તે સાંભળીને દેદ બોલ્યો કે-બૃહસ્પતિના મિત્રરૂપ તમારે વિષે કયા વિષયનું જ્ઞાન નથી? (તમે સર્વ જાણો જ છો.) પરંતુ હું જે કહું છું તે સત્ય જ કહું છું. જો મને નિધાન પ્રાપ્ત થયું હોય તો હું તમારા ચરણનો સ્પર્શ કરૂં છું. (તમારા ચરણનો સ્પર્શ કરીને હું કહું છું કે મને નિધાન પ્રાપ્ત થયું નથી.) પરંતુ મેં તો વેપાર વિગેરે વડે ધન ઉપાર્જન કર્યું છે, તેમાં બીજા લોકો મારા ઉપર ઇર્ષ્યાવાળા થયા છે." આ પ્રમાણે તેના સોગંદથી પણ રાજાને તેના પર વિશ્વાસ ન આવ્યો, ત્યારે દંડ કરવાની ઇચ્છાવાળા રાજાને જાણી તે દેદ ક્રોધથી બોલ્યો કે—"હે રાજા ! હું ધારૂં છું કે નિધાનની પ્રાપ્તિના મિષથી તમે મારી લક્ષ્મી લઇ લેવા ઇચ્છો છો, પરંતુ આ પ્રમાણે તો હું એક કાણી કોડી પણ આપી શકીશ નહીં, પણ સ્વામીપણાને લીધે તમારી ઇચ્છામાં આવે તેમ કરો." આ પ્રમાણે દઢ હઠવાળા દેદે કહ્યું, ત્યારે રાજા ક્રોધવડે રક્ત થયો. તે વખતે દેદની શ્રેષ્ઠ ભાર્યાએ દેદને ભોજન કરવા બોલાવવા માટે પોતાના ઘરના માણસને (ચાકરને) મોકલ્યો. તે માણસ સાહસિક એવા તે દેદ વણિકની પાસે આવ્યો, અને તેને જમવા બોલાવ્યો. ત્યારે તે ધૂર્ત વણિક બોલ્યો કે—"તું ઘેર જઇને કહેજે કે આજે મારા મસ્તકમાં ઘણી પીડા થાય છે. તેથી

જિનેશ્વરના પણ દ્વેષી હોય છે, તો પછી બીજા સામાન્ય મનુષ્યોના દ્વેષી કેમ ન હોય ? તે સાંભળી બીજાનું ધન ગ્રહણ કરવામાં ચતુર એવા રાજાએ પોતાના ચાર સેવકોને ' દેદ નામના વણિકને જલદી શોધીને લાવો ' એમ કહીને મોકલ્યા. અહીં દેદ પોતાને ઘેર જેટલામાં જમવા બેસતો હતો તેટલામાં તે ચારે રાજ સેવકો આવી ભોજન કર્યા વિના જ તેને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને પૂછ્યું કે-"હે દેદ ! લોકો કહે છે કે તને નિધાન પ્રાપ્ત થયું છે તે વાત સત્ય છે કે અસત્ય છે ? " દેદ બોલ્યો કે-" હે સ્વામી ! સાંભળેલી વાતને જ સત્ય ન માનો. મનમાં વિચાર કરો. મારૂં એવું ભાગ્ય ક્યાંથી હોય કે જેથી નિધાન પ્રાપ્ત થાય ? કહ્યું છે કે—

" मा होह सुअग्गाही; मा पत्तिह जं न दिट्ठिपच्चक्खं ।
पच्चक्खे वि हु दिट्ठे, जुत्ताजुत्तं विआरिज्जा ॥ १३ ॥"

" સાંભળવા માત્રથી જ સત્ય માનનાર થવું નહીં, જે દૃષ્ટિને પ્રત્યક્ષ થયું ન હોય તેના ઉપર વિશ્વાસ રાખવો નહીં, પ્રત્યક્ષ જોયું હોય તો પણ યુક્ત અને અયુક્તનો વિચાર કરવો. "

તે સાંભળી રાજાએ કહ્યું—" હે માયાવી ! કપટનો ત્યાગ કરી સત્ય વાત કહે. હું વણિકનાં સર્વ ચરિત્રો જાણું છું. તે આ પ્રમાણે—

" श्रुत्वा दुर्वाक्यमुच्चैर्हसति मुषति च स्वीयमानेन लोकं,
द्व्यर्धं गृह्णाति पण्यं बहुकमिति वदन्नर्धमेव प्रदत्ते ।
स्वीयान्यायेऽपि पूर्वं व्रजति नृपगृहं लेख्यके कूटकारी,
मध्ये सिंहप्रतापः प्रकटमृगमुखः स्याद्वणिक्कूटप्रष्टः॥१४॥

" માયા કપટમાં હુશિયાર એવો વણિક કોઇનું દુર્વચન સાંભળીને ઉંચે સ્વરે હસે છે, પોતાના મનવડે લોકને લુંટે છે,લેવાની વસ્તુ પૂર્ણ ગ્રહણ કરે છે,આપતી વખતે ઘણી આપું છું, એમ કહીને અર્ધી વસ્તુ જ આપે છે, પોતાનો અન્યાય હોય તોપણ પહેલો રાજદ્વારમાં ફરીયાદ કરવા જાય છે, ચોપડામાં ખોટાં નામાં લખે છે, હૃદયમાં સિંહની જેવો પ્રતાપી હોય છે, અને બહારથી મૃગની જેવા ગરીબડા મુખવાળો હોય છે." તથા—

" प्रत्यक्षार्पित वस्तुसंशयकरो गूढार्पितापह्नवं,
कर्ता लाभगृहादिवस्तुकथनस्पष्टोऽपि नो [illegible] ।
लोभित्वाज्जठरेऽपि वञ्चनपरो वणिक् [illegible]-
व्यस्वल्पं मृषाभीरुषु प्रथम इत्यादिवचनो वणिक् ॥ १४ ॥"

"વણિકને પ્રત્યક્ષ રીતે વસ્તુ આપી હોય તો પણ તે [illegible] કરે છે, ગુપ્ત રીતે આપી હોય તો અવશ્ય ઓળવે જ છે, [illegible] લાભ, ઘર કે કોઇ વસ્તુનું હોવાપણું વિગેરે વિષે [illegible] હોય તોપણ તે તેને જવાબ આપતો નથી. તે લોભી હોવાથી ઉદરને પણ ઠગે છે, તે પોતાનો થોડા ખર્ચને પણ [illegible] તથા અત્યંત બીકણ મનુષ્યોને વિષે તે પ્રથમ જ [illegible] રનો વણિક હોય છે."

તે સાંભળીને દેદ બોલ્યો કે-બૃહસ્પતિના મિત્ર [illegible] કયા વિષયનું જ્ઞાન નથી? (તમે સર્વ જાણો જ છો.) પરંતુ હું જે કહું છું તે સત્ય જ કહું છું. જો મને નિધાન પ્રાપ્ત થયું હોય તો હું તમારા ચરણનો સ્પર્શ કરું છું. (તમારા ચરણને સ્પર્શ કરીને હું કહું છું કે મને નિધાન પ્રાપ્ત થયું નથી.) પરંતુ મેં તો [illegible] વિગેરે વડે ધન ઉપાર્જન કર્યું છે, તેમાં બીજા કોઇ [illegible] ઇર્ષ્યાવાળો થયા છે." આ પ્રમાણે તેના સોગનથી પણ રાજાને તેના પર વિશ્વાસ ન આવ્યો, ત્યારે દંડ કરવાની ઇચ્છાવાળા રાજાને ફરીથી તે દેદ ક્રોધથી બોલ્યો કે—"હે રાજા! હું જાણું છું કે નિધાનની પ્રાપ્તિના મિષથી તમે મારી લક્ષ્મી લઇ લેવા ઇચ્છો છો, પરંતુ આ પ્રમાણે તો હું એક કાણી કોડી પણ આપી શકીશ નહીં, પણ સ્વામીપણાને લીધે તમારી ઇચ્છામાં આવે તેમ કરો." આ પ્રમાણે દૃઢ કંઠ-વાળા દેદે કહ્યું, ત્યારે રાજા ક્રોધવડે રક્ત થયો. તે વખતે દેદની એક ભાર્યાએ દેદને ભોજન કરવા બોલાવવા માટે પોતાના ઘરના માણસને (ચાકરને) મોકલ્યો. તે માણસ સાહસિક એવા તે દેદ વણિકની પાસે આવ્યો, અને તેને જમવા બોલાવ્યો. ત્યારે તે ધૂર્ત વણિક બોલ્યો કે—"તું ઘેર જઇને કહેજે કે આજે મારા મસ્તકમાં ઘણી પીડા થાય છે. તેની

આજે મારા ભોજનમાં સંશય છે (આજે હું જમી શકીશ કે નહીં તેની શંકા છે). પરંતુ તારે શીઘ્રપણે નસ્ય કરવો.” આ પ્રમાણે પ્રાકૃત ભાષાવડે શ્લિષ્ટ અર્થવાળું વચન તેણે કહ્યું, તેને (તેના અર્થને) રાજા વિગેરે કોઇ પણ જાણી શક્યા નહીં. મૂર્ખ માણસ પણ ધનવાન થઇ શકે છે, પરંતુ જ્ઞાનવાન થવું અત્યંત દુર્લભ છે. કેમકે **ધર્મ**રાજાની સભામાં ગુરૂ મહારાજાએ **આમ**રાજાનું આગમન શ્લેષ અર્થથી કહ્યું હતું, તેનો અર્થ ધર્મરાજા સમજી શકયો ન હતો. ત્યારપછી તે માણસે ઘેર જઇને તે દેદનું કહેલું વચન કહ્યું, ત્યારે તે સાંભળી તેની ચતુર ભાર્યાએ જાણ્યું કે—“ મારા પતિ દેદને રાજાએ રૂંધ્યો છે. ” ત્યાર પછી તેણીએ ઘણા મૂલ્યવાળી ઘરની સર્વ વસ્તુઓ કાઢી તેની પોટલી બાંધી હાથમાં લઇ ચપળ એવી તે ત્યાંથી નાશી ગઇ.

અહીં રાજા તે દેદ ઉપર અત્યંત કોપ પામ્યો, તેથી તેણે ખડખડના શબ્દવડે જાણે કે તે દેદને હઠથી વારતા હોય (હઠ કરવાની ના પાડતા હોય એવા લોઢાના બંધનો વડે તે દેદને કંઠ સુધી ભારી દીધો, અને તેને કેદખાનામાં નાંખ્યો. પછી રાજાએ ક્રોધથી પોતાના કઠોર સેવકોને તેનું ઘર લુંટવા મોકલ્યા. તેઓ તેને ઘેર ગયા, તે વખતે જાણે કે દારિદ્રયનું મૂર્તિમાન શરીર હોય અથવા તેનું ક્રીડા ઘર હોય એવું તે ઘર અત્યંત લક્ષ્મી રહિત જોયું. તેથી ઉપયોગમાં આવે તેવું ધન પ્રાપ્ત ન થવાથી નિરાશ થએલા તેઓ તેના ઘરને સીલ કરી રાજા પાસે ગયા અને તેને તે વૃત્તાન્ત કહ્યો. કેદખાનામાં રહેલા દેદે વિચાર કર્યો કે—“મારાપર રાજા એટલો બધો ગુસ્સે થયો છે કે જેથી તે મારી પાંચે અંગની (પ્રકારની) સંપદા લઇ લેશે. સંપદાના પ્રકાર આ પ્રમાણે કહ્યા છેઃ—

“धनकणकाञ्चन परिजन-तनुरूपाऽऽत्र्येपु पञ्चधा लक्ष्मीः।
सैव गजभूमिसहिता सप्ताङ्गा भूभृतां भवति ॥ १६॥”

ધનિક જનોને ધન, ધાન્ય, સુવર્ણ, પરિવાર અને શરીરરૂપ પાંચ પ્ર[illegible]ી હોય છે, તથા હાથી અને પૃથ્વી સહિત તે પાંચે [illegible] સાત પ્રકારની લક્ષ્મી હોય છે. ”

તેથી કરીને આ ભવ અને પરભવમાં મોક્ષના કારણભૂત શ્રી સ્તંભન પાર્શ્વનાથ સ્વામીનું હું શરણ કરૂં છું." આ પ્રમાણે ધ્યાન કરીને તે દેદ મંદસ્વરે બોલ્યો કે—"હે પાર્શ્વ પ્રભુ! તમારા નામ, પ્રતિમાનો પથ્થર, સ્નાત્રનું જળ અને પૂજાના પુષ્પો વિગેરે સર્વ વસ્તુઓ તમને પામીને વાંછિત આપનારી થાય છે, તો તમારા મહિમાની હું શી સ્તુતિ કરૂં? હે પ્રભુ! મેં જે આ હઠ આરંભ્યો છે, તે તમારા જ બળથી આરંભ્યો છે, કેમકે પાડો જે મદોન્મત્ત થાય છે, તે દૂધનું પાન કરવાથી જ થાય છે, તેથી કરીને પીડા પામતા પ્રાણીઓને પિતાના ઘરરૂપ અને પ્રણામ કરનારા પ્રાણીઓને ભોગ અને મુક્તિને આપનારા એવા હે સ્તંભન તીર્થના સ્વામી શ્રી પાર્શ્વનાથ પ્રભુ! જો તમારી કૃપાવડે ધનના ખર્ચ વિના હું આ વિકટ સંકટથી છુટીશ, તો તમારા સર્વ અંગે સુવર્ણનાભૂષણોથી પૂજા કરીશ." આ પ્રમાણે શ્રી સ્તંભન પાર્શ્વનાથની માનતા માનીને તે ઉપસર્ગહર સ્તોત્રનું ધ્યાન કરતો રાત્રે સુતો. તેણે તે વખતે મન, વચન અને કાયાની એકાગ્રતાથી જિનેશ્વરનું જે ધ્યાન કર્યું તે ધ્યાન જો આ ભવની આશંસા રહિત કર્યું હોત તો તે મુક્તિને જ પામત. ત્યાર પછી રાત્રિના છેલ્લા પહોરે ઘણું અંધારૂં હતું ત્યારે તે દેદ નિદ્રા રહિત થયો, તે વખતે તેણે અકસ્માત્ પોતાની પાસે રહેલા એક સુભટને જોયો. તેણે રાના રત્નનો મુગટ પહેર્યો હતો તેથી તેના તેજવડે તે સ્પષ્ટ દેખાતો હતો. તેની છાતી વિશાળ હતી, તેનો વૃષભ જેવો સ્કંધ હતો, તેની ભુજાઓ ઢીંચણસુધી લાંબી હતી, તેણે આખા શરીરે શ્યામ બખ્તર ધારણ કર્યું હતું, છતાં તે જગતના તેજનું ઘરરૂપ હતો તથા તે સુવર્ણના અલંકારોથી શણગારેલા ઉજ્વળ અશ્વ ઉપર આરૂઢ થયેલો હતો. આવા સુભટને જોઇને તે દેદ આશ્ચર્ય પામ્યો. તેણે દેદને કહ્યું કે—"તું ઉભો થા અને મારી પાછળ અશ્વપર ચડી જા." તે બોલ્યો કે—"હું લોઢાના બંધનથી બંધાયેલો છું. તેથી હું કાંઇ પણ કરવાને શક્તિમાન નથી." ત્યારે ફરીથી તે સુભટ બોલ્યો કે—"તું શું કરવાનો હતો? ઉભો થાને." તે સાંભળી તે જેટલામાં ઉભો થયો તેટલામાં તેના લોઢાના બંધનો નીચે પડ્યા. ત્યાર પછી તે દેદને અશ્વપર ચડાવી તે સુભટ અસ્ખલિત ગતિએ

ત્યાંથી ચાલ્યો, અને ક્ષણવારમાં જ્યાં તેની ભાર્યા હતી ત્યાં તેને મૂકી તે અદૃશ્ય થયો.

ત્યાર પછી પ્રાતઃકાળે તેની ભાર્યાએ તેને જોઇ પૂછ્યું કે—"તમે અહીં શી રીતે આવ્યા ?" ત્યારે તેણે "શ્રી સ્તંભન પાર્શ્વનાથના પ્રસાદથી હું અહીં આવ્યો" એમ કહી સર્વ વૃત્તાંત કહ્યો. જે ગામમાં તે બન્ને મળ્યા હતા, તે ગામ નમ્યાટ દેશનું જ હતું, તેથી તે બન્ને તે ગામનો પણ ત્યાગ કરી તત્કાળ **विद्यापुर** નામના નગરમાં ગયા. પછી સુવર્ણના દેદીપ્યમાન ઘરેણાંના સમૂહને ઘડાવીને સ્તંભનપુરમાં જઇને તે દેદ વણિકે શ્રીપાર્શ્વનાથ સ્વામીની પૂજા કરી. તે વખતે પાપરૂપી ચંડાળનો તત્કાળ નાશ થવાથી દેદનાં શરીરરૂપી મંદિરને વિષે તે અરિહંતે અલંકારની કાંતિના મિષથી સોનાવાણીના છાંટા નાખ્યા. ત્યાર પછી તે દેદ યોગીંદ્રની વાણીનું સ્મરણ કરી, લક્ષ્મીને કષ્ટનું સ્થાન માની તથા લોભનો ત્યાગ કરી અર્થીઓને પુષ્કળ દાન દેવા લાગ્યો. તેનું મુખ દશ—ન ([1]નકાર) વડે વ્યાપ્ત હતું તો માગણના સમૂહને જોઇને દાનને વિષે રસવાળા તે દેદે એક પણ નકાર કર્યો નહીં. કહ્યું છે કે—

"भिउडी अद्धालोअण–मुद्धा दिट्ठी परं मुहं वयणं ।
मोणं कालविलंबो, नकारो छव्विहो होइ ॥ १७ ॥"

"ભ્રૃકુટિ ચડાવવી, અર્ધ નેત્ર ઉઘાડવાં, ઉંચી દૃષ્ટિ કરવી, અવળું મુખ કરવું, મૌન રહેવું, અને કાળનો વિલંબ કરવો. આ છ પ્રકારનો નકાર હોય છે—દાન નહીં દેવાના આ છ પ્રકારો છે."

સુવર્ણના સમૂહનું દાન દેવાથી યાચક જનોએ તે દેદની ઘણી શ્લાઘા કરી, અને તેથી લોકમાં તે 'કનકગિરિ એવા વ્યાપક બિરૂદને પામ્યો.

॥ इति कनकगिरिदेदप्रबन्ध ॥

---

૧ દશ નકાર છતાં એક પણ નકાર કર્યો નહીં એ અર્થમાં વિરોધ આવ્યો, તેને દૂર કરવા માટે—"તેનું મુખ દશન એટલે દાંતવડે વ્યાપ્ત હતું" એવો અર્થ કરવો.

એકદા સન્માર્ગને વિષે મુસાફરરૂપ, ભાગ્યશાળી અને ધનવૌનના સમૂહમાં માન પામેલો દેદ કોઇક કાર્યને માટે દેવગિરિ નામની નગરીમાં ગયો. ત્યાં કોઇક ઉપાશ્રયમાં ગુરૂ મહારાજને ભાવથી નમવા ગયો. અને મળથી મલિન દેખાતા સર્વ સાધુઓને તેણે ઘણા હર્ષથી વાંદ્યા. ત્યાં એક સ્થાનકે બેસીને ધર્મશાળા (ઉપાશ્રય) બનાવવા માટે વિચાર કરતા શ્રાવકોને જોઇ તેમને પણ તેણે પ્રણામ કર્યા. તેમના વિચારને સાંભળી તેણે મનમાં વિચાર કર્યો કે—" પૌષધશાળા બનાવવામાં ખરેખર સંપૂર્ણ પુણ્ય થાય છે, કેમકે ઉપાશ્રય એ સાધુઓની દુકાન છે, ત્યાં ગ્રાહક લોકો આવીને અનુક્રમે અનંત લાભને આપનારા વ્રતાદિક કરીયાણાને ખરીદ કરે છે. તે ઉપાશ્રયમાં ધર્મ શ્રવણ (વ્યાખ્યાનનું શ્રવણ), પ્રતિક્રમણ અને સાધુઓનો નિવાસ વિગેરે જે જે ક્રિયાઓ થાય છે, તેનાથી ઉત્પન્ન થયેલા પુણ્યનો પાર જ નથી, તેથી હું જ અહીં એક મોટી ધર્મશાળા કરાવીને આ દુસ્તર સંસારરૂપી સમુદ્રથી શીઘ્રપણે મારા આત્માને તારૂં." આ પ્રમાણે વિચાર કરીને સ્થિર વચનવાળા તેણે શ્રી સંઘની પાસે નિશ્ચળ યાચના કરી, અને તે આ પ્રમાણે મુદિત યુક્ત વચન બોલ્યો કે—" મારાપર શ્રીસંઘ કૃપા કરો, હું જ આ પૌષધશાળા કરાવું, કેમકે હું શ્રીસંઘનો કિંકર છું. એક તો હું તમારો અભ્યાગત (પરોણો) છું અને વળી તમારો સાધર્મિક છું, તેથી કુમારકેદારપુત્રના ન્યાયવડે હું તમારે માનવા લાયક છું. આ પ્રમાણે તેનું વચન સાંભળી તે સર્વમાં જે મુખ્ય શ્રાવક હતો તે બોલ્યો કે—" તમે જે કહ્યું તે યોગ્ય છે, પરંતુ પૌષધશાળા તો સકળ સંઘની હોય તે જ સારી છે, કોઇ એકની કરાવેલી સારી નથી, કેમકે જો કોઇ એક જ કરાવે તો તે શય્યાતર કહેવાય છે. તેથી કરીને તેના ઘર થકી સાધુઓ અન્નાદિક કાંઇ પણ લેતા નથી. જેના ઘરમાંથી સાધુઓ હમેશાં અન્નાદિક લેતા ન હોય અને વર્ષે વર્ષે વસ્ત્રાદિક લેતા ન હોય, તેવું ઘર શું ઘર કહેવાય ? ન જ કહેવાય. તેવું ઘર તો સાધુઓને નહીં જવા લાયક હોવાથી સમુદ્રમાં રહેલા ઘર જેવું જ છે. અને જો શ્રીસંઘે પૌષધશાળા કરાવી હોય તો તેમાં રહેલા સાધુઓ હમેશા અનુક્રમે એક એક ઘરનેજ શય્યાતર કરે છે, તેથી તેમ જ કરવું યોગ્ય છે." આ પ્રમાણે

યુક્તિવાળા સત્ય વચનોવડે તેને બોધ પમાડયો તોપણુ તે દેદે પોતાનો કદાગ્રહ છોડયો નહીં. ત્યારે કોઇ બીજા શ્રાવકે કોપ પામીને કહ્યું કે—" જો અહીં કોઇ પણ પૌષધશાળા કરાવનાર ન હોય, અથવા તે પૌષધશાળા સુવર્ણમય કરાવવાની ઇચ્છા હોય, તો તમારે આટલો બધો આગ્રહ કરવો યોગ્ય છે, તો આ નગરીમાં ઇંટની પૌષધશાળા કરાવનાર તો ઘણા જનો છે, અને સોનાની તો તમે પણ કરવાના નથી." આ પ્રમાણે તેનું વચન સાંભળી પોતાના વચનને હાથીના દાંત જેવું કરવાને ઇચ્છતા દેદે સુવર્ણની પણ ધર્મશાળા કરાવવાનું સ્વીકાર્યું. કહ્યું છે કે—

" दन्तिदन्ताविवोग्रानां, गीर्निर्गत्य न चाविशेत् ।
कूर्मग्रीवेव नीचानां, निर्गताऽपि विशेत् पुनः ॥ १८ ॥

" ઉત્તમ પુરૂષોની વાણી હાથીના દાંતની જેમ બહાર નીકળ્યા પછી અંદર પેસતી નથી, અને નીચ મનુષ્યોની વાણી કાચબાની ડોકની જેમ બહાર નીકળીને પણ ફરીથી અંદર પેસી જાય છે."

આ વાતની ગુરૂને ખબર થતાં ગુરૂએ યાચકોરૂપી ચક્રવાક પક્ષીને આનંદ આપવામાં સૂર્ય સમાન એવા તે દેદને બોલાવીને કહ્યું કે—" હે સજ્જન ! આ કાળને વિષે સુવર્ણની શાળા શી રીતે થઇ શકે ? તે તું જ કહે. આ સમયમાં તેવા પ્રકારનું ધન ક્યાં છે ? તથા રાજાઓની અનુકૂળતા પણ ક્યાં છે ? અથવા તેવું સ્થાન કરાવ્યું હોય તોપણ આજના મનુષ્યોની દૃષ્ટિની આગળ તે શી રીતે રહી શકે ? સાંતુ નામના રાજાએ ચોરાશી હજાર ટંક (રૂપીયા) નો ખર્ચ કરીને જે ચિત્રશાળા બનાવીને પછી ધર્મશાળા તરીકે કરી હતી તે પણ સુવર્ણની નહોતી. આવા કળિકાળમાં જન્મ ધારણ કરીને કૃતયુગ (સત્યયુગ) ના જેવા ઉત્તમ કાર્યને જે કરે છે તેને પીડા કરનાર વિઘ્ન પ્રાપ્ત થાય છે." આવું ગુરૂનું વચન સાંભળી દેદ બોલ્યો કે— " હે પૂજ્ય ! આપે કહ્યું તે સત્ય છે. પરંતુ ઇંટનું જ મકાન ચણાવીને તેને ચોતરફથી સુવર્ણના પતરાવડે જડી દઇશ." ત્યારે ગુરૂએ કહ્યું કે—" હે આર્ય ! આવા અયોગ્ય આગ્રહને મૂકી દે. આવા કળિયુગમાં નિર્વિઘ્ન ધર્મશાળા થવું શું ઘણું કષ્ટવાળું ન થાય ? " આ પ્રમાણે

તેને ગુરૂએ વાર્યો તો પણ તે કુશળે સંઘની અનુમતિ લઇ તે પૌષધશાળા કરાવવા માંડી.

આ અવસરે તે નગરીમાં દશ હજાર વૃષભો સહિત ઘણુંસોને આઠ જાતનાં કરીયાણાંથી ભરેલો એક સાર્થ આવ્યો. તથા દક્ષીણ દેશ ભોગવાળો અને લક્ષ્મીવાળો છે એમ ધારીને તેની સાથે ઉંચા કેશરની પચાસ પોઠ પણ ત્યાં આવી. તેના સર્વ પ્રકારનાં કરીયાણાં તો વેચાઇ ગયાં, માત્ર એક કેશર જ એમનું એમ (વેચાયા વિના) રહ્યું, તેનું કારણ હે ભવ્યજનો! સાંભળો.—તે કેશર મોંઘા મૂલ્યનું હોવાથી એક બે વિગેરે રૂપીયાનું લેનારા ઘણા લોકો હતા, પરંતુ જથ્થાબંધ લેનાર કોઇ નહોતો. અને તેવું પરચુરણ વેચવાથી તો કદાચ એક પોઠીયો ખાલી થાય અથવા ન પણ થાય. તેથી તેના વેપારીઓ તેને વેચતા નહોતા, તે કારણથી તે કેશર એમનું એમ જ રહ્યું હતું. છેવટ તે નહીં વેચાવાથી નિરાશ થયેલા તેના વેપારીઓ ત્યાંથી જવા માટે એકદા નગરીની બહાર નીકળ્યા, અને પોતાનું પ્રયોજન સિદ્ધ ન થવાથી તે નગરીની નિંદા કરતા આ પ્રમાણે બોલવા લાગ્યા કે—"આ નગરીમાં જેટલું કરીયાણું આવે છે તે સર્વ સમુદ્રમાં સાથવાની એક મુઠી નાંખ્યા જેવું થાય છે, એવી આ નગરીની પ્રસિદ્ધિ કહેવાય છે તે ખોટા કંકણના ઘા જેવી છે. કહ્યું છે કે—

"કેટલાએક એમને એમ જ (કારણ વિના જ) પ્રસિદ્ધિને પામેલા હોય છે. તેમાં લોકોના મુખને કોણ રોકે છે (લોકોને બોલતાં કોણ અટકાવે છે)? જેમ કે સર્પો જન્મથી જ વાયુને ભોગવનારા અને કર્ણ રહિત જ હોય છે, છતાં લોકો તેમને ભોગી (ભોગવાળા) અને કુંડળી (કુંડળના અલંકારવાળા) કહે છે."

અથવા તો આ નગરીમાં પહેલાં કોઇ વખત મોંઘા મૂલ્યનું કોઇક ઘણું કરીયાણું આવ્યું હશે, તેને કોઇએ ખરીદ કરી લીધું હશે, ત્યારથી આ નગરીની આવી પ્રસિદ્ધિ થઇ હશે. કહ્યું છે કે—

"या सुप्रवृत्तिः प्रथमं प्रवृत्ता, पाश्चात्यपापेन हि लुप्यते सा।
शशाङ्कचक्रैर्निभृतं भृतापि, भागीरथी पुण्यतमैव लोके ॥१९॥"

તથા તેની અંદર શ્રીસંઘના એકસોનેએક શ્રાવકોનો પા પા રૂપીઓ નાંખ્યો હતો. (વાપર્યો હતો). કિરણોના સમૂહવાળી કેશરની ભીંતિમાં આવેલા માણસોના પ્રતિબિંબો પડતા હતા, તેથી જાણે કે નિરંતર મુક્તિરૂપી કન્યાના વિવાહનો ઉત્સવ થતો હોય તેવું દેખાતું હતું. તેના ચોકનું નિર્મળપણું એટલું બધું અદ્ભુત હતું કે તેમાં પ્રાતઃકાળે આવેલી ધનવાન લોકોની સ્ત્રીઓ તેમાં પડેલા પ્રતિબિંબના મિષથી પાતાલ કન્યાઓ જેવી દેખાતી હતી. તે થાળામાં જડવા માટે સુવર્ણનાં પતરાં કરાવવામાં જેટલું સુવર્ણ લાગે તેવું હતું, તેટલા દ્રવ્યનો ખર્ચ તેણે તે થાળામાં કર્યો હતો. અહો! તેની ઉદારતા કેવી? તે દેદે તે થાળા મૂલ્યથી, વર્ણથી અને નામથી પણ સુવર્ણની બનાવી પોતાનું વચન પ્રમાણરૂપ કરી સત્પુરૂષોને આશ્ચર્ય પમાડયા. પછી જે એક પોઠીયાનું ઉત્તમ સુગંધી કેશર રાખ્યું હતું, તે જિનપ્રતિમાની પૂજાને માટે તીર્થોમાં મોકલી પછી તે દેદ પોતાને ઘેર ગયો.

તે દેદને **વિમલશ્રી** નામની નિર્મળ-પવિત્ર ભાર્યા હતી, તે વય, લાવણ્ય અને પુણ્યાદિક ગુણોવડે પોતાની તુલ્ય હતી, તે બન્નેને પરસ્પર અધિક પ્રેમ હોવાથી તેમનાં મન, વચન અને ક્રિયા એક સરખાં જ હતાં, પરંતુ વિધાતાએ શરીરવડે જ તેમની ભિન્નતા કરી હતી (માત્ર શરીરથી જ તેઓ જૂદા હતા.) તે વિમલશ્રી પ્રાતઃકાળે ઉઠીને હમેશાં જિનેશ્વરના ચૈત્યમાં અને પૌષધશાળામાં જઇને પછી પોતાને ઘેર આવતી હતી, તેટલા વખત સુધી હર્ષપૂર્વક તે મેઘની લીલાવડે પોતાના શરીરની કાંતિના મિષથી જાણે જળબિંદુની વૃષ્ટિ કરતી હોય તેમ હમેશાં સવાશેર ગદીયાણાદિક સુવર્ણની વૃષ્ટિ કરતી હતી. તેથી હજુ સુધી આ બંદીજનો (ભાટ-ચારણો) પ્રાતઃકાળે સભાજનોને જ આશીર્વાદ આપતી વખતે વિમલશ્રીના સુપ્રભાતીયાં બોલે છે કહ્યું છે કે—

> " धनाङ्गं परिवाराद्यं, सर्वमेव विनश्यति ।
> दानेन जनिता लोके, कीर्तिरेकैव तिष्ठति ॥ २१ ॥

" ધન, શરીર, પરિવાર વિગેરે સર્વ નાશ પામે છે, પરંતુ દાનવડે લોકમા ઉત્પન્ન થયેલી એક કીર્તિ જ સ્થિર રહે છે. "

"જે સારી પ્રવૃત્તિ (પ્રસિદ્ધિ) પ્રથમ પ્રવર્તેલી હોય, તે પછીના પાપથી નષ્ટ થતી નથી. જેમકે ગંગા નદી મડદાં અને હાડકાંના સમૂહવડે અત્યંત ભરેલી છે તો પણ તે લોકમાં અત્યંત પવિત્ર (તીર્થરૂપ) ગણાય છે"

આવા પ્રકારની નગરીની નિંદાને નગરીમાં પ્રવેશ કરતા તે દેદ વણિકે સાંભળી, તેથી તેનું હૃદય દુભાયું, એટલે તેણે તેઓને કહ્યું કે—"હે વેપારીઓ ! સર્વ નગરીઓને મધ્યે શ્રેષ્ઠ એવી આ નગરીને તમે દૂષણ આપો છો, તો શું અમાન–અપાર લક્ષ્મીથી ભરેલી આ નગરીમાં તમારૂં કરીયાણું વેચાયું નથી ? હે ભદ્રો ! સમુદ્રમાં ગયેલી નદીની જેમ અને મોક્ષમાં ગયેલા જીવની જેમ આ નગરીમાં આવેલું કરીયાણું અત્યાર સુધી કોઇવાર પાછું ગયું નથી." તે સાંભળી તેઓ બોલ્યા કે—"તમે સત્ય કહ્યું. તે પ્રમાણે હશે પણ ખરૂં, પરંતુ અમોએ અહીં આણેલું કેશર વેચાયું નથી, તેથી તે પાછું જાય છે, તમે ગ્રહણ કરો." ત્યારે દેદે તેમને યોગ્ય ધન આપીને પચાસે પોઠો લઈ લીધી. તેમાંથી ઓગણપચાસ પોઠોનું કેશર ચુનામાં નાંખી તે ચુનો પૌષધશાળાના મકાનમાં વાપર્યો. આવું તેનું ઉદારપણું સજ્જનોના ચિત્તને આશ્ચર્યદાયક થયું. રાજાએ પણ તે વાત સાંભળી દેદને બોલાવી સર્વ હકીકત પૂછી. તે સાંભળી પોતાની નગરીનો મહિમા વધારવાથી પ્રસન્ન થયેલા રાજાએ તેને વસ્ત્ર અને દ્રવ્ય વિગેરે આપી તેનો સત્કાર કર્યો. કહ્યું છે કે—

" सूनुसेवकशिष्याद्याः, सन्ति नैकेऽपकीर्त्तिदाः ।
दुरापास्ते तु ये तात–स्वामिगुर्वादिकीर्त्तये ॥ २० ॥ "

"અપકીર્તિને આપનારા પુત્ર, સેવક અને શિષ્યાદિક દુનિયામાં ઘણાએ હોય છે, પરંતુ જેઓ પિતા, સ્વામી અને ગુરૂ વિગેરેની કીર્તિને કરનારા થાય, તેવા પુત્રાદિક તો દુર્લભ જ છે."

ત્યારપછી તે દેદે છ માસે તે પૌષધશાળા તૈયાર કરાવી. તે શાળા તાંબા જેવી પાકી ઇંટો વડે ઉત્કૃષ્ટ (મજબૂત) હતી, લાકડાની અંદર કોતરણી વડે તે મનોહર દેખાતી હતી, તેની અંદરની અને બહારની ભીંતો સુવર્ણના કિરણો જેવા કેશરથી મિશ્રિત હતી,

તથા તેની અંદર શ્રીસંઘના એકેએકે શ્રાવકોનો પા પા રૂપીયો નાંખ્યો હતો (વાપર્યો હતો). કિરણોના સમૂહવાળી કેશરની કાંતિમાં આવેલા માણસોના પ્રતિબિંબો પડતા હતા, તેથી જાણે કે નિરંતર મુક્તિરૂપી કન્યાના વિવાહનો ઉત્સવ થતો હોય તેવું દેખાતું હતું. તેના ચોકનું નિર્મળપણું એટલું બધું અદ્ભુત હતું કે તેમાં પ્રાતઃકાળે આવેલી ધનવાન લોકોની સ્ત્રીઓ તેમાં પડેલા પ્રતિબિંબના મિષથી પાતાલ કન્યાઓ જેવી દેખાતી હતી. તે શાળામાં જડવા માટે સુવર્ણનાં પતરાં કરાવવામાં જેટલું સુવર્ણ લાગે તેવું હતું, તેટલા દ્રવ્યનો ખર્ચ તેણે તે શાળામાં કર્યો હતો. અહો! તેની ઉદારતા કેવી? તે દેદે તે શાળા મૂલ્યથી, વર્ણથી અને નામથી પણ સુવર્ણની બનાવી પોતાનું વચન પ્રમાણરૂપ કરી સત્પુરૂષોને આશ્ચર્ય પમાડયા. પછી જે એક પોઠીયાનું ઉત્તમ સુગંધી કેશર રાખ્યું હતું, તે જિનપ્રતિમાની પૂજાને માટે તીર્થોમાં મોકલી પછી તે દેદ પોતાને ઘેર ગયો.

તે દેદને વિમલશ્રી નામની નિર્મળ-પવિત્ર ભાર્યા હતી, તે વય, લાવણ્ય અને પુણ્યાદિક ગુણોવડે પોતાની તુલ્ય હતી, તે બન્નેને પરસ્પર અધિક પ્રેમ હોવાથી તેમનાં મન, વચન અને ક્રિયા એક સરખાં જ હતાં, પરંતુ વિધાતાએ શરીરવડે જ તેમની ભિન્નતા કરી હતી (માત્ર શરીરથી જ તેઓ જૂદા હતા.) તે વિમલશ્રી પ્રાતઃકાળે ઉઠીને હમેશાં જિનેશ્વરના ચૈત્યમાં અને પૌષધશાળામાં જઇને પછી પોતાને ઘેર આવતી હતી, તેટલા વખત સુધી હર્ષપૂર્વક તે મેઘની લીલાવડે પોતાના શરીરની કાંતિના મિષથી જાણે જળબિંદુની વૃષ્ટિ કરતી હોય તેમ હમેશાં સવાશેર ગદીયાણાદિક સુવર્ણની વૃષ્ટિ કરતી હતી. તેથી હજુ સુધી આ બંદીજનો (ભાટ-ચારણો) પ્રાતઃકાળે સજ્જનોને જ આશીર્વાદ આપતી વખતે વિમલશ્રીના સુપ્રભાતીયાં બોલે છે કહ્યું છે કે—

" धनाङ्गं परिवाराद्यं, सर्वमेव विनश्यति ।
दानेन जनिता लोके, कीर्तिरेकैव तिष्ठति ॥ २१ ॥

" ધન, શરીર, પરિવાર વિગેરે સર્વ નાશ પામે છે, પરંતુ દાનવડે લોકમાં ઉત્પન્ન થયેલી એક કીર્તિ જ સ્થિર રહે છે."

"આ સ્વપ્નથી તને પુત્ર ઉત્પન્ન થશે." આવું પ્રિય તેનું વચન સાંભળીને હર્ષથી રોમાંચિત થઇ 'તમારૂં વચન સત્ય થાઓ' એમ કહી તેણીએ શકુનની ગાંઠ બાંધી. ફરીથી પતિએ કહ્યું કે—"હે પ્રિયા! સંપત્તિરૂપી પુષ્પવાળો થયેલો આપણો ગૃહસ્થાશ્રમરૂપી વૃક્ષ પુત્રરૂપ ફળને આપનારો થાય. એવું આપણું ભાગ્ય ક્યાં છે? વળી દીર્ઘ નેત્રવાળી તું હમેશાં સાયંકાળે ઘરમાં દીવો કરે છે, તે તને સ્વપ્નમાં યાદ આવ્યો હોય તો તે અનુભવેલું સ્વપ્ન આવ્યું કહેવાય અને તે અનુભવેલું સ્વપ્ન નિષ્ફળ હોય છે. તે વિષે કહ્યું છે કે—

"अणुभूअदिट्ठचिंतिअ—सुअपयइवियारदेवयाणू या ।
सुविणस्स निमित्ताइं, पुण्णं पावं च नाभायो ॥२४॥"

"અનુભવેલું, જોયેલું, ચિંતવેલું, સાંભળેલું, પ્રકૃતિ (શરીર)ના વિકારવાળું અને દેવતાનું આપેલું, આટલી જાતના સ્વપ્નનાં નિમિત્તો શુભ અશુભ ફળને આપનારા થતા નથી."

ત્યારપછી દેદીપ્યમાન નેત્રવાળી તેણીએ શંકા થવાથી તે બાબત પણ કોઈ સારા સ્વપ્નપાઠકને પૂછી, ત્યારે તેણે વિચાર કરીને કહ્યું કે—"આ સ્વપ્ન તમને સારૂં આવ્યું છે, તેનું ફળ આ પ્રમાણે છે કે—"હે માતા! તમને અવશ્ય પુત્ર થશે પરંતુ તે પુત્ર પ્રથમ દીવાની જેમ તેજ રહિત થશે, અને પછી દેશાંતરમાં જઇ મોટા વૈભવને પ્રાપ્ત કરી પુણ્યકર્મથી ઉત્પન્ન કરેલા યશવડે પૃથ્વીને પ્રકાશિત કરશે." આ પ્રમાણે તેનું વચન સાંભળી "અદરિદ્ર કે દરિદ્ર એવા પણ પુત્રને હું મારી દૃષ્ટિએ જોઇશ" એમ જાણી તે હૃદયમાં હર્ષ પામી, અને સરળ હૃદયવાળી તેણીએ તેને ઘણું ધન આપી રજા આપી. તે વાત સાંભળી દેદ પણ વધારે વધારે દેવપૂજાદિક કરવા લાગ્યો. જેમ પૃથ્વી સુવર્ણના નિધાનને ધારણ કરે, ખીજડીનું ઝાડ અગ્નિને ધારણ કરે, તેમ તે વિમલશ્રીએ અનુક્રમે રામની જેવો સુંદર ગર્ભ ધારણ કર્યો. તે ગર્ભથી તેણીનું મુખ પાંડુર (શ્વેત) વર્ણવાળું કરાયું તેમાં શું આશ્ચર્ય છે? કેમકે તે ગર્ભ તો ભવિષ્યમાં સુશોભિત યશોવડે દશે દિશાઓ

અને સંઘની પૂજા અને દાનાદિકને વિષે અનેક પ્રકારની મોટી મોટી ઉત્કંઠા કરી. સ્ત્રીઓને ઉત્તમ ગર્ભના પ્રભાવથી ઉત્તમ ઇચ્છાઓ જ થાય છે અને ઉત્તમ ગર્ભ ન હોય તો તેઓ શું માટી અને રાખની અભિલાષા કરનારી નથી થતી ? થાય જ છે. અનુક્રમે માસ પૂર્ણ થયા ત્યારે શુભ દિવસે તેણીએ પુત્રને પ્રસવ્યો. તે વખતે તેના પિતા દેદે પ્રજાઓને વિસ્મય ઉત્પન્ન કરે તેવો તેનો જન્મોત્સવ કર્યો. પછી બારમે દિવસે સ્વજનોને સન્માન, ભોજન અને દાનાદિક આપવા પૂર્વક તેના માતા પિતાએ તેનું **પેથડ** એવું નામ પાડ્યું. આ નામમાં પ વર્ગ, ત વર્ગ અને ટ વર્ગ, એ ત્રણ વર્ગનો એક એક અક્ષર આવેલો છે. તે ત્રણ વર્ગના ત્રણ અક્ષરો એવું સૂચવે છે કે—

"આ પેથડ ભવિષ્યકાળમાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગમાં વ્યગ્ર રહેશે. જે કારણ માટે જગતના આંગણામાં રહેલા સર્વ પદાર્થો ત્રણ ત્રણ પ્રકારના હોય છે, તેથી કરીને હે લોકો ! પુરુષાર્થ પણ ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારે છે, એમ જાણે કે કહેવાને ઇચ્છતો હોય તેમ તે પુણ્યના આધારભૂત પેથડ કુમારે ઉપરના ત્રણ વર્ગમાંના અનુક્રમે પહેલા, બીજા અને ત્રીજા અક્ષર (પ-થ-ડ)ની રચનાવડે મનોહર એવું પોતાનું નામ ધારણ કર્યું જણાય છે. ત્રણે પુરુષાર્થને વિષે ધર્મ નામનો પહેલો પુરુષાર્થ તેને વૃદ્ધિ પામનારો થશે, એવું સૂચવન કરવાને માટે જ ત્રણ અક્ષર માંહેલો પહેલો પકાર એક માત્રાવડે અધિક (પે) છે. હર્ષથી માતા-પિતા આનંદ સહિત તેનો નવો નવો મહોત્સવ કરતા હતા. તે રીતે તે પેથડ શુક્લપક્ષના ચંદ્રની જેમ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો. પિતા દેદે [illegible] એવા ભયથી સુવર્ણ જાણે કે તેના [illegible] કેડિયો ઘુઘરી [illegible] [illegible] હોય તેમ દેખાતું હતું. "હું [illegible] કરીશ-રાખીશ." [illegible] હોય એમ હું [illegible] *પ્રિયપાલન

[illegible]

થયો એમ નથી, પરંતુ તે આગળ ઉપર પણ દીનાદિકના પાલનમાં પ્રેમવાળો થશે. પોતાની કુળલક્ષ્મીના અલંકારરૂપ તે બાળકનું ચિત્ત જન્મથી આરંભીને જ જિનેશ્વર અને મુનિઓની સેવામાં તત્પર હતું. અનુક્રમે તે સાત વર્ષનો થયો ત્યારે તેના પિતા દેદે તેને લેખશાળામાં મોકલવાનો મહોત્સવ કર્યો-મહોત્સવપૂર્વક નિશાળે મોકલ્યો.

દેદના વૃત્તાંતપૂર્વક શ્રી પેથડની ઉત્પત્તિને કહેનારો આ પહેલો તરંગ સમાપ્ત.



॥ द्वितीय तरंग ॥



ત્યાર પછી ગુરૂ (ઉપાધ્યાય) રૂપી ખલાસીએ બુદ્ધિરૂપી વહાણવડે કરીને તે પેથડને વ્યાકરણ, ગણિત વગેરે શાસ્ત્રરૂપી સમુદ્રનો પારગામી કર્યો. ત્યાર પછી અનુક્રમે તેનાં માતાપિતાએ તેને સર્વ સ્ત્રીઓને વિષે શિરોમણિ સમાન શ્રેષ્ઠીની પુત્રી **પ્રથમણી** નામની કન્યા સાથે પરણાવ્યો. તે વિવેકમાં નિપુણ હતી, ચિત્તને ચોરનારી હતી, શીળવડે શોભતી હતી, વિનયવાળી, પુણ્ય ક્રિયા કરવામાં પ્રવીણ અને પતિ ઉપર ભક્તિવાળી હતી. તેમજ તેણીએ મસ્તકનો સેંથો નદીના પ્રવાહરૂપ કર્યો હતો, શરીરની કાંતિ જળરૂપ કરી હતી, અને મુખને સરોવરરૂપ કર્યું હતું, તથા સ્વર્ગને જીતવાની ઈચ્છાવડે કરીને તેણીએ ભ્રકુટિરૂપી પ્રત્યંચા સહિત કરેલા કપાળરૂપી ધનુષ ઉપર નાસિકારૂપી બાણ સ્થાપન કરેલું (ચડાવેલું) હતું. તેણીના મુખરૂપી ઘરને વિષે સરસ્વતી રહી હતી, તેણીનાં નેત્રો લક્ષ્મીને જોવા માટે બારીઓ જેવાં હતાં; તેણીના જ્ઞાનરૂપી જળથી ભરેલા હૃદયરૂપી સમુદ્રમાંથી દાંતરૂપી મોતી નીકળ્યા હતા, દેદીપ્યમાન કાંતિવાળા શરીરરૂપી ઉદ્યાનમાં ચપળ શ્રોત્રરૂપી બે હીંચકાને વિષે કુંડળના મિષથી ચંદ્ર અને સૂર્ય હીંચકા ખાવાની ક્રીડા કરતા હતા. પિતારૂપી એક જ કલ્પવૃક્ષ થકી સમગ્ર ઈચ્છાઓ પૂર્ણ થતી હોવાથી તે પેથડ દસ કલ્પવૃક્ષ થકી ઇષ્ટ વસ્તુને મેળવનારા યુગલિયાથી પણ વધારે સુખી હતો.

નિરંતર ભોગના વિસ્તારરૂપી સમુદ્રમાં નિમગ્ન થયેલા તે બન્ને દંપતિને કેટલેક કાળે સૌભાગ્ય અને ભાગ્યના સ્થાનરૂપ ઝાંઝણ નામનો

પુત્ર થયો. ગૌર અંગવાળા, સુંદર આકારવાળા તથા રક્ત ચરણ અને હોઠવાળા હંસ જેવા તે બાળકને કમળની જેમ ધનવંતો પોતાના ઉત્સવમાં સ્થાપન કરતા હતાં. તે બાળક [1]ક્ષીરકંઠ હતો તોપણ તેની ઘણી ધારણા શક્તિવાળી મોટી (સૂક્ષ્મ) બુદ્ધિ જોઇને તેના પિતામહ દેહને તેને બાલ્યાવસ્થામાં જ ભણાવવાની ઉત્કંઠા થઇ. કહ્યું છે કે—

" अजातमृतमूर्खेभ्यो, मृताजातौ वरं सुतौ ।
यतस्तौ स्वल्पदुःखाय, यावज्जीवं जडो दहेत् ॥ १ ॥ "

" પુત્રની ઉત્પત્તિ જ ન થાય, ઉત્પન્ન થઇને તરત મરી જાય, તથા જીવતો રહીને મૂર્ખ થાય, આ ત્રણ પ્રકારના પુત્રમાંથી મરી જાય અથવા ઉત્પન્ન જ ન થાય એવા બે પ્રકારના પુત્રો સારા, કેમકે તેઓ થોડા દુઃખદાયી છે. પરંતુ જીવતો રહીને મૂર્ખ થાય તેવો પુત્ર તો જીંદગી પર્યંન્ત દાહ ઉપજાવે છે "

" रूपयौवनसंपन्ना, विशालकुलसंभवाः ।
विद्याहीना न शोभन्ते, निर्गन्धा इव किंशुकाः ॥ २ ॥ "

" રૂપ અને યુવાવસ્થા સહિત હોય, તથા ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયા હોય તેવા પુરૂષો પણ જો વિદ્યાહીન હોય તો તે સુગંધ રહિત કેસુડાના પુષ્પોની જેમ શોભતા નથી. "

આ પ્રમાણે વિચારીને દેહ વણિકે તે ઝાંઝણને વિદ્યાકર નામના ઉપાધ્યાયની પાસે ભણવા મોકલ્યો. તે થોડા દિવસમાં જ શાસ્ત્રરૂપી સમુદ્રનો પારગામી થયો.

એકદા દેહની સ્ત્રી વિમલશ્રી પાંચમના ઉપવાસને પારણે અમૃતના રસ જેવું ખીરનું ભોજન કરવા બેઠી. તેની ઉજ્વળ ગતિ થવાની હોવાથી પાંચમ પણ ઉજ્વળ, દોષ રહિત હોવાથી તપ પણ ઉજ્વળ અને ખીરનું ભોજન હોવાથી અન્ન પણ ઉજ્વળ હતું. કહ્યું છે કે—

[1] જેના કંઠમાં માત્ર દૂધ જ હોય એટલે કે હજુ ખાવા શીખ્યો ન હોય તેવો.

" इंदियकसायविजओ, जत्थ य पूओववाससीलाइं ।
सो हु तवो कायव्वो, कम्मखयट्ठा न अन्नट्ठा ॥ ३ ॥ "

" જે તપમાં ઇંદ્રિય અને કષાયનો વિજય થાય, દેવપૂજા, ઉપવાસ અને શીલ પાળવામાં આવે, તેવો તપ કર્મના ક્ષયને માટે જ કરવો, પણ અન્ય એટલે ધન પુત્રાદિકને માટે કરવો નહી. "

" कित्तीइ मच्छरेण व, पूआसक्कार वित्तपीडाए ।
सुबहुं पि तवच्चरणं, दुग्गइगमणं पसाहेइ ॥ ४ ॥ "

" કીર્તિ મેળવવાની ઇચ્છાએ, મત્સરવડે, પૂજાવાની ઇચ્છાથી, સત્કાર સન્માનની ઇચ્છાથી અને ધન મેળવવાની ઇચ્છાથી ઘણા તપનું આચરણ કર્યું હોય તોપણ તે દુર્ગતિના ગમનને આપે છે. "

તે વખતે તેણીને ઘેર એક બ્રાહ્મણ પુષ્પ આપવા માટે આવી, તેણીએ તે ખીરનું ભોજન જોયું, કે તરત જ તે મનોહર ખીરને વિષે તેણીની ઉત્કટ દૃષ્ટિ—નજર પડી. આવા કારણથી જ બુદ્ધિમાન જનો જમતી વખતે પ્રથમ તે અન્નને સુંઘે છે. હિતની ઇચ્છાવાળા પુરૂષે જમતી વખતે પ્રથમ દુષ્ટ દૃષ્ટિ વિગેરેના દોષને દૂર કરવા માટે પંચ નમસ્કારનું સ્મરણ કરવું જોઇએ. શ્રીનેમિનાથ અને રાજીમતી પૂર્વ ભવમાં જ્યારે ભિલ્લ દંપતિ હતા ત્યારે તેમની પાસે કેવળજ્ઞાની મુનિએ આ પ્રમાણે કહ્યું હતું કે—

" भोअणसमए सयणे, विबोहणे पवसणे भए वसणे ।
पंचनमुक्कारं खलु, सुमरिज्जा सव्वकालं पि ॥ ५ ॥ "

" ભોજનને સમયે, સુતી વખતે, જાગતી વખતે, પરદેશ જતી વખતે, ભયને વખતે અને કષ્ટને વખતે સર્વકાળે પંચ નમસ્કારનું સ્મરણ કરવું. "

તે બ્રાહ્મણની કુદૃષ્ટિથી દૂષિત થયેલી ખીર ખાવાથી તે વિમલશ્રીને વિસૂચિકાનો વ્યાધિ થયો અને થોડા કાળમાં જ તે મરણ પામી. પ્રાણીઓને મરણ પામવું સુલભ જ છે કહ્યું છે કે—

" પ્રાણી શૂળ, વિષ, સર્પ, વિસૂચિકા, જળ, શસ્ત્ર, અગ્નિ અને સંભ્રમ આટલા કારણોએ કરીને એક મુહૂર્તમાં જ બીજા શરીરને વિષે સંક્રમ કરે છે મરીને બીજું શરીર ધારણ કરે છે."

પછી જેટલામાં ઘણા શોકને પામેલો દેદ તેણીના શરીરને અગ્નિસંસ્કાર કરી ઘેર આવ્યો, તેટલામાં તેને પણ સખત જ્વર આવ્યો. કલ્યાણનો નાશ કરનારા પ્રેમને જ ધિક્કાર છે. કહ્યું છે કે—

" कंदुकरणणं निअदेस-छंडणं कुट्टणं च कढणं च ।
अइरत्ता मंचिट्ठा, किं दुक्खं जं न पावेइ ॥ ६ ॥"

" પોતાના કંદનું ખોદવું, પોતાના દેશનો ત્યાગ કરી પરદેશમાં જવું, કુટાવું, અને કઢાવું-ઉકળવું, વિગેરે કયા દુઃખને મજીઠ પામતી નથી? સર્વ દુઃખને પામે છે, તો પણ તે અતિ રાગવાળી હોય છે. અતિ રાગી દુઃખને જ પામે છે.

" પ્રિય જનનો સંગમ થવાથી અંતે વિરહ થાય છે, વિરહ થવાથી દુઃખ થાય છે, દુઃખથી જીવનો અંત (મરણ) થાય છે, મરણથી સંસાર પ્રાપ્ત થાય છે અને સંસારથી દુર્ગતિમાં પાત થાય છે."

ત્યારપછી બુદ્ધિમાન તે દેદે દુષ્ટ ચેષ્ટાથી મૃત્યુ પાસે આવ્યું જાણી પેથડને એકાંતમાં બોલાવી તેને સુવર્ણસિદ્ધિનો ઉપાય બતાવ્યો. પછી " વિનયવાળા આ પેથડને આ ઉપાયથી ઘણું સુવર્ણ ઉત્પન્ન થશે." એમ ધારીને દેદે સાત ક્ષેત્રમાં સર્વ ધન વાપરી દીધું. ત્યારપછી તે દેદે અન્ત સમયની સર્વ શુભ ક્રિયાઓ કરી, અને પછી યાચકોના કલ્પવૃક્ષ સમાન તે દેદ કાળ કરીને સ્વર્ગમાં ગયો.

ત્યારપછી વેપાર વિગેરે દ્રવ્ય મેળવવાના ઉપાયમાં વિમુખ થયેલા પેથડે કેવળ ધાતુવાદમાં જ પ્રયાસ કરવા માંડયો; પરંતુ તે સુવર્ણસિદ્ધિનો આમ્નાય બરાબર છતાં અને તેમાં ઉદ્યમવાન છતાં તેને લાભાંતરાયના ઉદયને લીધે એક ચણોઠી જેટલું પણ સુવર્ણ થયું નહીં. કેમકે કામઘટ, ચિંતામણિ, દક્ષિણાવર્ત્ત શંખ અને કલ્પલતા વિગેરે સર્વે દિવ્ય પદાર્થો કર્મની અનુકૂળતાએ અનુકૂળ થાય છે, અને કર્મની પ્રતિકૂળતાએ પ્રતિકૂળ થાય છે. લોઢું અને ઔષધિ

વિગેરે સર્વ સામગ્રી મેળવવાવડે તથા અગ્નિ ધમાવાના કર્મવડે ઉલટું ખર્ચ થવાથી તેને દારિદ્રય પ્રાપ્ત થયું. ધાતુવાદીને દારિદ્રય સુલભ જ હોય છે.

એકદા લક્ષ્મી અને દારિદ્રયને સંવાદ થયો, તે વખતે લક્ષ્મીએ વિષ્ણુ પાસે વર માંગ્યાં; ત્યારે દારિદ્રયે પણ વિષ્ણુ પાસે આ પ્રમાણે માગણી કરી કે—"જે માણસ જુગારી, પોતાનો દ્વેષી, ધાતુવાદી, સદા આળસુ હોય અને આવક-જાવકનો વિચાર કરતો ન હોય, તેને ઘેર હું વસું છું."

ત્યારપછી તે પેથડ ધાન્યના પોટલા વેચીને પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. દારિદ્રયને વખતે વાણીયાઓની અનિંદ્ય વૃત્તિ આવી જ હોય છે. કહ્યું છે કે—

"दुःस्थो राजसुतः करोत्यधिकृतिं चौर्यं वणिक् पोट्टलं,
भिक्षां विप्रजनो विजातिरपरावासेषु भृत्यक्रियाम् ।
इभ्यो भूषणकुप्यविक्रयविधिं भिक्षां च नीचः स्वयं,
स्वान्येषां हलखेटनं च कृषिकः कर्पासकर्माबलः ॥ ७ ॥

"રાજપુત્ર દરિદ્ર થાય ત્યારે તે અધિકારનું કામ અથવા ચોરીનું કામ કરે છે, વાણીયો ધાન્યના પોટલાની વૃત્તિ કરે છે. બ્રાહ્મણ ભિક્ષાવૃત્તિ કરે છે, શૂદ્ર બીજાને ઘેર ચાકરની વૃત્તિ કરે છે, પૈસાદાર ભૂષણ અને ધાતુઓના વાસણ વિગેરે વેચવાનો ધંધો કરે છે, નીચ જાતિના માણસ ભિક્ષાવૃત્તિ કરે છે, ખેડુત પોતાની અને બીજાની ખેતી કરે છે, તથા દુર્બળ માણસ કપાસનું કર્મ કરે છે."

ત્યારપછી કાપાલિકનું કર્મ કરીને મનમાં દીનતા લાવ્યા વિના નિર્વાહને કરતા એવા તે પેથડે કેટલોક કાળ નિર્ગમન કર્યો. કહ્યું છે કે—

"अकृत्वा परसंताप- मकृत्वा नीचनम्रताम् ।
अनुत्सृज्य सतां मार्गं, यदल्पमपि तद्बहु ॥ ८ ॥"

"બીજાને સંતાપ ઉપજાવ્યા વિના, નીચ માણસ પાસે નમ્રતા કર્યા વિના અને સત્પુરૂષના માર્ગના ત્યાગ કર્યા વિના જે કાંઇ થાડું પણ કર્યું હોય તે ઘણું જ છે."

આ અવસરે શ્રી તપગચ્છને વિષે જિતેંદ્રિય ગુરૂ **શ્રીધર્મઘોષ** નામના આચાર્ય વિજયવંત હતા. એકદા કોઇ દુષ્ટ સ્ત્રીએ સાધુઓને વડાં વહોરાવ્યાં હતાં. તે જોઇ તે વડાં કામણવાળાં છે એમ જાણીને સૂરિ મહારાજે તે વડાંનો ત્યાગ કરાવ્યો. તે વખતે તે વડાં પથ્થરરૂપ થઇ ગયાં હતાં. પછી પ્રાતઃકાળે સૂરિએ એક પાટલો મંત્રીને તે દુષ્ટ સ્ત્રીને આપ્યો, તે તેણીના બન્ને કુલાને વિષે સજ્જડ ચોંટી ગયો. પછી તેણીની વિનંતિથી ગુરૂએ કૃપાથી તે પાટલો દૂર કર્યો. કોઇ નગરમાં શાકિનીઓના ભયથી રાત્રિએ તેના દરવાજા બંધ કરવામાં આવતા હતા, તેથી સૂરિએ તેને મંત્રી લીધી હતી. પરંતુ એક દિવસ ગુરૂ તેનો મંત્ર ગણુંવો ભૂલી ગયા, તેથી તે શાકિનીઓએ રાત્રિમાં ગુરૂને પાટ સહિત ઉપાડીને ચૌટામાં મૂક્યા. તે જોઇ ગુરૂએ તેમને સોયોવડે સ્તંભિત કરી દીધી, છેવટ તેમનું વચન લઇ તેમને છોડી દીધી. તે પંડિત ગુરૂએ એક રાત્રિમાં અરિહંતોની આઠ યમક-વાળી મનોહર સ્તુતિઓ બનાવીને ગુજરાતના રાજાના મંત્રીને તત્કાળ પ્રતિબોધ પમાડ્યો હતો. એકદા શિષ્યની પ્રાર્થનાથી મંત્રનું સ્મરણ અને સ્તુતિવડે વશ કરેલા સમુદ્રે પોતાના તરંગદ્વારા તે સૂરિને રત્નોનું ભેટણું કર્યું હતું. દેવપત્તન નામના નગરમાં **કપર્દી** નામના યક્ષને ધ્યાનવડે પ્રત્યક્ષ કરી તેને પ્રતિબોધ પમાડી તે ગુરૂએ તેને જિનબિંબનો અધિષ્ઠાયક કર્યો હતો. કોઈ શ્રાવક દુષ્ટ ચેટકને પ્રસન્ન કરવા માટે વિષ્ટાનું ભોજન કરતો હતો અને સ્ત્રી વિગેરેના આકર્ષણનો મંત્ર સાધતો હતો, તેને ગુરૂ મહારાજે તે મંત્ર ભુલાવી દીધો. ગિરનાર પર્વત ઉપર વાંસની ઝાડીમાં મોહવલ્લી નામની વેલડી છે, એમ જાણીને તેની પરીક્ષા કરવા માટે ગુરૂએ પોતાના એક નાના સાધુને તે ઝાડીમાં મોકલ્યો હતો. તે સાધુ તે વેલડીની ચોતરફ ભમરી ભમવા લાગ્યો અને જરાપણ ઉભો રહેતો નહીં. તેને બીજા માણસો મોકલીને બોલાવ્યો પણ તે આવ્યો નહીં, ત્યારે ગુરૂએ પોતે જઇ તેને બોલાવી લાવ્યા. ઉજ્જયિની નગરીમાં એક યોગી હતો. તે ચેટકને સાધીને આકર્ષણ, ઉચ્ચાટન અને વશીકરણ વિગેરે મલિન વિદ્યામાં નિપુણ થયો હતો. તે યોગીએ તે નગરીમાં સાધુ ઓનો પ્રવેશ નિષેધ્યો હતો, તેથી તે નગરીમાં તે ગુરૂ પરિવાર સહિત

ગયા. ત્યાં તે ગોગી ઉંદર અને કુતરા વિગેરે વિકુર્વીને પોતાના સાધુ-ઓને ભય પમાડવા લાગ્યો. તે જોઇ ગુરૂએ તેને જ મંત્રશક્તિથી બાંધીને પોતાની પાસે આણ્યો. પછી તેની નમ્રતાથી તેને મુક્ત કર્યો. એકદા તે ગુરૂને જ દુષ્ટ સર્પે ડંશ કર્યો, તેનું વિષ વ્યાપવાથી તે મૂર્છિત થયા. તે વખતે સંઘે ઘણા ઘણા ઉપાય કર્યા, પણ તે વ્યર્થ થયા, ત્યારે રાત્રિને સમયે ગુરૂએ સંઘને કહ્યું કે—“ પ્રાતઃકાળે એક માણસ માથે કાષ્ઠનો ભારો લઇને આવશે, તે ભારાને વિષ હરણ કરનારી વેલડી બાંધેલી હશે, તે વેલડીને ઘસીને મારા સર્પડંશ ઉપર લગાડજો. ” ત્યારપછી પ્રાતઃકાળે તે જ પ્રમાણે સંઘે કર્યું એટલે ગુરૂ મહારાજ સાજા થયા. પછી ગુરૂને અધિક વૈરાગ્ય આવવાથી તેમણે સર્વ વિકૃતિનો ત્યાગ કરી જિનશાસનની ઉન્નતિ કરી. આવા પ્રભા-વિક તે શ્રી ધર્મઘોષસૂરિ કે જેના હસ્તમાં જ મોક્ષલક્ષ્મી રહેલી હતી તે આચાર્ય મહારાજ એકદા વિહારના ક્રમે વિદ્યાપુર નગરમાં આવી ચાતુર્માસ રહ્યા.

તે સૂરિ મહારાજે સભાને વિષે પરિગ્રહની ઇચ્છાના પરિમાણ ઉપર શ્રવણને પ્રિય લાગે એવી રત્નસારની કથા વ્યાખ્યાનમાં કહી. તે સાંભળી કેટલાક ધનવાન પુરૂષોએ સર્વ વ્રતોના સ્વરૂપભૂત પરિ-ગ્રહની ઇચ્છાનું પરિમાણ એ નામનું અણુવ્રત ગ્રહણ કરવાનું શરૂ કર્યું. ધર્મનું શ્રવણ કરી તેનો વિચાર કરી જે માણસ વિરતિને અંગીકાર કરે છે, તે જ શ્રાવક છે. તે વિરતિ થોડી પણ લીધી હોય તો તે ભવ્ય પ્રાણીઓને હિતકારક થાય છે. કહ્યું છે કે—

“ શુભ ભાવવાળા જે ભવ્ય પ્રાણીએ થોડી પણ વિરતિ ગ્રહણ કરી હોય, તેને દેવતાઓ પોતે તે વિરતિ કરવાને અસમર્થ હોવાથી વખાણે છે–તેવા થવાની ઇચ્છા કરે છે. ”

“ એકેંદ્રિય જીવો કવળના આહારને કરતા નથી, તો પણ તેઓ જે ઉપવાસનું ફળ પામતા નથી, તે તેમની અવિરતિનું જ ફળ છે. ”

“ એકે[illegible] મન, વચન અને કાયાવડે પાપકર્મને કરતા ન[illegible] અવિરતિને લીધે અનંતકાળ સુધી એકે[illegible]

" તિર્યંચ પ્રાણીઓ જો પૂર્વ ભવમાં નિયમિત—વિરતિવાળા રહ્યા હોત, તો તેઓ આ તિર્યંચના ભવમાં નેઈડો ચાબક, અંકુશ, અને આરના પ્રહારને તથા વધ, બંધન અને મારણને પામત નહીં."

આ પ્રમાણે જાણીને તે ધનિકો પરિગ્રહ પ્રમાણનો સ્વીકાર કરતા હતા, તે વખતે બાલ્યાવસ્થાથીજ દેવ અને ગુરૂની અદ્વિતીય ભક્તિ કરનાર પેથડ ત્યાં ગુરૂને વાંદવા આવ્યો, તે વખતે ફાટેલા વસ્ત્રવાળા, પરસેવાથી વ્યાપ્ત, મેલવાળા અને જાણે કે મૂર્તિમાન દારિદ્રય હોય તેવા તેને જોઈને સર્વ વેપારીઓ હસવા લાગ્યા અને બોલ્યા કે—" હે પૂજ્ય ગુરૂ! આ પેથડ લાખ વર્ષે લક્ષેશ્વર અને કોટિધ્વજ થવાનો છે. તેથી તેને કેમ આ વ્રત ન આપવું ? " તેમનું આવું વચન સાંભળીને શ્રીગુરૂ મહારાજે તેમને કહ્યું કે—" હે ભાગ્યવંતો ! કોઈએ લક્ષ્મીનો ગર્વ કરવો યોગ્ય નથી. કારણકે લક્ષ્મી મનુષ્યને ઉંચે સ્થાને આરોપણ કરીને તત્કાળ નાશી જાય છે, એટલે દારિદ્ર તેને અવલંબન આપે છે, તેનાથી તે નીચે ઉતરે છે. અંદરથી અથવા બહારથી જે મદ કરવો તે હાથીઓનું જ ભૂષણ છે, અને ગુરૂષને તો આઠમાંથી કોઈ પણ મદ કરવો તે તેના હિતનો નાશ કરનાર છે. કહ્યું છે કે—

" જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુત આ આઠમાંથી કોઈ પણ વડે મદ કરનાર મનુષ્ય ફરીથી—પરભવમાં તે તે વસ્તુને હીન હીન પામે છે."

આ પ્રમાણે તેઓને કહીને પછી ગુરૂ મહારાજે પેથડને ધર્મલાભનો આશીર્વાદ આપવા પૂર્વક કહ્યું કે—" હે ભદ્ર ! તું પણ આ ભવ અને પરભવમાં સુખ આપનાર પાંચમું અણુવ્રત ગ્રહણ કર.' ત્યારે તે બોલ્યો કે— " જેઓ ઘણા પરિગ્રહ (ધન)વાળા હોય તેઓને જ આ વ્રત લેવું યોગ્ય છે પાણી વિના પાળ બાંધવાની જેમ મારે તે વ્રત લેવું કેમ યોગ્ય હોય ? તેથી જો આ ધનિકોની સાથે હું પહેલું વ્રત ગ્રહણ કરૂં, તો સુવર્ણની સાથે કાંટામાં આરોહણ કરનાર ચણોઠીની જેમ હું મુખની શ્યામતાને જ પામું તે આ પ્રમાણે—

પ્રથમ ઉદાહરણ કહે છે કે—" મને ટાંકણાથી જે છેદવામાં આવે છે તેમાં મને [illegible] નથી અગ્નિમાં નાખીને દાહ કરે છે તેમાં

ગયા. ત્યાં તે યોગી ઉંદર અને કુતરા વિગેરે વિકુર્વીને પોતાના સાધુઓને ભય પમાડવા લાગ્યો. તે જોઇ ગુરૂએ તેને જ મંત્રશક્તિથી બાંધીને પોતાની પાસે આણ્યો. પછી તેની નમ્રતાથી તેને મુક્ત કર્યો. એકદા તે ગુરૂને જ દુષ્ટ સર્પે ડંશ કર્યો, તેનું વિષ વ્યાપવાથી તે મૂર્છિત થયા. તે વખતે સંઘે ઘણા ઘણા ઉપાય કર્યા, પણ તે વ્યર્થ થયા, ત્યારે રાત્રિને સમયે ગુરૂએ સંઘને કહ્યું કે—" પ્રાતઃકાળે એક માણસ માથે કાષ્ઠનો ભારો લઇને આવશે, તે ભારાને વિષ હરણ કરનારી વેલડી બાંધેલી હશે, તે વેલડીને ઘસીને મારા સર્પડંશ ઉપર લગાડજો. " ત્યારપછી પ્રાતઃકાળે તે જ પ્રમાણે સંઘે કર્યું એટલે ગુરૂ મહારાજ સાજા થયા. પછી ગુરૂને અધિક વૈરાગ્ય આવવાથી તેમણે સર્વ વિકૃતિનો ત્યાગ કરી જિનશાસનની ઉન્નતિ કરી. આવા પ્રભાવિક તે શ્રી ધર્મઘોષસૂરિ કે જેના હસ્તમાં જ મોક્ષલક્ષ્મી રહેલી હતી તે આચાર્ય મહારાજ એકદા વિહારના ક્રમે વિદ્યાપુર નગરમાં આવી ચાતુર્માસ રહ્યા.

તે સૂરિ મહારાજે સભાને વિષે પરિગ્રહની ઇચ્છાના પરિમાણ ઉપર શ્રવણને પ્રિય લાગે એવી રત્નસારની કથા વ્યાખ્યાનમાં કહી. તે સાંભળી કેટલાક ધનવાન પુરૂષોએ સર્વ વ્રતોના સ્વરૂપભૂત પરિગ્રહની ઇચ્છાનું પરિમાણ એ નામનું અણુવ્રત ગ્રહણ કરવાનું શરૂ કર્યું. ધર્મનું શ્રવણ કરી તેનો વિચાર કરી જે માણસ વિરતિને અંગીકાર કરે છે, તે જ શ્રાવક છે. તે વિરતિ થોડી પણ લીધી હોય તો તે ભવ્ય પ્રાણીઓને હિતકારક થાય છે. કહ્યું છે કે—

" શુભ ભાવવાળા જે ભવ્ય પ્રાણીએ થોડી પણ વિરતિ ગ્રહણ કરી હોય, તેને દેવતાઓ પોતે તે વિરતિ કરવાને અસમર્થ હોવાથી વખાણે છે–તેવા થવાની ઇચ્છા કરે છે. "

" એકેંદ્રિય જીવો કવળના આહારને કરતા નથી, તો પણ તેઓ જે ઉપવાસનું ફળ પામતા નથી, તે તેમની અવિરતિનું જ ફળ છે. "

" એકેંદ્રિય પ્રાણીઓ મન, વચન અને કાયાવડે પાપકર્મને કરતા નથી. તો પણ તેઓ અવિરતિને લીધે અનંતકાળ સુધી એકેંદ્રિય જ રહે છે. "

" તિર્યંચ પ્રાણીઓ જો પૂર્વ ભવમાં નિયમિત-વિરતિવાળા રહ્યા હોત, તો તેઓ આ તિર્યંચના ભવમાં સેંકડો ચાબક, અંકુશ, અને આરના પ્રહારને તથા વધ, બંધન અને મારણને પામત નહીં."

આ પ્રમાણે જાણીને તે ધનિકો પરિગ્રહ પ્રમાણનો સ્વીકાર કરતા હતા, તે વખતે બાલ્યાવસ્થાથીજ દેવ અને ગુરૂની અદ્વિતીય ભક્તિ કરનાર પેથડ ત્યાં ગુરૂને વાંદવા આવ્યો, તે વખતે ફાટેલા વસ્ત્રવાળા, પરસેવાથી વ્યાપ્ત, મેલવાળા અને જાણે કે મૂર્તિમાન દારિદ્રય હોય તેવા તેને જોઇને સર્વ વેપારીઓ હસવા લાગ્યા અને બોલ્યા કે-" હે પૂજ્ય ગુરૂ! આ પેથડ લાખ વર્ષે લક્ષેશ્વર અને કોટિધ્વજ થવાનો છે, તેથી તેને કેમ આ વ્રત ન આપવું ? " તેમનું આવું વચન સાંભળીને શ્રીગુરૂ મહારાજે તેમને કહ્યું કે—" હે ભાગ્યવંતો ! કોઇએ લક્ષ્મીનો ગર્વ કરવો યોગ્ય નથી. કારણકે લક્ષ્મી મનુષ્યને ઉંચે સ્થાને આરોપણ કરીને તત્કાલ નાશી જાય છે, એટલે દારિદ્ર તેને અવલંબન આપે છે, તેનાથી તે નીચે ઉતરે છે. અંદરથી અથવા બહારથી જે મદ કરવો તે હાથીઓનું જ ભૂષણ છે, અને પુરૂષને તો આઠમાંથી કોઇ પણ મદ કરવો તે તેના હિતનો નાશ કરનાર છે. કહ્યું છે કે—

" જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુત આ આઠમાંથી કોઇ પણ વડે મદ કરનાર મનુષ્ય ફરીથી—પરભવમાં તે તે વસ્તુને હીન હીન પામે છે."

આ પ્રમાણે તેઓને કહીને પછી ગુરૂ મહારાજે પેથડને ધર્મલાભનો આશીર્વાદ આપવા પૂર્વક કહ્યું કે—" હે ભદ્ર ! તું પણ આ ભવ અને પરભવમાં સુખ આપનાર પાંચમું અણુવ્રત ગ્રહણ કર. " ત્યારે તે બોલ્યો કે— " જેઓ ઘણા પરિગ્રહ (ધન)વાળા હોય તેઓને જ આ વ્રત લેવું યોગ્ય છે. પાણી વિના પાળ બાંધવાની જેમ મારે તે વ્રત લેવું કેમ યોગ્ય હોય ? તેથી જો આ ધનિકોની સાથે હું પહેલું વ્રત ગ્રહણ કરૂં, તો સુવર્ણની સાથે કાંટામાં આરોહણ કરનાર ચણોઠીની જેમ હું મુખની શ્યામતાને જ પામું. તે આ પ્રમાણે—

પ્રથમ સુવર્ણ કહે છે કે—" મને ટાંકણાથી જે છેદવામાં આવે છે તેમાં મને કાંઇ દુ:ખ નથી. અગ્નિમાં નાંખીને દાહ કરે છે તેમાં

પણ મને દુઃખ નથી, તથા કસોટીના પથ્થરપર ઘસે છે તેમાં પણ મને દુઃખ નથી. પરંતુ મને જે ચણોઠીની સાથે જોખવામાં આવે છે, તે જ મને મોટું દુઃખ છે." ત્યારે ચણોઠી કહે છે કે—"હું સોનીને પ્રિય છું, હું શ્રેષ્ઠ વર્ણ (રંગ) થી શોભું છું, અને મારું [1]વૃત્ત ઉત્તમ છે, છતાં હું જે નિષ્ક (સુવર્ણ) ની સાથે જોખાઉં છું, તેથી જ હું લજ્જા પામું છું." ત્યારે સુવર્ણ કહે છે કે—"હે ચણોઠી! હું તારી સાથે તોળાઉં છું એવો તું ફોગટ ગર્વ ન કર. જો અગ્નિમાં સ્નાન કરીને બહાર નીકળાય, તો ઉત્તમતા અને અધમતાનું પ્રમાણ જણાય." તે સાંભળીને ચણોઠી અગ્નિમાં પેઠી તેથી મુખે દાઝી છે અથવા તો લોકોના ધિક્કારથી અને હુંકારથી શ્યામ થઇ છે, એમ હું માનું છું.

આ પ્રમાણે પેથડનું વચન સાંભળીને ગુરૂ મહારાજ બોલ્યા કે—"હે ભદ્ર! તેં આ યુક્તિવાળું વચન કહ્યું નથી. કેમકે સર્વ કોઇ માણસ પોતાના ધનને અનુસારે પરિગ્રહ પ્રમાણનું વ્રત ગ્રહણ કરે તો તે ધન્ય જ છે.

તેથી કરીને બીજા બધા વિચારનો ત્યાગ કરીને પોતાના હિતને માટે વ્રતને અંગીકાર કર." આ પ્રમાણે કહી ગુરૂએ તેનો હાથ ઝાલી તેને પ્રથમ સમકિત વ્રત આપ્યું. કહ્યું છે કે—

"मूलं दारं पइट्ठाणं; आहारो भायणं निही ।
दुच्छक्कस्स य धम्मस्स, संमत्तं परिकित्तिअं ॥ ९ ॥"

"બાર પ્રકારના શ્રાવક ધર્મનું મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, આધાર, ભાજન અને નિધિ સમાન સમકિત કહ્યું છે."

જેમ અંધકારને ભેદનાર સૂર્યની બાર રાશિઓ તેના વિસ્તારને માટે છે, તેમ પાપરૂપી અંધકારને ભેદનાર સમકિતના વિસ્તારને માટે શ્રાવકનાં બાર વ્રતો છે. વેપારીઓને જેમ હાથમાં રહેલી ગ્રંથિ કાર્ય સાધનારી છે, જેમ રાજધાની રાજાઓના કાર્યને સાધનારી છે, જેમ ખલાસીઓને પાટીયું કાર્ય સાધનાર છે, તેમ માણસોને સમકિત

૧ ગોળાકાર.

કાર્ય સાધનાર છે. વળી સમકિત મુક્તિરૂપી કન્યાનું [1]વરણ છે, મોક્ષલક્ષ્મીનો [2]સત્યંકાર છે, અને સંસારરૂપી દર્ભના મસ્તકપર રહેલો [3]બંધ છે, એમ પંડિતો કહે છે. સમકિત વિનાનું ધ્યાન ધરવું તે દુઃખનું નિધાન જ છે, તપ કરવાનું ફળ પણ માત્ર સંતાપ જ છે, કુબુદ્ધિવાળા એવા તેમનો સ્વાધ્યાય પણ નિષ્ફળ છે, અભિગ્રહો પણ કદાગ્રહરૂપ જ છે. દાન અને શીળનું આચરણ પણ વખાણવા લાયક નથી, તીર્થયાત્રાદિક પણ વૃથા છે, તથા બીજું જે કાંઇ ધર્મ-કાર્ય કરવું તે સર્વ નિષ્ફળ છે." આ પ્રમાણે કહીને ગુરૂએ તેને સુખને માટે ક્ષેત્ર વિગેરે પરિગ્રહનું ઇચ્છાનુસાર પ્રમાણ સ્વીકાર કરાવવાનો આરંભ કર્યો. કહ્યું છે કે—

" દ્વેષસ્યायतनं धृतेरपचयः क्षान्तेः प्रतीपो विधि-
र्व्याक्षेपस्य सुहृन्मदस्य भवनं ध्यानस्य कष्टो रिपुः ।
दुःखस्य प्रभवः सुखस्य निधनं पापस्य वासो निजः,
प्राज्ञस्यापि परिग्रहो ग्रह इव क्लेशाय नाशाय च ॥१७॥ "

" પરિગ્રહ એ દ્વેષનું સ્થાન છે, ધૈર્યનો વિનાશ કરનાર છે, ક્ષમાનો ઉલટો વિધિ છે, વ્યાકુળતાનો મિત્ર છે, ગર્વનું ઘર છે, ધ્યાનનો કષ્ટકારી શત્રુ છે, દુઃખને ઉત્પન્ન કરનાર છે, સુખનો નાશ કરનાર છે, અને પાપનો પોતાનો જ આવાસ છે—પાપને વસવાનું સ્થાન છે. આવો પરિગ્રહ પંડિતને પણ ગ્રહની જેમ ક્લેશને માટે અને નાશને માટે થાય છે."

હે ભદ્ર ! અંકુશની જેમ ગ્રહણ કરેલા આ વ્રતવડે ધનિક અને દરિદ્રી બન્નેને લોભરૂપી ઉદ્ધત હાથી વશ થાય છે. મર્યાદા વિનાનો લોભરૂપી સમુદ્ર અવશ્ય સર્વનો નાશ કરે છે. તે લોભના વશથી સુંદર મૃત્યુને પામ્યો હતો, તેનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. અદત્તાદાનનો

૧ પરણવું તે. ૨ કોલ-કરાર. ૩ દર્ભના મસ્તકપર બંધન કરવાથી તે દર્ભ વધે-નહીં, તેમ સમકિતરૂપ બંધ કરવાથી ભવ વધતો નથી.
૪

નિયમ કરનાર શ્રેષ્ઠીની જેમ દરિદ્ર માણસ પણ સંતોષ કરવાથી કદાચ ધનને પામી શકે છે. કહ્યું છે કે—

" निरीहस्य निधानानि, प्रकाशयति काश्यपी ।
अङ्गोपाङ्गानि बालानां, न गोपयति कामिनी ॥ १८ ॥

" નિસ્પૃહ મનુષ્યની પાસે પૃથ્વી પોતાની અંદર રહેલાં ગુપ્ત નિધાનોને પ્રગટ કરે છે. કેમકે બાળકો (કામના નિઃસ્પૃહ છે તેથી તેમની) પાસે સ્ત્રી પોતાના અંગોપાંગને ગોપવતી નથી–ઢાંકતી નથી.

પછી ધનનું પ્રમાણ કરવામાં (જાણવામાં) સાત આઠ ધનિકોની સ્પર્ધા કરનારા તે પેથડના હાથમાં ગુરૂએ સર્વ શુભ રેખાઓ જોઈ તે આ પ્રમાણે.—જેના હાથમાં શક્તિ નામનું શસ્ત્ર, તોમર (ભાલું) દંડ, ખડ્ગ, ધનુષ, ચક્ર અને ગદાની જેવી રેખાઓ દેખાતી હોય, તે પુરૂષ રાજા થાય એમ કહેવું. જેના હાથ પગના તળીયે ધ્વજ, વજ્ર, અંકુશ, છત્ર, શંખ અને પદ્મ (કમળ) વિગેરેના આકારવાળી રેખા દેખાતી હોય, તે પુરૂષ લક્ષ્મીનો સ્વામી થાય છે. જેને સ્વસ્તિક (સાથીયા)નો રેખા હોય તે લોકમાં સૌભાગ્ય પામે છે, મત્સ્ય (માછલા) ની રેખા હોય તે લોકમાં પૂજા પામે છે, શ્રી વત્સની રેખા હોય, તે ઇચ્છિત લક્ષ્મીને પામે છે. માળાના આકારે રેખા હોય તે ઘણી ગાયો વિગેરે પશુઓનો સ્વામી થાય છે. જેના હાથના અંગુઠાના પર્વોમાં જળની રેખા હોય તે ભાગ્યવાન થાય છે, અંગુઠાના મૂળમાં જવ હોય તો વિદ્યાવાન થાય છે, હાથના તળીયે ઉર્ધ્વ રેખા હોય તો તે મોટી લક્ષ્મી આપનાર થાય છે. આ પ્રમાણે વિશાળ સંપત્તિને આપનારી અનેક રેખાઓવાળો તેનો હાથ જોઈ ગુરૂએ જાણ્યું કે આને ધન અને વૈભવ ઘણો પ્રાપ્ત થશે. તે વખતે તે પેથડ ગુરૂના કહેવાથી વીસ રૂપીયાનું પરિમાણ કરવા લાગ્યો. તેની ગુરૂએ ના કહી, ત્યારે સો રૂપીયાનું પ્રમાણ કરવા લાગ્યો. તેની પણ ના કહી, ત્યારે હજારનું પ્રમાણ કરવા લાગ્યો. તેની પણ ના કહીને છેવટે ગુરૂએ પાંચ લાખનું પ્રમાણ કરાવ્યું. અહો ! દરિદ્રી રૂપ [illegible] ગુરૂના વચનસત્તા ? અહો ! ભવિષ્યનું જાણવાની કુશળતા ! [illegible] અહો ! [illegible] અતિશય જ્ઞાન છતાં

પણ ગંભીરતા ? આ ત્રણ બાબત તે ગુરૂ મહારાજમાં સર્વોત્તમ હતી. પછી પેથડે લજ્જા પામીને કહ્યું કે—" હે ભગવાન ! મને લાખ રૂપીયા લખતાં કે ગણતાં પણ આવડતું નથી, તો તેટલા રૂપીયા ઉપાર્જન કરવાને તો હું કેમ શક્તિમાન થાઉં ?" ગુરૂએ કહ્યું કે— " હે ભદ્ર ! તારૂં વચન યુક્ત છે, પરંતુ લક્ષ્મીને એક ક્ષણવારમાં પત્તિને[1] પતિ[2] બનાવવામાં અને પતિને પત્તિ બનાવવામાં સમર્થ છે તેથી ભાગ્યશાળી પુરૂષોને ધનનો નિયમ મોકળો (વિશાળ) રાખવો સારો છે. તેમ કરવાથી કદાચ ધનની અધિકતા થાય તોપણ મન ડોલે નહીં—ચલાયમાન થાય નહીં." ત્યારે તેણે ગુરૂનું વચન શ્રદ્ધાથી અંગીકાર કર્યું. પછી તે પેથડે કષ્ટથી આજીવિકા કરતાં કેટલોક કાળ નિર્ગમન કર્યો.

એકદા પ્રવાસીને કાળ સમાન, દુઃખે કરીને વારી શકાય એવા મેઘની વૃષ્ટિ કરનાર અને ધાન્યાદિકની ઉત્પત્તિવડે સારભૂત—શ્રેષ્ઠ એવો વર્ષાકાળ પ્રાપ્ત થયો. તે વર્ષાઋતુમાં ગાઢ અંધકારના સમૂહવડે મલિન થયેલા આકાશના આંગણારૂપી કાળી પૃથ્વીને વિષે વિધાતાએ પતંગીયાના બાળકોરૂપી મેઘે નાશ કરેલા સૂર્યના સમગ્ર તેજના બીજને વાવ્યા હોય એમ જણાતું હતું. કેમકે જો તેમ ન હોય તો શરદઋતુમાં તે સૂર્યનું તેજ અત્યંત કેમ થાય ? આવા વર્ષાઋતુને સમયે પેથડ પરગામથી આવતો હતો, તેને માર્ગમાં વરસતા મેઘે રોકયો, તેથી તે રાત્રિ પડી ત્યારે પોતાના ગામની સમીપે આવ્યો, તે વખતે તેણે કેટલાએક નિર્ભય બાળકોને અન્યના ક્ષેત્રોમાંથી પાછા વાળેલા જળવડે અમુકના ક્ષેત્રના કયારામાં પાણી ભરતા જોયા. તે જોઇ મનમાં આશ્ચર્ય પામી તેણે વિચાર્યું કે—" આવી ભયંકર રાત્રિએ શ્યામ વર્ણવાળા આ બાળકો નગરની બહાર રહીને આવું કામ કરે છે તે કોણ હશે ?" આ પ્રમાણે વિચારી તેણે તેઓને પૂછયું, ત્યારે તેમણે કહ્યું કે—" અમે પુણ્યને વશ થવાવાળા છીએ, આ નગરમાં જ રહીએ છીએ અને આ નગરમાં રહેનારા કામ નામના શ્રેષ્ઠીના કામો છીએ (કામ કરનારા છીએ)." તે સાંભળી પેથડે તેમને પૂછયું કે—

૧ નિર્ધન—ગરીબ. ૨ સ્વામી—ધનવાન.

" न निमित्तद्विषां क्षेमो, न चायुर्वैद्यकद्विषाम् ।
न श्रीर्नीतिद्विषां धर्म-द्विषामेतत्त्रयं तु न ॥ २० ॥"

" જ્યોતિષના દ્વેષીને ક્ષેમ કુશળ થતું નથી, વૈદ્યના દ્વેષીનું આયુષ્ય હોતું નથી, નીતિના દ્વેષીને લક્ષ્મી રહેતી નથી, અને ધર્મના દ્વેષીને તે ત્રણે હોતાં નથી."

તે સાંભળી તે જોશી હસીને બોલ્યો કે—" તમારી પંડિતાઈને ધિક્કાર છે, કે જેથી તમે ચિંતામણિ રત્નને પથ્થરરૂપે માન્યું. જો કદાચ આ ઉત્તમ શુકનનો આદર કરીને તમે નગરમાં પ્રવેશ કર્યો હોત તો તમે આ આખા માલવ દેશના છત્રધારી રાજા જ થાત. કેમકે આ દુર્ગા અમુક સ્થાનને લઈને અશુભ છે તોપણ તે સર્પરૂપી કાળને પોતાના પગની નીચે નાંખીને નૃત્ય કરે છે, તેથી આવી શુભ ચેષ્ટાવડે તે રાજ્યને આપનારી છે. કહ્યું છે કે—

" कालदिगास्पदचेष्टा-विशेषमासाद्य स्वरवादीनि ।
अशुभानि शुभानि शुभान्यशुभानि भवन्ति शकुनानि ।२१।"

" કાળ, દિશા, સ્થાન અને ચેષ્ટાના વિશેષને પામીને પક્ષીના શબ્દો વિગેરે શુકનો અશુભ છતાં પણ શુભ થાય છે, અને શુભ છતાં પણ અશુભ થાય છે."

તમે ઘણીવાર વિલંબ કર્યો, તેથી આ ઉત્તમ શુકનનું તમે અપમાન કર્યું, તેથી તે સંપૂર્ણ ફળને આપશે નહીં. તોપણ તેનું જે ફળ થશે તે તમે સાંભળો—તમે આ સમગ્ર માલવ દેશના કોટિધ્વજ ધનવાન પુરુષોથી પૂજાશો, મોટા ધનવાન થશો, અને આ દેશના રાજા તો માત્ર બિંબરૂપે જ થશે (નામનો જ રાજા રહેશે)." આ પ્રમાણે તેનું વચન સાંભળી દેવદત્તે ખેદ પામીને વિચાર કર્યો કે "અહો ! જુઓ, કે આ મારું અજ્ઞાનપણું આવું દુર્લભ રાજ્ય હાથમાં આવતાં અટકાવવાથી મને મૂર્ખરૂપ થયું છે. કહ્યું છે કે—

" अलब्धं खलु मूर्खत्वं, ... राज्यदेशिना ।
... ॥ २२ ॥"

"મૂર્ખતા જ મૃત્યુછે, અને વિદ્વત્તા જ જીવિત છે. આ બન્નેનું આંતરૂ (તફાવત) જાણીને જે ઇષ્ટ લાગે, તે ગ્રહણ કરો."

જો કદાચ સંસારરૂપી અસાર ભોજનની અંદર ઘી સમાન રાજ્ય મને કોઇ પણ પ્રકારે પ્રાપ્ત થાય, તો હું આખી પૃથ્વીને જિનેશ્વરના ચૈત્યોવડે શોભિત કરૂં. અથવા તો આ જોશીનું વચન સત્ય થશે તો હજુ પણ કાંઇ બગડી ગયું નથી. વળી આ જોશીએ જે કહ્યું છે તે અવશ્ય થશે જ. તથા વળી જેમ વિંધેલો કાન ભૂષણને પામેછે, છેદેલો નખ લાખના રસને પામે છે, તીક્ષ્ણ સોયથી [1]ભેદેલો હાથ શોભાને પામે છે, લગ્ન વખતે મલિન વસ્ત્રવાળી કન્યા ઘરેણાઓને પામે છે-પહેરેછે, તાપ વિગેરેને પામેલું વસ્ત્ર સારા રંગને પામે છે, અર્થાત્ આ સર્વે જેમ દુઃખ સહન કરવાથી શોભા વિગેરે ગુણને પામે છે, તેમ દરિદ્ર એવો હું પણ કેમ ધનને નહીં પામું ? આ કળિયુગમાં શુકનજ વસ્તુને પ્રકાશ કરવામાં દિપક સમાન છે. કેમકે તે શુકનના બળથીજ મારવાડના જોશીએ મુઠીમાં મોતી છે એમ કહ્યું હતું " આ પ્રમાણે મનમાં વિચાર કરી તે જોશીની વાણી ઉપર અત્યંત શ્રદ્ધા રાખતાં તે માયા કપટ રહિત પેથડે સોપારી વિગેરે આપી તેનો સત્કાર કર્યો, અને ત્યારપછી તેણે તે મોટા નગરમાં પ્રવેશ કર્યો. તે નગર પૃથ્વીરૂપી સ્રીના કપાળને વિષે રહેલા અલંકારની જેમ શોભતું હતું, તથા તેનાં કિલ્લા ઉપર રહેલા કાંગરાની શ્રેણિ ઉપર મોતીઓ લટકાવેલા હતા તેથી તે કિલ્લો તેના ગોળ તિલક (ચાંદલા) જેવો શોભતો હતો.

પેથડનું પરિગ્રહ પ્રમાણ તથા મંડપદુર્ગ નગરમાં
જવું એ બે બાબતને કહેનારો આ
બીજો તરંગ સમાપ્ત થયો.

---

૧ [illegible]



। अथ तृतीय तरंग ।



તે વખતે તે મંડપદુર્ગ નગરમાં પરમાર વંશમાં ઉત્પન્ન થયેલો લક્ષ્મીવડે દેવની જેવો શ્રીજયસિંહદેવ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાના મહેલરૂપી પર્વત પાસે આવીને તે પેથડે શુભ મુહૂર્તે તળાટીની જેમ દુકાન માંડી. તેમાં જેસાક વિગેરે ધાન્ય, તેલ, મીઠું, મગ, હીંગ અને ઘી વિગેરે સર્વ પ્રકારની મોદીખાનાની વસ્તુઓ થોડી થોડી લઈને નાંખી. અને અહોભાગ્યે કરીને તે લવણ (મીઠા) નો જ વેપાર કરતો હતો. તેથી સમગ્ર લોકમાં તેનું લાવણિક નામ પ્રસિદ્ધ થયું. એકદા કોઈક આભીરી કામળ ઓઢીને મસ્તકપર લીલાની ઈંઢોણી ઉપર ઘીનો ઘડો મૂકી તેના હાટે આવી. તેણીએ તે ઘડો ઈંઢોણી સહિત ઉતારીને નીચે મૂક્યો. તેમાંથી તે પેથડ ઉત્તમ સુગંધિ ઘીને માપવડે કાઢવા લાગ્યો. તેમાંથી ઘણું ઘી કાઢ્યા છતાં પણ જ્યારે તે ઘડાનું ઘી ન્યૂન થયું નહીં, ત્યારે ઈંઢોણીની અંદર ચિત્રકવેલડી હોવી જોઈએ એમ તેણે ધાર્યું. તેથી તે આભીરીને ઘણા પૈસા આપી ઈંઢોણી સહિત તે ઘીનો કુંભ તેણે વેચાતો લઈ લીધો. તેથી તે ઘડામાં અખૂટ ઘી થયું. અહો! ભાગ્યની ભંગી કેવી છે!

હવે તે નગરનો રાજા જયસિંહ જ્યારે જમવા બેસતો હતો, ત્યારે તેની એક દાસી વાટકો લઈને તે પેથડની દુકાને ઘી લેવા માટે હમેશાં આવતી હતી. તેથી તે મૂલ્યવડે અનુક્રમે સુગંધિવાળું ઘી આપતો હતો. અને તે રાજા હમેશાં તે ઘી ખાતો હતો. આ પ્રમાણે કેટલાક દિ. ગયા. દૈવયોગે એકદા પેથડ જમવા બેઠો હતો, અને તેનો પુત્ર ઝાંઝણ દુકાને બેઠો હતો તે વખતે તે દાસી ઘી લેવા

"મૂર્ખતા જ મૃત્યુછે, અને વિદ્વત્તા જ જીવિત છે. આ બન્નેનું આંતરૂ (તફાવત) જાણીને જે ઇષ્ટ લાગે, તે ગ્રહણ કરો."

જો કદાચ સંસારરૂપી અસાર ભોજનની અંદર ઘી સમાન લક્ષ્મી મને કોઇ પણ પ્રકારે પ્રાપ્ત થાય, તો હું આખી પૃથ્વીને જિનેશ્વરના ચૈત્યોવડે શોભિત કરૂં. અથવા તો આ જોશીનું વચન સત્ય થશે તો હજુ પણ કાંઇ બગડી ગયું નથી. વળી આ જોશીએ જે કહ્યું છે તે અવશ્ય થશે જ. તથા વળી જેમ વિંધેલો કાન ભૂષણને પામેછે, છેદેલો નખ લાખના રસને પામે છે, તીક્ષ્ણ સોયથી ભેદેલો હાથ શોભાને પામે છે, લગ્ન વખતે મલિન વસ્ત્રવાળી કન્યા ઘરેણાઓને પામે છે-પહેરેછે, તાપ વિગેરેને પામેલું વસ્ત્ર સારા રંગને પામે છે, અર્થાત્ આ સર્વે જેમ દુઃખ સહન કરવાથી શોભા વિગેરે ગુણને પામે છે, તેમ દરિદ્ર એવો હું પણ કેમ ધનને નહીં પામું ? આ કળિયુગમાં શુકનજ વસ્તુને પ્રકાશ કરવામાં દિપક સમાન છે. કેમકે તે શુકનના બળથીજ મારવાડના જોશીએ મુઠીમાં મોતી છે એમ કહ્યું હતું" આ પ્રમાણે મનમાં વિચાર કરી તે જોશીની વાણી ઉપર અત્યંત શ્રદ્ધા રાખતાં તે માયા કપટ રહિત પેથડે સોપારી વિગેરે આપી તેનો સત્કાર કર્યો, અને ત્યારપછી તેણે તે મોટા નગરમાં પ્રવેશ કર્યો. તે નગર પૃથ્વીરૂપી સ્ત્રીના કપાળને વિષે રહેલા અલંકારની જેમ શોભતું હતું, તથા તેના કિલ્લા ઉપર રહેલા કાંગરાની શ્રેણિ ઉપર મોતીઓ લટકાવેલા હતા તેથી તે કિલ્લો તેના ગોળ તિલક (ચાંદલા) જેવો શોભતો હતો.

પેથડનું પરિગ્રહ પ્રમાણ તથા મંડપદુર્ગ નગરમાં
જવું એ બે બાબતને કહેનારો આ
બીજો તરંગ સમાપ્ત થયો.

માંથી સેવનારા થાય છે (છ માસે વાણીયાને આપત્તિ આવે જ છે). મારૂં કષ્ટથી મેળવેલું ધન જરૂર આજે રાજા લઈ લેશે. શું કીડીયોનું એકઠું કરેલું ધાન્ય તેતર ખાઈ જતા નથી ?" આ પ્રમાણે તેનું ચિત્ત ચિંતારૂપી ચિતાથી વ્યાપ્ત થયું. તે જમીને ઉઠયો કે તરત જ તે પુરૂષ તેને દુકાને પણ નહીં જવા દેતાં રાજા પાસે લઈ ગયો. રાજાએ તેને પૂછયું કે—" અરે ! આજે તેં ઘી કેમ ન આપ્યું ?" પેથડ બોલ્યો કે—" હે દેવ ! તે વખતે હું દુકાને નહોતો, પરંતુ મારો પુત્ર હતો. તેણે કેમ ન આપ્યું ? તે હું જાણતો નથી." તે સાંભળી રાજાએ સેવકને મોકલી તેના પુત્રને પણ બોલાવ્યો તે વખતે પેથડ વિચાર કરવા લાગ્યો કે—" અહો ! આજે મેં પુત્રને શા માટે દુકાને રાખ્યો ? અથવા તો શું વિનાશ કાળે વિપરીત બુદ્ધિ ન થાય ?

" સુવર્ણ જેવા પીળા શરીરવાળો મૃગ કોઇએ દુનિયામાં કયાંઇ પણ જોયો નથી અને સાંભળ્યો પણ નથી. તોપણ સિતાએ તેની ચામડીની કાંચળી કરવાની ઇચ્છા કરી, તેથી જણાય છે કે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ થાય જ છે."

આ પ્રમાણે પેથડ વિચાર કરે છે તેટલામાં સિંહના બાળક જેવો નિર્ભય ઝાંઝણ રાજા પાસે આવ્યો. તેને પણ રાજાએ પૂછયું ત્યારે તે સ્પષ્ટ રીતે બોલ્યો કે—" હે સ્વામી ! આજે મારા પિતા દુકાને ન હોતા, હું જ હતો. મેં આજે ઘી ન આપ્યું તેનું કારણ સાંભળો:—જેટલામાં ઘી આપવા માટે હું ઉઠીને દુકાનની અંદર ગયો, તેટલામાં સામે તત્કાળ ત્રાટ શબ્દ કરતી (મોટી) છીંક થઇ. તે વખતે મને શંકા થઇ કે આ ઘીમાં ગરોળી વિગેરેની ગરલ તો નહીં પડી હોય ? કેમકે પ્રાયે કરીને અમારા ઘી વિગેરેનાં પાત્રો વ્યાકુળતાને લીધે ઉઘાડાં પણ રહી જાય છે. કદાચ તે પ્રકારે ગરલ ન પડી હોય તો શત્રુએ લોભ પમાડેલા કોઇ માણસે વિષાદિક નાખ્યું હોય તો શું કરવું ? કારણ કે શાલિ (ચોખા) ખાવામાં લુબ્ધ થએલા પોપટ, દૂધ પીવામાં લુબ્ધ થએલા બિલાડા અને ધનમાં લુબ્ધ થએલા પુરૂષો અનુક્રમે પથ્થરને, લાકડીને અને અનર્થની પરંપરાને જોતા નથી.

૧

આવી. તેણીએ ઘી માગ્યું ત્યારે અતિ ચતુર એવા ઝાંઝણે વિચાર્યું કે—" રાજા હમેશાં વેચાતું લઇને ઘી ખાય તે ખોટી રીત છે, તેથી આપત્તિને લાવવામાં દૂતી સમાન આ તેની કુટેવને હું આજે દૂર કરૂં. પાછળથી ગુણ કરનારા મારાપર રાજા ભલે ક્રોધ કરે કે ખુશી થાય. કહ્યું છે કેઃ—

" छाया मे न तथा वृथा च कुसुमस्तोमस्तथा नोन्नता,
शाखाश्रीर्न च तादृशी फलभरभ्राजिष्णुता दूरतः ।
निर्गुण्डीति विवेश विघ्नहतये वैश्वानरं सादरं,
कर्त्तव्यो ह्युपकार एव कृतिना दग्ध्वाऽपि देहं निजम् ॥१॥

" નિર્ગુંડીએ[1] વિચાર કર્યો કે—મારે છાયા નથી, પુષ્પો આવે છે ખરા પણ તે નકામા છે, શાખાની શોભા પણ તેવા પ્રકારની ઉંચી (સારી) નથી, અને ફળોના સમૂહવડે મારી શોભા તો દૂર રહો અર્થાત્ ફળ તો આવતા જ નથી. આ પ્રમાણે વિચાર કરીને તે નિર્ગુંડી [2]વિઘ્નને હણવા માટે આદરથી અગ્નિમાં પેસે છે (નગોડનું તેલ કરવામાં તેનો ઉપયોગ થાય છે.) તેથી પંડિત પુરૂષે પોતાના દેહને બાળીને પણ પરોપકાર કરવો જોઇએ. "

આમ વિચારીને ઝાંઝણે કહ્યું કે—" જા. રાજાને કહે ઘી નથી." તે બોલી કે " રાજા જમવા બેઠા છે તેથી થોડું પણ આપ. " ઝાંઝણે કહ્યું કે- " હે મુગ્ધા ! વારંવાર શું બોલ્યા કરે છે ? એક છાંટો પણ ઘી નથી. તને ગમે તે કર. " તે સાંભળી શ્યામ મુખવાળી થઇને તે દાસીએ રાજા પાસે જઇ સામંતાદિક સાંભળતાં ઘીનો અભાવ કહ્યો. તે સાંભળી રાજા [illegible] પામ્યો, અને ક્રોધથી તેણે પેથડને બોલાવવા માટે તત્કાળ પોતાના સેવક મોકલ્યો, તથા પોતે ભોજન કર્યા વિના ઉઠી ગયો. તે રાજપુરૂષે રાજાના કોપનું કારણ જણાવવા પૂર્વક પેથડને તે કહ્યું. ત્યારે તેણે અત્યંત ભયભીત થઇ વિચાર્યું કે ' [illegible] ઉપર આજે રાજાનો કારણ વિનાનો કોપ કેમ થયો હશે ' અથવા તો છઠ્ઠે માસ આવે ત્યારે વાણીયાઓ

૧ [illegible] ૨ [illegible] તેલ વિગેરે [illegible]

માંચી સેવનારા થાય છે (છ માસે વાણીયાને આપત્તિ આવે જ છે). આરૂં કષ્ટથી મેળવેલું ધન જરૂર આજે રાજા લઈ લેશે. શું કીડીયોનું એકઠું કરેલું ધાન્ય તેતર ખાઇ જતા નથી ? " આ પ્રમાણે તેનું ચિત્ત ચિંતારૂપી ચિતાથી વ્યાપ્ત થયું. તે જમીને ઉઠયો કે તરત જ તે પુરૂષ તેને દુકાને પણ નહીં જવા દેતાં રાજા પાસે લઈ ગયો. રાજાએ તેને પૂછયું કે—" અરે ! આજે તેં ઘી કેમ ન આપ્યું ? " પેથડ બોલ્યો કે—" હે દેવ ! તે વખતે હું દુકાને નહોતો, પરંતુ મારો પુત્ર હતો. તેણે કેમ ન આપ્યું ? તે હું જાણતો નથી. " તે સાંભળી રાજાએ સેવકને મોકલી તેના પુત્રને પણ બોલાવ્યો તે વખતે પેથડ વિચાર કરવા લાગ્યો કે—" અહો ! આજે મેં પુત્રને શા માટે દુકાને રાખ્યો ? અથવા તો શું વિનાશ કાળે વિપરીત બુદ્ધિ ન થાય ?

" સુવર્ણ જેવા પીળા શરીરવાળો મૃગ કોઇએ દુનિયામાં કયાંઇ પણ જોયો નથી અને સાંભળ્યો પણ નથી. તોપણ સિતાએ તેની ચામડીની કાંચળી કરવાની ઇચ્છા કરી, તેથી જણાય છે કે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ થાય જ છે. "

આ પ્રમાણે પેથડ વિચાર કરે છે તેટલામાં સિંહના બાળક જેવો નિર્ભય ઝાંઝણ રાજા પાસે આવ્યો. તેને પણ રાજાએ પૂછયું ત્યારે તે સ્પષ્ટ રીતે બોલ્યો કે—" હે સ્વામી ! આજે મારા પિતા દુકાને ન હોતા, હું જ હતો. મેં આજે ઘી ન આપ્યું તેનું કારણ સાંભળો:—જેટલામાં ઘી આપવા માટે હું ઉઠીને દુકાનની અંદર ગયો, તેટલામાં સામે તત્કાળ ત્રાટ શબ્દ કરતી (મોટી) છીંક થઇ. તે વખતે મને શંકા થઇ કે આ ઘીમાં ગરોળી વિગેરેની ગરલ તો નહીં પડી હોય ? કેમકે પ્રાયે કરીને અમારા ઘી વિગેરેના પાત્રો વ્યાકુળતાને લીધે ઉઘાડાં પણ રહી જાય છે. કદાચ તે પ્રકારે ગરલ ન પડી હોય તો શત્રુએ લોભ પમાડેલા કોઇ માણસે વિષાદિક નાખ્યુ હોય તો શું કરવું ? કારણ કે શાલિ (ચોખા) ખાવામાં લુબ્ધ થએલા પોપટ, દૂધ પીવામાં લુબ્ધ થએલા બિલાડા અને ધનમાં લુબ્ધ થએલા પુરૂષો અનુક્રમે પથ્થરને, લાકડીને અને અનર્થની પરંપરાને જોતા નથી.

આવા કારણોને લીધે જ રાજાઓના જળના ઘડાઓને પણ શત્રુના વિષરૂપ કરેલા કષ્ટથી બચવા માટે તાળાં દેવામાં આવે છે. શત્રુ પર વિશ્વાસ રાખવો નહીં, અને મિત્ર ઉપર પણ વિશ્વાસ રાખવો નહીં આવું નીતિનું રહસ્ય આપ જાણો જ છો, તેથી આપ પ્રમાદી ન થાઓ. પ્રમાદરૂપી શત્રુ પ્રાણીઓના શરીરમાં જ રહેલો હોવાથી પોતાના વસ્ત્રમાં જ સર્પ પેઠેલો હોય તેની માફક કેટલું કુશળ થાય? ન જ થાય. અથવા તો હે દેવ! આપ એમ માનતા હો કે જેણે (જે પુણ્યે) આવું મોટું સ્વામીપણું આપ્યું છે, તે જ કષ્ટને સ્ખલના પમાડવામાં અર્ગલારૂપ થશે; તો પણ અવંતીના સ્વામી હમેશાં વેચાતું ઘી લઇને નિર્વાહ કરે છે, એવી આપની અપકીર્તિ વિશેષે કરીને દિશાના અંત સુધી ફેલાશે. કહ્યું છે કે—

"નિર્મળને વિષે જે મલિનતા હોય તે જ અપકીર્તિનું કારણ છે, પણ મલિનને વિષે મલિનતા હોય તે કાંઇ અપકીર્તિનું કારણ નથી. જેમકે ઉજ્વળ ચંદ્ર અલ્પ મલિનતાને લીધે જ કલંકી કહેવાય છે, પણ કેવળ મલિન એવો અંજનગિરિ કલંકી કહેવાતો નથી."

અમારા જેવાને ઘેર પણ આગળથી જ બે ત્રણ દિવસ ચાલે તેટલું પણ ઘી હોય છે, તો આવા મોટા દેશાધિપતિને ઘેર એક દિવસ ચાલે તેટલું પણ ઘી ન હોય, તે કેવું આશ્ચર્ય? કદાચ કોઇ શત્રુએ આવીને કિલ્લો રૂંધ્યો હોય તો ઘી વિગેરેનો સંગ્રહ નહીં હોવાથી આગ લાગે ત્યારે કૂવા ખોદવાનો ન્યાય જ આપને લાગુ પડે છે. વળી આપના જે મંત્રીઓ છે તે સર્વેને હું શીયાળની ટાઢ ઉડાડવા માટે ધન આપનારા મંત્રીની જેમ કપટી માનું છું. કહ્યું છે કે—

"नास्ये सर्पस्य रुधिरं, न च दष्टकलेवरे ।
न प्रजासु न भूपाले, धनं दुरधिकारिणि ॥ २ ॥"

"સર્પ કોઇને ડસે છે, ત્યારે તેનું લોહી સર્પના મુખમાં પણ આવતું નથી, તેમજ ડસાયેલાના શરીરમાં પણ રહેતું નથી, તે જ પ્રમાણે દુષ્ટ અધિકારી હોય ત્યારે દેશનું ધન પ્રજામાં પણ રહેતું નથી, તેમજ રાજા પાસે પણ રહેતું નથી."

જે પ્રધાન રાજાનું હિત કરે છે, અને અહિતને નિવારે છે, તેમજ રાજાના, પોતાના અને સર્વ પ્રજાના અર્થને સાધે છે, તે જ ઉત્તમ પ્રધાન છે. કહ્યું છે કે—

" કેટલાએક મંત્રીઓ પ્રતિધ્વનિ જેવા હોય છે (રાજા જેમ બોલે તેમજ પોતે પણ બોલે તેવા હાજીયા હોય છે), કેટલાક અરિસા જેવા (પ્રતિબિંબ-છાયારૂપે) હોય છે, અને કેટલાક દીવાની જેમ માત્ર માર્ગના દેખાડનાર હોય છે, પરંતુ અંકુશની જેમ રાજાને વશ કરનાર મંત્રી તો કોઈક જ હોય છે. "

વળી હે સ્વામી ! આપના પ્રસાદથી મારે ઘીની જરા પણ ન્યૂનતા નથી, જો કાર્ય હોય તો ઘીની નીક ચલાવવા પણ હું શક્તિમાન છું, તેથી કરીને હે રાજા ! બાળક થકી પણ હિત ગ્રહણ કરવું એમ જાણીને આવી રીત ન થાય—આવો રીવાજ બંધ થાય તેમ કરો. " .

આ પ્રમાણે જાંગુલી વિદ્યાના જેવી તેની ઉદાર વાણી સાંભળીને રાજા ક્રોધરૂપી વિષથી મુક્ત થઈ ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે— " અહો ! આની દીર્ઘદૃષ્ટિ ! અહો ! આનું ધૃષ્ટપણું (નીડરપણું) ! અહો ! આની વાણીની મોટાઇ અને ચોથું એ કે અહો ! આના વચનની ચતુરાઈ ! આ સર્વ કોને આશ્ચર્યકારક નથી ? આ બાળક છે તોપણ બાળ એવા સિંહ, કલ્પવૃક્ષ અને સૂર્યની જેમ ચેષ્ટાવડે તો અબાળ જેવો છે. તેથી આ તેના પિતા સહિત મારા પ્રધાનપદને લાયક છે. " આ પ્રમાણે વિચારીને હર્ષના સમૂહથી મનમાં વિકસ્વર થયેલા રાજાએ તે પિતાપુત્રને પાંચે અંગના સુંદર વસ્ત્રો આપી સર્વ મુદ્રાના અધિકારી કર્યા. પીળી કાંતિવાળા સુવર્ણની મુદ્રાથી યુક્ત તેમના હાથરૂપ રાતું કમળ દેદીપ્યમાન અને મૂર્તિમાન લક્ષ્મીવડે જાણે આશ્રય કરાયું હોય તેમ શોભતું હતું. તે વખતે અલ્પ કાંતિવાળા શ્રાવકોરૂપી તારાઓવાળું જિનશાસનરૂપી આકાશ ચંદ્રરૂપી અંધકારને હરણ કરનારા તેમનાવડે સૂર્યોદયવાળું થયું. કહ્યું છે કે—

" जिणदेवो जिणमत्तो, राया मंती व सावओ वलवं ।
साहम्मो आयरिओ, पंचुज्जोया इमे हुंति ॥ ३ ॥ "

" જિનેશ્વર દેવ, જિનેશ્વરના ભક્ત રાજા, મંત્રી, કે બળવાન શ્રાવક તથા અતિશયવાળા આચાર્ય, આ પાંચ શાસના ઉદ્યોતક છે."

રાજાએ તેમના સુખપૂર્વક નિર્વાહ થવા માટે દર વરસે હરેક ગામમાંથી તેમના પૂર્વના પુણ્યરૂપી વૃક્ષના પુષ્પ સમાન એક એક સોનામહોરનો લાગો કરી આપ્યો. ત્યારપછી હર્ષ પામેલા રાજાએ તે બન્નેને ચડવા માટે અશ્વ આપી ઘેર જવાની રજા આપી, ત્યારે તે બન્ને રાજાને પ્રણામ કરી અશ્વપર આરૂઢ થઇ પોતાના ઘર તરફ ચાલ્યા તેમની આગળ વાગતા વાજિંત્રોના શબ્દથી આકાશતળ ભરાઇ ગયું હતું, તેમની આગળ ચાલતા મંત્રીઓ, સામંતો, અમાત્યો અને લાખો અગ્રેસર મનુષ્યોના ચાલવાથી પૃથ્વીમંડળ નમી જતું હતું. આ રીતે તે બન્ને પુત્રપિતા શોભાવાળા **જયસિંહ** નામના સચિવને ઘેર જાણે કે ઇંદ્રપુત્ર અને ઇંદ્ર ઉત્તમ વિમાનમાં જાય તેમ ગયા. ત્યાં જયસિંહ પાસેથી આઠ હજાર રૂપીયા ગ્રહણ કરીને સર્વને સન્માન કરી સંતોષ પમાડી ઝાંઝણે સર્વને રજા આપી. આ પ્રમાણે વચનની ચતુરાઇથી પેથડ અને ઝાંઝણ તત્કાળ પ્રભુતાને પામ્યા. અથવા તો વાણીની કળા કદાપિ નિષ્ફળ થતી નથી. કહ્યું છે કે—

" वपुर्वचनवस्त्राणि, विद्या विभव एव च ।
वकारैः पञ्चभिर्हीनो, नरो नार्हति गौरवम् ॥ ४ ॥ "

" વપુ (શરીર), વચન, વસ્ત્ર, વિદ્યા અને વૈભવ આ પાંચ વકારથી હીન મનુષ્ય હોય તો તે ગૌરવતાને લાયક થતો નથી."

" વાણી જ અપરિમિત–મોટા મહિમાનું ઘર છે, પણ લક્ષ્મી મહિમાનું ઘર નથી. જેમકે પોપટ સારી વાણીવાળો હોય છે તેથી તે [illegible] પાંજરામાં રહે છે, અને હાથી લક્ષ્મીનું ઘર છે તોપણ તે [illegible] બને છે બુદ્ધિમાન રાજાને સેવવા લાયક [illegible] [illegible] નવા આવાસમાં રહેલા પેથડે મેરૂ પર્વતની [illegible] પેથડે પોતે અનેક લોકોને [illegible] હોય તો શેષ (બાકીના) સર્વ [illegible] નદીઓના જળને સમુદ્રમાં [illegible] તેમ તે પેથડ સર્વ પ્રકારના અધિકારમાં [illegible] થયેલું

ષન રાજાને પમાડયું. તે પેથડે સીમાડાના ઉદ્ધત રાજાઓને પોતાની બુદ્ધિથી જ વશ કર્યા. જે બાબત યુદ્ધમાં અસાધ્ય હોય તે દેદીપ્ય-બુદ્ધિથી જ સાધી શકાય છે. ત્યાર પછી પેથડે ઝાંઝણને વાણીથી ન કહી શકાય તેવા ઉત્સવો પૂર્વક **દિલ્લી** ગામના રહીશ **ભીમ** નામના શેઠની **સૌભાગ્યદેવી** નામની કન્યા પરણાવી.

એકદા મોટી કીર્તિવાળા કન્યકુબ્જ દેશના રાજાએ કમળના સરખા મુખવાળી પોતાની કન્યાને માલવદેશના રાજા સાથે પરણાવવા પોતાના મંત્રીઓની સાથે મોકલી. તેથી તે મંત્રીઓ કન્યાને લઇ માલવ દેશના રાજા પાસે આવ્યા, અને ઉત્સાહ પૂર્વક તેમણે કન્યાના વિવાહાદિકનો વૃત્તાંત તે રાજાને કહ્યો. પછી રાજાએ આપેલા ઉતારામાં તેઓ સુખે રહ્યા. તેવામાં એકદા તેઓએ સ્નાનને સમયે માલવેશની કીડા જોઇ. તે વખતે તે રાજાને જેમ સુખ ઉપજે તેમ શરીરે અભ્યંગ કરાતું હતું ત્યારે એક તેલનું બિંદુ નીચે પૃથ્વીપર પડયું, તે રાજાએ જોયું એટલે તે બિંદુને આંગળીવડે લઇ રાજાએ પોતાના પગપર લગાડયું, તે જોઇ તે પ્રધાનો ખેદ પામીને વિચારવા લાગ્યા કે—" આવા બદ્ધમુષ્ટિ (લોભી) ને જમાઇ કરવાથી કન્યાને, તેના પુત્રને તથા અમારી જેવા સેવકોને શો લાભ છે ? કન્યા તો ઉદારતાને લીધે કલ્પવલ્લી જેવી છે, અને આ રાજાનું હૃદય તો કૃપણતાથી ભરેલું છે, તો પછી આ બન્નેના લગ્ન કેવા થાય ? શું કદાપિ સાકર અને કાંકરાનો, કલ્પલતા અને કેરડાનો તથા હંસી અને કાગડાનો સંબંધ યોગ્યતાને પામે ? " આ પ્રમાણે વિચારીને તે મંત્રીઓ કન્યા દેવામાં ઉત્સાહ રહિત થયા. તેમને જોઇ તેનું કારણ જાણી રાજાએ એક મોટી બુદ્ધિ આ પ્રમાણે કરી. તેણે પૃથ્વીધર (પેથડ) મંત્રીને કહ્યું કે—" આજે મને સ્વપ્ન આવ્યું, તેમા ખરજના વ્યાધિથી શ્રેષ્ઠ અશ્વોને જર્જરિત જોયા અને પછી તેમને ઘીનું સ્નાન કરાવવાથી તેમને સાજા થયેલા જોયા. પછી મેં સ્વપ્નપાઠકને પૂછયું ત્યારે તે બોલ્યો કે—" તમારા મુખ્ય અશ્વોના શરીરમાં ખરજનો વ્યાધિ થશે, તેથી પ્રથમથી જ ઘીના સ્નાનનો ઉપાય કરવો યોગ્ય છે, તેમાં હે રાજા ! રવિવારનો દિવસ આવે ત્યારે એક એક વારે સાત સાત અશ્વોને ઘીમાં સ્નાન કરાવવું અને પછી તે ઘી બ્રાહ્મણોને આપી દેવું. આ

કાંઇ પણ સ્વરૂપ સારી રીતે જાણી શકાય તેવું નથી." આ પ્રમાણે મનમાં વિચાર કરતા તે પ્રધાનોને રાજાએ કહ્યું કે—"હે મંત્રીઓ! અમે એક તેલના બિંદુને પણ નકામો જવા દેતા નથી, અને કાર્ય પ્રસંગે સેંકડો મણ ઘીનો વ્યય કરીએ છીએ. તેલ અને ઘીની જેમ દ્રવ્યને વિષે વિના પ્રયોજને એક પાઇનો પણ ખર્ચ કરતા નથી, અને કાર્ય પ્રસંગે કોટી ધન પણ તૃણ સરખું ગણીએ છીએ." આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને તે પ્રધાનો તેના ઔદાર્ય, ચાતુર્ય વિગેરે અનેક ગુણોથી રંજન થયા, તેથી તેમણે મોટા પ્રશસ્ત ઉત્સવો પૂર્વક તે રાજા સાથે તે રાજકન્યા પરણાવી. પછી રાજાએ તે પ્રધાનોને રજા આપી એટલે તેઓ પોતાના દેશમાં ગયા. પછી રાજાએ સાંભળ્યું કે પેથડે નગરના લોકો પાસેથી ઘી ઉઘરાવ્યું નથી, તે જાણી ઝાંઝણે પહેલાં ઘીની નીક ચલાવવાનું જે કહ્યું હતું, તે સત્ય માન્યું. રાજાનું કાર્ય, પોતાનું કાર્ય અને લોકોનું કાર્ય કરનાર હોવાથી રાજાએ તે પૃથ્વીધર (પેથડ) નું પ્રધાનપણું સભામાં વખાણ્યું. ઉત્તમ જન્મવાળા અને સર્વનો ગુણ (ઉપકાર) કરનારા તે પેથડે પોતાના યશના સમૂહરૂપી કપૂરની સુગંધવડે પ્રજાને સુંદર મુખવાળી કરી. કહ્યું છે કે—

" पातकाघात्तकालुष्यो, व्यापारः कर्दमायते ।
पुण्डरीकायते तत्र, प्रजारञ्जनतो यशः ॥ ५ ॥

" જેમાં પાપરૂપી કલુષતા પ્રાપ્ત થતી હોય તેવો વ્યાપાર કાદવ જેવો છે, અને તે વ્યાપારમાં જો પ્રજાને રંજન કરવાથી યશ પ્રાપ્ત થાય તો તે કમળના જેવો મનોહર છે.

[1]પથ્ય વિગેરેના સ્પષ્ટ દૃષ્ટાન્તવડે ભવ્ય પ્રાણી મિથ્યાત્વની ગ્રંથિનો ભેદ કરીને આ સંસાર સાગરમાં ચિંતામણિ રત્ન જેવા સમકિતને પ્રાપ્ત કરે છે. ક્રિયારૂપી આરાવડે વ્યાપ્ત ભાવરૂપી ધોરી દૃઢ રીતે બાંધેલું અને મોટા ઉજમણારૂપી ખાંટથી યુક્ત એવું આ સમકિત કેટલાક પ્રાણીઓને ગાડું જેવું થાય છે. ઉદાર અને બુદ્ધિમાન પુરૂષ પણ

૧ મન્ત્ર [illegible] બાંધે. તેમાં કોઇ ધાન્ય નાંખે અને ધર્મ કરે, તેમ [illegible] [illegible] [illegible], તેમ [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સમકિત પાળે છે.

સાધર્મિક બંધુઓના ઘરમાં નવી–તાજી ફળીની ઉપમાવાળા આ સમકિતને પ્રાપ્ત કરાવવા શકિતમાન નથી જ; પરંતુ પોતાની શક્તિ પ્રમાણે પૂર્વે નહીં પ્રાપ્ત થયેલા સમકિતના પરિણામની યોગ્યતાને ધારણ કરતા આ ઉપર કહેલા મોદકો (લાડુ) ને જ પમાડી શકે છે. કહ્યું છે કે—

" રણસંગ્રામને વખતે કાળાં છત્ર વિગેરે હોય છે, લગ્ન ઉત્સવમાં કંકુ કેશર વિગેરે હોય છે, અને દીક્ષા વખતે પરમાન્ન (ખીર) વિગેરે હોય છે. અર્થાત્ પરિણામને અનુસારે જ ક્રિયા હોય છે. (યુદ્ધમાં નિર્દય પરિણામ હોય છે, વિવાહમાં રાગનો પરિણામ હોય છે. અને દીક્ષામાં ઉજ્વળ પરિણામ હોય છે. માટે તે તે પરિણામને યોગ્ય જ ક્રિયા હોય.) "

આ પ્રમાણે ગુરૂના મુખથી વાણી સાંભળીને પછી તે ગેથડે સમકિતના મોદકની લહાણી કરીને પોતાના અક્ષીણ ધીનો લાભ લેવાને પ્રારંભ કર્યો. તેથી તેણે પ્રથમ માતાના હૃદય જેવો [illegible] હૃદય જેવો ઉજ્વળ અને જિનેશ્વરના વચન જેવો [illegible] તૈયાર કરાવ્યો. તેમાં ઉજ્વળ કાગળને વિષે જેમ બત્રીશ [illegible] સ્થાપન કરવામાં આવે તેમ બત્રીશ સોનાના [illegible] સ્થાપન કરવામાં આવ્યો. પછી એક એક સોના[illegible] ભરેલા એક એક ઘડાને જિનેશ્વરના દરેક [illegible] મૂકયા. પછી તે મંત્રીએ [illegible] ભરેલા ઘડાઓ એક એક [illegible] મોકલ્યા. આ પ્રમાણે વિધિથી અને [illegible] ઘડાના પ્રમાણવાળા [illegible]

[illegible] થી [illegible] ની યાદમાન [illegible]

[illegible]

પીડા પામ્યો. કારણ કે મેઘની ગર્જનાથી જવાસો[1] શું સુકાઇ જતો નથી ? તેથી એકદા એકાંતમાં તેણે રાજાને કહ્યું કે—"હે દેવ ! દેદના પુત્ર પેથડે ઘણું ઘી પૂરૂં કર્યું; તેનો વૃત્તાંત આપ સાંભળો. તે પેથડના ઘરમાં કામકુંભ અથવા કૃષ્ણચિત્રલતા છે, એમ સાંભળવામાં આવ્યું છે. તેના પ્રભાવથી તેને ઘી વિગેરેની અખૂટ પ્રાપ્તિ થાય છે. આપે તો આ બન્ને વસ્તુઓ માત્ર સાંભળી જ હશે, પણ નજરે જોઇ નહીં હોય. તેથી આ બે વસ્તુમાંથી જે કોઇ વસ્તુ હોય, તે આપને ઘેર જ લાયક છે. જો કામકુંભ હોય તો તેથી ઇચ્છા પ્રમાણે અશ્વો, હાથીઓ વિગેરે થાય છે, અને જો કૃષ્ણચિત્રલતા હોય તો તેથી ખજાનામાં અખૂટ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. હે રાજા ! કૃષ્ણચિત્રવેલ, સ્પર્શપાષાણ, ચિંતામણિ રત્ન, સુવર્ણ પુરૂષ, કુત્રિકાપણ,[2] કામઘટ, કલ્પવૃક્ષ, કામદુઘા ગાય, જળકાંતમણિ, મોતીનું સ્ત્રીપુરૂષ યુગલ, અંભસ્તર,[3] વજ્રનો ધ્વનિ, વેધકારી રસ (રસવેધ) અને દેવતાઇ (દક્ષિણાવર્ત) શંખ વિગેરે આ સર્વ વસ્તુઓ અતિ દુર્લભ છે. તેથી તમારે તેની પાસેથી તે વસ્તુ ગ્રહણ કરવી યોગ્ય છે. કેમકે પૃથ્વી ઉપર જે કાંઇ રત્ન (ઉત્તમ વસ્તુ) હોય તે રાજાને જ હોય છે. કદાચ આપને ગ્રહણ કરવાની ઇચ્છા ન હોય તો તે વસ્તુ જોવામાં શો દોષ છે ? (મંગાવીને જુઓ તો ખરા)." આ પ્રમાણે તેનું વચન સાંભળી રાજા કે જે પ્રથમથી લોભી તો હતો જ, તે આના વચનથી અત્યંત લોભી થયો. અગ્નિ એકલો જ બાળનાર હોય છે, તેને પવનની સહાય હોય તો તેમાં શું કહેવું ? કહ્યું છે કે—

" अग्निर्विप्रो यमो राजा, समुद्र उदरं गृहम् ।
सप्तैतानि न पूर्यन्ते, पूर्यमाणानि नित्यशः ॥ ६ ॥ "

" અગ્નિ, બ્રાહ્મણ, યમરાજ, રાજા, સમુદ્ર, પેટ અને ઘર, આ સાતને નિરંતર પૂર્યા કરીએ તોપણ તે પૂર્ણ થતાં નથી."

ત્યારપછી રાજાએ પેથડને બોલાવીને પૂછ્યું કે—" કેટલાક

1 વર્ષાઋતુમાં જવાસો સુકાઇ જાય છે તેવો તેનો સ્વભાવજ છે. 2 કુતિયાની દુકાન–જેમાં ત્રણ લોકની સર્વ વસ્તુઓ હોય છે તે 3 પાણીમાં તારે તેવું રત્ન.

લોકો આવી આવી વાતો કરે છે, તે શું સત્ય છે ? કે અસત્ય છે ?." ત્યારે દેદપુત્ર બોલ્યો કે—"હે સ્વામી ! કામઘટની જે વાત કરતા હોય તો તે અસત્ય છે, પરંતુ ઘીના ઘડાની નીચે ઈંઢાણી છે, તેમાં કૃષ્ણ-ચિત્રક લતા હોય એમ સંભવે છે." ત્યારપછી રાજાની આજ્ઞાથી તેણે તે ઘીનો ઘડો મંગાવી તેને દેખાડયો. તે વખતે રાજાએ તે ઈંઢાણીને ઘડાથી જૂદી રાખીને તથા સાથે રાખીને તેની પરીક્ષા કરી. ત્યારે તે ઈંઢાણીનો જ પ્રભાવ છે એમ જાણી રાજાએ તેના તે સત્યવાદીપણાથી ખુશી થઇ પોતાનું મસ્તક ધુણાવ્યું. કારણ કે વાણીયો ધન મેળવવાનો ઉપાય, પ્રાપ્ત થતો તે તે લાભ, ધનનો સંચય, તેનો ન્યાસ (થાપણ) અને તેનો નાશ, આ સર્વ બાબતમાં સત્ય બોલતો નથી. સત્ય વાણી જ તાંબૂલ વિનાનું મુખનું ભૂષણ છે, મંત્ર અને મૂળ (ઔષધ) વિનાનું વશીકરણ છે, અને જળ વિના જ અગ્નિ વિગેરેને શીતળ કરવાનું કારણ છે. તે વખતે બુદ્ધિમાન પેથડે રાજાની આદરવાળી દૃષ્ટિ વિગેરેની ચેષ્ટા જોઇ તેથી રાજાનું મન ગ્રહણ કરવાનું છે. એમ અયસ્કાંત મણિ જેમ લોઢાને ગ્રહણ કરે તેમ તેણે રાજાનું મન ગ્રહણ કર્યું—જાણ્યું. કહ્યું છે કે—

"उदीरितोऽर्थः पशुनाऽपि गृह्यते, हयाश्च नागाश्च वहन्त्युदीरिताः।
अनुक्तमप्यूहति पण्डितो जनः, परेङ्गितज्ञानफला हि बुद्धयः ॥७॥

" કહેલો અર્થ પશુ પણ ગ્રહણ કરે છે, પ્રેરણા કરવાથી ઘોડાઓ અને હાથીઓ પણ વહન કરે છે, પરંતુ જે પંડિત જન હોય તે કહ્યા વિના જ તર્કથી જાણી લે છે. કેમકે બીજાની ચેષ્ટા જાણવી એ જ બુદ્ધિનું ફળ છે."

ત્યારપછી " આને આપના ખજાનામાં સ્થાપન કરો." એમ કહીને તેણે તે કૃષ્ણચિત્રક લતા રાજાને આપી. મોટાઓને માગ્યા પછી આપવું તે કરતાં માગ્યા વિના પહેલેથી જ આપી દેવું સારું છે. " જૈન અરિહંતનો ધર્મ મારી પાસે છે, તો આવી ચીજનું મારે શું કામ છે ? " એમ મનમાં પારમાર્થિક બુદ્ધિવાળો પેથડ તે વસ્તુ ગયે, છતાં પણ લેશ માત્ર ખેદ પામ્યો નહીં. પછી રાજાએ તેને પાંચે અંગનાં દિવ્ય વસ્ત્ર અને દશ અમૂલ્ય મુદ્રિકાઓ પહેરામણીમાં આપીને બહુમાન કર્યો એટલે તે પોતાને ઘેર ગયો.

એકદા રાજા લતાના વિસ્તારના [1]સમૂહમાં કૃષ્ણચિત્રક લતાની સામે પ્રવાહે તરવાવડે પરીક્ષા કરવા માટે નદીએ ગયો. ત્યાં ઇંઢાણીને છોડીને તેમાંથી એક એક લતાના તંતુને તેણે નદીના પ્રવાહમાં મૂકવા માંડયા. જ્યારે તે ચિત્રવેલીનો તંતુ નદીમાં મૂકવામાં આવ્યો ત્યારે તે તંતુ સામે પ્રવાહે ચાલ્યો અને તે સર્પરૂપ થઇ ગયો. તેના મોટા કુંફાડાવડે જળના તરંગો ઉછળવા લાગ્યા. તે વખતે યમુના નદીમાં રહેલા કાલિય નાગની જેમ તે નાગે કયા કયા લોકને ભયભીત ન કર્યા ? સર્વને ભયવાળા કર્યા. રાજાએ તેને ગ્રહણ કરવા માટે ઘણું ધન આપવાનું કહી લોભ પમાડયા, તોપણ કોઇ પણ તારૂ લોક મૃત્યુના ભયને લીધે તેને પકડવા શક્તિમાન થયા નહીં. ત્યારે રાજાએ પોતાના બાહુએ અંગદ બાંધેલું હતું તેમાં [2]રૂક્મિણિજિત્ નામનો મણિ જડેલો હતો તે અંગદ પોતાના એક સુભટને આપ્યું, તેને તે પોતાના હાથે બાંધી સર્પ પાસે ગયો, એટલે તરત જ તે સર્પ અદૃશ્ય થઇ ગયો (ચિત્રવેલીરૂપ સર્પ અદૃશ્ય થયો). કલ્યાણ લક્ષ્મીના કારણરૂપ નરભવની જેવી દુર્લભ તે લતાને પામ્યા છતાં પણ પ્રમાદીની જેવા રાજાએ તે લતા વૃથા ગુમાવી દીધી. દૈવ (નસીબ) ક્રોધ પામે છે ત્યારે તે કંઈ ચપેટા (લાત)વડે કોઇ પણ પ્રાણીને મારતો નથી, પરંતુ તે પ્રાણીને એવી દુર્મતિ–કુબુદ્ધિ આપે છે કે જેથી તેનું કાર્ય વિનાશ પામે છે. તેથી કરીને આ જગતમાં જે ભાગ્યવાન પુરૂષ હોય તે જ વખાણવા લાયક છે. શૂરવીર કે પંડિત જન વખાણવા લાયક નથી. શું પાંડવો વીર અને વિદ્વાન છતાં પણ વનમાં ન ભમ્યા ?

રાજાએ પેથડનું અદ્‌ભુત ભાગ્ય જાણી તેની ચાડી સાંભળવાનો જાવજ્જીવ નિયમ ગ્રહણ કર્યો. પોતાના અત્યંત ભાગ્યને લીધે પેથડ અને ઝાંઝણને તે રાજા એવો વશ થયો કે બીજા મૂળ અને મંત્ર વિગેરેના વશીકરણથી પણ તેવો વશ થાય નહીં. એકદા પેથડને રાજાએ કહ્યું કે–" હે મંત્રી ! તું છત્રને લાયક છે, પરંતુ એક રાજ્યમાં બે છત્ર હોઇ શકે નહીં, તેથી તારે હવે પછી [1]શ્રીકરી વિના ઘર-

૧ ઇંઢાણીમાં ઘણી જાતની લતાના અવયવો હતા તેથી આમાં ચિત્રવેલી કઇ હશે ? તેની ખાત્રી નદીમાં મૂકવાથી થાય છે, એટલે કે તે ચિત્રવેલી હોય તો તે સામે પ્રવાહે ચાલે છે. ૨ સર્પને જીતનાર. ૧ મોરના પીંછાનું છત્ર.

માંથી બહાર નીકળવું નહીં.” આ પ્રમાણે રાજાની આજ્ઞાથી તે પેથડ પોતાના મસ્તકપર મોરના પીંછાનું છત્ર ધારણ કરવા લાગ્યો, તે શ્રેષ્ઠ ભાટ ચારણ વિગેરે બંદીજનો તેને શ્રીકરીવડે ગાઢ અંધકારવાળો કહેવા લાગ્યા–એવા શબ્દથી તેની પ્રશંસા કરવા લાગ્યા. શ્રીકરી ઉપર રહેલા સુવર્ણના કળશની અને તેના લાંબા દાંડાની કાંતિ પડતી હોવાથી જાણે કે વીજળી સહિત મેઘ સમુદ્રની જેવા મુદ્રા સહિત એવા તે પેથડને આશ્રય કરીને રહ્યો હોય તેમ દેખાતું હતું. મોટી રાજ્યલક્ષ્મીને પોતાને સ્વાધીન રાખનાર, શ્રેષ્ઠ છત્ર ચામરને ધારણ કરનાર તથા મસ્તકપર શ્રીકરીને ધારણ કરનાર તે પેથડ પર્ણના આંતરાવાળો સાક્ષાત્ રાજા જ થયો (રાજા તો માત્ર નામનો જ હતો).

એકદા બ્રાહ્મ મુહૂર્તે (પરોઢીએ) ઉઠીને મોટી સંપદાને પામેલા તે પેથડ મંત્રીને પોતાની પૂર્વની નિર્ધન અવસ્થા યાદ આવી. તે વખતે પોતાના આત્માને ઉદ્દેશીને બોધ આપવા માટે તે આ પ્રમાણે બોલ્યો કે–“ હે જીવ ! આવી લક્ષ્મી પામીને આજે તું ગર્વ ન કર. કારણ કે પ્રાણીને સંપત્તિ અને વિપત્તિ દડાના ઉત્પાત અને અધઃપાતની જેમ પ્રાપ્ત થાય છે. તેમાં પૂર્વના પુણ્યથી સંપત્તિ અને પૂર્વના પાપથી વિપત્તિ પ્રાપ્ત થાય છે. તેથી કરીને મોટા રાજાએ પરણીને મોટા સત્કારને પમાડેલી ચિતારાની પુત્રીની જેમ તું હમેશાં ગર્વના આગમનમાં અર્ગલારૂપ તે પૂર્વની દશાનું સ્મરણ કરજે, કે જેથી ગર્વને આવવાનો અવકાશ રહે નહીં.” આ પ્રમાણે પોતાના આત્માને બોધ કરીને ફરીથી તેણે વિચાર્યું કે–“ મને આવી લક્ષ્મી પ્રાપ્ત થઇ છે. તેથી જણાય છે કે હમણાં મારા પૂર્વનાં પુણ્યનો ઉદય વર્તે છે. કહ્યું છે કે

“ જેમ માટીની ગંધ વરસાદને સૂચવે છે, દેડકાંનો શબ્દ ગાડાને સૂચવે છે. પક્ષીના સમૂહ નિર્જનપણાને સૂચવે છે, વીજળીના વિલાસો ઉન્નત મેઘને સૂચવે છે. દીવાની જ્યોતનો અકંપ વાયુના અભાવને (સ્થિરતાને) સૂચવે છે અને ધુમાડો અગ્નિને સૂચવે છે, તેમ વિસ્તારવાળો વૈભવ પૂર્વના પુણ્યના ઉદય સૂચવે છે—અનુમાનથી જણાઇ આવે છે.”

તેથી હવે હું જોઉં કે આટલા દિવસ સુધી ઉદ્યમ કરતા છતાં પણ સુવર્ણસિદ્ધિ અને સ્ફુરાયમાન થઇ નહીં તે શું મારા અભાગ્યને લીધે કે કાંઇક વિસ્મરણને લીધે? તેની ખાત્રી કરવા માટે ઉત્તમ મેઘની જેવા ઔષધિઓની ખાણરૂપ આબુ પર્વત ઉપર જાઉં. કેમકે ઇચ્છિત ઔષધિઓ મોટા પર્વત સિવાય અન્ય સ્થળે મળી શકતી નથી." આ પ્રમાણે વિચાર કરીને તેણે પ્રાતઃકાળે રાજાને કહ્યું કે— "હે દેવ! પહેલાં ઘી નહીં આપવાથી આપ ક્રોધ પામ્યા હતા, તે વખતે મેં કલ્યાણની ઇચ્છાથી યાત્રા માની હતી. તે વખતે મારૂં વિઘ્ન જતું રહ્યું હતું-ઉલટી આપની પ્રસન્નતા થઈ હતી. તેથી જીરાપલ્લી નગરીમાં રહેલા શ્રી પાર્શ્વનાથ મહારાજાને નમસ્કાર કરવાની મારી ઇચ્છા છે." તે સાંભળી રાજાએ વિચાર્યું કે—"સત્ય વચનના ક્ષીરસાગરરૂપ આ મંત્રીએ જે કહ્યું તે ખોટું નથી. કેમકે પીડા પામેલા પ્રાણીઓ સર્વ કરે છે. તથા તે શ્રી પાર્શ્વનાથ અર્હન્ પણ ઇચ્છાને પૂર્ણ કરનાર તીર્થ છે." એમ વિચારી રાજાએ તેને જવાની રજા આપી. ત્યારે રાજાની આજ્ઞા પામીને તે પેથડ પરિવારસહિત ચાલ્યો, અને જીરાપલ્લીમાં જઇ જિનેશ્વરને નમસ્કાર કરીને આબુ પર્વતપર ચડ્યો. ત્યાં પણ દેવોને વંદના કરી પર્વતપર ચોતરફ ફરી ફરીને પુષ્પાદિકવડે ઓળખાતી ઔષધિઓને તેણે એકઠી કરી. તેના રસવડે પોતાની પાસે એક છડી હતી તેને લેપ કરી તેને અગ્નિમાં નાંખી તેને સુવર્ણરૂપ કરી દીધી 'યોગના યોગથી સર્વ ધાન્યાદિક થાય જ છે.' અગ્નિની શીતળતા પથ્થરનું સુવર્ણપણું અને પાણીનું ઉંચે ચડવું વિગેરે ધન ધાન્ય વિગેરે તથા ધર્મ અને સ્વર્ગ વિગેરે સર્વ યોગથી જ પ્રાપ્ત થાય છે ત્યારપછી તે મંત્રીએ પોતાના અભાગ્યથી લોઢાની અર્ગલા ભાંગી ગઇ એમ નિર્ણય કરી બીજું [illegible] કરવા માટે પોતાના સેવકને [illegible] મોકલી [illegible] મગાવ્યું તે સેવકના કહેવાથી [illegible] આવ્યું [illegible] કરીને પણ [illegible] તે કોઇ લોકોએ [illegible] કહ્યું કે [illegible] [illegible] [illegible] તેથી [illegible] લોઢું [illegible] તે લોઢું લઇ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]



अथ चतुर्थ तरंग.



તે પેથડ મંત્રીને વેપાર કરવાથી તથા તત્કાળ પ્રાપ્ત થયેલી સુવર્ણસિદ્ધિથી પાંચ લાખથી વધારે લક્ષ્મી થઇ. "મંત્રી વિગેરે સ્થાનની પ્રાપ્તિ થાય, કુસંગ પ્રાપ્ત થાય, તથા પ્રથમની ધર્મ સામગ્રીનો નાશ થાય, ત્યારે કોઇક વિરલા પુરૂષો જ ધર્મકાર્યમાં તત્પર રહી શકે છે. તેથી કરીને તેના વ્રતનો ભંગ ન થાઓ." એમ ધારી **શ્રીધર્મઘોષ** નામના સૂરિ મહારાજ પેથડનો ઘણો વૈભવ સાંભળી અવંતી દેશમાં આવ્યા. જે પુરૂષો શ્રીગુરૂમહારાજના હૃદયરૂપી દર્પણની અંદર પ્રતિબિંબરૂપ થાય છે, તે પુરૂષો ધન્ય મનુષ્યોના મુગટ સમાન અને કલ્યાણલક્ષ્મીના સ્થાનરૂપ છે. તે આચાર્ય મહારાજ અનુક્રમે વિહાર કરતા સાયંકાળે એક ગામમાં ગયા. ત્યાં અત્યંત વાચાળ **માધવ** નામનો એક બંદી[1] રહેતો હતો. ગુરૂ મહારાજ તે રાત્રિ તે ગામમાં રહ્યા તે વખતે તે માધવે લોકોના મુખથી સાંભળ્યું કે—"આ ગુરૂ મહારાજ પેથડ મંત્રીના માંડવગઢમાં જાય છે." તે સાંભળી તેણે વિચાર કર્યો કે—"જો હું ગુરૂના આગમનની વધામણી પ્રધાનને આપું તો મને ઘણું ધન મળે." આ પ્રમાણે વિચારીને તે લોભથી ચાલ્યો. એક રાત્રિ દિવસ પગે ચાલી સોળ યોજનને ઓળંગી તે માંડવગઢમાં આવ્યો, અને પેથડને તેણે આ પ્રમાણે કહ્યું કે—"અગુરૂ[2] એવા કાષ્ઠને પણ અગ્નિ બાળી નાંખે છે, તેથી હે મંત્રીશ્વર! તમે આલોક અને પરલોકમાં સુખ આપનાર એવા ગુરૂનો આશ્રય કર્યો છે, તે ઘણું સારૂં

---

૧ ભાટ ચારણ. ૨ ગુરૂ વિનાના, પક્ષે અગરૂ નામનું કાષ્ઠ.

[illegible] શ્રી [illegible] [illegible] આગમનોનો ઉલ્લેખ કરવામાં [illegible] સામાજિક સર્વ [illegible] અગ્નિઓ, [illegible] સર્વ વસ્તુઓને [illegible] રીતે [illegible] વસ્તીની વ્યક્તિઓ [illegible] વાયુથી [illegible] પ્રકારે [illegible] દૃષ્ટિ [illegible] તે [illegible] આલે- [illegible] આમ [illegible] ચિત્તને

[illegible]

ચમત્કાર કરનાર અને સંઘની પૂજાદિકવડે શાસનોન્નતિ કરતા તેણે શ્રીગુરૂનો પ્રવેશ મહોત્સવ કરાવ્યો. તે વખતે તે ઉત્સવમાં લાખો ભાવિક મનુષ્યો ભેગા થયા હતા, અતિશય આનંદિત વાગતા વાજિંત્રોના મોટા શબ્દો થતા હતા, મનુષ્યોને રંજન કરનાર નર્તકીઓ ઉત્તમ નૃત્ય કરતી હતી. બંદીજનોની કરેલી બિરૂદાવળીવડે સર્વ પુરૂષો રોમાંચિત થતા હતા. વિવિધ પ્રકારના મંડપોથી મોટા મોટા બજારો શોભતાં હતાં, તથા લક્ષ્મીને કરનાર ઘોડેસ્વારી, છત્ર અને ચામર વિગેરેવડે તેનો મોટો આડંબર દેખાતો હતો. આ ઉત્સવમાં તે પ્રધાને બહોતેર હજાર જુના નાણાંનો વ્યય કર્યો હતો. પછી ગુરૂ પાસે આવી તે કૃતજ્ઞ પેથડે કહ્યું કે—" હે પૂજ્ય! જો કદાચ પૂર્ણિમાના ચંદ્રના અમૃતવડે આપના ચરણને પખાળું, ગોશીર્ષ ચંદનના દ્રવ્યવડે વિલેપન કરી તથા ઉત્તમ સુગંધવાળા કલ્પવૃક્ષનાં પુષ્પોવડે પૂજીને મારા મસ્તકપર વહન કરૂં, તોપણ આપના કરેલા ઉપકારના સમૂહની અનૃણતાને (ઋણ રહિતપણાને) કદાપિ પામું તેમ નથી. કહ્યું છે કે—

"સમકિત આપનાર ગુરૂ મહારાજ ઉપર પણ ભવો સુધી સર્વ ગુણે મેળવેલા હજાર ક્રોડ ઉપકારો કરવાથી પણ બદલો વળી શકતો નથી."

વળી હું ઋણ રહિત ન થાઉં એમ ઇચ્છું છું. કેમકે જો હું આપનો ઋણી રહું તો આવતા ભવોને વિષે પણ હું આપનો દાસ વિગેરે થઇને પણ આપના યોગને–સંબંધને પામું. કારણ કે પૂર્વભવના ઋણને લીધે જ આ ભવમાં પુત્ર, મિત્ર, વાણોતર, સ્ત્રી, ભાઈ, સેવક, પત્ની, વાહન, પુત્રવધૂ અને શિષ્ય વિગેરે સર્વ સંબંધીઓ થાય છે."

આ પ્રમાણે ગુરૂને કહીને તે પેથડ પોતાને ઘેર ગયો. ત્યારપછી પણ હમેશાં તે ગુરૂને નમવા જાય છે, તેમાં એકદા એકાંતમાં તેણે શ્રીગુરૂને વિનંતિ કરી કે—" હે પ્રભુ! મારે પરિગ્રહના પ્રમાણ કરતાં ઘણું વધારે ધન થયું છે, તેથી આપ આજ્ઞા કરો કે તેનો કયાં વ્યય કરવો મને કલ્યાણકારક છે?" ત્યારે પુણ્યરૂપી રથના સારથિભૂત તે ગુરૂ મહારાજે તેને કહ્યું કે–" સાંભળો, પ્રથમ તો લક્ષ્મીરૂપી વાનરી ગૃહસ્થીરૂપી વૃક્ષોને વિષે જરા પણ સ્થિર થઇને રહેતી નથી. કહ્યું છે કે—

" હે ગ્રામ્યજન ! સંપત્તિ તારે ઘેર રાત્રિવાસો રહી, તે કેમ ગર્વિષ્ઠ થયો ? શું આળસુ માણસને ગંગા નદી વારંવાર પ્રાપ્ત થાય છે ?

વેપારીની લક્ષ્મી રાજાની ભ્રકુટિરૂપી [1]પલ્લવના છેડાનો આશ્રય કરીને રહેલી છે, તેને પડતાં કેટલી વાર લાગે ? તેથી કરીને ચૈત્ય અને પ્રતિમા વિગેરે સાત ક્ષેત્રમાં તે લક્ષ્મીનો વ્યય કરવો યોગ્ય છે, કારણ કે તેનાથી ઉત્પન્ન થતાં પુણ્યનું પ્રમાણ માત્ર એક કેવળી જ જાણે છે. કહ્યું છે કે—

" काष्ठादीनां जिनावासे, यावन्तः परमाणवः ।
तावन्ति वर्षलक्षाणि, तत्कर्त्ता स्वर्गभाग्भवेत् ॥ १ ॥ "

જિનેશ્વરના ચૈત્યને વિષે કાષ્ઠ વિગેરેના જેટલા પરમાણુઓ હોય છે, તેટલા લાખ વર્ષ સુધી તે ચૈત્યને કરાવનાર પુરૂષ સ્વર્ગમાં રહે છે."

આ કારણથી જ **પદ્મ** નામના ચક્રવર્તીએ પોતાની માતાના હર્ષને માટે હમેશાં એક એક નવું ચૈત્ય બનાવીને ચૈત્યોની શ્રેણિવડે પૃથ્વીને ભૂષિત કરી હતી. રાજાઓને વિષે ઇંદ્ર સમાન **સંપ્રતિ** રાજાએ પૃથ્વીરૂપી સ્ત્રીના હાર સમાન છત્રીશ હજાર નવાં ચૈત્યો કરાવ્યાં હતાં. **કુમારપાળ** રાજા, **વિમલ** નામનો દંડનાયક અને **શ્રી વસ્તુપાળ** મંત્રી એ વિગેરે ઘણાં ચૈત્યો કરાવનારા થઈ ગયા છે. મનુષ્યનું ધન સ્ત્રીના, લીલાવડે ચપળ થયેલા નેત્રની જેવું ચંચળ છે, અનુપમ શારીરિક બળ વીજળીના ઝંપાપાતની જેવું અસ્થિર છે, અને પ્રાણીઓનું આયુષ્ય વાયુએ કંપાવેલા કમળના પાંદડા ઉપર રહેલા જળબિંદુની જેવું ચપળ છે, તેથી ધન, બળ અને આયુષ્યનું ફળ જલદી ગ્રહણ કરવું યોગ્ય છે. " આ પ્રમાણે ગુરૂનું વચન સાંભળી મોટું પુણ્ય ઉપાર્જન કરવાની બુદ્ધિવાળા પૃથ્વીધર (પેથડે) માંડવગઢની અંદર અઢાર લાખ રૂપીયા ખર્ચીને સુવર્ણના કળશ અને ધ્વજાદંડ સહિત **શત્રુંજયાવતાર** નામનું [2]દ્વાસપ્તતિ જિનાલયવાળું ચૈત્ય બનાવી તેમાં શ્રી આદિનાથને સ્થાપન કર્યા. વચ્ચે કોટાકોટિના નામથી પ્રસિદ્ધ મોટા મંડપવાળું અને આઠ આઠ ભાર સુવર્ણના બહોંતેર બહોંતેર સુવર્ણના કળશ અને ધ્વજાદંડવાળું

૧ નવાંકુર નવું પાંદડું. ૨ [illegible] બહોંતેર જિનાલયો સહિત.

નાશ કરનાર અશ્વ અને બાવના ચંદન આ ચાર રત્નો હતાં. તે રાજાના ખજાનામાં છપ્પન કરોડ સોનામહોરો હતી, એંશી હજાર અશ્વો અને બાર હજાર હાથીઓ તેના સૈન્યમાં હતા. તે રાજાને ઘણા સુવર્ણાદિકનો સ્વામી **હેમાદિ** નામનો મંત્રી હતો. તેણે કૃપણપણાને લીધે અર્થીઓને પોતાનું પાપ પણ આપ્યું ન હોતું (પાપનો નાશ કરવા જેટલું પણ દાન આપ્યું ન હોતું) તે નગરમાં બ્રાહ્મણોનું એક છત્રવાળું સામ્રાજ્ય હતું, તેથી ત્યાં કોઇ જૈન ચૈત્ય કરાવે તો તેને તેઓ બળાત્કારે નિવારતા હતા. આ નગરીની આ સર્વ હકિકત સાંભળીને દેદના પુત્ર પેથડે હર્ષ પામી વિચાર કર્યો કે—"આ નગરી તો ઇંદ્રની નગરી જેવી છે, પરંતુ મિથ્યાત્વરૂપી અંધકારવાળી છે, તેથી જો તે નગરીમાં ચૈત્ય કરાવ્યું હોય તો તે અમાવાસ્યાના અંધકારમાં દીવા જેવું અને લવણસમુદ્રમાં અમૃતના કુવા જેવું થાય–ગણાય. તેથી કરીને જો કોઇપણ પ્રકારે હું ત્યાં ચૈત્ય કરાવું, તો ઘણો લાભ થાય, અને જિનશાસનની પ્રભાવના પણ ઘણી સારી થાય." (અહીં ગ્રંથકાર કહે છે કે) ચૈત્યાદિક પુણ્ય કાર્ય કરાવનારા બીજા ભવ્ય જીવો પણ જેઓ આ પેથડની જેવા ભાવને ધારણ કરે છે, તેઓ જ અગણિત પુણ્યવાન છે, પરંતુ જેમના ચિત્તની વૃત્તિ અન્યથા પ્રકારની હોય અને ચૈત્યાદિક કરાવે તેઓ પુણ્યવાન નથી. કહ્યું છે કે—

"દરેક જીવે પ્રાયે કરીને અનંત ચૈત્યો અને જિનપ્રતિમાઓ કરાવી છે, પરંતુ તે શુભ ભાવથી કરાવેલ નહીં હોવાથી સમકિતનો લેશ પણ સિદ્ધ થતો નથી."

ફરીથી પેથડે વિચાર્યું કે—"હેમાદિ પ્રધાનની સાથે હું પ્રેમ કરૂં, તો તેની પ્રેરણાવડે તેના રાજાથી આ મારૂં કાર્ય સિ
કેમકે સર્વ પ્રકારની લક્ષ્મીથી સંપૂર્ણ હોવાથી તે રાજા
દાક્ષિણ્ય, અશ્વ અને હાથી વિગેરે વડે પ્રસન્ન કરી શક
તેમજ પ્રધાનને પ્રસન્ન કર્યા વિના રાજાને પ્રસન્ન કરે
પણ નથી. કેમકે દ્વારના બિંબની પૂજા કર્યા વિના
થતી નથી. તેથી કરીને એક દાનશાળા કરાવવી
નામ કરેલું. પછી લોકની પરંપરાએ પ્રાગુ
પોતાનો યશ સાંભળીને તે ખુશ

તેની પ્રસન્નતા થશે, અને મને દાનથી ઉત્પન્ન થતું પુણ્ય પ્રાપ્ત થશે. આંબાને પાણી પણ પવાય અને પિતૃની તૃપ્તિ પણ થાય એ ન્યાય વડે બન્ને બાબત થશે." આ પ્રમાણે વિચાર કરીને તે પૂર્વાધિકે ઓંકાર નગરમાં મુસાફરોના સમૂહને પ્રસન્ન કરનારી એક મોટી દાનશાળા માંડી. તેમાં ઉત્તમ પુરૂષો આવે તેમને નિર્મળ જળવડે સ્નાન કરાવવામાં આવતું, અને સામાન્ય માણસોને માટે પણ ધોવાનું પાણી તૈયાર રાખવામાં આવતું, તેમજ તે દાનશાળાની પાસે કરાવેલા ચૈત્યમાં તે સર્વે અરિહંતની પ્રતિમાને નમસ્કાર કરતા હતા, તેથી સાધર્મિક થયેલા તે સર્વેને ભોજન કરાવવામાં આવતું. અહો ! તેનો વિવેક કેવો છે ! ત્યાં અનેક પ્રકારનાં ઘણાં પકવાન્નો, માંડાઓ માંડ (માલપુવા) ઘારી (ખાજા) અને ઉજ્વળ ચોખા (ભાત). પીળા રંગને પામેલી અને વઘાર વગેરેના ગુણવાળી દાળ, નાકે પીવાય તેવું ઘી, ઘણા શાક, પિત્તને શમાવનાર કરંબો, સ્નેહવાળું (ચીકાશવાળું) દહીં અને કર્પૂર- ના સંબંધી સુગંધિ કરેલું શીતળ પાણી. આ સર્વને આવેલા મનુષ્યો ઈચ્છા પ્રમાણે ખાતા પીતા હતા. જમ્યા પછી તેમને કપૂર સહિત અને [illegible] પાન સહિત સોપારી આપવામાં આવતું હતું, તથા [illegible] માટે સુંદર પલંગ આપવામાં આવતા હતા. ત્યાં આવનારા [illegible] ભોજન કરતા અને સુખે સુતા હતા તેથી [illegible] પોતાના ઘરને સંભા- [illegible] દાનશાળાના માલિકનું નામ પુછતા, [illegible] હતું. આ પ્રમાણે [illegible] તેથી ભોજન [illegible] નગરીમાં જતા [illegible] આ પ્રમાણે [illegible] વર્ણન [illegible] પવિત્ર [illegible] ન્યાય [illegible] મોકલે તુમ [illegible] થતા હતા તે [illegible]

તેની પ્રસન્નતા થશે, અને મને દાનથી ઉત્પન્ન થતું પુન્ય પ્રાપ્ત થશે. આંબાને પાણી પણ પવાય અને પિતૃની તૃપ્તિ પણ થાય એ ન્યાય વડે બન્ને બાબત થશે." આ પ્રમાણે વિચાર કરીને તે પૃથ્વીધરે ઓંકાર નગરમાં મુસાફરોના સમૂહને પ્રસન્ન કરનારી એક મોટી દાનશાળા માંડી. તેમાં ઉત્તમ પુરૂષો આવે તેમને નિર્મળ જળવડે સ્નાન કરાવવામાં આવતું, અને સામાન્ય માણસોને માટે પગ ધોવાનું પાણી તૈયાર રાખવામાં આવતું, તેમજ તે દાનશાળાની પાસે કરાવેલા ચૈત્યમાં તે સર્વે અરિહંતની પ્રતિમાને નમસ્કાર કરતા હતા, તેથી સાધર્મિક થયેલા તે સર્વેને ભોજન કરાવવામાં આવતું. અહો ! તેનો વિવેક કેવો છે ? ત્યાં અનેક પ્રકારનાં ઘણાં પકવાન્નો, ખાંડયુક્ત માંડા (માલપુવા) અખંડ (આખા) અને ઉજ્વળ ચોખા (ભાત), પીળા રંગને પામેલી અને વઘાર વગેરેના ગુણવાળી દાળ, નાકે પીવાય તેવું ઘી, ઘણા શાક, પિત્તને શમાવનાર કરંભો, સ્નેહવાળું (ચીકાશવાળું) દહીં અને લવીંગના સંગથી સુગંધિ કરેલું શિતળ પાણી. આ સર્વને આવેલા મનુષ્યો ઇચ્છા પ્રમાણે ખાતા પીતા હતા. જમ્યા પછી તેમને કપૂર સહિત અને નાગરવેલના પાન સહિત સોપારી આપવામાં આવતું હતું, તથા સુવા બેસવા માટે સુંદર પલંગો આપવામાં આવતા હતા; ત્યાં આવનાર પ્રવાસી જનો સ્વાદિષ્ટ ભોજન કરતા અને સુખે સુતા હતા તેથી તેઓ પોતાની સ્ત્રી અથવા માતાના હાથને કે પોતાના ઘરને સંભારતા પણ નહોતા. કોઇ પ્રવાસી દાનશાળાના માલિકનું નામ પૂછતા, તો તેને હેમાદ્રિ પ્રધાનનું નામ કહેવામાં આવતું હતું. આ પ્રમાણે તેણે તે દાનશાળા ત્રણ વર્ષ સુધી અખંડ ચલાવી. તેથી ભોજન કરીને પ્રસન્ન થયેલા ભાટચારણો જ્યારે દેવગિરિ નગરીમાં જતા હતા ત્યારે તે ત્રણે વરસ સુધી આદર પૂર્વક હેમાદ્રિની આ પ્રમાણે પ્રશંસા કરતા હતા—" હે હેમાદ્રિ મંત્રી ! ઓંકારપુરરૂપી વર્તુલ ક્યારો છે, તેમાં જગતના લોકોને પ્રીતિ કરનારી દાનશાળારૂપી પવિત્ર બીજ (પુણ્યરૂપી બીજ) વાવેલું છે, સાધુરૂપી સૈન્યે તેનો [1]ત્યાગ કર્યો છે, તેથી આ વિસ્તાર પામેલી કવિતારૂપી પાણીની નીકવડે તૃપ્ત થઇને તેમાં તમારી અનુપમ કીર્તિરૂપી લતા ઉત્પન્ન થઇ છે, તે આજે

[1] સૈન્યના ઉપદ્રવ રહિત છે.

ગાંડવાની જેમ આકાશ ઉપર ચડે છે." ઇત્યાદિક અમૃત જેવા વચનોને હમેશાં સાંભળતા હેમાદિએ એકદા મનમાં વિચાર કર્યો કે—" મેં જન્મથી આરંભીને અત્યાર સુધી યાચકોને ગાળો સિવાય બીજું કાંઈ આપ્યું નથી. તો આ લોકો દાનશાળાની વાત શી કરે છે? કદાચ કાંઈ એકાદ માણસ આવું વચન બોલે તો તે ખોટું હોઈ શકે છે. પરંતુ આટલા બધા લોકો આટલા લાંબા કાળથી બોલે છે, તેથી તેઓ અસત્યવાદી હોય નહીં." આ પ્રમાણે વિચાર કરીને તેણે પોતાના એક માણસને તે જોવા માટે ઓંકારપુરમાં મોકલ્યો. તે ત્યાં જઈને પાછો આવ્યો, અને જાણેલી હકીકત આ પ્રમાણે કહેવા લાગ્યો—" હે મંત્રીશ્વર! સર્વ પ્રકારના સ્વાદિષ્ટ રસવાળી તે દાનશાળામાં જે ભોજનનો રસ લે છે, તે જિહ્વાને હું રસના કહું છું. અને બીજી જિહ્વા તો માત્ર સ્વાદ કરવાથી રસના કહેવી જોઈએ. ત્યાં જમવા આવેલા મનુષ્યમાંથી કોઈપણ મનુષ્ય સંતોષ પામ્યા વિના જતો નથી, અવજ્ઞાથી જેવું તેવું ભોજન કરીને જતો નથી, તથા તમારી પ્રશંસા કર્યા વિના જતો નથી. આટલા ત્રણ વરસના કાળમાં કુલ સવા કરોડ રૂપીયાનો જ ખર્ચ તમારે થયો છે, પરંતુ હું માનું છું કે તમારા યશ અને પુણ્ય તો કરોડ કલ્પાંત કાળ સુધી પહોંચે તેટલા થયા છે." આ પ્રમાણે કાનરૂપી નીકદ્વારાએ આવેલા તેના વચનરૂપી જળવડે તે હેમાદિનું હૃદય સિંચાયું, તેથી તેના આખા શરીરમાં રોમરૂપી અંકુરનો સમૂહ પ્રગટ થયો—રોમાંચ ખડા થયા. ત્યારપછી તે હેમાદિ જાતે ઓંકારપુરમાં ગયો. ત્યાં દાનશાળાના અધિકારીને સારીરીતે પૂછી દાનશાળાનો માલિક પૃથ્વીધર છે એમ જાણી તેણે મનમાં તેની પ્રશંસા કરી કે—" તે પુણ્યવતી સ્ત્રીની કુક્ષિનું હું ઉતારણું થાઉં છું, કે જેણીએ આ પૃથ્વીધરરૂપી રત્ન ઉત્પન્ન કર્યું છે. જે સ્ત્રીને આવો પૃથ્વીધર જેવો લોકોત્તર ગુણવાળો પુત્ર હોય, તે પુત્રવતી સ્ત્રી ખુશીથી ગર્વ ધારણ કરો. બીજાના ધનથી પોતાનું નામ પ્રસિદ્ધ કરનારા ઘણા લોકો જગતમાં હોય છે: પરંતુ પોતાના ધનવડે બીજાની પ્રસિદ્ધિ કરનાર તો એક પૃથ્વીધર જ છે." આ પ્રમાણે મનમાં તેની પ્રશંસા કરીને તે સ્વર્ગની નગરીના ગૌરવને તિરસ્કાર કરનાર માંડવગઢમાં ગયો અને દેદના પુત્ર પેથડને તે મળ્યો. પેથડે પણ હર્ષથી તેનો સત્કાર કર્યો.

પછી હેમાદિએ પેથડને કહ્યું કે—" તમે મારા નામની આવી ઉત્તમ દાનશાળા માંડી છે, તેનું શું કારણ છે, તે પ્રસન્ન થઈને (કૃપા કરીને) મને કહો. જો કે તમારા ઉપકારના અનૃણપણાને હું પામી શકું તેમ નથી, તોપણ મારે ઉચિત કાર્ય જણાવીને મને આનંદ આપો. " આ પ્રમાણે અતિ આગ્રહથી પ્રધાને પૂછ્યું, ત્યારે પૃથ્વીધર બોલ્યો કે—" હે મંત્રીશ્વર ! જો વિલંબ વિના કાર્યની સિદ્ધિ થાય તેમ હોય તો હું કહું. હેમાદિએ કહ્યું—" વધારે તો શું કહું ? તમે ઇચ્છેલું કાર્ય મારે ધનવડે, બળવડે અને આ શરીરવડે પણ અવશ્ય કરવાનું છે. " દેદપુત્ર પેથડ બોલ્યો કે—" જો એમ છે તો તમે મને દેવગિરિ નગરીને મધ્યે જિનચૈત્યને લાયક મોટી પૃથ્વી આપો. " તે સાંભળી બ્રાહ્મણોની ઉદ્ધતાઈને લીધે આ કાર્ય દુષ્કર હતું એમ જાણતા છતાં પણ પેથડના મોટા ઉપકારથી ભારવાળો થયેલો હોવાથી તે પ્રધાને તે કાર્ય અંગીકાર કર્યું. ત્યારપછી તે બન્ને પરિવાર સહિત દેવગિરિ નગરીમાં ગયા. ત્યાં હેમાદિએ તે મંત્રીશ્વરને મનોહર હવેલીમાં ઉતારો આપ્યો. " હું પોતે જ ચૈત્યની ભૂમિ માટે રાજાને વિનંતિ કરીશ. આ બાબત તમારે કાંઈપણ ચિંતા કરવાની નથી " એમ પૃથ્વીધરને કહી તે હેમાદિ પોતાને ઘેર આવ્યો. અવસરને જોતો તે હેમાદિ રાજાનું પડખું મૂકતો નહોતો. કેમકે વિના અવસરે કરેલું કાર્ય સારૂં થતું નથી. કહ્યું છે કે—

" गेयं नाट्यं रमा रामा, भूषा भक्तं पयः सिता ।
धत्तेऽनवसरे सर्वं, प्रीतिर्वीरुधि पर्शुताम ॥ २ ॥ "

" ગાયન, નૃત્ય, લક્ષ્મી, સ્ત્રી, અલંકાર ભોજન, જળ અથવા દૂધ અને સાકર વિગેરે સર્વ પદાર્થો અવસર વિના પ્રસન્નતારૂપી લતાને વિષે કુહાડારૂપ થાય છે. "

" प्रस्तावे भाषितं वाक्यं, प्रस्तावे शस्त्रमङ्गिनाम ।
प्रस्तावे वृष्टिरल्पाऽपि, भवेत् कोटिफलप्रदा ॥ ३ ॥ "

" અવસરે કહેલું વચન, અવસરે વાપરેલું શસ્ત્ર અને અવસરે થયેલી થોડી પણ વૃષ્ટિ પ્રાણીઓને કરોડગણું ફળ આપનાર થાય છે. "

આ અવસરે તે નગરીમાં ઘોડાને વેચનારા પુરૂષો આવ્યા, અને

મોટું લાંબું પુંછડું પાણી સાથે અથડાવાથી અને તે પુંછડાથી ઉછળતા આ ડોળા પાણીથી મારા સ્વામીનો વેષ જરા પણ ખરાબ ન થાઓ, એવી શંકાના વશથી તે અશ્વ પાણીમાં પેઠો નહીં. કેમકે કુલીન પ્રાણીઓ કોઇપણ વખત પોતાના સ્વામીને પ્રતિકૂળ થતા નથી." તે સાંભળી રાજા અત્યંત ખુશી થયો. પછી રાજાની આજ્ઞાથી તે અશ્વને સર્વદા સુવર્ણના અલંકારો પહેરાવવામાં આવતાં, ઉત્તમ ખાવાનું આપવામાં આવતું, હમેશાં ત્રણ વાર ધૂપ ઉખેવવાપૂર્વક તેની આરતિ ઉતારવામાં આવતી હતી, અને માથે ચંદરવા બાંધેલા એકાંત સ્થાનમાં તેને સુખ ઉપજે એવી રીતે બાંધવામાં આવતો હતો. આ પ્રમાણે પરાક્રમી તે અશ્વ, રાજાને દેવની જેવો માન્ય થયો. પાણીરૂપી શત્રુના સૈન્યાદિકથી પ્રાપ્ત થતી આપત્તિરૂપી નદીમાં વહાણ સમાન અને વેગવડે વાયુ સમાન એવા તે અશ્વનું રાજાએ કષ્ટભંજન નામ આપ્યું.

આ રીતે વિનયગુણને લીધે તે અશ્વ પશુ છતાં પણ આદર સહિત પૂજાને પામ્યો, તેથી હે બીજા ભવ્યજનો ! તમે પણ પાપનો-કષ્ટનો નાશ કરનાર આ વિનયને વિષે જ યત્ન કરો. વિનયથી વિદ્યા, ધન, માન, યશ અને સુખ પ્રાપ્ત થાય છે. ઘણું કહેવાથી શું ? વિનય જ આ ભવ અને પરભવને વિષે શુભ ફળને આપનાર છે.

આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા તે અશ્વનો આશય જાણવાથી સંતુષ્ટ થયેલા રાજાએ હેમાદિ પ્રધાનને ઇચ્છિત વરદાન માગવાનું કહ્યું, ત્યારે અવસર જાણીને મંત્રીએ કહ્યું કે-" હે દેવ ! આ આપનું વચન વૃદ્ધ પુરૂષને દૂધ પાવા જેવું [1]થયું છે; કેમકે મારે પહેલાં પણ આપની પાસે કાંઇક એક બાબત માગવાની ઇચ્છા હતી જ, તેમાં આજે આપે આ પ્રમાણે વરદાન માગવાનો આદેશ કર્યો, તો હે ઉદાર દાતાર ! સાંભળો-મારો એક બંધુ આ નગરીમાં એક મનોહર ચૈત્ય કરાવવા ઇચ્છે છે, તેથી તેને માટે મનવાંછિત સ્થાનમાં તેટલી વિશાળ જગ્યા આપ આપો." તે સાંભળી રાજાએ કહ્યું-" હે

[1] વૃદ્ધને દૂધ પીવાની ઇચ્છા હોય જ છે. તેમાં તેને કોઈ દૂધ આપે -પાય. તેવું તમારૂં આ વચન પણ છે.

પૂરી ને થાળમાંથી માત્ર શ્રીફળને જ ગ્રહણ કરી બીજું બેટણું તેને પાછું આપ્યું. પછી તે પ્રધાનને પહેરામણી પહેરાવી રાજા તેને પૃથ્વી આપવા માટે અશ્વપર આરૂઢ થઇ ઘણા પરિવાર સહિત નગરીની અંદર ગયો. ચૌટાની મધ્યે તેણે પૃથ્વી માગી ત્યારે રાજાએ બ્રાહ્મણોને બોલાવીને પણ તે જ ભૂમિ આપી ત્યાં દોરી દેવરાવી. પછી તે જ વખતે પ્રધાને બેટણામાં આવેલા સુવર્ણવડે નગરીના લોકોને સંતોષ પમાડી વાજિત્ર વગાડવાપૂર્વક હર્ષનો મહોત્સવ કર્યો. સરળ હૃદયવાળા તે પ્રધાને મોટા કોટીધ્વજોની માત્ર હવેલીઓ થાય તેટલી વિશાળ પૃથ્વીને વિષે રહેલા હાટ અને ઘરો સર્વ પાડી નંખાવ્યા. લોકમાં કહેવત છે કે–જ્યાવાળો પ્રદેશ મકાન કરવા માટે તોડી નંખાય છે, મકાનને ઘરનો ઓરડો કરવા માટે તોડી નંખાય છે, ઓરડો હાટ કરવા માટે તોડી નંખાય છે, અને હાટ ચૈત્ય કરવા માટે તોડી નંખાય છે. પછી ત્યાં શુભ દિવસે ત્રણ વાંસ ઉંડી પૃથ્વી પાયાને માટે ખોદી ત્યારે ત્યાં તે નગરીના સર્વ જળાશયોમાં પૂર્વે જેવું પાણી નીકળ્યું નહોતું તેવું અતિ સ્વાદિષ્ટ પાણી નીકળ્યું, તે પ્રસંગે પાયો ખોદાવતાં તેવા પ્રકારનું મિષ્ટ જળ નીકળ્યું તેમાં કાંઇ આશ્ચર્ય નથી. કેમકે તેવા પુણ્યશાળીના ભાગ્યે કરીને તો નિધાન પણ નીકળે છે. કહ્યું છે કે—

" पदे पदे निधानानि, योजने रसकूपिका ।
भाग्यहीना न पश्यन्ति, बहुरत्ना वसुन्धरा ॥ ८ ॥ "

" પૃથ્વીપર પગલે પગલે (ઠેકઠેકાણે) નિધાનો હોય છે, અને યોજન યોજનને છેડે રસકૂપીકા હોય છે. એ રીતે પૃથ્વીપર ઘણાં રત્નો હોય છે. પરંતુ ભાગ્યહીન પુરૂષો તેને જોઇ શકતા નથી."

આવું સ્વાદિષ્ટ પાણી નીકળ્યું જાણીને અત્યંત હર્ષવાળા બ્રાહ્મણોએ ઉત્સુકતા પૂર્વક સાથે જ સામદેવ રાજા પાસે જઇ વિનતિ કરી કે–"હે રાજા! સાંભળો–આ નગરીમાં કોઇપણ ઠેકાણે સ્વાદિષ્ટ પાણી અત્યારસુધી નીકળ્યું નથી, ને આજ આપના ભાગ્યથી તેનો પુણ્યોદય પ્રગટ થયું છે, તેથી કરીને તે જગ્યાએ આપ ... વાવ કરાવો. ત્યાં વસ્તી થયેલા આકારે ઘણું પાણી પીશે, તેમાં

આપને જે પુણ્ય થશે તેનો પાર જ નથી. હે પૃથ્વીપાલ ! કુવાદિક જળાશય કરાવવામાં પુરાણોને વિષે પણ ચોરનું ઉદાહરણ આપી મોટું પુણ્ય કહ્યું છે. તે આ પ્રમાણે.—

પહેલાં કોઈ ચોર નાસીને જતો હતો. માર્ગમાં તે તરસ્યો થયો. તેવામાં કોઈ [illegible] તેણે જોયું. તેમાં પાણી નહોતું; પરંતુ તેમાં [illegible] ભીની પૃથ્વી જોઈ, તેમાં તેણે [illegible] ખેંચી લેતાં તેના ફળાની [illegible] નીકળ્યું. પછી તે ચોર [illegible] આવેલા સુભટોએ તેને મારી નાખ્યો. તે મરીને તે [illegible] માટી કાઢવાના પુણ્યથી દેવ થયો.

તેથી કહીને હે દેવ ! આપ પુણ્યશાળી [illegible] યોગ્ય એવી બીજી ભૂમિ આપીને તે ઠેકાણું [illegible] પુણ્યને માટે [illegible]." આ રીતે તે [illegible] બ્રાહ્મણોએ રાજાને [illegible] કર્યું; પરંતુ તેમાં મેરૂ અને સરસવ જેટલું પાપ પુણ્યનું [illegible] (એટલે કે જળાશય કરાવવામાં મેરૂ જેટલું પાપ અને સરસવ જેટલું પુણ્ય છે.) પહેલાં [illegible] એક નવું તળાવ ખોદાવ્યું હતું [illegible] તેની [illegible] કવિઓએ તે તળાવનું અનેક પ્રકારે વર્ણન કર્યું હતું. તે વખતે બુદ્ધિમાન ધનપાળ કવિએ કહ્યું હતું કે હે [illegible] ! આ [illegible] મોટી દાનશાળા જ છે, તેમાં [illegible] પુણ્ય થાય ? તે કહી શકાતું નથી.

[illegible]

[illegible]

વિનાનો હોય તો તેને કોણ મધ્યમ કરી શકે ! " (અહીં પાર્થિવ એટલે રાજા અને માટી સંબંધી તથા કર્ણ એટલે કાન અને કાંઠો વિગેરે અર્થો જાણવા.)

" પ્રાતઃકાળે હું જાતે ત્યાં આવી તે પાણી પીને તેનું સ્વાદીષ્ટપણું જાણી મોટી વાવ કરાવીશ. " એમ કહી રાજાએ તે બ્રાહ્મણોને રજા આપી. તે નગરનો નિવાસી રાજાનો જ એક હજામ હમેશાં પેથડને ઉતારે તેનું માથું ગુંથવા માટે આવતો હતો, તેને પેથડે પૈસા આપી પ્રસન્ન કર્યો હતો. તેણે બ્રાહ્મણોનો આ વૃત્તાંત સાંભળ્યો હતો, તેથી તેણે આવીને દેદપુત્ર પેથડને તે હકિકત કહી. " હલકા માણસને પણ ખુશી કર્યો હોય તો તે અવસરે શુભ કરનાર થાય છે અને ખુશી કર્યો ન હોય તો તે અવસરે અશુભ કરનાર થાય છે. કેમકે વિકટ સંકટમાં પડેલા એક હાથીને એક ઉંદરે શું નહોતો છોડાવ્યો ? અને શ્રીકૃષ્ણે કર્ણરાજાને યમરાજના મંદિરમાં નહોતો મોકલ્યો ? " આ વૃત્તાંત જાણી દેદપુત્ર પેથડે વિચાર કરી તે જ રાત્રિમાં દ્વારપાળને પોતાનો લવણનો પરવાનો આપી નગરમાં લવણની પોઠ મંગાવી, તે લવણ જળમાં નંખાવી તેને હલાવી ખારૂં પાણી કરી પોતાને ઉતારે આવી તે અવન્તીનો પ્રધાન પેથડ સુખે સુઈ ગયો.

પ્રાતઃકાળે રાજા ત્યાં આવ્યો, અને માણસો પાસે તે પાણી મંગાવી પોતે તેનો આસ્વાદ કર્યો તે વખતે તે ખારૂં લાગવાથી રાજાએ થુ થુ કર્યું, અને " બ્રાહ્મણોએ ઇર્ષ્યાથી અસત્ય વાત કરી છે " એમ વિચારી બ્રાહ્મણોને ઠપકો આપી પૃથ્વીધરનું સન્માન કરી રાજા પોતાને સ્થાને ગયો. આ પ્રમાણે બ્રાહ્મણોના સર્વે અશુભ વિચારો ક્ષય પામ્યા. જો કદાચ અસત્પુરૂષોનું વાંછિત સિદ્ધ થતું હોય તો સત્પુરૂષો જીવી પણ ન શકે. કહ્યું છે કે—

" मृगमीनसज्जनानां. तृणजलसंतोषविहितवृत्तीनाम् ।
लुब्धकधीवरपिशुनाः निष्कारणवैरिणो जगति ॥ १२ ॥"

" ઘાસથી આજીવિકા કરનારા મૃગના શિકારીઓ આ જગતમાં કારણ વિનાના વેરી છે, જળથી આજીવિકા કરનાર મત્સ્યોના મચ્છીમાર કારણ વિનાના શત્રુ છે, અને સંતોષથી આજીવિકા કરનાર સજ્જનોના ચાડીયા પુરૂષો કારણ વિનાના શત્રુ છે. "

કિલ્લાને પાડી નંખાવ્યો. પછી બન્ને બાજુ પગથીયાની શ્રેણી જોડી (કરી) અખંડ ભાગ્યના સ્થાનરૂપ અને સાહસને ધારણ કરનાર તે પેથડે ઈંડું ચડાવી કિલ્લાને ફરીથી સજ્જ-તૈયાર કર્યો. સાહસિક પુરૂષને કાર્યની સિદ્ધિ થાય છે, કાયર પુરૂષને થતી નથી. નેત્ર ભીરૂ હોય છે તેથી તે કાજળને પામે છે અને કર્ણ ધીર છે તેથી તે સુવર્ણ (કુંડળ) ને પામે છે. કહ્યું છે કે—

“ (મહા દુર્ગમ એવી) લંકા નગરી જીતવી છે. સમુદ્રને ચરણથી તરવો છે, રાવણ જેવો શત્રુ છે, અને રણસંગ્રામમાં વાંદરાઓ જ સહાયભૂત છે, તો પણ રામે યુદ્ધમાં સમગ્ર રાક્ષસ કુળનો નાશ કર્યો. તેથી જણાય છે કે મહાપુરૂષોના સત્વમાં જ ક્રિયાની સિદ્ધિ રહી છે. પણ મહા સહાય વિગેરે ઉપકરણમાં કાર્યની સિદ્ધિ રહી નથી.”

તે ચૈત્યમાં સ્થાપન કરવા માટે તે મંત્રીએ ચંદ્ર જેવી કાંતિવાળા આરસના પથ્થરની ચ્યાશી આંગળની શ્રીવીર પ્રભુની પ્રતિમા કરાવી. તે ચૈત્યમાં રહેલી પુતળીઓને જોઇને ઘણા લોકો એમ માનવા લાગ્યા કે—“ અમે પરલોકમાં આવી સ્ત્રીઓની પ્રાપ્તિનું કારણભૂત તપ કરીએ. નિપુણતાની કેળવણી (કારીગરી) વડે સંપૂર્ણ (અથવા નિપુણતાવડે ગુણ સંપૂર્ણ) વસ્તુઓના આકાર તે પ્રાસાદમાં રહેલા હતા, તેથી તે પ્રાસાદ જાણે જગતની સૃષ્ટિ બનાવવામાં વિધાતાને બિંબના ખજાનારૂપ થયો હતો. હું ધારૂં છું કે તે પ્રાસાદ રમણીય છતાં પણ વિરામ પામીને પૃથ્વી પરથી આકાશમાં જતો નથી, તેનું કારણ ચાદ [1]જાણે તેના પાદ (પાયા) ગ્રહણ કર્યા (પકડ્યા) છે એમ નિ. સર્વ સુવર્ણનો ખર્ચ થાય એવા મોટા ઉત્સવ પૂર્વક તે મંત્રીએ પ્રાસાદ, પ્રતિમા, સુવર્ણકળશ, સુવર્ણદંડ, અને ધ્વજ એ સર્વની એકી સાથે પ્રતિષ્ઠા કરી. જે વખતે પ્રતિષ્ઠા થતી હતી તે વખતે લાખો કૌતુકીઓની સમક્ષ વચ્ચે માધવ નામના બંદીએ એક ઉત્તમ શ્લોક સ્પષ્ટ અર્થવાળો કહ્યો—“ હે મંત્રીશ્વર ! નાગકુમારીઓએ મંત્રી- ગમાં કહેલું. તમારા પુણ્યનો સમૂહ સાંભળીને શેષનાગ જો હર્ષથી બે ત્રણ મસ્તક ધુણાવે તો આ પૃથ્વી અવશ્ય પડી જાય. પરંતુ તમે કરાવેલા પર્વતોથી પણ મોટા આ જિનચૈત્ય-

[1] ચા-પ્રાસ એમ કેટલાક કહે છે [illegible] અર્થ થાય છે.

ના સમૂહનો નવો ભાર આવવાથી પોતાનું મસ્તક કંપાવવા શક્તિમાન થતો નથી. તેથી તમારૂં બીજું નામ જે પૃથ્વીધર છે તે સત્ય છે." આ પ્રમાણે નવી કવિતાના નિધાનરૂપ આ માધવે હર્ષથી વ્યાખ્યાન કર્યું, ત્યારે મંત્રીએ લજ્જાના ભારથી પોતાનું મસ્તક નીચું નમાવ્યું. કહ્યું છે કે—

"लज्जा कुलोद्योतकरी, लज्जा सौभाग्यकारिणी ।
लज्जा धर्मतरोर्मूलं, लज्जाऽज्ञा पापकर्मणि ॥ १२ ॥"

"લજ્જા કુળનો ઉદ્યોત કરનારી છે, લજ્જા સૌભાગ્યને કરનારી છે, લજ્જા ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે, અને લજ્જા પાપ કરવામાં અજ્ઞાની (અજાણ) છે."

"સ્તુતિ (પ્રશંસા) રૂપી કન્યાને અસત્પુરૂષો પસંદ પડતા નથી, અને સત્પુરૂષોને તે કન્યા જ રૂચતી નથી, તેથી હજીસુધી વરની પ્રાપ્તિ નહીં થવાથી તે કુમારી જ રહી છે."

તે વખતે બાકીના સર્વ શેઠીયાઓ તે કવિતા સાંભળીને ચમત્કાર પામી કવિતાના ગુણની પ્રશંસા કરતા મસ્તક ધુણાવવા લાગ્યા. ત્યારપછી મંત્રીએ સર્વ ગાંધર્વ, કવિ, ચારણ અને બંદીજનોને બોલાવીને કહ્યું કે-" હું તમારી પાસે એક માનને માગું છું, અને તે એ છે કે—મારા માતાપિતાએ મારૂં જેવું તેવું પણ જે નામ પાડયું હોય, તે જ નામ કહેવું, પણ જેમ તેમ બીજા નામની કલ્પના કરવી નહીં. કેમકે કહ્યું છે કે—

"આકાશનું નામ અંબર (વસ્ત્ર) છે, દેડકાનું નામ હરિ એવું પ્રસિદ્ધ છે, કાગડાનું નામ દ્વિજ એ, વક્રગતિ કરનાર વિષમ સર્પનું ભોગી નામ છે, નાના પથ્થરના કાંકરાનું શર્કરા (સાકર) નામ છે, તથા હાથીના મદ જળનું નામ દાન કહેવાય છે, પણ તે સર્વ અર્થથી શૂન્ય છે, કેટલાક બુદ્ધિમાન આડંબર સહિત આવા વ્યર્થ નામ પાડે છે"

અસત્ય વચનની જેવા કલ્પિત બિરૂદો કહેવાથી હું એક કોડી પણ દાન આપીશ નહીં, પરંતુ ઉલટું મારા મનમાં દુઃખ થશે." આ પ્રમાણે કહીને તે મંત્રીશ્વરે તે બંદીને કાંઇ પણ દાન આપ્યું નહીં, ત્યારે બીજા શેઠીયાઓએ તેને આનંદપૂર્વક જીંદગી પર્યંત ભોગવી શકાય તેટલું પુષ્કળ દાન આપ્યું. અલ્પ પુણ્યકાર્યથી ઉત્પન્ન થયેલી કીર્તિ કોને હાસ્યકારક થતી નથી ? પરંતુ જે કીર્તિ મોટા પુણ્યકાર્યથી ઉત્પન્ન થઇ હોય તે જ સર્વને પ્રીતિકારક છે.


તે પ્રાસાદમાં પ્રતિષ્ઠા વખતે સુવર્ણના કળશને ધારણ કરી સુવર્ણના તિલકને કપાળમાં ધારણ કરી સૌભાગ્યવતી સ્ત્રીઓ સહિત એકસો ને આઠ બ્રહ્મચારી શ્રાવકો પ્રભુનું સ્નાત્ર કરતા હતા. મંત્રીએ તે સર્વેની વચનથી કહી ન શકાય તેવી ઉત્તમ ભક્તિ કરી. અન્યથા પણ બ્રહ્મચારી સર્વથા પૂજ્ય છે, તો પછી આવા પ્રકારનું કાર્ય કરનારા પૂજ્ય હોય તેમાં શું આશ્ચર્ય ? તેમજ સર્વ લોકો મસ્તકને ધુણાવે એવું શ્રેષ્ઠ સાધર્મિક વાત્સલ્ય કર્યું, તથા મનને આશ્ચર્ય ઉત્પન્ન કરે એવાં વસ્ત્રોવડે સર્વ ગચ્છની પૂજા કરી, સર્વ શ્રાવકોને પહેરામણી પહેરાવી, અને ચોરાશી હજાર દેદીપ્યમાન સુવર્ણના વેઢ આપ્યા. વિસ્તાર પામેલી કીર્તિવાળા તે મંત્રીએ દારિદ્રરૂપી શિલાને છેદવાના જાણે ટાંકણાં હોય એવા પાંચ લાખ ટંક (રૂપીયા) નો ખર્ચ કરીને હૃદયને ચોરનારો (મનને હરણ કરનારો) મહોત્સવ કર્યો. જે શ્રાવકે આકાશનો સ્પર્શ કરતા એવા તે ચૈત્યના શિખરપર આરૂઢ થઇ નિર્ભયપણે કળશ, દંડ અને ધ્વજા એ ત્રણની પ્રતિષ્ઠા કરી, તેને તે મંત્રીએ પાંચે અંગના વસ્ત્રો, હાથમાં બે સુવર્ણની સાંકળી અને ઘણું ધન આપ્યું, તથા બીજા શેઠીયાઓએ તેને વીંટી વિગેરે આપ્યું, શાન્તના તે અશ્વપાળે વસ્ત્રો વિગેરેવડે સવા લાખ રૂપીયા પામીને શ્રીવીર ભગવાનની હમેશાં પૂજા કરવાનું વ્રત ગ્રહણ કર્યું. જો ભાવ વિના પણ જિનેશ્વરની ભક્તિ આવા ફળને આપનારી છે, તો પછી ભાવથી પૂજા કરનારને અનંતફળ પ્રાપ્ત થાય તેમાં શું કહેવું ?

આ પ્રમાણે પૃથ્વીરૂપી સ્ત્રીના અલંકારમાં શેખરરૂપ અને ધનના દાનવડે સમગ્ર મંત્રીઓને વિષે ચક્રવર્તી એવા તે પેથડ મંત્રીશ્વરે જેમ વસંત ઋતુ લતાને પુષ્પના ગુચ્છાવડે કૃતાર્થ કરે તેમ અત્યંત શ્વેત લક્ષ્મીરૂપી લતાને ચૈત્યરૂપી પુષ્પના ગુચ્છાવડે કૃતાર્થ કરી.

પેથડે કરાવેલા ચોરાશી ચૈત્યોના સ્થાનાદિકના વર્ણનવાળો આ ચોથો તરંગ સમાપ્ત થયો.



અથ પંચમ તરંગ.



આવતી નામની નગરીમાં **ભીમ** નામે સુવર્ણનો મોટો વેપારી રહેતો હતો. તે શ્રી દેવગુરૂની ભક્તિવાળો અને ધનવડે કુબેર જેવો હતો. શ્રી **દેવેંદ્ર** નામના ગુરૂ સ્વર્ગે ગયા પછી શોકને લીધે તે પુણ્યશાળી બાર વર્ષ સુધી અન્ન વિના જ રહ્યો હતો (અન્ન સિવાય બીજી વસ્તુ ખાઇને રહ્યો હતો.) બ્રહ્મચર્યને ધારણ કરનાર તે ભીમે ભકિતને માટે સાધર્મિક (બ્રહ્મચર્યધારી) ભાઇઓને પાંચ પાંચ વસ્ત્ર સહિત એક એક મડી[1] મોકલી હતી, જેમાં કુલ સાતસો મડીઓ વહેંચાણી હતી. તેમાં એક મડી પેથડ મંત્રીને પણ મોકલી હતી. તે મડી પોતાને ઘેર આવી તોપણ મંત્રીએ તેને તે જ વખતે નગરની બહાર મોકલી, અને પછી મોટા પ્રવેશોત્સવ પૂર્વક તેને ઘેર આણી. દશ હજાર રૂપીયાનો ખર્ચ કરી ઉત્સવ સહિત આણેલી તે મડીને પહેર્યા વિના જ દેવગૃહમાં તેને રાખી તેની દેવની જેમ કેટલાક દિવસ પૂજા કરી. તે મંત્રીને દર વરસ વિજયાદશમીને (દશરાને દિવસે રાજાઓ તરફથી પચાસ ઉત્તમ પહેરામણીઓ આવતી હતી. મંત્રીએ જ્યારથી રાજ વ્યાપાર કરવા માંડયો ત્યારથી સીમાલરાજાઓની આવેલી શ્રેષ્ટ પહેરામણીઓને રાજનો પ્રતિગ્રહ હોવાથી તે મંત્રી પોતાના શરીરપર ધારણ કરતો નહોતો. તેની જ જેમ આ આવેલી મડીને પણ મંત્રીએ પહેરી નહીં. તે જોઇ તેની પત્ની પ્રથમિણીને શંકા થઇ કે—" સાધર્મિકની મોકલેલી વસ્તુની અવજ્ઞા કરવાનું પાપ મારા પતિને ન લાગો. એમ ધારી વિચારવાળી

---

૧ ઉંચી જાતનું પીતાંબરી જેવું વસ્ત્ર.

તેણીએ દેવપૂજાને સમયે મંત્રીને કહ્યું કે—" હે સ્વામી ! આ મણિ એમની એમજ (પહેર્યા વિના) કેમ મૂકી રાખી છે ? કેમ શરીરપર ધારણ કરતા નથી ? " ત્યારે મંત્રીએ કહ્યું કે—" હે પ્રિયા ! બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારા તે ભીમે મને સાધર્મિક તરીકે આ મણી મોકલી છે, પરંતુ હું તો તેવો બ્રહ્મચર્યવ્રતવાળો નથી, તેથી તેને પહેરતો નથી. "

ભીમે આવી સાતસો મણીઓ સાધર્મિકની બુદ્ધિથી મોકલી હતી, પરંતુ આ મંત્રીને તે વિષે જે બુદ્ધિ ઉત્પન્ન થઇ તેવી બુદ્ધિ બીજા કોઇ પુરૂષને ઉત્પન્ન થઇ નહીં.

જ્યારે પૃથ્વીધરને આ મણી આપવામાં આવી હતી, તે જ વખતે તેને વિષયોપર વૈરાગ્ય થયો હતો; કેમકે સજ્જનોને થોડાથીજ બોધ ...ઈ જાય છે, તે વિષે કહ્યું છે કે—

" स्वच्छो मणिः समनुरज्यत एव ताव—
दस्वच्छमेतदपि वस्त्रमुपायरक्तम् ।
को नाम वत्सरशतैरपि दुर्विदग्ध—
मङ्गारमेनमनुरञ्जयितुं समर्थः ॥ २ ॥ "

" પ્રથમ તો મણી સ્વચ્છ જ હોય છે છતાં કોઇ કારણથી અસ્વચ્છ ...હોય તો તે રંગી શકાય જ છે તથા અસ્વચ્છ વસ્ત્ર પણ ઉપાયથી ...શકાય છે. પરંતુ અંગારાની જેવા દુર્વિદગ્ધ આ પુરૂષને સો વર્ષે પણ ...કરવા કોણ સમર્થ છે ? "

" કેટલાક મનુષ્યો વિષયરૂપી જળને વિષે માટી જેવા હોય છે ...ર્ણ થઇ જાય છે. કેટલાક પથ્થર જેવા હોય છે (કુએલા ...ક. કેટલાક કાષ્ઠની જેમ તેને તરી જાય છે, અને કેટલાક ...ધ જાત્યકાન્ત મણિની જેમ વિષયરૂપી જળનો સ્પર્શ પણ ... "

...ણા वागुरा वन्ध, नेभाना मारशृङ्खला ।
...र्ऽपि वन्धो मूढाना, भोगाः मन्तोऽपि नो ममाप ॥ ४॥

" મૃગલાઓને વાગુરા (પાસલો) બંધનરૂપ છે, પરંતુ હાથીઓને ભાર પ્રમાણ સાંકળ બંધનરૂપ છે, તેમજ મૂઢજનોને આશા પણ બંધનરૂપ છે, પરંતુ સત્ય પુરૂષોને તો છતા-વિદ્યમાન ભોગો પણ બંધનરૂપ થતા નથી."

શાલિભદ્ર માત્ર પોતાને માથે શ્રેણિક રાજા સ્વામી છે, એટલું જ વચન સાંભળીને વૈરાગ્ય પામ્યા હતા, સ્થૂલભદ્ર પિતાના મરણના સમાચાર સાંભળી વૈરાગ્ય પામ્યા હતા, કાર્તિકશેઠ દુઃખથી વૈરાગ્ય પામ્યા હતા, અને મેતાર્ય વગોણું-તિરસ્કાર પામવાથી વૈરાગ્ય પામ્યા હતા. તે જ પ્રમાણે આ મંત્રી માત્ર મડી મળી કે તરત જ વૈરાગ્ય પામ્યો હતો, પરંતુ " પ્રિયાની અનુમતિથી હું ચોથું વ્રત ગ્રહણ કરીશ, " એમ વિચારી અવસરની રાહ જોતા તેણે તેટલા દિવસ તે મડીની પૂજા કરી.

આ અવસરે મંત્રીનું (હું તો બ્રહ્મચર્યના વ્રતવાળો નથી તેથી મડી પહેરતો નથી એવું) વચન સાંભળી ઉત્તમ ભાર્યાએ ભર્તારને કહ્યું કે—" હે સ્વામી ! વ્રત ગ્રહણ કરીને પણ આ મડી તમે પહેરો. " તે સાંભળી મંત્રીએ તેણીને પૂછ્યું કે—" હે પ્રિયા ! આ વાત તને રૂચે છે ? " ત્યારે તેણીએ હર્ષથી હા પાડી. તે સાંભળી મંત્રી અત્યંત આનંદથી પુષ્ટ થયો. તે નારી આર્યજનોના આશ્ચર્યને માટે થઇ, કે જેનું ચિત્ત ઘણું યૌવન (ભર જુવાની), ઘણું ધન અને પતિનું માન વિગેરે સર્વ અનુકૂળ સંયોગ છતાં પણ વિષયની ઇચ્છામાં લપટાયું નહીં. પતિના વચનને અંગીકાર કરનારી, બાલ્યાવસ્થાથી પણ કુળના ક્રમનો લોપ નહીં કરનારી તથા યુવાવસ્થામાં પણ ભોગની ઇચ્છાનો નાશ કરનારી તે સ્ત્રી સર્વ સતીઓને વિષે ગુણોથી અધિક થઈ. સતી છતાં કુંતીએ કુમારી અવસ્થામાં કર્ણને પ્રસવ્યો હતો, સીતાએ પણ એક વખત પતિના વચનનો લોપ કર્યો ... વિષયની તૃષ્ણાથી વ્યાપ્ત હતી, તો આ સતીની ... હતી ?

ગુરૂની પાસે ...ત્યંત આનંદ ... ...ત્સવ
...ખ ...ની વચ્ચે ... ...વ્રત
... ને પાડી ... ...પી

પાણીના પૂરમાં આ બે દંપતી સાથે પૂરે તરવાથી કૃપગુનિગ્રઉ
થયા. તે વ્રત ઉચ્ચારના ઉત્સવને અંગે તે મંત્રીએ પાંચ
રેશમી વસ્ત્રો સહિત ચોરાશી મઠીઓને દેશાવરોમાં આપવિ
મોકલી તેમની પૂજા કરી, તે સાથે શ્રી ભીમગ્રેહને પણ આગી
મોકલી, અને પ્રથમ તે ભીમની જે મઢી પોતાને આવી હતી
પોતાના ચિત્તરૂપી સમુદ્રને વિકસ્વર કરવામાં ચંદ્રિકા સમાન મ
આદરથી પોતે પહેરવા માંડી.

ત્યારપછી સત્ય વાણીવાળા તે મંત્રીએ જે દિવસે બ્રહ્મચર
વ્રત ગ્રહણ કર્યું, તે દિવસથી આરંભીને બ્રહ્મચર્યને વિરૂદ્ધ એવુ
તાંબૂલ ખાવું બંધ કર્યું. કહ્યું છે કે—

" ताम्बूलं सूक्ष्मवस्त्राणि, स्त्रीकथेन्द्रियपोषणम् ।
दिवा निद्रा सदा क्रोधो, यतीनां पतनानि षट् ॥ १ ॥

" તાંબૂલ, ઝીણાં વસ્ત્ર, સ્ત્રીની અથવા સ્ત્રી સાથે કથા, ઇંદ્રિયોનું પોષણ, દિવસે નિદ્રા અને સદા ક્રોધ, આ છ એ મુનિઓને ભ્રષ્ટ કરનાર છે. "

" જો મુખને વિષે સત્ય વાણી હોય તો તાંબૂલ ખાવાથી શું વધારે છે ? અને જો પુરૂષોને તે સત્ય વાણી ન હોય તો તાંબૂલ ખાવાથી શું ફળ છે ? "

" તાંબૂલના ડીંટ વિગેરેમાં જૂદા જૂદા જીવ રહેલાં છે, તેની વેલડીને ઘણા જીવોએ સ્પર્શ કરેલી છે, તથા તે આર્દ્ર (લીલું) હોવાથી લીલફુલ અને કુંથવાથી વ્યાપ્ત હોય છે, તેથી નાગલતાનું પાન તજવા લાયક છે. "

" મુખને વિષે અત્યંત રંગનો હેતુરૂપ આ અહિલતા (નાગલતા) પોતાનો આસ્વાદ કરનારને નીચી ગતિમાં લઈ જવા માટે અધોલોકથી આવેલી છે એમ માનીને તેનો ત્યાગ કરવો ઉચિત છે. "

તે મંત્રીનું હૃદયરૂપી કમળ રાગરૂપી પરાગવડે રહિત હતું, તેથી તે મોટી વયવાળી સ્ત્રીઓને માતા સમાન, સરખી વયવાળીને બહેન સમાન અને નાની વયવાળીને પુત્રી સમાન માનતો હતો. સૂર્યની પ્રભા સામે ગયેલી દૃષ્ટિને જેમ પાછી ખેંચવી

મંત્રી પરસ્ત્રીપર ગયેલી દૃષ્ટિને પાછી ખેંચી લેતો હતો, તથા જેમ ખરાબ પુષ્પાદિકનો ત્યાગ કરવામાં આવે છે તેમ માર્ગમાં અનુકૂળ અંગવાળી સ્ત્રીઓનો તે ત્યાગ કરતો હતો. મનની મલિનતાને ત્યાગ કરનાર, વાણીના વિકારને વર્જનાર અને કાયાની કુચેષ્ટાનો નાશ કરનાર તે મંત્રી તે ચોથા વ્રતને ત્રણ શુદ્ધિએ પાળતો હતો. કહ્યું છે કે—

" सीमा खानिषु वज्रखानिरगदङ्कारेषु धन्वन्तरिः
कर्णस्त्यागिषु देवतासु कमला दीपोत्सवः पर्वसु ।
ओंकारः सकलाक्षरेषु गुरुषु व्योम स्थिरेषु स्थिरा,
श्रीरामो नयतत्परेषु परमं ब्रह्म व्रतेषु व्रतम् ॥ ९ ॥

" સર્વ ખાણોમાં વજ્રરત્નની ખાણ પરમ સીમા છે (શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે), વૈદ્યોમાં ધન્વન્તરિ વૈદ્ય, દાતારોમાં કર્ણ, દેવીઓમાં લક્ષ્મી, પર્વોમાં દિવાળી, સર્વ અક્ષરોમાં ઓંકાર, મોટા પદાર્થોમાં આકાશ, સ્થિર પદાર્થોમાં પૃથ્વી અને નીતિવાળાઓને વિષે શ્રીરામ પરમ સીમા છે, તેમ સર્વ વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત પરમ સીમા છે. "

ત્યારપછી આર્યજનોને આશ્ચર્ય કરનાર બ્રહ્મચર્યના પ્રભાવથી કાંતિવાળા તેના દેહનો પણ અનહદ મહિમા થયો. તે આ પ્રમાણે—

જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર નાશી જાય છે, તેમ તે મંત્રીની દૃષ્ટિથી ભૂત, પ્રેત, ખોટું દિવ્ય અને કોઇ મનુષ્યને શાકિનીનું વળગવું ઇત્યાદિ સર્વ નાશ પામે છે, [1]કાલવાણીની જેમ તે મંત્રીના પગ ધોયાનું પાણી પીવાથી જ્વર, ઉદરપીડા, મસ્તકનું શૂળ અને પ્રસૂતિની વ્યથા વિગેરે સર્વ રોગો નાશ પામે છે. જેમ દિવ્ય શસ્ત્રથી શત્રુઓનો નાશ થાય છે, તેમ તે મંત્રીનું પહેરેલું વસ્ત્ર પહેરવાથી પણ જ્વરાદિક દુષ્ટ રોગો અને દુઃખે કરીને નિવારી શકાય તેવા વ્યંતરાદિક તત્કાળ નાશ પામતા હતા.

એકદા કોઇ શેઠીયાએ સવાલાખ રૂપીયાના મૂલ્યવાળું દક્ષીણ દેશમાં બનેલું [2]દુકુળ રાજાને ભેટ કર્યું. રાજાએ પ્રીતિના વશથી તે દુકૂળ ચંદ્રિકા જેવા કોમળ બીજાં ચાર વસ્ત્રો સહિત મંત્રીને પહેરા-

---

૧ કાલ એટલે ઈશ્વર તેના સ્નાત્રાદિકનું જળ પીવાથી રોગો નાશ પામે છે અથવા કાલ નામની દિવ્ય ઔષધિ જાણવી. ૨ રેશમી વસ્ત્ર.

તું. આ વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોવાથી દેવપૂજા સિવાય બીજા સમયે પહેરવાને લાયક નથી," એમ વિચારી મંત્રીએ પોતાને ઘેર આવી પોતાની પત્નીને તે દુકૂળ આપ્યું. તેણીએ તે દુકૂળ સારે સ્થાને સાચવીને મૂક્યું.

આ અવસરે કન્યકુબ્જ રાજાની પુત્રી લીલાવતી કે જે આ રાજાની માનીતી રાણી હતી, અને સર્વ સ્ત્રીઓના શિરોમણીરૂપ હતી, તે અગ્નિવડે કેળની જેમ તૃષાદિકને પોષણ કરનારા તરીયા તાવવડે અત્યંત પીડા પામતી હતી. રાજાએ તેના ઘણા ઉપાયો કરાવ્યા. પરંતુ નિકાચિત કર્મની જેમ તેણીનો દુષ્ટ જ્વર ક્ષય પામ્યો નહીં. તે રાણીની એક દાસી એકદા પ્રધાનને ઘેર આવી, તેણીને શ્યામ મુખવાળી જોઇ મંત્રીની ભાર્યા પ્રથમિણીએ પૂછ્યું કે—" તું આજ દુઃખી હોય એમ કેમ દેખાય છે ?" તે બોલી કે-" મારી સ્વામિની ઘણા દિવસથી દુષ્ટ જ્વરવડે પીડા પામે છે, તેથી તે ઉનાળામાં તળાવડીની જેમ દિવસે દિવસે ક્ષીણ થતી જાય છે. તેને માટે મંત્ર, તંત્ર, ઓષધ વિગેરે ઘણાં કર્યાં તો પણ તેનાથી હજુ સુધી કાંઇ પણ ગુણ થયો નથી, આ કારણથી હું દુઃખરૂપી દાવાનળથી બળેલી છું" તે સાંભળી અમાત્યની પત્નીએ કહ્યું કે—" જો તે મંત્રીનું પહેરેલું વસ્ત્ર ઓઢીને તાવ આવ્યા પહેલાં રહે તો તેને તાવ આવે નહીં." તે સાંભળી દાસીએ તે વસ્ત્ર માગ્યું, ત્યારે એકાંત ઉપકાર કરવામાં જ તત્પર એવી તે ધન્ય સ્ત્રીએ બીજું વસ્ત્ર નહીં જોવાથી તે જ દુકૂળ તેણીને આપ્યું. દાસીએ જઇને તે વસ્ત્ર રાણીને આપ્યું, દાસીના વચનપર શ્રદ્ધા આવવાથી તે સતી તાવ આવ્યા પહેલા તે વસ્ત્ર ઓઢીને સુતી, એટલે તે દિવસે તેણીને તાવ આવ્યો નહીં. સર્વ મનોરથને પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ માત્ર ફળ જ આપે તેમાં કાંઇ તેની સ્તુતિ [illegible] નથી, તેમ સર્વ પ્રકારનું સુખ કરનાર બ્રહ્મચર્ય વ્રત આવા [illegible]નો નાશ કરે તેમાં તેની શી સ્તુતિ ? કદાચ ફરીથી તાવ આવે [illegible] શંકાને લીધે તે દિવસે તાવ ન આવ્યાના સમાચાર કોઇએ રાજાને [illegible] નહીં. કેમકે રાજાઓ ખોટા ઉપર અત્યન્ત કોપ કરે છે. પછી [illegible]વનો વારો હતો તે દિવસે રાણી તે વસ્ત્રવડે પોતાનું સર્વ શરીર [illegible] ઉપર સુતી, અને અમાત્યને યોગે નિદ્રાવશ થઇ.

મંત્રી પરસ્ત્રીપર ગયેલી દૃષ્ટિને પાછી ખેંચી લેતો હતો, તથા જેમ ખરાબ પુષ્પાદિકનો ત્યાગ કરવામાં આવે છે તેમ માર્ગમાં અનુકૂળ અંગવાળી સ્ત્રીઓનો તે ત્યાગ કરતો હતો. મનની મલિનતાને ત્યાગ કરનાર, વાણીના વિકારને વર્જનાર અને કાયાની કુચેષ્ટાનો નાશ કરનાર તે મંત્રી તે ચોથા વ્રતને ત્રણ શુદ્ધિએ પાળતો હતો. કહ્યું છે કે—

" सीमा खानिषु वज्रखानिरगदङ्कारेषु धन्वन्तरिः
कर्णस्त्यागिषु देवतासु कमला दीपोत्सवः पर्वसु ।
ओंकारः सकलाक्षरेषु गुरुषु व्योम स्थिरेषु स्थिरा,
श्रीरामो नयतत्परेषु परमं ब्रह्म व्रतेषु व्रतम् ॥ ९ ॥

" સર્વ ખાણોમાં વજ્રરત્નની ખાણ પરમ સીમા છે (શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે), વૈદ્યોમાં ધન્વન્તરિ વૈદ્ય, દાતારોમાં કર્ણ, દેવીઓમાં લક્ષ્મી, પર્વોમાં દિવાળી, સર્વ અક્ષરોમાં ઓંકાર, મોટા પદાર્થોમાં આકાશ, સ્થિર પદાર્થોમાં પૃથ્વી અને નીતિવાળાઓને વિષે શ્રીરામ પરમ સીમા છે, તેમ સર્વ વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત પરમ સીમા છે."

ત્યારપછી આર્યજનોને આશ્ચર્ય કરનાર બ્રહ્મચર્યના પ્રભાવથી કાંતિવાળા તેના દેહનો પણ અનહદ મહિમા થયો. તે આ પ્રમાણે—

જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર નાશી જાય છે, તેમ તે મંત્રીની દૃષ્ટિથી ભૂત, પ્રેત, ખોટું દિવ્ય અને કોઇ મનુષ્યને શાકિનીનું વળગવું ઇત્યાદિ સર્વ નાશ પામે છે, [1] કાલવાણીની જેમ તે મંત્રીના પગ ધોયાનું પાણી પીવાથી જ્વર, ઉદરપીડા, મસ્તકનું શૂળ અને પ્રસૂતિની વ્યથા વિગેરે સર્વ રોગો નાશ પામે છે. જેમ દિવ્ય શસ્ત્રથી શત્રુઓનો નાશ થાય છે, તેમ તે મંત્રીનું પહેરેલું વસ્ત્ર પહેરવાથી પણ જ્વરાદિક દુષ્ટ રોગો અને દુઃખે કરીને નિવારી શકાય તેવા વ્યંતરાદિક તત્કાળ નાશ પામતા હતા.

એકદા કોઇ શેઠીયાએ સવાલાખ રૂપીયાના મૂલ્યવાળું દક્ષીણ દેશમાં બનેલું [2] દુકુળ રાજાને ભેટ કર્યું. રાજાએ પ્રીતિના વશથી તે દુકૂળ ચંદ્રિકા જેવા કોમળ બીજાં ચાર વસ્ત્રો સહિત મંત્રીને પહેરા-

૧ કાલ એટલે ઈશ્વર તેના સ્નાત્રાદિકનું જળ પીવાથી રોગો નાશ પામે છે અથવા કાલ નામની દિવ્ય ઔષધિ જાણવી. ૨ રેશમી વસ્ત્ર.

કું. આ વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોવાથી દેવપૂજા સિવાય બીજા સમ હેરવાને લાયક નથી, ” એમ વિચારી મંત્રીએ પોતાને ઘેર આ તાની પત્નીને તે દુકૂળ આપ્યું. તેણીએ તે દુકૂળ સારે સ્થા પચવીને મૂક્યું.

આ અવસરે કન્યકુબ્જ રાજાની પુત્રી લીલાવતી કે જે આ જાની માનીતી રાણી હતી, અને સર્વ સ્ત્રીઓના શિરોમણીરૂપ તી, તે અગ્નિવડે કેળની જેમ તૃષાદિકને પોષણ કરનારા તરીયા તાવવડે અત્યંત પીડા પામતી હતી. રાજાએ તેના ઘણા ઉપાયો કરા- વ્યા. પરંતુ નિકાચિત કર્મની જેમ તેણીનો દુષ્ટ જ્વર ક્ષય પામ્યો નહીં. તે રાણીની એક દાસી એકદા પ્રધાનને ઘેર આવી, તેણીને શ્યામ મુખવાળી જોઇ મંત્રીની ભાર્યા પ્રથમિણીએ પૂછ્યું કે—“ તું આજ દુઃખી હોય એમ કેમ દેખાય છે ? ” તે બોલી કે—“ મારી સ્વામિની ઘણા દિવસથી દુષ્ટ જ્વરવડે પીડા પામે છે, તેથી તે ઉનાળામાં તળા- વડીની જેમ દિવસે દિવસે ક્ષીણ થતી જાય છે. તેને માટે મંત્ર, તંત્ર, ઔષધ વિગેરે ઘણાં કર્યાં તો પણ તેનાથી હજુ સુધી કાંઇ પણ ગુણ થયો નથી, આ કારણથી હું દુઃખરૂપી દાવાનળથી બળેલી છું. ” તે સાંભળી અમાત્યની પત્નીએ કહ્યું કે—“ જો તે મંત્રીનું પહેરેલું વસ્ત્ર ઓઢીને તાવ આવ્યા પહેલાં રહે તો તેને તાવ આવે નહીં. ” તે સાં- ભળી દાસીએ તે વસ્ત્ર માગ્યું, ત્યારે એકાંત ઉપકાર કરવામાં જ તત્પર એવી તે ધન્ય સ્ત્રીએ બીજું વસ્ત્ર નહીં જોવાથી તે જ દુકૂળ તેણીને આપ્યું. દાસીએ જઇને તે વસ્ત્ર રાણીને આપ્યું, દાસીના વચ- નપર શ્રદ્ધા આવવાથી તે સતી તાવ આવ્યા પહેલાં તે વસ્ત્ર ઓઢીને સુતી, એટલે તે દિવસે તેણીને તાવ આવ્યો નહીં. સર્વ મનોરથને પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ માત્ર ફળ જ આપે તેમાં કાંઇ તેની સ્તુતિ કહેવાની નથી, તેમ સર્વ પ્રકારનું સુખ કરનાર બ્રહ્મચર્ય વ્રત આવા જ્વરનો નાશ કરે તેમાં તેની શી સ્તુતિ ? કદાચ ફરીથી તાવ આવે એવી શંકાને લીધે તે દિવસે તાવ ન આવ્યાના સમાચાર કોઇએ રાજાને જણાવ્યા નહીં. કેમકે રાજાઓ ખોટા ઉપર અત્યંત કોપ કરે છે. પછી ફરીથી તાવનો વારો હતો તે દિવસે રાણી તે વસ્ત્રવડે પોતાનું સર્વ શરીર ઢાંકી પલંગ ઉપર સુતી, અને અભાગ્યને યોગે નિદ્રાવશ

આ અવસરે રાજાની મુખ્ય રાણી જે **કદંબા** નામની હતી, તેણીએ પ્રથમથી આ વાત જાણેલી હતી, તેથી તે ઇર્ષ્યાને લીધે રાજા પાસે એકાંતમાં જઇને બોલી કે–"હે સ્વામી ! હું તમને એક વિજ્ઞપ્તિ કરવા આવી છું, જો કે તે તમને રૂચશે નહીં, તો પણ ઔષધના ન્યાયની જેમ ગુણકારક હોવાથી સાંભળો.–કન્યકુબ્જ રાજાની પુત્રી જે તમારી રાણી છે, તે મંત્રીને વિષે અત્યંત લુબ્ધ થઇ છે, તેથી તે તમારૂં અમંગળ ન કરે, એટલું જ કહેવાનું છે, કારણ કે કામાંધ પ્રાણીઓને પાપનો ભય હોતો નથી. ઇંદ્રથી પણ સ્ત્રીઓનું નિયંત્રણ થઈ શકે તેવું નથી, કારણ કે તે જો લુબ્ધ થઇ હોય તો તેને પાતાળમાં રાખી હોય તો પણ અન્ય પુરૂષને તે સેવે જ છે. તુચ્છ સ્વભાવવાળી અને સ્વચ્છંદપણાને ઇચ્છતી પાપણી સ્ત્રીઓ કપટ કરવામાં અત્યંત નિપુણ હોવાથી પોતાના ભર્તારને પણ યમરાજને ઘેર મોકલે છે. તેણીની એટલી બધી મંત્રીને વિષે લુબ્ધતા છે કે રાત્રિએ તેની સાથે ક્રીડા કરીને દિવસે પણ તે મંત્રીના વસ્ત્રને પોતાના હૃદયપરથી મૂકતી નથી. હે સ્વામી ! જો મારા આ વચન ઉપર તમને વિશ્વાસ ન આવતો હોય તો હમણાં જ તેણીના મંદિરમાં જઇને જાતે જોઇ ખાત્રી કરો." આ પ્રમાણે કદંબા રાણીનું વચન સાંભળી રાજા તરત જ લીલાવતીને ઘેર ગયો, ત્યાં રાતું વસ્ત્ર ઓઢીને સુતેલી તેણીને જોઇ "જરૂર આ સ્ત્રી રાગસમુદ્રમાં મગ્ન થઈ છે" એમ તેણે માન્યું. તે રેશમી વસ્ત્ર પણ મંત્રીનું જ છે એમ તેણે તત્કાળ ઓળખી પણ લીધું. તેથી ક્રોધની રતાશના મિષથી રાજાના નેત્ર જાણે કે તે વસ્ત્રની જ કાંતિથી વ્યાપ્ત થયા હોય તેમ તે દેખાવા લાગ્યો. કદંબાના વચનની તેને અત્યંત ખાત્રી થઇ. તેથી ક્રોધ પામ્યા છતાં પણ સ્ત્રીનો વધ કરવો યોગ્ય નથી એમ ધારી તેણીને હણ્યા વિના પોતાને સ્થાને જઇ રાજાએ વિચાર કર્યો કે–" જગતમા ઉત્તમોત્તમ એવા આ મંત્રીથી જો આવું અકાર્ય થયું, તો જરૂર અમૃતથી વિષ ઉત્પન્ન થયું, અને ચંદ્રથી અગ્નિની વૃષ્ટિ થઇ. પ્રાણીઓનું ચારિત્ર આશ્ચર્યકારક જ હોય છે. કર્મની ગતિ વિચિત્ર છે. અને કામમાર્ગ મલિન જ છે. તેથી [illegible] બાબતમાં અસંભવિત શું છે ? સર્વ સંભવિત જ છે. જો આ સ્ત્રીને [illegible] સક્ત થયો ન હોય તો મેં પ્રીતિથી

તેને આપેલું ઉત્તમ વસ્ત્ર તેણીને કેમ આપે ? યોગ્યતા નહીં છતાં એવા વ્રતના ભારનો સ્વીકાર કરીને **નંદિષેણુ, આર્દ્રકુમાર** અને **મદનકીર્તિ** વિગેરે મુનિઓએ ચારિત્રનો ત્યાગ કર્યો હતો. તો હવે આ સ્ત્રીને દેશનિકાલ કરવા માટે મંત્રીને જ જો આજ્ઞા આપું, તો તે દુર્મતિ મંત્રી પણ તેણીની સાથે જ વિદેશમાં જાય, અને તેમ થવાથી અલક્ષ્મી (આળસ) ગઇ કહેવાય અને મંત્રીને પણ પ્રસન્ન કર્યો કહેવાય." આ પ્રમાણે વિચારીને રાજાએ તત્કાળ મંત્રીને બોલાવી તેણીને દેશનિકાલ કરવાનું ફરમાવ્યું. તે સાંભળી-રાજાનું અવિચારિત કાર્યનું અનુમાન કરી મંત્રી જાણે અંગધારી રાજ્યલક્ષ્મી હોય તેવી તેણીને પોતાને ઘેર લઇ ગયો. રાજાએ તેણીને દૂર મૂકી કે નજીકમાં મૂકી ? ઇત્યાદિ કાંઇ પણ મંત્રીને પૂછયું નહીં. કેમકે અપ્રિય જનની વાર્તા તો દૂર રહો, પરંતુ તેનું નામ પણ દુઃખદાયી થાય છે.

લીલાવતીનો દેશનિકાલ સાંભળી કદંબા રાણી હૃદયમાં અત્યંત આનંદ પામી. લોકો સપત્નીને, સર્પણને અને શાકિનીને સરખી કહે છે, તે સત્ય છે. તેલ ચોળતી વખતે સપત્નીના તેલના બિંદુવડે પાર્વતીનું ચીર (વસ્ત્ર) જો દૂષિત થયું, તો જીવતી સપત્ની કેમ શુભ હોય ? મંત્રીએ લીલાવતીને પૂછયું કે—" તમારો શો અપરાધ હતો ? " તે બોલી કે—" હે તાત ! મને કાંઇ ખબર નથી. " ઇત્યાદિક કહેતી એવી તેણીને આશ્વાસન કરી મંત્રીએ તેને પોતાના ઘરમાં ગુપ્ત રાખી. પછી તેણીએ વિચાર કર્યો કે—" રાજાએ કાઢી મૂકી તેથી પિતાને ઘેર જતાં પણ મને લજ્જા આવે છે, તેથી બન્ને પક્ષથી ભ્રષ્ટ થયેલી મારે મરવું એ જ શરણ છે. " એમ વિચારી દ્વાર બંધ કરી પોતાના દેહને અધર બાંધીને લટકાવવા તૈયાર થઇ તેટલામાં પુણ્ય ત્રુટી જવાથી પ્રાણી જેમ સ્વર્ગમાંથી નીચે પડે છે તેમ દોરો ત્રુટી જવાથી તે નીચે પડી. તે વખતે અકસ્માત્ પડવાનો અવાજ સાંભળીને વ્યાકુળ થયેલી મંત્રીની પ્રિયા એકદમ દ્વાર ઉઘાડી અંદર ગઇ, એટલે તેણીની તેવી ચેષ્ટા જોઇ તે ઉત્તમ બુદ્ધિવાળી બોલી કે—" હે ભોળી ! નીચ સ્ત્રીને ઉચિત આવું કાર્ય શું આરંભ્યું ? " રાણી બોલી કે—" હે માતા ! રાજાએ અપરાધ વિના મને

વગોવી, તેથી હું કેમ ન મરૂં ? માછલી પણ પાણી જવાથી જીવતી નથી. તમે જ કહો કે જેમ નવા કોળાને કોઈ આંગળી અડાડે તો તે તત્કાળ સુકાઈ જાય છે, તે ન્યાય પ્રમાણે મહિમાના ઘરરૂપ માની પુરૂષોને કોઈ આંગળી દેખાડે (કલંક આપે) તો તે કેવી રીતે જીવે?" તે સાંભળી મંત્રીની સ્ત્રીએ કહ્યું કે—"હે પુત્રી! આવી બુદ્ધિ ન કર. કેમકે મરવાથી દુર્ગતિ થાય છે, અને જીવવાથી તમોને કલ્યાણની શ્રેણિ પ્રાપ્ત થશે, પરંતુ પોતાના હિતની ઇચ્છા રાખીને તમે મારા કહેવા પ્રમાણે ઉપાય કરો, કે જેથી જ્વરની જેમ આ તમારો સંતાપ પણ નાશ પામે." ત્યારે તે બોલી કે—"તો મને આ દુઃખસાગરમાંથી ઉપાયરૂપી વહાણવડે તમે તારો." આ પ્રમાણે લીલાવતીએ કહ્યું ત્યારે અમાત્યની સ્ત્રીએ તેણીને આ પ્રમાણે નવકાર મંત્રનો મહિમા કહ્યો:—

"પંચ પરમેષ્ઠીનો નમસ્કાર મંત્ર કલ્પવૃક્ષ જેવો છે, તેના દરેક અક્ષરે એક હજાર અને આઠ આઠ મહાવિદ્યાઓ રહેલી છે. તે મંત્રના પ્રભાવથી ચોર હોય તે મિત્ર થાય છે, સર્પ માળારૂપ થઈ જાય છે, અગ્નિ જળરૂપ થઇ જાય છે, જળ સ્થળરૂપ થઇ જાય છે, અરણ્ય નગરરૂપ થઇ જાય છે, અને સિંહ શીયાળ જેવો થઇ જાય છે. તે મંત્રનું માત્ર સ્મરણ જ કર્યું હોય તો તે લોકોને મોહ પમાડે છે, શત્રુને ઉખેડી નાંખે છે, પ્રિય વસ્તુનું આકર્પણ કરે છે, નહીં વશ થયેલાને વશ કરવામાં કામણરૂપ થાય છે, અને ઘાત કરનારને સ્તંભન કરે છે. આ મંત્રનું ધ્યાન કરવાથી તે આ ભવમાં સર્વ આપત્તિઓને દૂર કરે છે, અને સર્વ મનોરથોને પૂર્ણ કરે છે, તથા પરભવમાં રાજ્ય, સ્વર્ગ અને મોક્ષ પણ આપે છે. તેથી કરીને શરીર અને વસ્ત્રની શુદ્ધિ કરીને શ્રીપાર્શ્વનાથની પ્રતિમાની પૂજા તથા ધૂપોત્ક્ષેપ વિગેરે કરવા પૂર્વક તું તે મંત્રનો એકાગ્ર મનથી નિરંતર જપ કર." આ પ્રમાણે કહી ચતુર એવી તેણીએ તે લીલાવતી રાણીને પંચ નમસ્કાર મંત્ર શીખવ્યો. ત્યારે તે આતુરતાથી એક ચિત્તવાળી થઇને વિધિ પૂર્વક તે મંત્રનું સ્મરણ (જપ) કરવા લાગી. પદ્માસને બેસી મનોહર આકૃતિવાળી, શ્વેત વસ્ત્રને ધારણ કરનારી અને હસ્તમાં રત્નની અક્ષમાળાને ધારણ કરતી તે તે વખતે સરસ્વતીની જેવી

શોભતી હતી. તે મંત્રનો પચાસ હજાર જપ થયો ત્યારે શ્રદ્ધાવાળી તેણીને સ્વપ્નની અંદર આવીને કોઇ પ્રસન્ન થયેલી દેવીએ કહ્યું કે— "હે પુત્રી ! આજથી આઠમે દિવસે સવારે તારી સેવામાં ઉત્સુક થયેલો રાજા પોતે જ તને બોલાવવા માટે અહીં આવશે." આ પ્રમાણે સ્વપ્નની વાત પ્રાતઃકાળે તેણીએ પ્રથમિણીને કહી, અને ત્યારથી વિશેષે કરીને તે મંત્રનું ધ્યાન કરવા લાગી. તેની પ્રતીતિ (ખાત્રી) થઇ હોય તેનાપર કોણ રાગી ન થાય ? સ્વપ્નમાં દેવીએ જે આઠ દિવસ કહ્યા હતા તેમાંના પાંચમે દિવસે તેણીએ લાખ જપ પૂર્ણ કર્યો, તે વખતે જે થયું તે હવે હું કહું છું.—

રાજાનો રણરંગ નામનો પટ્ટહસ્તી ઘંટાનો નાદ કરતો સુભટો-થી પરિવરેલો અને મહા તેજસ્વી હતો તે પાણી પીવા માટે હસ્તી-શાળામાંથી બહાર નીકળ્યો, તેના શ્યામ અંગ ઉપર સિંદૂર ચોપડેલો હતો તેથી જાણે ગેરૂએ કરીને સહિત પર્વત હોય, સંધ્યા સહિત અંધકારનો સમૂહ હોય અને વીજળીવાળો જાણે મેઘ હોય એવો તે દેખાતો હતો. તેના શરીર ફરતી સુવર્ણની ઘુઘરીઓવાળી માળાના આકારવાળી દોરી વીંટેલી હતી તેના મિષથી જાણે કે તે સુવર્ણના અક્ષરવાળી જયપ્રશસ્તિની શ્રેણીને ધારણ કરતો હોય તેમ શોભતો હતો. દાતાર પુરૂષ જેમ દાનથી યાચકોનું આકર્ષણ કરે તેમ તે દાનજળ (મદજળ) થી ભમરાઓના સમૂહનું આકર્ષણ કરતો હતો. તથા જેમ એકલો સૂર્ય જ અંધકારનો નાશ કરે છે, તેમ તે હાથી એકલો જ શત્રુઓના સૈન્યને જીતનાર હતો. આવો તે હાથી માર્ગમાં જતાં મદિરાના ગંધને અનુસારે તે તરફ ચાલ્યો, તે વખતે અંકુશને પણ ગણ્યા વિના કલાલની દુકાને જઇ ત્યાં એક કુંડામાં રહેલી મદિરાનું તેણે પાન કર્યું. તે વખતે તે જાણે [1]પાખરેલો સિંહ હોય, ઘીથી સિંચેલો અગ્નિ હોય અને જાણે પાંખવાળો સર્પ હોય એમ તે અત્યંત ઉદ્ધત થયો. તેથી પગના ભારવડે પૃથ્વીને કંપાવતો ગંભીર ગર્જના કરતો તે મહાવતને પાડી નાંખી લોકોને હણવા માટે યમરાજની જેમ દોડયો. તે વખતે કલ્પાંત કાળના ઉછળતા સમુદ્રથી ઉત્પન્ન થતા ધ્વનિની જેવા તુમુલ (ઘોંઘાટ) વડે વ્યાકુળ થયેલા

૧ બખ્તર પહેરાવેલો.

સર્વે લોકો પોતપોતાની દુકાનો છોડીને સર્વ દિશાઓમાં નાસવા લાગ્યા. તે હાથી જાણે પોતાને વધાવવા માટે હોય તેમ મોતીના સમૂહને ઉછાળવા લાગ્યો, વસ્ત્ર રહિત દિશાઓરૂપી સ્ત્રીઓને જાણે વસ્ત્ર દેવાની ઇચ્છા હોય તેમ વસ્ત્રોને ઉછાળવા લાગ્યો, તેલ અને ઘીની મોટી નીકો વહેવરાવા લાગ્યો, વાવણી કરતા ખેડુતની જેમ ચોતરફ ધાન્ય ફેંકવા લાગ્યો, મોટા અખંડ લાડુઓવડે દડાને ઉછાળવાની ક્રીડા કરવા લાગ્યો, અને સલ્લકી વૃક્ષના પાંદડાંની જેમ નાગરવેલના પાન ખાવા લાગ્યો. આ પ્રમાણે મેરૂપર્વત જેમ સમુદ્રનું મથન કરે તેમ ચૌટાનું મથન કરી તે હાથી નગરના કિલ્લાની બહાર ગયો. તેને કોઇપણ સુભટ, હાથી કે ઘોડા રોકી શકયા નહીં. ત્યાં નગરની બહાર એક મોટો પાંદડાંઓવડે ઘટાટોપવાળો વટવૃક્ષ હતો, તે એક ભૂતવડે અધિષ્ઠિત હતો, તથા પૃથ્વીનું જાણે છત્ર હોય તેમ તે શોભતો હતો. તે વટવૃક્ષમાં રહેલો જે ભૂત છે તે તે વૃક્ષની શાખાનો ભંગાદિક કરનારા પ્રાણીઓને તત્કાળ આપત્તિમાં નાંખતો હતો. આવા તે વૃક્ષને સન્મુખ જોઈ ક્રોધથી ત્રણ ગુણા બળવાન થયેલા તે હાથીએ પોતાની પ્રચંડ સુંઢવડે ભરડો લઇને તેને મૂળમાંથી ઉખેડી નાંખ્યો. તે વખતે તે હાથીના કષ્ટ આગમનો અને રાજાના હર્ષના પ્રયાણનો જાણે દુંદુભિ વાગ્યો હોય એવો કાનને અતિ કટુ લાગે તેવો કોઇક મોટો કડાકો થયો. તે સાંભળી કૌતુકથી લોકો પોતાના ઘરના ઝરૂખા ઉપર ચડી જોવા લાગ્યા, તે વખતે તે હાથી આગળ ચાલ્યો. તેવામાં કોપ પામેલા તે ભૂતે તેના શરીરમાં ઉતરી તેને ત્રણવાર ભમાડી પૃથ્વીપર પાડી દીધો. પોતાના ઘરને (સ્થાનને) પાડનાર ઉપર કોણ ક્ષમા રાખી શકે ? પર્વત જેવડી કાયાવાળો તે હાથી પડયો ત્યારે પર્વતો સહિત પૃથ્વી કંપી, અને શેષનાગ પણ કુબ્જ (વાંકો) થઇ ગયો (નમી ગયો). આ હકિકત જાણીને રાજા તેના તરફ દોડયો. તેની પાસે આવી તેને ...લા જેવો જોઇ જાણે વજ્રથી હણાયો હોય તેમ તે મૂર્છા પામ્યો. ... કે તે હાથી જ રાજ્યનું જીવિત છે. લીલા કેળના પાંદડાંવડે ...ન નાંખવાથી તે રાજાને ચૈતન્ય આવ્યું ત્યારે ડાહ્યા પુરૂષોએ તેનું ...રણ જાણીને તેને વિજ્ઞપ્તિ કરી કે—" હે દેવ ! આ હાથી જીવતો

છે. પણ તે ભૂતથી દૂષિત થયો છે, તેથી ઉત્સુકતાપૂર્વક તેના દોષરૂપી દાવાનળને શાંત કરવામાં મેઘની ધારા સમાન ચિકિત્સા કરાવો." ત્યારે રાજાએ તેમના કહેવાથી તે હાથીના શરીર જેવડો મોટો અડદનો ઢગલો કરી મૂર્તિમાન જાણે પોતાનું પાપ હોય તેવો તે ઢગલો બ્રાહ્મણોને આપી દીધો. તે ઉપરાંત મણિ, મૂળ અને મંત્ર વિગેરેના ઘણા પ્રતીકારો (ઉપાયો) પણ કરાવ્યા. પરંતુ તે સર્વે ખળ પુરૂષના ઉપકારની જેમ તેને ગુણકારક થયા નહીં. તોપણ આશા બળવાન હોવાથી અનેક ઉપચારને કરાવતો રાજા તે હાથીની ફરતું સૈન્ય રાખીને પોતે ભોજન કરવા માટે પોતાના મહેલમાં ગયો. ચિંતાથી વ્યાપ્ત તે રાજાને જોઇ ચતુરા નામની દાસીએ તેને કહ્યું કે—" હે દેવ ! હાલમાં શીળની લીલાવડે મંત્રીની જેવો કોઈ પણ આ જગતમાં નથી, તેથી અતિશયવાળા (પ્રભાવવાળા) તેના પહેરવાના વસ્ત્રવડે તે હાથીને ઢાંકવામાં આવે તો જેમ સૂર્યના પ્રકાશથી પૃથ્વીનો લોક અંધકારના દોષરહિત થાય છે, તેમ તે હાથી પણ ભૂતના દોષરહિત થાય. તેના જ પહેરવાના શ્રેષ્ઠ ચીરવડે આચ્છાદિત થયેલી લીલાવતી પણ પહેલાં પ્રેતરૂપી જ્વરથી મુક્ત થઇ હતી." આ પ્રમાણે કહેતાં જ રાજાને અનિષ્ટ એવી લીલાવતીનું નામ દેવાથી શંકા પામેલી તે દાસી આટલુંજ બોલીને રહી ગઇ. રાજાએ પણ તેણીને કાંઇ પૂછયું નહીં. પરંતુ તેણે એટલું વિચાર્યું કે—" આ દાસીના કહેવા પ્રમાણે પણ એકવાર કરી જોઉં, કેમકે નદીના પૂરવડે તણાતો માણસ કાંઠે ઉગેલા ડાભનું પણ અવલંબન કરે છે." આ પ્રમાણે વિચારી પેથડ મંત્રીનું વસ્ત્ર લાવવા માટે તેણે તે જ દાસીને મોકલી, ત્યારે તે દાસીએ તેની સ્ત્રી પાસે જઇ કારણ કહી મંત્રીનું વસ્ત્ર માગ્યું, એટલે તેની પ્રિયાએ બ્રહ્મચર્ય વ્રતવાળા મંત્રીએ દેવપૂજાને વખતે પહેરવાથી પવિત્ર કરેલું દિવ્ય દુકૂળ તે દાસીને આપ્યું. પછી દાસીએ લાવીને આપેલું તે ચીર લઇને રાજા હાથીની પાસે ગયો, અને માણસો પાસે તે હાથીને તે રાતા વસ્ત્રવડે આચ્છાદિત કરાવ્યો. તે વખતે ચપળતા રહિત વીજળીરૂપી વલ્લભાને હૃદયમાં ધારણ કરી નિદ્રાવડે શબ્દ રહિત થયેલો મેઘ જાણે કે પૃથ્વીપર આવી વિશ્રાંતિ પામ્યો હોય તેવો તે હાથી શોભવા લાગ્યો. શુદ્ધ

શીળથી ઉત્પન્ન થયેલા તે વસ્ત્રના પ્રભાવથી તે દુષ્ટદેવે જેમ જાંગુલી મંત્રના જપથી વિષનો આવેગ શરીરનો ત્યાગ કરે તેમ તે હાથીનો ત્યાગ કર્યો. ઓપપાતિક શય્યામાંથી દેવ ઉભો થાય ત્યારે જેમ જય જય શબ્દ થાય તેમ તે ચિરનો ત્યાગ કરી તે હાથી પૃથ્વીતળથી ઉભો થયો ત્યારે લોકોએ જયજય શબ્દ કર્યો. અશ્વોના હેષારવ, હાથીઓની ગર્જના અને સુભટોના સિંહનાદની સાથે તત્કાળ આકાશને ફોડી નાંખે તેવા સ્વરવડે વાજિંત્રો વાગવા લાગ્યા. હજારો મનુષ્યોએ તે ચીરનો વૃત્તાંત જાણ્યો ત્યારે મંત્રીના શીળની પ્રશંસા કરતા કોણે પોતાનું મસ્તક ન ધુણાવ્યું ? પછી તે શણગારેલા હાથી ઉપર ચડીને રાજાએ મંત્રીને પોતાની પાસે બેસવાનો ઘણો આગ્રહ કર્યો, ત્યારે તે મંત્રી બોલ્યો કે-" હે દેવ ! પહેલાં મેં ગુરૂની સમીપે હાથીપર બેસવાનો નિયમ ગ્રહણ કર્યો છે, તે કેમ ભંગ કરવો ? કેમકે નિયમનો ભંગ અતિ દુઃખદાયક થાય છે. વિચક્ષણ પુરૂષે સંસારરૂપી સાગરમાં મનુષ્યભવરૂપી રત્નદ્વીપમાં આવીને નિયમરૂપી રત્નોને ગ્રહણ કરીને તેનું યત્નથી રક્ષણ કરવું જોઇએ. " તે સાંભળી રાજાએ તેને માટે સુવર્ણના પલાણ, ચાબક અને લોકડાથી શણગારેલો પટ્ટઅશ્વ મંગાવ્યો, તેનાપર રાજાએ તેને ચડાવ્યો. ત્યારપછી તે રાજા અને મંત્રી બન્ને અનુક્રમે ઉંચા છત્ર અને શ્રીકરીને મસ્તકપર ધારણ કરતા, ચામરોથી વીંઝાતા તથા તેજ અને કીર્તિવડે સૂર્ય અને ચંદ્રને જીતતા મહોત્સવપૂર્વક નગરમાં પેઠા. પછી રાજાએ બહુમાન, સ્તુતિ અને સત્કારપૂર્વક તે મંત્રીને પાંચ અંગે પહેરામણી કરી એક લાખ રૂપીયા આપી વિદાય કર્યો-ઘેર જવાની રજા આપી.

હવે હર્ષરૂપી કતકના ચૂર્ણવડે પ્રસન્ન (નિર્મળ) થયેલા રાજાના હૃદયરૂપી સરોવરને વિષે આ વિચારરૂપી રાજહંસી આવી.— " મંત્રીના શીળથી ઉત્પન્ન થયેલા યશ આગળ નિ[illegible] માતા નથી, તેથી ખાટલો અને [1]ચંદ્રની પરસ્પર ઘટનાના [illegible] ચીઠ્ઠાવની સાક્ષી પણ દોષ સહિત [illegible] છે, પરંતુ [illegible] શાનિને [illegible]

[1] ખાટલો અને [illegible] ભેદ છે તે [illegible] પણ [illegible] નથી તેમ.

માટે મંત્રીનું ચીર મંગાવીને તેણીએ પોતાનું શરીર ઢાંકયું હતું, એ વાત સંશય રહિત જણાય છે. તોપણ વિપત્તિની માતા સમાન પાપણી કદંબા રાણીએ આ છળને પામીને તેણીને મોટા વ્યસન-સમુદ્રમાં નાંખી. કળાવતીના હાથ કપાયા, રામ લક્ષ્મણને વનવાસ થયો, અને કુણાલને અંધતા પ્રાપ્ત થઇ, એ સર્વ સપત્ની (શોકય) રૂપી લતાનાં જ ફળ છે." આ પ્રમાણે વિચાર કરી રાજાએ તે ચતુરા દાસીને બોલાવી સર્વ હકિકત પૂછી, ત્યારે તેણીએ પ્રથમ જેવું થયું હતું તેવું ચીરનું સર્વ વૃત્તાંત સત્ય રીતે કહ્યું. તે વખતે રાજાને દુઃખનો સમૂહ પ્રાપ્ત થયેલો જાણી તેને જોવાને જાણે કે અસમર્થ હોય એવો સૂર્ય અસ્ત પામ્યો. સંસ્કૃત લીપીમાં જેમ ધકારને માથું (માથે લીટી) હોતું નથી, તેમ પ્રલયકાળમાં સમુદ્રના જળની જેમ ચોતરફ પ્રસરતા અંધકારનું કોઇ ઠેકાણે માં માથું હતું નહીં. અર્થાત્ ઘણો અંધકાર પ્રસરી ગયો.

તે વખતે નિરપરાધી પ્રિયાના ત્યાગથી ઉત્પન્ન થયેલી વિયોગની પીડા ખેદ પામેલા રાજાએ આ પ્રમાણે ભોગવી.—દુકૂળ અને પુષ્પોની શ્રેણિના ચિન્હવાળો પલ્યંક તે રાજાને બાળતી ચિતા જેવો લાગ્યો. અંધકાર મરકી જેવું લાગ્યું અને ચંદ્રના કિરણો સોય જેવા લાગ્યા, તે રાજા લાંબો નિઃશ્વાસ નાખવા લાગ્યો, ઉચ્ચ સ્વરે રોવા લાગ્યો, મસ્તક ધૂણાવવા લાગ્યો, સર્વત્ર શુન્યતા જ જોવા લાગ્યો. અને વાતચીત ઉપર કોપ કરવા લાગ્યો. તે કાંઇ પણ બોલતો નહોતો, ખાતો નહોતો, અને સુતો પણ ન હોતો, આવી અનેક પ્રકારની વિચિત્ર ચેષ્ટા કરવા લાગ્યો. મ્લેચ્છની જેમ રાગની (પ્રેમની) વિપરીત રીત જ હોય છે. ઘણું શું કહેવું ? સર્વ પદાર્થોને વિષે અરતિને પામતા તે રાજાએ થોડા જળમાં રહેલા મત્સ્યની જેમ અતિ વ્યાકુળપણે તે રાત્રિ નિર્ગમન કરી. તે વખતે પ્રભાતના વાજીંત્રોનો નાદ થયો, અને સભાના સર્વ લોકો એકઠા થયા, તથા દિવસનો પહેલો પહોર પણ પૂરો થયો, તો પણ રાજા બહાર નીકળ્યો નહીં; તેથી મંત્રીએ વિચાર કર્યો કે—" હજુ સુધી રાજા સભામાં આવ્યા નથી, તો શું અત્યાર સુધી નિદ્રામાં હશે ? કે શરીરની કાંઇ અપટુતા (અસ્વસ્થતા) હશે ? કે સ્ત્રીને વિષે આસક્તિ

હશે ? કે બીજું કંઇ કારણ હશે ?" એમ વિચાર કરતો મંત્રી રાજાના શયનગૃહમાં ગયો, ત્યાં શ્યામ મુખવાળા, ચિંતાથી વ્યાકુળ અને હાથ ઉપર કપોલ રાખીને પલ્યંકપર બેઠેલા રાજાને જોઇ તે બોલ્યો કે—" હે દેવ ! દિવ્ય સ્ત્રી, અશ્વ, હસ્તી, શત્રુ, દેશ અને યુદ્ધ વિગેરેમાંથી કઇ બાબતમાં આજે તમને ચિંતા થઇ છે ? " તે સાંભળી રાજાએ નિઃશ્વાસ મૂકતા કહ્યું કે "હે બુદ્ધિના નિધાન મંત્રી ! તેં પ્રિયાને મેં દેશનિકાલ કરી છે, તેના વિના હું મારા પ્રાણોને પણ ધારણ કરવા શક્તિમાન નથી, તે નવા સ્ત્રી રત્નને મેં વિના અપરાધે સપત્નીના કહેવાથી દેશ નિકાલ કરેલ છે. તેથી તેણીને જોયા પછી જ હવે હું ભોજન કરીશ. " આ પ્રમાણે અશ્રુ સહિત રાજાએ કહ્યું ત્યારે પ્રધાન બોલ્યો કે—" હે દેવ ! તમે પીડાનું સ્થાન ન થાઓ. તે તમારી રાણીને લાવવા માટે હું સર્વ વસ્તુને સાધનારો ઉદ્યમ કરીશ. ઉદ્યમ કરનારા મનુષ્યોને મધ્યે બિલાડો મુખ્ય દૃષ્ટાંતરૂપ છે. કેમકે બિલાડા જન્મથી આરંભીને ગાય રાખતા નથી, છતાં હંમેશા દૂધ પીએ છે. હે દેવ ! ઉદ્યમથી દ્રૌપદી અને સીતા વિગેરે જો પાછી આવી છે, તો આ લીલાવતીને તો તમે ઘેર આવેલી જ જાણો; પરંતુ આપ એવું મોટું કાંઇક પુણ્યનું કાર્ય કરો, કે જેથી મારો ઉદ્યમ સફળ થાય, કેમકે પુણ્યથી જ સર્વ અર્થની સિદ્ધિઓ થાય છે. લક્ષ્મીનું બંધન (સ્થિરતા), વિઘ્નનો નાશ અને કીર્તિનો પ્રચાર તથા બીજું પણ સર્વ પ્રકારનું વાંછિત પુણ્યથી જ પ્રાપ્ત થાય છે." તે સાંભળી રાજાએ તેને પૂછ્યું કે—" તેવું પુણ્ય કાર્ય કયું છે ? તે કહો." ત્યારે તે બોલ્યો કે—" હે સ્વામી ! પોતાના આખા દેશને વિષે કાયમને માટે પાંચ પર્વીએ સર્વ વ્યસનોનું નિવારણ કરો. સંસારવાસના ઉત્સવ જેવા સાતે વ્યસનોથી ઉત્પન્ન થએલા પાપવડે પ્રાણીઓ પોતાના કુળને કલંકિત કરે છે, અને શરીરની ધાતુઓને મલિન કરે છે. તે વ્યસનો આ ભવમાં પણ નળ વિગેરેની જેમ પ્રાણીઓનો અનર્થ કરે છે. તેથી કુમારપાળ રાજાએ તે સર્વ વ્યસનોને ગધેડા ઉપર બેસાડી પોતાના આખા દેશથી કાઢી મૂકયા હતા." આવું મંત્રીનુ વચન સાંભળી રાજાની આશારૂપી લતા નવપલ્લવિત થઇ. એટલે તે મંત્રીનું વચન સ્વીકાર કરી છત્રાદિક મોટી લક્ષ્મી સહિત પ્રધાનની સાથે સભામાં ગયો.

ત્યારપછી મંત્રી ભોજન કરવા માટે પોતાને ઘેર ગયો, અને સાંજે રાજા પાસે આવીતેણે જણાવ્યું કે—"હે સ્વામી ! ઘણી ખુશીની વાત છે કે દેવી મારે ઘેર આવી ગયા છે." તે સાંભળી હર્ષથી વિકસ્વર થએલા નેત્રવાળા રાજાએ "હાંસી કરો છો ? કે સત્ય કહો છો ?" એમ તેને પુછયું, ત્યારે પ્રધાને તેને સત્યતાની પ્રતીતિ ઉપજાવી. પછી હર્ષ પામેલા રાજાએ આજ્ઞા કરીને આખી નગરીમાં શોભા કરાવી. પછી એક વર્ષ જેટલી લાંબી થએલી રાત્રિને નિર્ગમન કરી હર્ષ પામેલો રાજા આઠમે દિવસે પ્રાતઃકાળે મોટી લક્ષ્મી (શોભા) સહિત પૃથ્વીધરને ઘેર ગયો. ત્યાં તેણે પડવાના ચંદ્રની રેખા જેવી નિસ્તેજ અને અત્યંત કૃષ શરીરવાળી તથા શ્વેત વસ્ત્રને ધારણ કરેલી અકલંકિત લીલાવતીને જોઇ. તે વખતે રાજાએ તે રાણીને ઘણા દુકૂળ (વસ્ત્રો) અને આભરણો સહિત બત્રીશ લાખ રૂપીયા આપ્યા. મોહવાળા પુરૂષો સ્ત્રીને પોતાના પ્રાણો પણ આપી દે છે. માઘ કવિએ જેમ ભોજ રાજાને જમાડ્યા હતા, તેમ તે મંત્રીએ રાણી સહિત રાજાને સ્વાદિષ્ટ અને પરિમિત ભોજ્યાદિક વડે પ્રસન્ન કર્યો. પછી રાજા ત્યાંથી પોતાના મહેલ તરફ ચાલ્યો. જેમ વિષ્ણુ લક્ષ્મીને લઇ સમુદ્ર થકી નીકળ્યા હતા, તેમ આ રાજા હાથીપર આરૂઢ થઇ ભૂષિત કરેલી પ્રિયાને પોતાની આગળ બેસાડી મંત્રીના ઘર થકી નીકળ્યો. ઘણા વધામણા, ઘણા વાજીત્રોના શબ્દો અને ચોતરફ ઉંચા તોરણ અને ધ્વજાથી શણગારેલા નગરમાં મહોત્સવ પૂર્વક જાણે નવા લગ્ન કર્યા હોય તેમ તે રાજા તે વધૂને પોતાના મહેલમાં લાવ્યો. તે જોઇ લોકો બોલવા લાગ્યા કે—"સાકર જેવા પ્રેમથી અને મરચાં જેવા રોષથી જતી રહેલી રાણીને મનાવીને રાજા આજે પોતાના મહેલમાં લઇ જાય છે." આશ્ચર્ય છે કે તે રાણીની આપત્તિ પણ તેણીના માન, પૂજા અને યશને માટે જ થઇ. જેમકે આંબાને વિષે તીવ્ર લૂ પણ કેરીના રૂપ, ગંધ અને રસની લક્ષ્મીને માટે જ થાય છે, અથવા તો લોકોત્તર ચારિત્રવાળાની આપત્તિ પણ સંપત્તિને માટે થાય છે. જેમકે અગ્નિ[1]શૌચ જાતનું વસ્ત્ર અગ્નિમાં નાંખવાથી જ નિર્મળતાને પામે છે. પછી

1 કિનખાબ જેવી જાતનું.

રાજાથી તિરસ્કારને પામેલી કદંબા રાણી ભય પામીને નાસી ગઇ. પ્રાયે કરીને [1]અભ્યાખ્યાનાદિક ઉગ્ર પાપ આ ભવમાં પણ ભોગવવું પડે છે.

ત્યારપછી લીલાવતી રાણી શ્રીપાર્શ્વનાથનું સુવર્ણબિંબ કરાવી તેની હમેશાં પૂજા કરવા પૂર્વક અનુભવેલા પ્રભાવવાળા શ્રી નવકાર મંત્રનો જપ કરવામાં ઉદ્યમવંત થઇ. અણુગળ પાણી, માંસ અને રાત્રિભોજન વિગેરેનો તેણીએ ત્યાગ કર્યો, અને રસવડે લોઢું જેમ સુવર્ણતાને પામે તેમ મંત્રીની પ્રિયાવડે તે જૈનધર્મને પામી. ઘોડેસ્વાર, પદાતિ અને ઘણી સ્ત્રીઓના સમૂહની મધ્યે રહેલી તે રાણી પાંચ પર્વતિથિને દિવસે કાયમ શ્રેષ્ઠ પાલખીમાં બેસી વાગતા વાજિત્રના નાદપૂર્વક ચૈત્યોને વાંદવા જતી હતી. તે વખતે દાસીઓ ચોતરફથી સુવર્ણની સોટીવડે વચ્ચે આવતા મનુષ્યોને હઠાવતી હતી. આ પ્રમાણે તેણીને જૈનધર્મમાં રક્ત થયેલી જોઇ જગતને આનંદ આપનાર રાજાએ તેણીને પૂછ્યું, ત્યારે સર્વ સ્ત્રીઓના અલંકારરૂપ તે લીલાવતી બોલી કે—" હે સ્વામી ! મારૂં અને તમારૂં શ્રેય આ ધર્મથીજ થયું છે, તેથી હું તેની કૃતઘ્ની કેમ થાઉં ? " આ પ્રમાણે તેણીનું વચન સાંભળી હર્ષ પામેલા રાજાએ તેણીને પટ્ટરાણી પદે સ્થાપન કરી.

પેથડના બ્રહ્મચર્યનો સ્વીકાર તથા તેના પ્રભાવના વર્ણનવાળો આ પાંચમો તરંગ પૂર્ણ થયો.

---

1 ખોટું આળ–કલંક.



अथ षष्ठ तरंग.



પછી "બીજ, પાંચમ, આઠમ, અગ્યારશ અને ચૌદશ આ પાંચ તિથિને વિષે જે માણસ સાત વ્યસનમાંથી એક પણ વ્યસનને સેવશે, તેના ધન સહિત પ્રાણોને રાજા અવશ્ય લઇ લેશે." આ પ્રમાણે રાજાએ અવન્તિ દેશમાં ઉદ્ઘોષણાનો પડહ વગડાવ્યો. તથા તે પાંચે તિથિને દિવસે રાજાએ તે વ્યસનોને દૂર કરવાનો આદર કર્યો, તેથી લોકોમાં પણ તેનું ગુપ્ત રીતે સેવન તો દૂર રહો પરંતુ તે સંબંધી વાર્તાનો પણ ત્યાગ થયો.

એકદા પૂર્વદેશનો રહીશ પદ્માકર નામનો એક ધૂર્ત તે માંડવદુર્ગમાં આવ્યો. તે બુદ્ધિરૂપી ચંદ્રિકાના પૂરવડે કપટરૂપી પોયણાને વિકસ્વર કરનાર હતો. તે ફરતો ફરતો એક વાણીયાની દુકાને ગયો. ત્યાંથી તેણે બે રૂપીયાની કીંમત થાય તેટલા ચોખા, દાળ, ઘી વિગેરે ભોજનની સામગ્રી લીધી. પછી કરોટા કુટિલતામાં કુશળ એવો તે બોલ્યો કે—"હે શેઠ! તમારૂં માગતું ધન હમણાં જ હું અપાવું, મારી સાથે તમારા પુત્રને મોકલો." તે સાંભળી તેણે પોતાના પુત્રને તેની સાથે મોકલ્યો. તેને લઇ તે ધૂર્ત દોશી વાણીયાની દુકાને ગયો. ત્યાંથી પણ તે માયાવીએ ઉત્તમ વસ્ત્રો લઇ તે દોશીને કહ્યું કે—"આ મારો પુત્ર અહીં તમારી પાસે બેઠો છે. તેટલામાં હું હમણાં જ મારી સ્ત્રીને આ લુગડાં દેખાડીને આવું છું." આ પ્રમાણે કહી તે બાળકને ત્યાં મૂકી વસ્ત્રોને લઇ ચાલ્યો ગયો. પછી જ્યારે ભોજનનો સમય થયો ત્યારે તે વાણીયાએ પોતાના પુત્રની શોધ કરી, છેવટ તે દોશીની દુકાને બેઠેલો જોયો. તેથી તે

વાણીયાને તે દોશીની સાથે તે પુત્રના સંબંધ મોટો વિવાદ થયો, કે જેમાં સર્વ મનુષ્યો હસવા લાગ્યા.

હવે તે ધૂર્ત રસોઇ કરાવી ભોજન કરી ઉત્તમ વેષ ધારણ કરી **કામકાંતા** નામની વેશ્યાને ઘેર ગયો. ત્યાં ધૂર્તતાથી ઉપાર્જન કરેલાં તે વસ્ત્રો તેણે પ્રસન્ન થઇને વેશ્યાને આપ્યાં. ગાયનો વધ કરી કાગડાને પોષણ કરનાર જેવા તે ધૂર્તને ધિક્કાર છે. જેઓ વેશ્યાઓને વિષે ધર્મનો નાશ કરનાર ધનનો વ્યય કરે છે, તે મૂર્ખજનો સુવર્ણના ભાલાને કાદવમાં નાંખવા જેવું કરે છે. જ્યાંસુધી દાનરૂપી જળની વૃષ્ટિ થાય છે ત્યાંસુધી જ જેઓની કાંઇક આર્દ્રતા રહે છે, તેવી મારવાડ દેશના જેવી વેશ્યાઓને વિષે કોણ બુદ્ધિમાન રાગ (પ્રીતિ) કરે? ધનની પ્રાપ્તિથી વિશ્વાસ પામેલી વેશ્યાએ એકદા મણિ અને મોતીનું જડેલું રાજપુત્રે આપેલું મનોહર સુવર્ણકુંડળ પહેર્યું. જેટલામાં તેજવડે સૂર્યમંડળનો પણ તિરસ્કાર કરનાર તે કુંડળ ધૂર્તે જોયું, તેટલામાં તેને તે લઇ લેવાની ઇચ્છા થઇ. કેમકે જેની જે પ્રકૃતિ હોય તે કેમ જાય? હનુમાન ઐશ્વર્ય પામ્યા છતાં પણ ફળ લેવા માટે ફાળ મારતો હતો. તથા બિલાડો ક્રીડામાં મગ્ન થયો હોય તોપણ ઉંદર દેખે તો તરતજ તેને પકડવા દોડે છે. તેથી તે ધૂર્ત બોલ્યો કે—" હે સારી ભ્રૂકુટિવાળી! એક કુંડળથી બરાબર શોભા આવતી નથી. તેથી તે મને આપ. કે જેથી તેને અનુસારે તેના જ જેવું બીજું કુંડળ હું કરાવી લાવું " તે સાંભળીને વાંદરાને કેરી આપવાની જેમ તે વેશ્યાએ તે કુંડળ તેને આપ્યું. એટલે તે ધૂર્ત તેને લઇને ચાલ્યો. તે ફરીથી ત્યાં આવ્યો જ નહીં.

[illegible] વર્ષાઋતુની જેમ તે [illegible]

ણીના આવવાથી ચૌદશને દિવસે કોઇ વ્યસનવાળો માણસ પણ રાજાના ભયને લીધે દ્યૂતની ક્રીડા કરતો ન હતો. તે નગરમાં ઘણી લક્ષ્મીવાળો શ્રીપાળ નામનો શેઠ દ્યૂત રમવામાં અતિ આસક્ત હતો, તે વૃત્તાંત સાંભળીને તે ધૂર્ત ધનિકનો વેષ લઇ રમવાની ઇચ્છાથી તેને ઘેર ગયો. ત્યાં તેને તે શેઠે આવકાર પૂર્વક આસન આપ્યું, એટલે તેને ધૂર્તે કહ્યું કે—" હે શેઠ ! આજ તમે દ્યૂત કેમ રમતા નથી ? કેમકે આજનો દિવસ સર્વ દ્યૂતના દિવસોમાં નાયક છે." ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે—" તમે કહો છો તે ખોટું નથી, પરંતુ રાજાનો હુકમ ઉલ્લંઘન કરવામાં જેટલો ભય છે તેટલો યમરાજનો પણ ભય નથી." ત્યારે ધૂર્ત બોલ્યો કે—" જો રાજા જાણે તો ભય ખરો, પરંતુ તેવું ગુપ્ત દ્યૂત રમીએ કે રાજા જરા પણ જાણી ન શકે." આ પ્રમાણે કહીને તેણે પણ (શરત) માં મૂકવાનું તે ઉજ્વળ કુંડળ તેને દેખાડ્યું. તે જોઇ તે શેઠે પોતાની પ્રિયા પાસે ચોપાટ, પાસા અને સોગઠા મંગાવ્યાં. રત્નોરૂપી નક્ષત્રોથી શોભતા કુંડળરૂપી ચંદ્રને જોઇ તે શેઠનો લોભરૂપી સમુદ્ર ઉછળવા લાગ્યો—લોભસાગરના કલ્લોલ ઉછળવા લાગ્યા. કહ્યું છે કે—

" निर्दयत्वमहङ्कार–स्तृष्णा कर्कशभाषणम् ।
नीचपात्रप्रियत्वं च, पञ्च श्रीसहचारिणः ॥ १ ॥ "

" નિર્દયતા, અહંકાર, લોભ, કઠોર ભાષણ અને નીચ પાત્રને વિષે પ્રીતિ આ પાંચ લક્ષ્મીના સહચારી છે (જ્યાં લક્ષ્મી હોય ત્યા આ પાંચ દોષ હોય છે.)

ત્યારપછી ઓરડાના દ્વાર બંધ કરીને તેને સાંકળ તથા તાળું વાસી તે બન્ને ચતુર જનો મોટી ઇચ્છાથી પાસે રમવા લાગ્યા. જેમ વાનર એક વૃક્ષથી બીજા વૃક્ષ ઉપર વારંવાર જતવ આવ કરે છે, તેમ કેટલોક વખત જય તે ધૂર્ત અને શ્રેષ્ઠીની વચ્ચે જતવ આવ કરવા લાગ્યો (કોઇ વખત ધૂર્ત અને કોઇ વખત શ્રેષ્ઠી એમ બન્નેનો વચ્ચે વચ્ચે જય થવા લાગ્યો.) પછી શ્રેષ્ઠીનાં નેત્રો વિદ્યાવડે અંધ કરીને તે ધૂર્ત તે ન જાણે તેમ પાસાદિકના કપટવડે વારંવાર જીતવા લાગ્યો. અનુક્રમે તે શ્રેષ્ઠી પોતાનું સર્વ ધન, ધાન્ય અને અલંકારો હારી ગયો. તે વખતે

તેની ભાર્યાએ તેને રમવાનો ઘણો નિષેધ કર્યો, તોપણ તે શેઠ છેવટ પોતાના મહેલને પણમાં મૂકી રમવા લાગ્યો. કહ્યું છે કે—

" मिष्टा रागेषु वैराटी. मिष्टा हारिर्दुरोदरे ।
मिष्टं मोदकं स्नेहे, मिष्टा मारिर्विरोधिनि ॥ २ ॥"

" [illegible] વૈરાટી નામનો રાગ મીઠો લાગે છે, જુગારમાં પરા- [illegible] મીઠું લાગે છે. અને શત્રુપર મારો [illegible]. "

[illegible] હારી ગયો. ત્યારે ધૂર્ત બોલ્યો કે—" [illegible] તમને મારે શી રીતે કહેવાય? [illegible] લાગે તેમ કરો." તે સાંભળી [illegible] તે વખતે જેમ પ્રભાત [illegible] કાંઇપણ લીધા વિના ત્યાંથી [illegible] પ્રિયાને આગળ કરીને કાંઇપણ [illegible] નીકળી ગયો. તે ચિંતા [illegible] રાજહંસના આગમનને [illegible] શબ્દ સાંભળ- [illegible] મંત્રીની પ્રિયાના [illegible] વાદવા માટે [illegible] પોતાની ગાડે [illegible] પોતાના [illegible]

તથા તેને તેજ વર્ષે દુકાળ હોય તો પણ કીટકથી દુષળુ નહીં પામેલું મુષ્ટિના માપવડે ન ભરી શકાય એટલું બધું ઘણું ધાન્ય સુલભ થાય છે. તેમજ બત્રીશ વર્ષની વયવાળી તે લીલાવતી રાણીએ હર્ષથી શ્રી જિનેશ્વરની પાસે સુવર્ણનાં બત્રીશ બીજોરાં પણ મૂકયાં. અરિહંતની પાસે એક પણ ફળ મૂકયું હોય તો તે અનંત ફળને આપનાર થાય છે, તેથી હે ભવ્યો ? જિનેંદ્રની પાસે ભાવથી ઉત્તમ ફળ મૂકો. તથા તે રાણીએ જિનેશ્વરની પાસે એક મૂઠક પ્રમાણ ઘઉંના મધુર, ઘણા ઘીવાળા, મોટા, ઉજ્વળ અને ગોળ લાડુઓનો ઢગલો કર્યો. આ પ્રમાણે વિધિપૂર્વક તે દિવસને કૃતાર્થ કરી તે રાણી ઘોડેસ્વાર, પરિવાર અને વેશ્યાઓ સહિત પોતાના મહેલ તરફ ચાલી.

આ રીતે તે રાણી આવતી હતી તે વખતે તેના અશ્વોની ખરીનો અવાજ તે શેઠે સાંભળ્યો. તરતજ તેને ગયેલી લક્ષ્મીને પાછી વાળવામાં દૂતી સમાન સારી બુદ્ધિ ઉત્પન્ન થઇ, તેટલામાં દેદીપ્યમાન દીવાના પ્રકાશે દેખાડેલી રાણી પણ ત્યાં આવી. તે વખતે તે શેઠને લાંબી સોટીવડે મારવામાં આવ્યો તો પણ તે દૂર ગયો નહીં, અને રાણીને મળ્યો. રાણીએ પોતાનો મીયાનો માણસો પાસે ઉભો રખાવ્યો ત્યારે શ્રીપાળ શેઠ જરા દૂર રહીને તે દયાળુ રાણી પાસે બોલ્યો કે— " હે માતા ! મેં આજે એક અન્યાય કર્યો છે, અને તેનું ફળ પણ હું પામ્યો છું. તે એ કે રાજાએ નિષેધ કરેલું દ્યૂત હું રમ્યો છું અને સર્વ લક્ષ્મી હારી ગયો છું. મારૂં સર્વસ્વ જેણે જીતી લીધું છે તે જુગારી કદાચ પકડાય તો પણ તે પુષ્કળ ધનને લીધે છુટી પણ શકે. પરંતુ હું તો માત્ર બે હાથે જ ઘરમાંથી નીકળી ગયો છું. તેથી જો હું પકડાઉં તો મારી શી ગતિ થાય ? તો મારા " આ એક અપરાધને ક્ષમા કરીને રાજાના ભયથી મને તમે બચાવો. એકવાર પડી ગયેલા દાતને પણ મુખ ફરીથી ગ્રહણ કરે છે. " આ પ્રમાણે તેનું વચન સાંભળી રાણીએ કહ્યુ—" તને અભય હો, તું ભય પામીશ નહીં પરંતુ તે જુગારી કયા છે ? તે તું કહે. " તે બોલ્યો—" મારા મહેલમાં જ તે રહ્યો છે " ત્યારે રાણીએ પોતાના સેવકોને ત્યા મોકલી સુખે સુતેલા એવા તેને બધાવ્યો.

પછી રાણીએ પોતાને ઘેર આવી રાજાને તે સર્વ વૃત્તાત કહી

તથા તેને તેજ વર્ષે દુકાળ હોય તો પણ કીટકથી દુષણ નહીં પામેલું મુષ્ટિના માપવડે ન ભરી શકાય એટલું બધું ઘણું ધાન્ય સુલભ થાય છે. તેમજ બત્રીશ વર્ષની વયવાળી તે લીલાવતી રાણીએ હર્ષથી શ્રી જિનેશ્વરની પાસે સુવર્ણનાં બત્રીશ બીજોરાં પણ મૂક્યાં. અરિહંતની પાસે એક પણ ફળ મૂક્યું હોય તો તે અનંત ફળને આપનાર થાય છે, તેથી હે ભવ્યો ? જિનેંદ્રની પાસે ભાવથી ઉત્તમ ફળ મૂકો. તથા તે રાણીએ જિનેશ્વરની પાસે એક મૂઠક પ્રમાણ ઘઉંના મધુર, ઘણા ઘીવાળા, મોટા, ઉજ્વળ અને ગોળ લાડુઓનો ઢગલો કર્યો. આ પ્રમાણે વિધિપૂર્વક તે દિવસને કૃતાર્થ કરી તે રાણી ઘોડેસ્વાર, પરિવાર અને વેશ્યાઓ સહિત પોતાના મહેલ તરફ ચાલી.

આ રીતે તે રાણી આવતી હતી તે વખતે તેના અશ્વોની ખરીનો અવાજ તે શેઠે સાંભળ્યો. તરતજ તેને ગયેલી લક્ષ્મીને પાછી વાળવામાં દૂતી સમાન સારી બુદ્ધિ ઉત્પન્ન થઇ, તેટલામાં દેદીપ્યમાન દીવાના પ્રકાશે દેખાડેલી રાણી પણ ત્યાં આવી. તે વખતે તે શેઠને લાંબી સોટીવડે મારવામા આવ્યો તો પણ તે દૂર ગયો નહીં, અને રાણીને મળ્યો. રાણીએ પોતાનો મીયાનો માણુસો પાસે ઉભો રખાવ્યો. ત્યારે શ્રીપાળ શેઠ જરા દૂર રહીને તે દયાળુ રાણી પાસે બોલ્યો કે— "હે માતા ! મેં આજે ચંક અન્યાય કર્યો છે, અને તેનું ફળ પણ હું પામ્યો છું. તે એ કે રાજાએ નિષેધ કરેલું દ્યૂત હું રમ્યો છું અને સર્વ લક્ષ્મી હારી ગયો છું. મારૂં સર્વસ્વ જેણે જીતી લીધું છે તે જુગારી કદાચ પકડાય તો પણ તે પુષ્કળ ધનને લીધે છુટી પણ શકે. પરંતુ હું તો માત્ર બે હાથે જ ઘરમાંથી નીકળી ગયો છું. તેથી જો હું પકડાઉં તો મારી શી ગતિ થાય ? તો મારા "આ એક અપરાધને ક્ષમા કરીને રાજાના ભયથી મને તમે બચાવો. એકવાર પડી ગયેલા દાતને પણ મુખ ફરીથી ગ્રહણ કરે છે." આ પ્રમાણે તેનું વચન સાંભળી રાણીએ કહ્યું—" તને અભય હો, તું ભય પામીશ નહીં પરંતુ તે જુગારી ક્યા છે ? તે તું કહે." તે બોલ્યો—" મારા મહેલમાં જ તે રહ્યો છે " ત્યારે રાણીએ પોતાના સેવકોને ત્યા મોકલી સુખે સુતેલા એવા તેને બંધાવ્યો.

પછી રાણીએ પોતાને ઘેર આવી રાજાને તે સર્વ વૃત્તાંત કહી

પણ પર્વના દિવસના વ્યસનના નાશની ક્રાંતિને માટે
કરવા માટે) તે રાજાનું વચન સહન કર્યું (અંગી-

ીની સંમતિ થવાથી રાજાએ જે કર્યું તે કહેવાય
નાયકરૂપ કોગડીઓનો મોટો હાર જાણે કે દુર્ગ-
ારચ્યો હોય તેમ તે શેઠના કંઠમાં સ્થાપન કરા-
:ીજો જે ધૂર્ત હતો તેને ખરાબ વેષ પહેરાવીને
ાવ્યો, તે જાણે સાતમી નરક તરફ પ્રયાણ કરવાને
ા તેમ શોભતો હતો. શ્રેષ્ઠીને પગે ચલાવ્યો અને તે
બેસાડ્યો, તેમની આગળ ત્રાડુકા નાંખતા બિલાડા
ા કાહલ નામના વિરસ વાજિત્રના શબ્દ કરાવ્યા).
કોકો જોઇ શકે તેમ નગરના દરેક માર્ગમાં રાજાએ
ા. પછી શ્રેષ્ઠીની કુલ જેટલી સમૃદ્ધિ હતી તેમાંથી
ના દંડ તરીકે લીધી, અને તે ધૂર્તનું નાક કાપી
ર્યો. ' પુરૂષની ફજેતી કરનાર ધૂર્તને ધિક્કાર છે '

व्यसणेण य, दासीमंगेण धुत्तमित्तेण ।
अगुलि सो, अवमाणे ओ न हु विगुत्तो ॥५॥"

[illegible]

[illegible]

' પર્વને વિષે કોઇ મનુષ્ય [illegible]

તે બન્ને જુગારીને સોંપી કહ્યું કે—" હે સ્વામી ! આજ તો આ બન્નેને આપ છોડી મૂકો. પ્રથમ તો આ શેઠે આલોયણા લેનારની જેમ યથાર્થપણે પોતે કરેલા દુષ્કૃતને પોતે જ કહી આપ્યું છે. તેથી તે આરાધક છે માટે તેને દંડ કરવો કેમ ઉચિત હોય ? તથા હું તમારી દાસી છું તેથી મારાપર કૃપા કરીને આ બીજા રંક જેવાને પણ આપ મુકી દ્યો. આના દંડથી ઉત્પન્ન થતા પાપવડે મારો આત્મા નરકનો અતિથિ ન થાઓ. " તે સાંભળી ક્રોધથી રાતા નેત્રવાળા થયેલા રાજાએ કહ્યું કે—" હે દેવી ! આમને માટે તું વધારે ન બોલ. મારી આજ્ઞાનો ભંગ કરવાથી શત્રુની ક્રિયાને લાયક થયેલા આ [illegible] પણ હું છોડવાનો નથી. " કહ્યું છે કે—

" आज्ञाभङ्गो नरेन्द्राणां, वृत्तिच्छेदो द्विजन्मनाम् ।
पृथक्शय्या च नारीणा-मशस्त्रवध उच्यते ॥३॥

[illegible] આજ્ઞાનો ભંગ કરવો, બ્રાહ્મણોની આજીવિકાનો નાશ કરવો [illegible] તેમનો શસ્ત્ર રહિત વધ કહેલો છે."

આ પ્રમાણે તે બન્નેના અશુભમાં જ દૃઢ ચિત્તવાળા રાજાને [illegible] હૃદયમાં [illegible] પાણી [illegible] કરીને ગઈ. [illegible] સ્નાન ન કર્યા ત્યારે કામદેવથી [illegible] તેણીની પાસે આવ્યો. કહ્યું છે કે—

" [illegible] ।
[illegible] ॥ "

[illegible]

સાંભળી રાણીએ પણ પર્વના દિવસના વ્યસનના નાશની કાંતિને માટે (નિર્મૂળ નાશ કરવા માટે) તે રાજાનું વચન સહન કર્યું (અંગીકાર કર્યું.)

હવે રાણીની સંમતિ થવાથી રાજાએ જે કર્યું તે કહેવાય છે.—ચોપાટના નાયકરૂપ સોગઠીઓનો મોટો હાર જાણે કે દુર્ગતિરૂપ સ્ત્રીએ આપ્યો હોય તેમ તે શેઠના કંઠમાં સ્થાપન કરાવ્યો-પહેરાવ્યો. બીજો જે ધૂર્ત હતો તેને ખરાબ વેષ પહેરાવીને ગધેડા ઉપર ચડાવ્યો, તે જાણે સાતમી નરક તરફ પ્રયાણ કરવાને તૈયાર થયો હોય તેમ શોભતો હતો. શ્રેષ્ઠીને પગે ચલાવ્યો અને તે ધૂર્તને ગધેડાપર બેસાડ્યો, તેમની આગળ ત્રાડુકા નાંખતા ભિલાડા ચલાવ્યા (અથવા કાહલ નામના વિરસ વાજિંત્રના શબ્દ કરાવ્યા). આ રીતે લાખો લોકો જોઇ શકે તેમ નગરના દરેક માર્ગમાં રાજાએ તે બન્નેને ફેરવ્યા. પછી શ્રેષ્ઠીની કુલ જેટલી સમૃદ્ધિ હતી તેમાંથી અર્ધી સમૃદ્ધિ તેના દંડ તરીકે લીધી, અને તે ધૂર્તનું નાક કાપી તેને દેશનિકાલ કર્યો. ' પુરૂષની ફજેતી કરનાર ધૂતને ધિક્કાર છે ' કહ્યું છે કે—

" जूएण जुव्वणेण य, दासीसंगेण धुत्तमित्तेण ।
उब्भेउ अंगुलिं सो, अवसाणे जो न हु विगुत्तो ॥४॥"

" જે માણસ ઘૂત રમવાથી, યૌવનનો મદ કરવાથી, દાસીનો સંગ કરવાથી, કે ધૂર્તની મિત્રાઈ કરવાથી પરિણામે વગોવાણો ન હોય-ફજેત થયો ન હોય (એવો કોઈ પણ પુરૂષ હોય તો) તે પોતાની આગળી ઉંચી કરો (જાહેર થાઓ. અર્થાત્ એવો કોઈ દુનિયામાં હોય જ નહીં)."

પછી તે ધૂર્ત પાસેથી મળેલું તે કુંડળ રાજાએ રાણીને આપ્યું. રાણીએ તેના જેવું બીજું કરાવી તે બન્ને પ્રથમિણીને આપ્યાં, અને તેણીએ જિનેશ્વરની પ્રતિમાને પહેરાવ્યાં. સુવર્ણથી મઢેલો પથ્થર પણ સ્ત્રીઓને વહાલો હોય છે, તે વાત સત્ય છે, પરંતુ સુવર્ણ વિના જ અલંકારરૂપ ગુણોને વિષે જ આદર કરવો ઉચિત છે.

ત્યારપછી ' પર્વને વિષે કોઇ મનુષ્ય ગુપ્તપણે વ્યસનની સેવા

[illegible]

[illegible] તેમને [illegible] આગળના [illegible] [illegible] [illegible] નગરને [illegible] [illegible] [illegible] [illegible] સ્વામી ! [illegible] અપૂર્વ (નવીન) [illegible] [illegible] [illegible] [illegible] તેથી હે પૃથ્વીપતિ ! અમને બીજા કોઈ પણ સારા સ્થાનને વિષે આશ્રય કરો; પરંતુ ચોરથી અને નગરથી નિર્ધન થયેલા અમે અહીં રહી શકશું નહીં." આવું તેમનું વચન સાંભળી રાજાએ આરક્ષકને બોલાવી તેને કોપથી કહ્યું કે—" અરે અધમ ! મારો પગાર ખાઈને આખી રાત્રી સુખે સુઈ રહે છે ? કે જેથી મારો પ્રાણપ્રિય સર્વ મહાજન કાષ્ઠને વિષે રહેલા ઘુણ જાતિના જીવડાના ન્યાયથી (જીવડાની જેવા) ચોર વડે દિવસે દિવસે નિસ્સાર કરાય છે." તે સાંભળી નગરના આરક્ષકે કહ્યું કે—" હે દેવ ! આખી રાત્રિ હું ચૌટા વિગેરે સર્વ સ્થાને જોઉં છું, તો પણ તે ચોરને હું જોઈ શકયો નથી." ત્યારે રાજાએ કહ્યું કે—" આટલો કાળ પગાર ખાઈને હવે આજે ' હું શું કરૂં ? ' એવા શબ્દ બોલવાથી તું છુટી શકશે નહીં, જો તારે જીવવાની ઇચ્છા હોય તો તે ચોરને પકડ." આ પ્રમાણે રાજાનું વચન સાંભળી પાસે બેઠેલા ગોગાદે ઇર્ષ્યાથી કહ્યું કે—" હે સ્વામી ! પર્વતિથિને વિષે પણ ચોરી થાય છે, તેથી આ આરક્ષકને ઝાંઝણ પણ સહાયક થઈ શકશે." આવી તેની વાણી સાંભળી રાજાએ ઝાંઝણને પણ બોલાવીને કહ્યું કે—" તમે બન્ને થઈને આપણા આ નગરને સર્વથા

ચોરના ઉપદ્રવ રહિત કરો." ત્યારે ઝાંઝણ બોલ્યો કે—"હે સ્વામી! આવા અલ્પ કાર્ય માટે બે જણાનો પ્રયાસ શા માટે જોઇએ? અમારા બેમાંથી એક જ આપના આદેશરૂપ સહાયથી આ કાર્ય કરી શકશે." આવું તેનું વચન સાંભળી તેને ઉદ્યમી જાણી રાજાએ તેને જ આદેશ આપ્યો. ત્યારે તે મહા બળવાન ઝાંઝણ બોલ્યો કે—"હે સ્વામી! જો સાત દિવસમાં તે ચોરને હું ન પકડું તો તેને સ્થાને મારો દંડ કરવો." આ પ્રમાણે તેણે પ્રતિજ્ઞા કરી ત્યારે રાજાએ તેનો સત્કાર કરી મહાજનને આશ્વાસન સહિત રજા આપી.

ત્યારપછી ઝાંઝણે ચોરને પકડવાનો ઉદ્યમ શરૂ કર્યો. મહા શૂરવીર યોદ્ધાઓ સહિત અને દીવા સહિત તે ઝાંઝણ રાત્રિએ દરેક માર્ગ, દરેક દુકાન અને દરેક ઘરને જોતો જોતો ભમવા લાગ્યો; પરંતુ પુણ્ય રહિત પુરૂષ જેમ ધનને ન પામે તેમ તે સાહસિક ચોરને પામ્યો નહીં. આ રીતે વ્યગ્રપણાથી તેના ક્ષણોની જેમ તેના ૭ દિવસો વ્યતીત થયા. રાજાના આદેશના દિવસથી તે ચોરોએ પ્રથમ સાત દિવસની ગણતરી કરી, અને તે સાત દિવસમાં તેઓએ પકડાવાની શંકા થવાથી ચોરીનું કામ કર્યું જ નહીં. પછી તેમની ગણતરી પ્રમાણે (એક દિવસ વહેલો ગણવાથી) આઠમો દિવસ આવ્યો ત્યારે શંકા રહિત થયેલા તે ત્રણે અર્ધ રાત્રિને સમયે ગાઢ અંધકાર થયો ત્યારે જુદા જુદા માર્ગથી તે નગરીના ચૌટામાં આવ્યા—ભેગા થયા. તે પોતાની પ્રતિજ્ઞાના [1]દિવસથી સાતમે દિવસે નિર્ભય એવો તે ઝાંઝણ એકલો જ ચોરનો વેષ ધારણ કરી ત્યાં જ આવ્યો. તે ત્રણેને ચોર જેવા જોઇ ઝાંઝણે તેમની સામે ચોરની સંજ્ઞા કરી, તે જાણી તેમણે પણ તેની સામે ચોરની સંજ્ઞા કરી. એટલે તે બુદ્ધિમાન ઝાંઝણે તેમને એકઠા મળ્યા ત્યારે પૂછ્યું કે—"તમારી કેવી કેવી શક્તિ છે?" ત્યારે તેઓ બોલ્યા કે—"અમારામાંથી એક જણ શકુન શાસ્ત્રથી સર્વ શુભાશુભ જાણે છે, બીજો પથ્થરથી તાળાં તોડે છે, અને ત્રીજો એકજ વાર સ્ત્રી કે પુરૂષના શબ્દ સાંભળવાથી પછી કોઇ પણ વખત તેને શબ્દથી જ

[1] રાજાએ જે દિવસે તેને આદેશ આપ્યો તેને બીજે દિવસથી તેની પ્રતિજ્ઞા ગણી નથી.

ઓળખી શકે છે." આ પ્રમાણે તે ત્રણેએ પોતપોતાની શકિત કહીને તેને પૂછ્યું કે—"તારામાં શી શકિત છે ? તે તું અમને કહે." ત્યારે તે શ્લેષવાળું (મિશ્ર) વચન બોલ્યો કે—"કોઇ યોગી ગુરૂએ મને કરૂણા નામની ઔષધી આપી છે, તેનો પ્રભાવ એવો છે કે હું જે ચોરોની સાથે હોઉં તેઓ કદાપિ વધને પામે નહીં. તેથી આજે આપણે ઘણી સમૃદ્ધિવાળા રાજાના મહેલમાં જ પ્રવેશ કરીએ. કારણ કે, મોતીનો સમુદ્ર છોડીને ચણોઠીના ઢગલામાં કોણ હાથ નાંખે ?" તે સાંભળી તેઓ હર્ષ પામી જેટલામાં તેની સાથે રાજમહેલ તરફ ચાલ્યા. તેટલામાં ડાબી દિશામા રહેલી શીયાળે શબ્દ કર્યો, તે સાંભળી તે શકુન જાણનાર ચોર બોલ્યો કે—"આ શકુનવડે આપણે અમૂલ્ય મણિઓ પામશું, પરંતુ તે એક દિવસ પણ આપણી પાસે રહેશે નહીં." તે સાંભળી બ્રાહ્મણ બોલ્યો કે—"જો એમ હોય તો આપણે મણિઓને તજીને રેશમી વસ્ત્રો અને સુવર્ણ વિગેરે બીજી અમૂલ્ય વસ્તુ લેશું. તે રાજમહેલ તો સર્વ વસ્તુની ખાણ છે." એમ કહી તે મંત્રીપુત્ર [illegible] રાજમહેલમાં લઇ ગયો. ત્યાં એક ખજાનાના ઘરમાં [illegible] તે [illegible] નિર્ભયપણે પેઠા. તેટલામાં ભૈરવી નામના પક્ષીનો સ્વર સાંભળી તે શકુનજ્ઞાની બોલ્યો કે—"અરે ! અહીં [illegible] માટે [illegible] અહીં વિલંબ કરવો [illegible] કહ્યું છે કે—

"[illegible] [illegible]
[illegible] ॥ ૬ ॥

[illegible]

ત્યાં તેણે ખોટી પ્રીતિથી તેમને પૂછયું કે–" હવે આપણે અહીંથી જુદા પડીએ છીયે, માટે કહો કે આપણે ફરી પ્રેમપૂર્વક ક્યાં મળશું ?" ત્યારે વિશ્વાસ પામેલા તેઓ બોલ્યા કે–" પ્રાતઃકાળે માણેકચોકની પાસે હાથમાં બીજોરાનું ફળ રાખીને જેઓ આવે, તે અમે જ છીએ એમ જાણવું. માટે હે ચોર ! તું પણ ત્યાં આવજે." આ પ્રમાણે વાત કરીને તે ચારે ચોરો પરલોકમાં જતા જંતુઓની જેમ જુદે જુદે માર્ગે ગયા. જાણે નિધિ પ્રાપ્ત થયો હોય તેમ ચોરની પ્રાપ્તિથી હર્ષ પામેલો આંઝણ પણ પોતાને ઘેર ગયો.

પ્રાતઃકાળ થતાં પૃથ્વીધર મંત્રીએ આવીને જોયું તો લક્ષ્મીના ઘરનું તાળું ભાંગેલું તથા તેમાંથી રત્નોની ચાર પેટી ચોરાયેલી જાણી. તત્કાળ તે વાત રાજાને જણાવી. તે સાંભળી રાજા જાણે ભયંકર યમરાજ હોય તેમ અત્યંત ક્રોધ પામ્યો, અને તે મંત્રીપુત્રને તત્કાળ સભામાં બોલાવ્યો. કેમકે રાજાઓ કોઇને પોતાના થતા જ નથી. શું બિંદુસાર રાજાએ ચાણુક્ય મંત્રીનું અપમાન નહોતું કર્યું ? તેજ પ્રમાણે નંદ રાજાએ શકડાલ મંત્રીનું અને ભીમ રાજાએ શ્રીવિમલ મંત્રીનું અપમાન નહોતું કર્યું ? તે વખતે સભામાં રહેલા સત્પુરૂષોએ હૃદયમાં ખેદ ધારણ કર્યો, અને અસત્પુરૂષોએ આનંદ ધારણ કર્યો. તથા તેના પિતાએ (પૃથ્વીધર મંત્રીએ) પુત્રે કરેલી પ્રતિજ્ઞાનો વિપર્યાસ (ભંગ) માન્યો.

અહીં પ્રાતઃકાળે આંઝણે ઉભા થઇ શસ્ત્રધારી પોતાના પુરૂષોને કહ્યું કે—માણેકચોકની પાસે જે ત્રણ પુરૂષોના હાથમાં બીજોરાનાં ફળ હોય તેમને બાંધીને લાવો." એમ કહી તેમને ચોટામાં મોકલ્યા. તે પુરૂષો માણેકચોકમાં ગયા, ત્યાં વેપારીઓના વેષવાળા તેમને જોઇ બીજોરાની નીશાનીથી ઓળખી હાથ પાછળ રાખી પાંચમોટીએ બાંધી મંત્રીપુત્રની પાસે લઇ ગયા. કૌતુક જોવાને એકઠા મળેલા પૌરજનોએ વીંટાયેલા તે ચોરોને તે ધન્ય (પુણ્યશાળી) આરક્ષક રાજાની પાસે લઇ ગયો, અને તેણે રાજાને કહ્યું કે—" હે સૂર્ય સમાન પ્રતાપવાળા સ્વામી ! જેમ પ્રાણીઓને રાગ, દ્વેષ અને મોહ લુટે છે, તેમ પૌરજનોને આ ત્રણ ચોરો લુટે છે, હવે આપની ઇચ્છા હોય તેમ કરો." આ

પ્રમાણે તેણે કહ્યું ત્યારે રાજાએ તેમને પેટીઓ ચોર્યાનું પૂછ્યું, પરંતુ તેઓ કોઈપણ પ્રકારે માન્યા નહીં. કેમકે ચોરો અસત્યરૂપી વેલડીના કંદરૂપ હોય છે. કહ્યું છે કે—

"चौरेष्वङ्कुरिता समुत्सृतदला वैश्येषु वेश्याजने,
सम्यक् पल्लविता गता जरठतां द्यूतप्रियेषु द्रुतम् ।
वार्ताजीविषु पुष्पिताऽथ कथकालापेषु सच्छायता–
मेत्यामत्यलता समुद्गतफलाभोगा नियोगिष्वभूत् ॥७॥"

"અસત્યરૂપી લતા ચોરોને વિષે અંકુરવાળી થઈ છે, વેપારીઓને વિષે પ્રસરેલા પત્રવાળી થઈ છે. વેશ્યાઓને વિષે સારી રીતે પલ્લવવાળી થઈ છે, જુગારીઓને વિષે પ્રૌઢપણાને પામી છે, વાતો કરીને જીવનારાને વિષે પુષ્પવાળી થઈ છે, કથા (વ્યાખ્યાન) કરનારાઓને વિષે ગાઢ છાયાવાળી થઈ છે. અને રાજાના અધિકારીઓને વિષે ફળના વિસ્તારને ઉત્પન્ન કરનારી થઈ છે."

જ્યારે તે ચોરો જરાપણ માન્યા નહીં, ત્યારે ઝાંઝણે તેમને કહ્યું કે—"અરે! તમે કેમ સાચું માની જતા નથી?" તે સાંભળી [illegible] જે શકુનના જ્ઞાનવાળો હતો તેણે તે ઝાંઝણને ચોથા તરીકે [illegible]. તે વાત તેણે બીજા બે ચોરને કહી ત્યારે તેઓ પેટીઓ [illegible] એમ માન્યા. તે વખતે રાજાના હુકમથી તે પેટીઓ (ત્રણ) [illegible] 'તે ચોથી પેટી ક્યાં છે?' એમ રાજાએ [illegible] પૂછ્યું ત્યારે એક તરફ વાઘ અને એક તરફ નદી આવેલી [illegible] તેઓ કાંઈ પણ બોલ્યા નહીં. [illegible] કહ્યું કે—"હે દેવ તે ચોથી પેટી આપના ખજાનામાં [illegible]

[illegible]

બુદ્ધિ, સુખ અને સમૃદ્ધિ એ સર્વ પ્રાણીઓને જીવતદાન આપવાથી પ્રાપ્ત થાય છે." આવું તેનું વચન સાંભળી રાજા ક્રોધ પામ્યો હતો, તાપણ બીજાઓએ આપવાનો નિષેધ કર્યો તોપણ રાજાએ તેમને આંઝણને આપ્યા. કેમકે બુદ્ધિમાન પુરૂષો (રાજાઓ) જે પુરૂષ કાર્ય કરવામાં સમર્થ હોય તેને ઓળંગતા નથી. (તેની પ્રાર્થનાનો ભંગ કરતા નથી–તેનું અપમાન કરતા નથી.) કદાચ કાર્ય કરનાર પુરૂષે અપરાધ કર્યો હોય તોપણ બુદ્ધિમાન પુરૂષો ઉલટો તેનો અનુનય કરે છે–તેને માન આપે છે. જેમકે અગ્નિએ સર્વસ્વ બાળી નાંખ્યું હોય તોપણ તેને ફરીથી ઘરમાં લવાય જ છે.

પછી તે ત્રણે ચોરોને પોતાને ઘેર લઇ જઇ આંઝણે તેમને ચોરીના કામથી નિવૃત્ત કરી પોતાના ખાનગી માન્ય સેવકો કર્યા. કેમકે ચંદન અંગના તાપને હરણ કરી તેને સુગંધી બનાવે છે જ. આ વૃત્તાંત જાણી રાજા વિગેરે સર્વ સજ્જનોએ તે આંઝણની પ્રતિજ્ઞા સાહસ (પરાક્રમ), બુદ્ધિ, રાજભક્તિ અને કૃપાળુતા આ સર્વની પ્રશંસા કરી.

પછી તુષ્ટમાન થયેલા રાજાએ તે આંઝણને ત્રણ વાર વસ્ત્ર અને આભરણોવડે વિભૂષિત કર્યો, તથા સુવર્ણના મીયાન (મ્યાન) અને રત્નોની રચનાવડે રમણીય પોતાનું ખડ્ગ પણ તેને આપ્યું. આ પ્રમાણે પૃથ્વીના અલંકારરૂપ પૃથ્વીધર મંત્રીએ પાંચ પર્વ તિથિએ સાત દ્યૂતાદિક વ્યસનોનો નાશ કરી સંપૂર્ણ પુણ્ય ઉપાર્જન કર્યું.

પેથડે પાંચ પર્વ તિથિએ સાતે વ્યસનનો નિષેધ કરાવ્યો એ વિગેરે વૃત્તાંતને કહેનાર આ છઠ્ઠો તરંગ સમાપ્ત થયો.

ત્યાં કેટલાક દિવસ રહીને પછી તે રૈવતાચળ (ગિરનાર) ની તળેટીએ ગયો. તે વખતે ત્યાં પહેલેથી આવેલો દિગંબરનો સંઘ પણ હતો. હવે બીજે દિવસે જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે વાજીંત્રોના નાદ પૂર્વક તે પુણ્યવંત પેથડ મંત્રી સંઘ સહિત રૈવતાચળ ઉપર ચડવા લાગ્યો. એટલામાં યોગિનીપુરનો રહેવાશી અગરવાલ નામના કુળમાં ઉત્પન્ન થયેલો અલાઉદ્દીન બાદશાહનો માનીતો પૂર્ણ નામનો દિગંબર મતનો ધનિક શસ્ત્રધારી સેવકો સહિત સંઘપતિ થઈને આવ્યો હતો. તેણે ગર્વથી અંધ બની ત્યાં આવી નેમિનાથ જિનેશ્વરની આજ્ઞા આપી (રૈવતાચળ પર ચડવાનો નિષેધ કર્યો). તે વખતે પ્રધાન પેથડ સર્વે જનો કે જેઓ જ્યાં હતા તેજ ઠેકાણે સ્થિર થઈને ઉભા રહ્યા. કેમકે સંઘ, દેવ, ગુરૂ અને રાજાની આજ્ઞા ઉલ્લંઘવા લાયક નથી. તે વખતે પૃથ્વીધરે તેને કારણ પુછયું ત્યારે તેણે કહ્યું કે—"આ તીર્થ અમારૂં દિગંબરનું છે, તેમ જ અમે અહીં પહેલાં આવ્યા છીએ, તેથી અમે પહેલાં ચઢીશું." મંત્રીએ કહ્યું કે—"આ તીર્થ અમારૂં છે એમ અમે કહીએ છીએ, અને તમે પણ અમારૂં તીર્થ છે એમ કહો છો માટે આમાં શો હેતુ છે ? તે કહો." ત્યારે તે બોલ્યો કે—" શ્રી નેમિનાથની પ્રતિમાને વિષે કટીસૂત્ર (કંદોરો) અથવા અંચલિકા પ્રગટ દેખાય તો સંસારની પીડાને હરણ કરનાર આ તીર્થ તમારૂં છે એમ જ કહેવાય ? વળી આ જીનેશ્વર તેના શરીર ઉપર અન્ય આકૃતિઓ પહેરાવેલાં આભરણોને સહન કરતા નથી, તેથી આ તીર્થ દિગંબરનું છે, પણ શ્વેતાંબરોનું નથી, એ વાત સંદેહ રહિત જ છે." આ પ્રમાણે તેનું વચન સાંભળી હૃદયને વિષે અદ્ભુત ક્રોધ ને કરનાર પેથડ મંત્રીએ કહ્યું કે—"શું [illegible] જિનેશ્વરોની જે પ્રતિમાઓ છે તે [illegible] અને અંચલિકા રહિત નથી ? પરંતુ તે જાણતો નથી. વળી તેં કહ્યું કે—આ જીનેશ્વર આભરણોના સમૂહને સહન કરતા નથી, તે તેં કેમ જાણ્યું—આ જીનેશ્વરનું દેહ [illegible] સુધી [illegible] તેથી તેને આભૂષણોની શી જરૂર છે ? [illegible] ઉપર [illegible] અને [illegible] જરૂર નહીં, તેમ [illegible] અતિશ-

યક દેવ આભૂષણ રહિતજ છે. અથવા તો આ તીર્થ તમારૂં હોય તો ચોતરફ પર્વતોના સમૂહને ધારણ કરનાર આ ગિરિરાજ ઉપર મહાદેવ વિગેરે દેવતાઓની આરાધના કરનાર મનુષ્યો પણ આવે છે અને તેમનાં સ્થાપન કરેલાં મહાદેવનાં ઘણાં લિંગો છે, તે કેમ સંભવે ? ” આવી અનેક યુક્તિઓવડે તે બન્ને સંઘપતિઓ વિવાદ કરવા લાગ્યા તે વખતે ચતુરાઈવાળા અને વિચારવાળા બે પ્રકારના વૃદ્ધો તેમનો વિવાદ દૂર કરવા બોલ્યાઃ કહ્યું છે કે—

“ હે વાર્ધક[1] ! આજે દેવયોગે તારૂં આગમન થયું તે ઘણું સારૂં થયું. ઘણે કાળે પૂર્ણ આયુષ્યવાળો પુરૂષ જ તને દેખી શકે છે. તારા સંગથી કેવળ વાળ જ શ્વેત થાય છે એમ નથી; પરંતુ બુદ્ધિ પણ ઉજ્વળ થાય છે, દુર્લભ વૈરાગ્ય પણ સુલભ થાય છે. સજ્જનોને વિષે માન્યતા થાય છે, અને પુણ્યકાર્યમાં મતિ પ્રવર્તે છે. ઈત્યાદિક તારા કેટલા ગુણો અમે કહી શકીએ ? ”

“ તમો બન્ને સંઘપતિઓ વાદનો ત્યાગ કરી એક સાથે જ આ ગિરિપર ચડો. પછી ઈંદ્રમાળ પહેરવાને વખતે જે વધારે ધન બોલે તેનું આ તીર્થ સમજવું. કેમકે ક્ષત્રિયો શસ્ત્રથી યુદ્ધ કરે છે, પંડિતો શાસ્ત્રથી યુદ્ધ કરે છે, વેપારીઓ પૈસાથી કલહ કરે છે, હલકા માણસો હાથવડે કલહ કરે છે, સ્ત્રીઓ ગાળોવડે કલહ કરે છે, અને પશુઓ શીંગડાંવડે કલહ કરે છે, માટે આપણો કલહ ધનથી જ હોઈ શકે છે. ” આ પ્રમાણે વૃદ્ધોએ કરેલી વ્યવસ્થાને તે બન્નેએ અંગીકાર કરી પછી તીર્થને પોતાનું કરવા ઉદ્યમવાળા થઈ તે બન્ને સંઘ સહિત રૈવતાચળ ઉપર ચડયા. સર્વ લોકો રોમાંચ સહિત થઈ હર્ષવડે શ્રીનેમિનાથને નમ્યા, અને સ્નાત્ર, પૂજા, ધ્વજારોપણ, નૃત્ય અને સ્તુતિ વિગેરે અનેક પ્રકારની ભક્તિ કરવા લાગ્યા.

પછી ઈંદ્રમાળ પહેરવાને સમયે સર્વ સંઘના લોકો કૌતુકવાળા થયા. તે વખતે નેમિનાથની ડાબી બાજુએ સંઘપતિ (પૂર્ણ) ઉભો રહ્યો અને મંત્રી (પેથડ) જમણી બાજુ ઉભો રહ્યો. આ પ્રમાણે તે બન્નેની સ્થિતિ જ પ્રથમ તો જય અને પરાજયને પ્રગટ કરતી

[1] વૃદ્ધાવસ્થા.

હતી. કેમકે શ્રીનેમિનાથનો જમણો હાથ જે તરફ હોય તેનો જ જય થાય છે. ત્યારપછી તીર્થને સ્વકીય કરવામાં વ્યાકુળ હૃદયવાળા તે બન્ને અનુક્રમે સોનામહોરો, તે પછી સુવર્ણના શેરના પ્રમાણો અને ત્યારપછી સોનાની ઘડીઓ બોલવા લાગ્યા. તેમાં પેથડ મંત્રીએ ઇંદ્રમાળને માટે સુવર્ણની પાંચ ઘડી કહી, ત્યારે તેણે (દિગંબરી પૂર્ણે) છ ઘડી કહી. ત્યાર પછી તે બન્ને સાત ઘડી, આઠ ઘડી ઇત્યાદિક અનુક્રમે કહેવા લાગ્યા. છેવટ તે વખતે તત્કાળ પૂર્ણે સોળ ઘડી સુવર્ણ આપવાનું કહ્યું, અને આઠ દિવસની મુદત માગી તે સુવર્ણ એકઠું કરવા ગયો. તે વખતે મંત્રીએ પણ દશ દિવસની મુદત કહીને સુવર્ણ લાવવા માટે એક ઘડીમાં એક યોજન ચાલે એવી શીઘ્ર ગતિવાળી ઉંટડીને તેણે માંડવગઢ મોકલી.

પૂર્ણ નામના દિગંબર સંઘપતિએ સંઘના સર્વ લોકો પાસે જેટલું હોય તેટલું સુવર્ણ માગ્યું ત્યારે લોકોએ કડાં, સોનામહોર વિગેરે પોતપોતાનું સર્વ ધન આપ્યું. તે અને પોતાનું સર્વ એકત્ર કર્યું ત્યારે કુલ અઠ્ઠાવીશ ઘડી સુવર્ણ થયું. પછી જ્યારે ફરીથી ઇંદ્રમાળને માટે વાદ થયો ત્યારે તે પૂર્ણ અઠાવીશ ઘડી સુવર્ણ બોલ્યો, તે સાંભળી પેથડ મંત્રીએ છપ્પન ઘડી સુવર્ણ કહ્યું. જે માણસ હજાર યોજન, લાખ શ્લોક અને કરોડ રૂપીયાવડે પાછળ રહી ગયો હોય તે માણસ જેમ આગળના માણસ સાથે કોઇ પ્રકારે મળી શકતો નથી, તેમ આ પૂર્ણ સંઘપતિ પેથડ મંત્રીથી ઘણો પાછળ રહી ગયો તેથી તે તેને મળવા શક્તિમાન થયો નહીં. તે પૂર્ણે એકાંતમાં પોતાના સકળ સંઘને પૂછ્યું કે—"તમે કોઇ આનાથી અધિક થઇ શકશો?" ત્યારે તેઓ બોલ્યા કે અમારી શક્તિ નથી. જો તમારી શક્તિ હોય તો જ તમે કરજો. અમારા સર્વ બળદો, ગાડાંઓ અને મનુષ્યોને વેચીએ તોપણ તેટલું સુવર્ણ થઇ શકે તેમ નથી, તો તેથી અધિકની તો શી વાત કરવી! જુંગારીની જેમ સર્વસ્વ ગુમાવીને તીર્થ વાળવામાં શું વળ્યું છે? આ ગિરિરાજને સાથે લઇને આપણે કાંઇ ઘેર જવાના નથી." આ પ્રમાણે પોતાના સંઘનું વચન સાંભળીને શ્યામ મુખવાળા તે સંઘપતિએ મંત્રીને કહ્યું કે—" તમે જ ઇંદ્રમાળ પહેરો." આ વખતે જયની જાણે ઝરેલો સર્વ લોક દિવસે કમળના સમૂહની જેમ

ઉલ્લાસ પામ્યો, અને તે જ કમળનો સમૂહ રાત્રે જેમ સંકોચ પામે છે તેમ ડાબી બાજુનો સર્વ લોક સંકોચને (ગ્લાનિને) પામ્યો. પછી છપ્પન દિક્કુમારીઓની સુવર્ણમય ઘડીની સદૃશ જેનો તેજનો સમૂહ શોભતો હતો, એવા તે મંત્રીએ છપ્પન ઘડીવડે ઇંદ્રમાળ ધારણ કરી (પહેરી). પછી શ્રેષ્ઠ વાજિત્રના શબ્દ પૂર્વક મોટા ઉત્સવવડે સંસારથી રક્ષણ કરનાર એવી આરતી ઉતારી સર્વ લોકોને ઉચિત દાન આપી લાખો માણસો સહિત તે મંત્રીશ્વર પોતાને સ્થાને (ઉતારે) આવ્યો.

આ પ્રમાણે તે પૃથ્વીધર મંત્રી તે તીર્થ પોતાનું કરી તે ગિરિરાજપરથી નીચે ઉતર્યો. કેમકે છતી શક્તિએ (શક્તિ હોય તો) બીજાએ ગ્રહણ કરેલા તીર્થની ઉપેક્ષા કરવી ઉચિત નથી. આ બાબત ઉપર **સિદ્ધસેન**નું દૃષ્ટાંત છે. તેમણે સ્તુતિવડે કરીને મહાદેવના લિંગનું વિદારણ કર્યું હતું, તથા **બપ્પભટ્ટિએ** બાળકના મુખકમળવડે અંબા દેવીને કહ્યું હતું.

"હું દેવનું દ્રવ્ય આપ્યા પછીજ ભોજન કરીશ." એવો મંત્રીએ અભિગ્રહ કર્યો, તેથી તે દિવસે તેને ઉપવાસ થયો, ધર્મકાર્યના આરંભમાં, વ્યાધિના વિનાશમાં અને વૈભવની પ્રાપ્તિમાં જો વિલંબ કરવામાં આવે તો તે શુભકારક નથી, તેમ દેવદ્રવ્ય આપવામાં પણ વિલંબ કરવો શુભકારક નથી. કહ્યું છે કે—

"आयाणं जो भंजइ, पडिवन्नधणं न देइ देवस्स ।
नस्संतं समुविक्खइ, सो वि हु परिभमइ संसारे ॥ ३ ॥"

"દેવદ્રવ્યની આવકને જે ભાંગે, અંગીકાર કરેલું દેવદ્રવ્ય આપે નહીં, અને દેવદ્રવ્યનો નાશ થતો હોય તેની જે ઉપેક્ષા કરે, તે પણ સંસારમાં ભમે છે."

"विक्किज्जइ तणयाइं, किज्जइ दासत्तणं परिगिहे वा ।
एवं पि हु अप्पिज्जा, जिणदव्वं अप्पहिअहेउं ॥ ४ ॥"

"પુત્રાદિકને વેચવા, અથવા પરને ઘેર દાસપણું કરવું એમ કરીને પણ પોતાના આત્માના હિતને માટે જ દેવદ્રવ્ય આપી દેવું."

"चेइअदव्वविणासे, इसिघाए पवयणस्स उड्डाहे ।
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥ ५ ।"

" ચૈત્યના દ્રવ્યનો વિનાશ કરવો, સાધુનો ઘાત કરવો, શાસનની નિંદા કરવી, અને સાધ્વીના બ્રહ્મચર્યનો ભંગ કરવો. આ સર્વે બોધિબીજના મૂળને બાળી નાંખવામાં અગ્નિ સમાન છે."

चेइयदव्वं साहारणं च, जो दुहइ मोहिअमईओ ।
धम्मं सो न विआणइ, अहवा बद्धाउओ नरए ॥ ६ ।. "

" મૂઢ મતિવાળો જે પુરૂષ ચૈત્યના દ્રવ્યનો અને સાધારણ દ્રવ્યનો વિનાશ કરે છે, તે ધર્મને જાણતો જ નથી. અથવા તેણે પ્રથમ નરકનું આયુષ્ય બાંધ્યું છે એમ જાણવું."

બીજે દિવસે ઘણા લોકોએ આગ્રહ કર્યા છતાં પણ મંત્રીશ્વરે ભોજન કર્યું નહીં. તેથી તે દિવસે મહાધર વિગેરે ઘણા લોકો ભોજન વિના જ રહ્યા. જેમ ઉન્નત મેઘની રાહ જોવાય તેમ ભોજન કર્યા વિના જ તે લોકો સુવર્ણના માર્ગની રાહ જોતા રહ્યા. છેવટ બે ઘડી દિવસ બાકી રહ્યો, તેવામાં તે સુવર્ણની ઉંટડીઓ આવી. તે જોઇ તત્કાળ હર્ષરૂપી મેરૂપર્વતે ક્ષોભ પમાડેલો અગાધ સંઘરૂપી સમુદ્ર મોટા ધ્વનિને કરવા લાગ્યો. પછી મંત્રીએ તે જ વખતે તોળીને દેવનું સુવર્ણ આપી દીધું, અને ધર્મક્રિયામાં તત્પર. (નિપુણ) એવા તે મંત્રીએ તે વખતે ચતુર્વિધ આહારનું પચ્ચખ્ખાણ કર્યું. કહ્યું છે કે–

" દિવસના આરંભમાં અને છેડે રાત્રિભોજનના દોષને જાણનાર જે માણસ બબ્બે ઘડીનો ત્યાગ કરીને ભોજન કરે છે, તે માણસ પુણ્યનું ભાજન છે–પુણ્યશાળી થાય છે."

પછી પ્રાતઃકાળે જેણે આગલે દિવસે ઉપવાસ કર્યો હતો, તે સર્વના ભોજન અને ભક્તિ પૂર્વક પોતે છઠનું પારણું કર્યું, તથા તે દિવસે મોટું સંઘવાત્સલ્ય કર્યું. બધી સુવર્ણની ઘડીઓ આપીને તથા તે ઉપરાંત અગ્યાર લાખ રૂપીયાનો વ્યય કરીને તે મંત્રી પોતાને ઘેર ગયો.

એકદા પ્રાતઃકાળે ઉઠી પ્રભાતની ક્રિયા કરી. શોભાને લાયક અલંકારો પહેરી. નેત્રને પ્રિય લાગે તેવો વેષ ધારણ કરી તે પેથડ મંત્રી શ્રેષ્ઠ અશ્વપર આરૂઢ થઇ સુશોભિત શ્રીકરીને મસ્તકપર ધારણ કરી પરિવાર સહિત ગુરૂ મહારાજને વંદના કરવા ગયો. કહ્યું છે કે–

[illegible] जिनमुखमुद्रः मद्गुरोः [illegible]
[illegible] विषमम् ।
[illegible] सुगन्धी,
[illegible] पादपादैः ॥८॥"

[illegible]

[illegible]

"જે વિવાહપ્રજ્ઞપ્તિ ઉત્તર સહિત છત્રીશ હજાર પ્રશ્નોને ધારણ કરે છે, જે [1]ચાળીશ શતકને વિષે ઉદ્દેશાઓની શ્રેણિને ચોતરફથી વિસ્તારે છે, જેમાં દેદીપ્યમાન ભાંગાઓરૂપી મોટા તરંગો છે, જે સાત નય અને ગમા (સૂત્રના આલાવા)એ કરીને ગહન છે, તથા જેમાં પ્રવેશ કરવો અશક્ય છે તે વિવાહપ્રજ્ઞપ્તિ નામનું પાંચમું અંગ જય પામે છે, તેનું બીજું નામ ભગવતી છે, વળી તે વિચિત્ર અર્થનો કોશ-ખજાનો છે."

તેવા પ્રકારની બુદ્ધિના બળથી રહિત એવો જે મુનિ તે ભગવતીને ભણવા માટે શક્તિમાન ન હોય, તે વિધિપૂર્વક યોગવહન કરી અંગની વાચના લે છે. "જે પુરૂષ તે તે અંગના તપવડે, ભણાવવાવડે, ભણવાવડે, સાંભળવાવડે, વાંચવાવડે અને પુસ્તક લખાવવાવડે અંગ વિગેરે આગમની ભક્તિ કરે છે, તે સર્વજ્ઞપણું પ્રાપ્ત કરે છે." આ પ્રમાણે ગુરૂનું વચન સાંભળી મંત્રીએ કહ્યું કે-"મેઘ ઘટાની જેવી શ્રીવીર ભગવાનની વાણી સાંભળવાથી અત્યંત પ્રીતિવાળો થયેલો મારો ચિત્તરૂપી મયૂર નૃત્ય કરે છે, તેથી હે પૂજ્ય! આપ તે મુનિને આજ્ઞા આપો, કે જેથી તે પ્રથમથી વાંચે, કેમકે તે પાંચમું અંગ હું સાંભળવા ઈચ્છું છું." તે સાંભળી ગુરૂએ એક મુનિને આજ્ઞા આપી, તેથી તે પ્રથમથી પાંચમા અંગને વાંચવા લાગ્યા, તેમાં જે જે ઠેકાણે ગૌતમનું નામ આવતું તે તે વખતે એક એક સોનામહોર મૂકીને તે મંત્રી સાંભળવા લાગ્યો. તે વખતે સ્પષ્ટ અક્ષરોની શ્રેણીરૂપી હળના માર્ગના (લીસોટાના) સમૂહરૂપ જ્ઞાન નામના ત્રીજા ક્ષેત્રને વિષે મંત્રીરૂપી મેઘે સોનામહોરોની વૃષ્ટિ કરી પાંચ દિવસમાં છત્રીશ હજાર સોનામહોરોવડે જ્ઞાનની પૂજા કરીને તેણે સત્પુરૂષોના ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કર્યો. અખૂટ ધનના સ્વામી તે મંત્રીએ ભૃગુકચ્છ (ભરૂચ) વિગેરે નગરોમાં સાત મોટા જ્ઞાનભંડાર ભરી દીધા. તે સર્વ પુસ્તકોને માટે પટ્ટસૂત્ર, રેશમી દોરાનું વેષ્ટન અને સુવર્ણની પાટલીઓ કરાવી તે મંત્રીએ પોતાનું ધન કૃતાર્થ કર્યું.

પેથડ મંત્રીએ શ્રીગુરૂની પાસે ત્રિકાળ જિનેશ્વરની પૂજા કરવાનો નિયમ અંગીકાર કર્યો હતો, તે નિયમને કૃપાના સ્થાનરૂપ તે મંત્રી વ્યાપારમાં વ્યગ્રતા છતાં પણ બરાબર પાળતો હતો. સંપત્તિઓ

[1] શ્રી ભગવતીસૂત્રના ૪૧ શતક છે, અહિં ગ્રંથકાર મહારાજ ચાલીશ જણાવે છે.

જિનેશ્વરની ભકિતથી જ પ્રાપ્ત થાય છે, તે સંપત્તિને પ્રથમ પ્રાપ્ત કરીને પછી જેઓ તે જિનેશ્વરની ભકિત ન કરે, તેઓ અવશ્ય સ્વામીદ્રોહી છે એમ જાણવું.

એકદા સૂર્યની જેવી શોભાવાળા તે મંત્રીએ મધ્યાન્હ સમયે કર્મને છેદવામાં દેદીપ્યમાન ચક્ર સમાન શ્રી જિનેશ્વરની આ પ્રમાણે પૂજા કરવા માંડી—એક પહેરવાનું અને બીજું ઉત્તરાસણનું એમ બે રેશમી વસ્ત્ર ધારણ કરી, મુખકમળને વિષે કોશ બાંધી, હાથમાં અલંકાર પહેરી તે મંત્રીએ વિધિ પૂર્વક સ્નાત્રાદિક પૂજા કરી. પછી પોતાની પાછળ સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી બેઠેલા માણસે અનુક્રમે તેના હાથમાં પુષ્પો આપવા માંડ્યા, તે પુષ્પોવડે તે ભગવાનની અદ્‌ભુત આંગી રચવા લાગ્યો.

આ અવસરે **સારંગદેવ** રાજાનું સૈન્ય અવન્તી દેશની સીમાએ આવીને રહ્યું છે, તે વાત સાંભળી રાજાને તેની સાથે સંધિ કરવાની ઇચ્છા થઈ. કહ્યું છે કે—

" સંધિ, વિગ્રહ (યુદ્ધ), યાન (પ્રયાણ), આસન (બેસી રહેવું), દ્વૈધ (ભેદ કરવો) અને આશ્રય (કિલ્લામાં છુપાઇ રહેવું) આ છ રાજાના રાજ્યરૂપી બગીચાના વનને રક્ષણ કરનારા પહેરેગીર છે."

પછી રાજાએ સંધિ, વિગ્રહ વિગેરેમાં નિપુણ એવા દૂતને શીઘ્રપણે મોકલવાની ઇચ્છાથી જોશીને પૂછયું, ત્યારે તેણે વિજય નામનું મુહૂર્ત શ્રેષ્ઠ જણાવ્યું. કહ્યું છે કે—

"દિવસના પહેલા બે પહોરમાં એક ઘડી બાકી હોય તે અને પાછળના બે પહોરની એક (પહેલી) ઘડી અધિક આ બે ઘડી (મધ્યાન્હકાળની) વિજય નામનો યોગ મુહૂર્ત કહેવાય છે તે સર્વ કાર્યને સાધનાર છે."

તે વિજય મુહૂર્તમાં દૂતને મોકલવાની ઇચ્છાવાળા રાજાએ વિચાર કરવા માટે પૃથ્વીધર મંત્રીને બોલાવ્યો. તેને બોલાવવા માટે રાજાનો એક સેવક તેને ઘેર ગયો, તેને મંત્રીની પત્ની નાગીલે કહ્યું કે—" અત્યારે મંત્રીને પૂજાનો સમય વર્તે છે તેથી હમણાં આવી શકશે નહીં." તે સાંભળી તે પુરુષ પાછો ગયો. ત્યારે રાજાએ ફરીથી બીજા પુરુષને મોકલ્યો. તેણે પણ જઈ મંત્રીના ઘરમાં ઉભા રહી રાજાએ કહેલું કાર્ય દાસીદ્વારા મંત્રીને કહેવરાવ્યું [illegible]

સાંભળીને પ્રથમિણીએ અમૃત જેવા મધુર વચનથી તે પુરૂષને કહ્યું કે—" હે ભાઈ! હજુ મંત્રીને દેવપૂજામાં બે ઘડી લાગશે, " તે સાંભળી તેણે પણ જઈને રાજાને મંત્રીની પ્રિયાએ કહેલો જવાબ આપ્યો. પરંતુ આજ્ઞાનો ભંગ કર્યા છતાં પણ પ્રધાન ઉપર રાજાએ કોપ કર્યો નહીં. પછી મુહૂર્ત નજીકમાં જ આવ્યું છે એમ ધારી ઉત્સુક થયેલો રાજા પોતે જ મંત્રીને ઘેર આવ્યો, અને સાથેના પરિવારને બહાર મૂકી પોતે એકલો જ ઘરમાં પેઠો. " હું અહીં આવ્યો છું એ ખબર મંત્રીને કોઈએ જણાવવા નહીં " એમ કહી રાજા આગળ ચાલતા એક માણસે દેખાડેલા માર્ગે આગળ ગયો. ત્યાં રાજાએ દેવાલય જોયું. તે નિરંતર અતિવંત દશાંગાદિક ધૂપ ઉવેખવાથી સુગંધમય હતું, જળની શંકા થાય તેવી નીલમ મણિની બાંધેલી ¹કુટ્ટિમવડે તે શોભતું હતું, તેની ભીંતો વિચિત્ર પ્રકારનાં જિનેશ્વરનાં ચરિત્રાદિકનાં ચિત્રો ચિત્રેલાં હોવાથી અત્યંત શોભતી હતી, ઉપરના ભાગમાં મનોહર ચંદરવા બાંધેલા હતા અને તેમાં મોતીની માળાઓ લટકાવેલી હતી, તે દેવાલય જાણે ભવનપતિના ઇંદ્રનું ભવન હોય, કે કલ્પવાસી દેવેન્દ્રનું વિમાન હોય, કે મોક્ષલક્ષ્મીને ક્રીડા કરવાની હવેલી હોય એમ શોભતું હતું. તેમાં શ્રીપાર્શ્વનાથનું અદ્ભુત બિંબ હતું. તે મહા નીલરત્નમય હતું, શિવલિંગ ફાટીને તેમાંથી પ્રગટ થયેલું હતું, સિંહાસનપર સ્થાપન કરેલું હતું, દેદીપ્યમાન ફણાના રત્નોના કિરણો-
...ટ ચળકતું હતું, અને તેની બન્ને બાજુએ અલંકારોવડે સુશોભિત
...ળી બે કન્યાઓ ઉજ્વળ ચામરોને વીંઝતી હતી. આવા પાર્શ્વનાથ
...ુની પૂજા કરતા મંત્રીને રાજાએ જોયો. તે વખતે રાજા શુભ રીતે
...ય આપનાર મનુષ્યને ઉઠાડી તેને સ્થાને પોતે બેઠો, અને ક્રમ
...ાન) ને નહીં જાણનાર હોવાથી જેમ તેમ આડા અવળા પુષ્પો
...રા લાગ્યો. વારંવાર ક્રમ વિના પુષ્પો આપવાથી પોતે હાથે જ
...ે પુષ્પો લેવાની ઇચ્છાથી મંત્રીએ પોતાનું મુખ પાછળ ફેરવ્યું,
...ના તે વખતે રાજાને બેઠેલા જોયા. તરત જ મંત્રી ઉભો થયા
... તેને રાજાએ આગ્રહથી બેસાર્યો, અને તેની દેવપૂજા

¹ [illegible]

હૃદયમાં હૃષ્ટતુષ્ટ થઈ શ્રેષ્ઠ બુદ્ધિવાળો તે બોલ્યો કે—"હે મંત્રી! તને ધન્ય છે, તારો જન્મ, જીવિત અને ધન વખાણવા લાયક છે, કેમકે દેવના ઉપર તારો ભક્તિનો વિસ્તાર આવો હદ વિનાનો છે. શરીરને વિષે ચૈતન્ય, ભોજનને વિષે ઘી, રાજાના શાસનને વિષે શ્રીકાર, અથાણામાં લીંબુનો રસ અને ધર્મને વિષે વાસના (ભાવના) આ સર્વ સારભૂત–શ્રેષ્ઠ છે. મન, વચન, કાયા, વસ્ત્ર, પૃથ્વી, પૂજાની સામગ્રી અને [1]સ્થિતિ, આ સાતે પ્રકારની શુદ્ધિપૂર્વક દેવપૂજા કરનાર તારા જેવો બીજો કોણ છે? સેંકડો કાર્યો છતાં પણ અને મેં બોલાવ્યા છતાં પણ હે મંત્રી! તારે કદાપિ દેવપૂજાને સમયે આવવું નહીં તું સુખેથી એકાગ્ર મનવડે પૂજા કર. હું ત્યાંસુધી ડેલીમાં બેઠો છું." એમ કહી રાજા ત્યાંથો ઉઠી ડેલીમાં જઈ મંત્રીના સેવકે આપેલા ઉચિત આસનપર બેઠો.

ત્યારપછી મંત્રી પણ વિધિપૂર્વક પૂજા, સ્તુતિ, કાયોત્સર્ગ વિગેરે સર્વ સંપૂર્ણ કરી રાજા પાસે આવી તેને નમન કરી ઉચિત આસનપર બેઠો. તે વખતે જોશીએ કહેલું વિજય મુહૂર્ત્ત વ્યતીત થયું હતું (જતું રહ્યું હતું), તો પણ રાજાએ તેનાપર કોપ કર્યો નહીં. અહો! પુણ્યનો વિલાસ આશ્ચર્યકારક છે. કહ્યું છે કે—

" पत्नी प्रेमवती सुतः सुविनयो भ्राता गुणालङ्कृतः,
स्निग्धो बन्धुजनः सखाऽतिचतुरो नित्यं प्रसन्नः प्रभुः ।
निर्लोभोऽनुचरः स्वबन्धुसुकृतप्रायोपभोग्यं धनं,
पुण्यानामुदयेन संततमिदं कस्यापि संपद्यते ॥ १२ ॥ "

"પ્રેમવાળી પત્ની, સારા વિનયવાળો પુત્ર, ગુણોવડે અલંકૃત ભાઈ, સ્નેહવાળા બંધુજનો, અતિ ચતુર મિત્ર, નિત્ય પ્રસન્ન થયેલો સ્વામી, લોભ રહિત નોકર, અને પોતાના બંધુ તથા પુણ્ય માર્ગે જ પ્રાયે વપરાતું ધન, આ સર્વ વસ્તુ પુણ્યના ઉદયથી કોઈક પુરૂષને જ નિરંતર પ્રાપ્ત થાય છે."

ત્યારપછી રાજા અને મંત્રી એ બન્નેએ વિચાર કરીને સંધિ, વિગ્રહ વિગેરે સાધવામાં નિપુણ બુદ્ધિવાળા દૂતને બીજા નવીન મુહૂ-

---

૧ પૂર્વ કે ઉત્તર તરફ મુખ રાખીને બેસવું તે.

ત્યાં મોકલ્યો. તેણે પણ તે સૈન્યની સાથે સંધિ કરી તેને ચલાવી દીધું–પાછું વાળ્યું.

તે પેથડ મંત્રી બે ગાઉ દૂર ગુરૂનો યોગ હોય તો ત્યાં જઇને તેમની સમક્ષ દેવસી પ્રતિક્રમણ કરતો હતો, અને પાક્ષિક પ્રતિક્રમણ માટે ચાર ગાઉ દૂર ગુરૂ હોય તો ત્યાં જઇને પણ ગુરૂની સમક્ષજ પ્રતિક્રમણ કરતો હતો, કેમકે ઘરને વિષે પ્રતિક્રમણ કરવાથી મનમાં ઘરના વ્યાપારનો વિચાર થવા સંભવ છે, સ્થાપનાચાર્યની પ્રત્યુપેક્ષાદિકનો નિયમ રહેતો નથી, તથા રાગદ્વેષના ઉદયનો સંભવ રહે છે, તેથી કરીને સાધુની સમીપે આવશ્યક (પ્રતિક્રમણ) કરવું શ્રેષ્ઠ છે. જેમ સંસ્કાર કર્યા વિનાની ભીંત ઉપર ચિત્રામણ સારૂં થઇ શકતું નથી. તેમ મન રાગદ્વેષ વિનાનું ન થાય ત્યાંસુધી પ્રથમ સામાયિક જ સ્થાપી શકાતું નથી, તો પછી પ્રતિક્રમણ તો શી રીતે થઇ શકે ? અને જે સમભાવમાં મન રમણ કરતું હોય તો અછતા પણ સમતાદિક સાધુના ગુણો મનમાં પ્રતિબિંબિત થાય છે, તે ઉપર શુદ્ધ કરેલી ભીંતનું દૃષ્ટાંત છે, તે આ પ્રમાણે.—

કોઇ નગરમાં કોઇ રાજાએ ચિતારાઓને બોલાવી તેમને પોતાની સભા ચિતરવા આપી, તેમાં એક તરફની ભીંતનો વિભાગ ઘણા ચિતારાઓએ ચિતરવા માટે ગ્રહણ કર્યો, અને તેની સામેની ભીંતનો ભાગ માત્ર એક જ ચિતારાએ ગ્રહણ કર્યો. પછી તે બન્નેની વચ્ચે જવનિકા (પડદો) રાખવામાં આવી. જ્યારે તે ઘણા ચિતારાઓએ તે પોતાની આખી ભીંત સુશોભિત ચિત્રથી ભૂષિત કરી, ત્યારે પેલા એક ચિતારાએ પોતાની ભીંત માત્ર ઘસારી મઠારીને અત્યંત ઉજ્વળ આરિસા જેવી કરી. પછી વચ્ચે રાખેલી જવનિકા જ્યારે દૂર કરવામાં આવી, ત્યારે તે ભીંતના સર્વ ચિત્રો સામેની શુદ્ધ કરેલી ભીંતમાં પ્રતિબિંબરૂપે દેખાવા લાગ્યા. તેથી રાજા ઘણું આશ્ચર્ય પામ્યો. આવી યુક્તિથી તે ચિતારો રાજા પાસેથી ઘણું ધન પામ્યો. તે જ પ્રમાણે સમતાવાળા હૃદયને વિષે ગુણોનું પ્રતિબિંબ પડવાથી પણ ઉત્તમ સ્થાન સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એક વર્ષની અંદર નિયમે કરીને ત્રણવાર કોઇની પાસે પ્રશ્ન પૂછીને નવકાર મંત્ર વિગેરે સૂત્રોના અર્થને પ્રકટ-

પણે જાણતો હતો. તથા સૂત્ર, અક્ષર અને પદાર્થનું ચિંતવન કરવામાં એકાગ્ર મનવાળો થઈને જ પ્રતિક્રમણ કરતો હતો. કહ્યું છે કેઃ—

" પ્રતિલેખન કરતી વખતે, માત્રા કરતી વખતે, ઠલ્લો કરતી વખતે પ્રતિક્રમણ કરતી વખતે, અને માર્ગમાં ચાલતી વખતે મુનિએ મૌન કરવું જોઈએ.

તે પેથડ મંત્રી અશ્વપર આરૂઢ થઈ લાખો મનુષ્યોના પરિવાર સહિત માર્ગમાં જતો હોય તે વખતે તે જો કોઈ નવા સાધર્મિકને જુએ તો તરતજ અશ્વપરથી ઉતરી તે સાધર્મિકને નમસ્કાર કરતો હતો. કહ્યું છે કે—

" ઘરને આંગણે સાધર્મિક પ્રાપ્ત થાય ત્યારે તેને જોઈને જેને સ્નેહ ઉત્પન્ન ન થાય તો તેના સમકિતમાં જ સંદેહ છે. એમ જિનશાસનમાં કહ્યું છે. "

જો ઐશ્વર્ય પ્રાપ્ત થયા છતાં પણ તે વિનય સહિત હોય તો તે દક્ષિણાવર્ત શંખમાં ગંગાજળ ભર્યા જેવું છે, કલ્પવૃક્ષ મંજરી સહિત થયા જેવું છે, પૂર્ણિમાનો ચંદ્ર કલંક વિનાનો થયા જેવું છે, સૌભાગ્યવતી સ્ત્રીના મસ્તકપર મુગટ બાંધ્યા જેવું છે, અને સુવર્ણ સુગંધથી યુક્ત થયા જેવું છે એમ જાણવું. આ પ્રમાણે તેના અનેક પુણ્યકાર્યોની કોટિની રચના સાંભળવાથી તુષ્ટમાન થયેલા ઈંદ્રે કેટલેક કાળે પોતાના અર્ધાસન ઉપર બેસાડવા માટે તે મંત્રીશ્વરને બોલાવ્યો ત્યારે તે સુવર્ણનાખોળા ચડાવેલા જ્યોતિર્મંડન નામના ચૈત્યના મંડપ રૂપી વિમાનમાં આરૂઢ થઈને પહેલા દેવલોકમાં ગયો.

પેથડ મંત્રીની તીર્થયાત્રા, પુસ્તક લેખન, પૂજા અને પ્રતિક્રમણ વિગેરેના કથન નામનો સાતમો તરંગ પૂર્ણ થયો.



અથ અષ્ટમ તરંગ.

—✻⊂⊃✻—



પેથડ મંત્રી સ્વર્ગે ગયા પછી ,શુક્રાચાર્યની શ્રેષ્ઠ બુદ્ધિનો પણ નાશ કરનારો અને ચંદ્ર જેવી ઉજ્વળ કીર્તિવાળો તેનો પુત્ર ઝાંઝણ રાજ્યવ્યાપાર કરવા લાગ્યો (મંત્રીની જગ્યાએ નીમાયો.)

તેણે એકદા ગુરૂ પાસે ધર્મ દેશનામાં સાંભળ્યું કે–" તીર્થની યાત્રા કરવાથી આરંભ સમારંભની નિવૃત્તિ થાય છે, ધનની સફળતા થાય છે, સંઘની ભક્તિ થાય છે, સમકિતની અતિ નિર્મળતા થાય છે, સ્નેહી જનનું હિત થાય છે, જીર્ણ ચૈત્યોનો ઉધ્ધાર વિગેરે થાય છે, તીર્થની પ્રભાવના થાય છે, જિનેશ્વરે કહેલા વચનનું પાલન થાય છે, તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે, સિદ્ધિની સમીપે જવાય છે, અને દેવ તથા મનુષ્ય ભવની પ્રાપ્તિ થાય છે આ સર્વ તીર્થ-યાત્રાનાં ફળ છે. પ્રથમ તો મેરૂ પર્વત સૌથી મોટો છે, તેનાથી પૃથ્વી મોટી છે, તેનાથી મેઘ મોટો છે, તેનાથી સમુદ્ર મોટો છે, તેનાથી અગસ્ત્ય મોટો છે, તેનાથી આકાશ મોટું છે, તેનાથી પ્રભુ મોટા છે, તેનાથી જિનેશ્વર મોટા છે, આ સર્વ એક બીજાથી અનુક્રમે મોટા છે. આ સર્વથી મોટો જિનેશ્વરે પણ પૂજેલો સંઘ છે. તે સંઘનું પણ અધિપતિપણારૂપ અને સર્વ સ્થાનોમાં ઉત્તમ સ્થાનરૂપ માતા અને ગુરૂની આશીષનું ફળ અગણ્ય પુણ્યથી પ્રાપ્ત થાય છે. " ઇત્યાદિક ગુરૂની વાણી સાંભળી ઝાંઝણ મંત્રીના મનમાં તીર્થયાત્રાનો ભાવ ઉત્પન્ન થયો, તેથી તેણે ઘણા દેશોમાં કંકોત્રીઓ મોકલીને

સકળ સંઘને બોલાવ્યો, અને પ્રથમથીજ અશ્વો, રથ, ગાડાં, ઘોડો વિગેરે સર્વ સામગ્રી તૈયાર કરી. તે વખતે અઢીલાખ મનુષ્યો યાત્રાને માટે એકત્ર મળ્યા. પછી સંવત ૧૩૪૦ ના માઘ શુદી ૫ ને દિવસે સારા મુહૂર્તે ઉત્તમ શુકન વડે સંઘે પ્રયાણ કર્યું. તે પ્રયાણને સમયે વાજિત્રના શબ્દો વડે, નાટકડીના શબ્દો વડે, ચારણ ભાટોના ષટ્પદી છંદોવડે, સ્ત્રીસમૂહના ધવલ ગીત વડે, ગવૈયાઓના સંગીતના શબ્દો વડે, અશ્વોના હેષિતરવવડે, વૃષભોના સમૂહની ડોકે બાંધેલી શબ્દ કરતી ઘંટડીઓના ઘોષવડે, અને રથના ચીત્કાર શબ્દો વડે આખું વિશ્વ એક શબ્દમય થઇ ગયું. તે સંઘમાં બાર જિન મંદિરો હતાં, તેમને ઉંચી ધ્વજાઓ બાંધેલી હતી, મનોહર ચામરો વીંઝાતા હતા, અને તેમને સુવર્ણનાં તોરણો હતાં, દરેક જિનચૈત્યને વિષે નિરંતર નૃત્ય કરનાર એક એક નર્તકીનું [1]પેટક મૃદંગાદિક સામગ્રી સહિત રાખવામાં આવ્યું હતું. તે સંઘમાં બાર હજાર ગાડાંઓ હતાં, તે ગાડાંઓ ચામડાનાં વસ્ત્રોથી ઢાંકેલાં હતાં. તેમાં ધનની વૃષ્ટિ કરવામાં મેઘ સમાન બાર સંઘપતિઓ હતા. તેમાં ઠંઠ અને શીંગડાઓને અનેક આભૂષણોથી શણગારેલા, અતિ વેગવાળા અને અતિ પુષ્ટ શરીરવાળા પચાસ હજાર પોઠીયા હતા, ઘણા પરિવાર સહિત શ્રી ધર્મઘોષ નામના ઉત્તમ ગુરૂ વસ્ત્રની પૌષધશાળામાં રહેતા હતા, તથા બીજા પણ વીશ આચાર્યો પરિવાર સહિત હતા, તે સંઘની સાથે સુખાસનો, સૈન્ય, શ્રીકરીઓ, પાણીના વેણાંઓ, રસોઇયાઓ અને સુથારો વિગેરે સર્વ સામગ્રી હતી. વસ્ત્રનાં ઘર (તંબુઓ) તથા મોટા શસ્ત્રાદિક ભારને ઉપાડવા માટે સર્વ મળીને બારસો ખચ્ચર અને ઉંટો હતા. જાણે કે મોહરાજાને જીતનારૂં સૈન્ય હોય, સિદ્ધિપુરી તરફ જનારો સાર્થ હોય, અને મંત્રીશ્વરના ઉદાર પુણ્ય રૂપી લક્ષ્મીના વિવાહની જાન હોય, એવો તે સંઘ ઘણાં ભોજન, શાક, ઘી, દુધ, દહીં, પાણી, ઘાસ અને ઇંધણા વિગેરે સામગ્રીવડે સુખકારક પ્રયાણ અને વિશ્રાંતિ (પડાવ) વડે ચાલતો હતો.

તે સંઘની રક્ષા કરવા માટે મંત્રીની સાથે રાજાએ સેલ નામના શસ્ત્રને ધારણ કરનાર મહા પરાક્રમી સિંઘન નામના સેનાપતિને

૧ પેટું-સમૂહ.

મોકલ્યો હતો, તેના બે હજાર સ્વારો અને બીજા એક હજાર પત્તિઓ આખી રાત્રિ તંબુઓના કિલ્લાની ફરતા ભમતા હતા. મંત્રીશ્વર સર્વ જનો જમી રહ્યા પછી જમતો હતો, સર્વ જનો સુતા પછી સુતો હતો, અને પ્રાતઃકાળે સર્વથી પહેલાં જાગતો હતો. ચાલતી વખતે માર્ગમાં સર્વ સંઘની પાછળ સિંધન [1]સન્નદ્ધબદ્ધ થઇને એક હજાર સ્વારો સહિત ચાલતો હતો, અને બે પડખે પાંચસો પાંચસો સ્વારો સંઘનું રક્ષણ કરતા હતા, તથા સંઘની આગળ શબ્દ કરતી ઘુઘરીઓ સહિત પલાણેલા ઉત્તમ અશ્વપર આરૂઢ થયેલો અને તેથી કરીને ઉચ્ચૈઃશ્રવસ નામના અશ્વપર આરૂઢ થયેલા ઇંદ્રની શોભાને ધારણ કરતો બળવાન મંત્રીશ્વર બખતર પહેરી આયુધ (શસ્ત્રને) ધારણ કરી એક હજાર અશ્વો અને પત્તિના સમૂહ સહિત માર્ગમાં વાજિત્રોના મોટા શબ્દ પૂર્વક ચાલતો હતો. આવી રીતે ચાલતા સંઘની ઉડેલી રજવડે ઇંદ્રાદિક દેવો પાપને નાશ કરનારૂં સ્નાન કરતા હતા,

અનુક્રમે ચાલતો તે સંઘ બાલપુર નામના નગરમાં આવ્યો. ત્યાં મંત્રીશ્વરનો મામો નરપતિ નામનો શ્રેષ્ઠી રહેતો હતો, તેણે સંઘનો મોટો પ્રવેશ ઉત્સવ કર્યો. ત્યાં ચોવીશ તીર્થંકરોના બિંબોની સ્થાપના કરી તે મંત્રીશ્વર સંઘ સહિત પૃથ્વીરૂપી સ્ત્રીના નેત્ર સમાન ચિત્રકૂટ (ચિતોડગઢ) માં આવ્યો. ત્યાં સમગ્ર સંઘે ચૈત્યપરિપાટી વિગેરે સવિસ્તર કરી ત્યાં રહેલા વિચિત્ર પ્રકારના આશ્ચર્યોને કૌતુક પૂર્વક જોયાં. ત્યારપછી સંઘ પાપના સમૂહને નાશ કરનાર કરહેટક નગરમાં ગયો, ત્યાં ઉપસર્ગનું હરણ કરનાર શ્રી પાર્શ્વનાથની શ્યામ પ્રતિમા છે, તેને સંઘે નમસ્કાર કર્યો. ત્યાં મોટા ઉત્સવ પૂર્વક જે અવસરે મંત્રીશ્વરને સંઘનો ઇંદ્ર (સંઘપતિ) કરવામાં આવ્યો, તે વખતે પંડિત જનોએ આ પ્રમાણે શંકા-ઉત્પ્રેક્ષા કરી કે—" શું આ મંત્રીરૂપી સુભટ કલિયુગરૂપી શત્રુઓને હણશે ? હા, કેમકે તેનું વિશાળ ભાલસ્થળ (કપાળ) ધનુષ જેવું છે, તેમાં સરળ ભ્રકુટિયુગલ છે તે પ્રત્યંચા સદશ છે, અને તેમાં મનોહર તિલક કરેલું છે તે પ્રત્યંચાપર ચડાવેલા તીક્ષ્ણ બાણ જેવું છે." જ્યારે મંત્રીને તિલક કર-

1 જેણે બખ્તર ધારણ કર્યું હોય તે.

વામાં આવ્યું ત્યારે ગુરૂ મહારાજે તેને કહ્યું કે—" હે ભદ્ર ! જે સંઘપતિ હોય તેણે દરેક પ્રયાણે નવું મોટું ચૈત્ય કરાવવું જોઇએ. તેવી શક્તિ ન હોય તો જે ઠેકાણે (નગરમાં) તિલક થયું હોય ત્યાં તો અવશ્ય સંઘપતિએ મોક્ષલક્ષ્મીના દેહરૂપ જિનગૃહ કરાવવું જોઇએ. " આ પ્રમાણે ગુરૂનું વચન સાંભળી સંઘપતિએ ત્યાં એક ઠેકાણે શીઘ્રપણે ચૈત્ય કરાવવાનો આરંભ કર્યો. પરંતુ દિવસે જેટલું કામ કર્યું હોય તેટલું રાત્રિમાં પડી જવા લાગ્યું. આ પ્રમાણે બે ત્રણ સ્થાનકો બદલ્યાં તોપણ તે પડી જવા લાગ્યું. કેમકે ત્યાં રહેલો ક્ષેત્રપાળ (દેવ) ઉદ્ધત હોવાથી મંત્રીનું કરાવાતું નવું ચૈત્ય સહન કરતો નહોતો. તેથી તે ઠેકાણે પહેલાંનું શ્રી નેમિનાથનું નાનું ચૈત્ય હતું, તેને જ નવેસરથી મોટું કરાવવા માંડયું, તેને પણ તે ક્ષેત્રપાળ પાડી નાંખવા લાગ્યો. ત્યારે મંત્રી શીઘ્રતાથી પરાણે (પરાક્રમ અને સત્તાવડે) કરાવવા લાગ્યો, એટલે તે ક્ષેત્રપાળ ક્રોધ પામી સંઘના જનોને વિષે મસ્તકની પીડા, જ્વર અને મરકીને ઉત્પન્ન કરી ઉપદ્રવ કરવા લાગ્યો. તે વખતે સંઘના મુખ્ય જનોએ મંત્રીને કહ્યું કે—" હે મંત્રી ! તમે ફોગટ બળ (બળાત્કાર) ન કરો. કેમકે મનુષ્યો દેવને કદાપિ બળથી જીતી શકતા નથી. જુઓ કે દ્રૌપદીએ ઇચ્છેલા કમળને લેવા માટે પાંચે પાંડવો અનુક્રમે અગાધ સરોવરમાં પડ્યા હતા, તેમને તે બળવાન દેવે શું બાંધ્યા નહોતા ? આમ કરવાથી સંઘના ઘણા લોકો અત્યંત પીડાય છે, તેથી બુદ્ધિમાન પુરૂષે તો તેવા દેવને સંતોષ પમાડી પ્રાસાદ કરાવવો જોઇએ. " આ પ્રમાણે તેમનું વચન સાંભળી મંત્રીએ તે ક્ષેત્રપાળને ધૂપ ઉવેખી, પુષ્પપૂજા કરી બળિબાકળા વિગેરે વડે આરાધ્યો, ત્યારે તે દેવ તેની સન્મુખ પ્રગટ થઇને બોલ્યો કે—" આ ચૈત્યનો એક પથ્થર પણ ઉપાડવા નહીં દઉં, તેમજ આ ગામની સીમા (હદ) ને વિષે કોઈ પણ ઠેકાણે નવું ચૈત્ય કરવા નહીં આપું. " ત્યારે મંત્રીએ કહ્યું કે—" તો આજ ચૈત્યની ચોતરફ કરવા દે. " આ પ્રમાણે તે મંત્રીની વાણીથી ભક્તિવડે વશ થયેલા દેવે તેને તેમ કરવાની અનુમતિ આપી. ત્યારપછી મંત્રીએ તે ચૈત્યને વચ્ચે રાખીને પાણી નીકળે ત્યાંસુધી ઉંડા પાયો ખોદી મેઘમંડપાદિકવડે સહિત સાત માળનો પ્રાસાદ કરાવ્યો.

ચારણઋદ્ધિ કંઇ આગ્રહપૂર્વક [illegible]
દેવો તે સર્વેની પૂજા કરીને [illegible]
કર્યું તથા. ત્યાં અભિષેક [illegible]
ચડતાં હતાં અને ફૂલ [illegible]
પાંડુકી નામની વન [illegible]
ચડે છે તે સર્વ એવાં [illegible]
જિનેશ્વરને નમી પછી [illegible]
ચડીમાં ગયા. ત્યાં [illegible]
કોને દૂર કરનાર, સુંદર [illegible]
શ્રી પર્વતરાજને નમન કર્યું. [illegible]
અને તેઓ તે ઉતાવળી પર્વતરાજ [illegible]
આશ્ચર્ય ઉપજાવે અને [illegible]
જેમાં પુષ્પવંત વૃક્ષો નિરંતર રહે છે, તે [illegible]
ફરીને પ્રદક્ષિણા કર્યું, કેટલાક [illegible]
કપૂરનો ધૂપ કર્યો, અને [illegible]
દેવની વસ્ત્રો [illegible]
ચૈત્યના મંડપમાં આવ્યા. ચારણઋદ્ધિ તે [illegible]
પર્વત ઉપર ગયા. તે પર્વત ઉપર [illegible]
કરનાર વનસ્પતિ રહેલી છે, તે પર્વત [illegible]
ભેદ કરશે એવી ઊંચાઈથી ઉંચું છે [illegible]
બાર સ્વર્ગલોકનો લાંબુ સાર્થ હોય તેમ તે [illegible]
છે, ગંગા વિગેરે મિથ્યાદૃષ્ટિના તીર્થોની [illegible]
છે, તેના શિખર ઉપર ધજાના ફરકતાં પતાકાંઓ [illegible]
કરે છે, તથા ચડવાના પરિશ્રમના પરસેવાથી [illegible]
ગ્લાનિ આપનાર વાયુ તેના પર મંદ મંદ વાયા કરે છે, [illegible]
પર્વતપર તે સંઘ ચડ્યો. ત્યાં રહેલું ચૈત્ય વિંધ્યાચળ પર્વતથી [illegible]
કરતું, કૈલાસ પર્વતથી પણ વધારે ઉજ્વળ, હિમાલય પર્વતથી પણ
વધારે શીતળ અને મલયાચળ પર્વતથી પણ વધારે સુગંધિ હતું. [illegible]

[illegible] આ બન્ને વાતો સંબંધી હકીકત કોઈ પણ [illegible] જણાતી નથી.

વામાં તત્પર થયો. તે વખતે કેટલાક લોકો નાસવા લાગ્યા, કેટલાક ભૂષણોને ઉતારી સંતાડવા લાગ્યા, કેટલાક પૃથ્વીમાં ધનને દાટવા લાગ્યા, અને કેટલાક જાળાની અંદર છુપાવવા લાગ્યા, એમ જુદી જુદી ક્રિયા કરવા લાગ્યા; તે જોઇ સુભટોને ઉત્સાહ આપવામાં નિપુણ અને મ્લેચ્છોરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્યચંદ્ર સમાન ઝાંઝણ મંત્રી અને સિંઘન સેનાપતિએ સર્વ સંઘને ધીરજ આપી, અશ્વાદિકના શબ્દથી મિશ્ર થયેલા અને પર્વતમાં પ્રતિધ્વની રૂપ થતા ઢોલના ગાઢ પ્રસરતા શબ્દ વડે કાયર પુરૂષોને કંપાવતા તે બન્ને વીરો તત્કાળ મ્લેચ્છોનો ગ્રાસ કરવામાં ઉલ્લાસ પામતી યમરાજની જિહ્વા જેવા શસ્ત્રોને ધારણ કરનારા પોતાના સુભટો સહિત તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. તે વખતે પ્રથમ તે બન્નેના ઘોડેસ્વારો અને પદાતિઓ યુદ્ધમાં ઉતર્યા કે તરતજ સિંહના નાદવડે હાથીઓ નાસે તેમ તે મ્લેચ્છોના બાણોવડે નાસી ગયા. તેથી પેસવાનો પ્રચાર પ્રાપ્ત થવાથી તે મ્લેચ્છસેના આ વીરોની સન્મુખ આવી પહોંચી. તેને તરતજ ક્રોધથી તે બન્ને વીરોએ પૃથ્વીપર ન પડે તેવા બાણોના વરસાદથી રોકી દીધી. જાણે કે દેવાદિકની આજ્ઞા (આણ) આપી હોય તેમ તે બન્ને વીરોના બાણની આગળ કોઇ પણ મ્લેચ્છસેનાનો પતિ, ઘોડેસ્વાર કે સુભટ પોતે પણ એક પગલું પણ આગળ ભરી શક્યા નહીં. જેમ વજ્રને વિષે લોઢાના ઘણ વ્યર્થ થાય તેમ અંદરથી ધર્મરૂપી બખ્તરને અને બહારથી લોઢાના બખ્તરને ધારણ કરતા તે બન્ને વીરોને વિષે મ્લેચ્છોના બાણો વ્યર્થ થયા. પોતાનું રક્ષણ કરનારા તે બન્નેને સંઘના લોકોએ લોઢાના કપાટરૂપ માન્યા, અને મ્લેચ્છોના સમૂહે પોતાનો નાશ કરવામાં તત્પર સમરાજન. કોઇ ક્ષેત્ર આવ્યા. તે વખતે પોતાના નાશી ગયેલા ઘોડેસ્વારો વિગેરે સર્વ સૈનિકો પાછા આવ્યા, તેમને સાથે રાખી તે બન્ને વીરોએ અદ્ભુત પરાક્રમ વડે તે મ્લેચ્છોને પરાજિત કરી નાશ પમાડ્યા. (ત્યાંથી દીક્ષા) કુચ કર કર્યાથી શ્રીસંઘના મનુષ્યોએ આનંદિત થઈને અને બંદીજનોના જય શબ્દ સહિત વર્ધાપન મહોત્સવ કર્યો.

ત્યારપછી ધર્મ સહિત તે સંઘ અચિરાત્ દેવોએ અધિષ્ઠિત માન

તેણે આ ખો [1]મંડપાવતાર જોયો. તેની ફરતો જાડા વસ્ત્રનો કિલ્લો અને તેની ઉપર કાંગરા મૂકેલા હતા, ચાર દિશાએ ચાર દરવાજા હોવાથી તેની અત્યંત શોભા દેખાતી હતી, તેમાં ચોરાશી [2]હજાર હતા, મધ્ય ભાગમાં મહેલ સંઘેશ્વરના મોટા ઉંચા તંબુવડે તે મનોહર દેખાતો હતો, દિશાઓના આંતરાને બહેરી દેનાર ભેરી વિગેરે વાજિંત્રોના શબ્દથી તે વ્યાપ્ત હતો, બીજા હજારો તંબુઓમાં રહેનારા મનુષ્યોથી તે વ્યાપ્ત હતો, અને તેની બહાર ફરતો આરક્ષકોનો સમૂહ રહેલો હતો. શ્રી સંઘપતિની આજ્ઞાથી દ્વારપાળે તે કવિને અંદર પ્રવેશ કરવા દીધો, ત્યારે તે બુદ્ધિમાન ભાટ અનેક આશ્ચર્યોને જોતો જોતો પ્રધાનની પાસે જઇ પહોંચ્યો. કાંઇક વિચાર કરતા હોય તેમ કાંઇપણ નહીં બોલતા અને આગળ ઉભેલા તેને જોઈ મંત્રીએ વિસ્મયનું કારણ પૂછ્યું, ત્યારે તે બોલ્યો કે—"હે દેવ! હું આ પ્રમાણે વિચાર કરું છું કે જેણે લક્ષ્મીનો મહેલ વિગેરેની રમણીય લક્ષ્મીવડે સ્વર્ગના જેવું અને ... મહત્ કરી શકાય તેવું મંડપદુર્ગ (માંડવગઢ) નામનું નગર બનાવીને તે નગર સહિત (તે નગરને સાથે લઈને) ગર્જના કરતા ... ક્રમે કરીને ... શકાય તેવા ગુજરાતની ... નગરોને ... ઇચ્છાથી આ અવંતિ દેશમાં પ્રાપ્ત થયા છે.—... ... મંત્રી ... સમાન ... કોની ઉપમા આપવી! એમ ... વિચાર કરું છું." આ પ્રમાણે તેનું વચન સાંભળી હર્ષ ...

[illegible]

વત તેં સત્ય કરી.” તે સાંભળી બંદીએ કહ્યું કે—“મેં તો એક ગુણું પણ કહ્યું નથી.” ત્યારે રાજાએ કહ્યું કે—“ઠીક. તું કહે તે ખરૂં, પરંતુ તું કહે કે ત્યાં હમણાં શું છે? તેં ત્યાં શું જોયું?” ત્યારે બંદીએ કહ્યું કે—“ત્યાં રાજ્યને ભોગવનાર ઝાંઝણ નામનો રાજા છે. તે નવીન બ્રહ્માએ અચળ (સ્થિર) માંડવગઢને હાલતો ચાલતો કર્યો છે.” રાજાએ પૂછ્યું કે—“તે શી રીતે?” બંદી બોલ્યો કે—“હે દેવ! ઝાંઝણ નામે અવંતિનો મંત્રી છે, તે મોટા સંઘ સહિત અહીં આપણા નગરની સમીપે જ આવ્યો છે. તેણે વસ્ત્રના તંબુવડે માંડવગઢની સર્વ રચના યથાર્થ કરી છે. તે જાણે કે મંત્રીનો ઉજ્વળ સમગ્ર યશ હોય તેમ તેની સાથે ચાલે છે.” ઇત્યાદિ તે બંદીએ કરેલું વર્ણન સાંભળીને કર્ણના પુત્ર તે સારંગ રાજાએ વિવેકી તેમજ કૌતુકી હોવાથી પોતાની નગરીમાં અસાધારણ શોભા કરાવી. તેમાં અંબાડી, ઝુલ અને ઘંટા વિગેરેથી હાથીઓને શણગારવામાં આવ્યા, મોટા અશ્વોને પલાણ વિગેરેથી શણગાર્યા, મોટાં છત્રો, મનોહર વાજીત્રો અને કુશળ સુભટોને પણ તૈયાર કર્યા. એ રીતે સર્વ સમૃદ્ધિવડે શોભાની વૃદ્ધિ કરતો અને હાથીઓ વડે પૃથ્વીને ક્ષોભ પમાડતો (કંપાવતો) તે રાજા ઇર્ષ્યાનો ત્યાગ કરી સંઘપતિની સન્મુખ ચાલ્યો. આ વૃત્તાંત સાંભળીને મંત્રી પણ સંઘને વિષે તોરણો અને ઉંચી ધ્વજાઓવડે વિવિધ પ્રકારની શોભા કરાવીને મોટા આડંબર સહિત રાજાની સન્મુખ ગયો. દૂરથી રાજાને જોઇને તરતજ મંત્રી પોતાની સાથે રાખેલા પાસેના (તાજા–થોડા વખત પહેલાંજ થયેલા) દશ સંઘપતિઓ અને એકવીશ [1]મહાધુરીની સાથે શ્રેષ્ઠ અશ્વપરથી નીચે ઉતર્યો. રાજા પણ પાસે આવ્યો ત્યારે ગજેંદ્રપરથી નીચે ઉતર્યો તે વખતે તે બત્રીશે મહાપુરૂષો રાજાની પાસે ભેટ મૂકી તેને પગે લાગ્યા. રાજાએ તે સર્વનું સન્માન કરી તથા મંત્રીનું વિશેષ સન્માન કરી પોતે અશ્વપર આરૂઢ થઈ તે સર્વને મોટા આગ્રહથી અશ્વોપર ચડાવ્યા. ત્યારપછી રાજા તે સર્વ સહિત આગળ ચાલ્યો, સંઘ સમીપે આવતાં તેણે માંડવગઢની રચના જોઇ, તે વાયુથી ફરકતી ધ્વજારૂપી તરંગોવાળા ક્ષીરસાગર જેવી શોભતી હતી. તેની પ્રદક્ષિણા કરતાં

૧ મોટા શેઠીયાઓ.

ઉંચા તોરણવાળા દરવાજા જોઇ રાજાએ પોતાનો હાથી, ઘોડા વિગેરે નો પરિવાર બહાર મૂકી અંદર પ્રવેશ કર્યો. અનુક્રમે સંઘનો પડાવ જોતો જોતો રાજા મંત્રીની પત્નીની પાસે ગયો, તે વખતે તેણીએ પોતાના તંબુમાં આવેલા રાજાને મોટા થાળમાં રાખેલા મોતીઓવડે વધાવ્યો. પછી મધ્યના મુખ્ય તંબુમાં આવી તે રાજા સિંહાસન ઉપર બેઠો, અને પછી તેણે ઉદાર વાણીવડે આંઝણ વિગેરેને સ્વાગતાદિક (ક્ષેમકુશળપણું) પૂછ્યું. તે વખતે પોતાની પાસે એક મોટો રાજા અતિથિપણે આવ્યો છે, અને વળી તે રાજા સંઘનો પ્રવેશ મહોત્સવ કરવા ઇચ્છે છે, એમ ધારીને તે ખત્રીશે મહાપુરૂષોએ મળીને હર્ષથી એક લાખ રૂપીયાની ભેટ કરી પરંતુ તે રાજા તો કોઇપણ વખત કોઇ પણ ઠેકાણે પોતાનો જમણો હાથ ઉંચો (લાંબો) કરતો જ નથી કેમકે તે યાચનાનું લક્ષણ છે અને યાચના લઘુતાનું કારણ છે. કહ્યું છે, કે

" તૃણ સર્વથી લઘુ છે, તૃણથી પણ રૂ લઘુ છે, અને રૂથી પણ યાચક લઘુ છે. છતાં તે યાચકને વાયુ કેમ હરી જતો નથી ? તેનો જવાબ એ છે કે " કદાચ આ યાચક મારી પાસે પ્રાર્થના કરશે તો હું તેને શું આપીશ ! " એમ ધારીને વાયુ પણ તેને લઇ જતો નથી."

તેથી કરીને મંત્રી રાજાને તાંબૂલ આપવા આવ્યો ત્યારે રાજાએ પોતેજ તેના હાથમાંથી તાંબૂલનું બીડું ઝડપી લીધું. પછી મંત્રી કપૂર લાવવા માટે અંદર ગયો પરંતુ તાંબૂલની બાબતમાં તે પોતાના ચિત્તમાં આશ્ચર્ય પામ્યો હતો. તેથી તેણે રાજાના કોઇ સેવકને તે બાબત પૂછીને બીડું ઝડપી લેવાનું કારણ જાણી લીધું. પછી મંત્રી ખોબો કપૂર લાવીને સર્વ લોકો જોતાં છતાં રાજાના હાથમાં ધારવડે નાંખવા લાગ્યો. રાજાએ ડાબો હાથ ધર્યો હતો તે તેવા ઉંચી જાતના કપૂરવડે શિખા સહિત ભરાઇ ગયો અને કપૂર નીચે પૃથ્વીપર પડવાનો વખત આવ્યો. એટલે તે નહીં પડવા દેવાના હેતુથી રાજાએ એકદમ જમણો હાથ પહોળો કર્યો, તે ઉપર કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે—

બન્ને હાથ યુગલપણે સાથે ઉત્પન્ન થયા છતાં પણ અધર્મના કાર્ય કરવામાં નિપુણ લોકોથી જુદા પડેલા ડાબા હાથને યુગલમંત્રી મંત્રણા કરનારો અને તે એકલાને પ્રવેશ જમણા હાથે કપૂર પડી જતાં રાખ્યું તે વખતે તેનું રક્ષણ કરવા માટે (નહીં પડવા દેવા માટે)

મને આજે કૃપા કરીને આપો.” ત્યારે રાજાએ કહ્યું કે—“ તમને જે ઇષ્ટ હોય તે બોલો—માગો.” ત્યારે શ્રેષ્ઠ મંત્રીએ ધન આપવા પૂર્વક કેદનું રાજાઓ માગ્યા. તે સાંભળી રાજા ચિંતાગ્રસ્ત મનવાળો રહ્યો—થયો. જે વચન આનંદને વખતે અપાયું હોય તે પછીથી આપવું દુષ્કર થાય છે. દાનને અવસરે મહા પુરૂષનું શરીર પણ કંપાયમાન થાય છે, રણસંગ્રામમાં બીજા પણ દાન દેવું પડશે એવી શંકાથી કૈદ્ય પામ્યો હતો.” રાજાને કેદ કરેલા રાજાઓને છોડવા એ રૂચતું નથી.” એમ જાણી તે ચતુર મંત્રીએ બીજી વાર્તા કરીને આ બાબત દાબી દીધી. જેમ પાત્રને વિષે આપેલું દાન, જળને વિષે નાંખેલું તેલ અને ખળ પુરૂષની પાસે કહેલું ગુપ્ત વૃત્તાંત પ્રસરી જાય છે, તેમ રાજા ત્યાંથી ઉઠો થઇને ગયો કે તરત જ તે વાત લોકમાં પ્રસરી ગઇ.

આ અવસરે આભૂ મંત્રી પણ યાત્રા કરીને ત્યાં જ આવ્યો, તેણે પ્રથમથી આ વાર્તા સાંભળી હતી, તેથી યશ અને પુણ્ય મેળવવાની ઇચ્છાથી તે કેદી રાજાઓને મૂકાવવા ઉત્સુક થયો. કહ્યું છે કે—

“ यद्वत्कर्करकम्बुरत्नमुदधौ नाशाङ्गभोगव्यय-
त्यागं च श्रियि पत्रपुष्पफलमप्युर्वीरुहि श्रीफले ।
काये रोगमलोपकारकरणं दुष्कर्मकीर्त्यर्जना-
पुण्यं चाधममध्यमोत्तमतया मद्वन्मनुष्यायुषि ॥ ६ ॥

“ જેમ સમુદ્રને વિષે કાંકરા અધમ છે, શંખ મધ્યમ છે અને રત્ન ઉત્તમ છે, જેમ લક્ષ્મીને વિષે નાશ અધમ છે, શરીરના ભોગનો વ્યય મધ્યમ છે અને દાન ઉત્તમ છે, જેમ શ્રીફળના વૃક્ષને વિષે પાંદડાં અધમ છે, પુષ્પ મધ્યમ છે અને ફળ ઉત્તમ છે, જેમ શરીરને વિષે રોગ અધમ છે, મળ મધ્યમ છે અને પરોપકાર કરવો ઉત્તમ છે, તેમ મનુષ્યના આયુષ્યને વિષે દુષ્કર્મ કરવું તે અધમ છે, કીર્તિ ઉપાર્જન કરવી મધ્યમ છે અને પુણ્ય ઉપાર્જન કરવું તે ઉત્તમ છે.”

[illegible]

ફરતા સર્વાંગી શિણગારને ધરતા તે ચપળ ઘોડાઓવડે લાંબી વલ્લી બાંધી. (વેલડીની જેમ લાંબા ચરકલામાં તે ઘોડાઓ બાંધ્યા). ત્યાર પછી પ્રાતઃકાળે વાજિંત્રના નાદ અને તે અશ્વોના હેષારવ વિગેરેવડે નિદ્રાનો ત્યાગ કરી રાજાએ ગોખરૂ દૃષ્ટિ ફેરવી ત્યારે તેણે તે ઘોડાઓ જોયા. જેમ કાનના કુંડળની ફરતા મોતીઓ શોભે છે, જેમ સરોવરની ફરતા હંસો શોભે છે, જેમ ચૈત્યની ફરતી દેવકુલિકાઓ શોભે છે, તેમ તે મંડલની ફરતા તે અશ્વો શોભતા હતા. આશ્ચર્ય વડે વિકસ્વર દૃષ્ટિ વાળો રાજા તે અશ્વોને જોઇ વિચાર કરવા લાગ્યો કે—" આ અશ્વો કોના છે ? તથા કોણે અને કયા કાર્યને માટે અહીં બાંધ્યા છે ? " આ પ્રમાણે રાજા વિચાર કરે છે, તેટલામાં કોઇ પ્રધાને પ્રથમથી આ વૃત્તાંત જાણેલો હોવાથી આવીને રાજાને નમસ્કાર કરી વિનંતિ કરી કે—" હે સ્વામી ! આ અશ્વો આભૂએ બાંધ્યા છે. " રાજાએ પૂછયું કે—" તે આભૂ કયાં ગયો ? " પ્રધાને કહ્યું—" હમણાં આપને નમસ્કાર કરવા તે અહીં આવશે. " આ પ્રમાણે તે વાત કરે છે, તેટલામાં આભૂ પણ ભેટ લઇને રાજા પાસે આવ્યો. અને તેણે રાજા પાસે કેદ કરેલા છન્નુ રાજાઓને મુકાવવા માટે વિનંતિ કરી. ત્યારે રાજાએ કહ્યું કે—" ઝાંઝણે તેમને પ્રથમ માગ્યા છે. " ત્યારે આભૂ બોલ્યો કે—" આ બાબતમાં ઝાંઝણે આપને વિજ્ઞપ્તિ કરી છે, પરંતુ તે આપે સાંભળી નથી (સ્વીકારી નથી.). તેથી મારા ઉપર આપનો આ પ્રસાદ હો. અને તેમ કરવાથી હે દેવ ! કાંઈ પણ દોષ નથી. જો મારા કહેવાથી આપ તેમને નહીં છોડો તો " આખા ગુજરાત દેશમાં કોઈ પણ એવો મોટો ઇભ્ય નહીં હોવાથી માલવ દેશના મંત્રીએ કેદ કરેલા રાજાઓને છોડાવ્યા. " એમ વાત પ્રસિદ્ધ થશે તો આપનું અને આપના દેશનું પાણી ઉતરશે. (માટે મારી વિજ્ઞપ્તિથી આપે તેમને છોડયા એવો દેખાવ કરવાથી અને હું આપના દેશનો હોવાથી આપનું અને દેશનું ઉલટું સારૂં દેખાશે). " આવાં તે આભૂનાં વચન રાજાના હૃદયરૂપી અરિસામાં પ્રતિબિંબરૂપ થયાં. તેથી રાજાએ તે બન્નેને બોલાવી પાંચે અંગની પહેરામણી આપવા પૂર્વક તે બન્નેના વચન ઉપર છન્નુ રાજાઓને છોડયા. પછી રાજાને વિચાર થયો કે—" મેં ઝાંઝણ મંત્રીને વરદાન આપ્યું હતું, અને

પહેલાં જ પ્રથમ રાજાઓની યાચના કરી હતી, પરંતુ મેં તો તે બન્નેને તે રાજાઓ આપ્યા, તે મેં વ્યાજબી કર્યું ન કહેવાય, તેમજ વળી આ ઝાંઝણ મહામંત્રી છે અને મારો અતિથિ છે, તેથી તેના મનમાં કાંઈ પણ ખોટું ન લાગે તેમ થવું જોઇએ." આ પ્રમાણે વિચારી તેણે તે મંત્રી પાસેથી કાંઇપણ ધન લીધું નહીં. તે વખતે બીજા આબૂએ છન્નુના અર્ધ એટલે અડતાલીશ લાખ રૂપીયા રાજાને આપ્યા. તે તો ઘણી લક્ષ્મીવાળા તે આબૂને હાથીના ભોજનમાંથી એક કોળીઓ આપ્યા જેટલું જ હતું. પછી ઝાંઝણ મંત્રીએ તે છન્નુ રાજાઓને એક એક અશ્વ અને પાંચ પાંચ શ્રેષ્ઠ વસ્ત્રો આપી તે સર્વેને પોતપોતાને સ્થાને મોકલ્યા. તેથી કરીને મહાજનોએ પૂજવા લાયક તે મંત્રી રાજઆધારક (રાજાઓનો આધાર) અને રાજબંદિછોટક (કેદ કરેલા રાજાઓને છોડાવનાર) એવા બે બિરૂદને પામ્યો. રાજાઓ તો બન્નેએ મૂકાવ્યા હતા, અને ધન આબૂએ જ આપ્યું હતું, પરંતુ તેના યશની પ્રસિદ્ધિ તો મંત્રીની જ થઇ-છોડાવનાર તરીકે તો મંત્રી જ પ્રસિદ્ધ થયો. કહ્યું છે કે—

"ઘણાએ ભેળા થઇને કાર્ય કર્યું હોય તો પણ તેનું ફળ મુખ્યને જ મળે છે. જુઓ કે વધામણીના લાભમાં જિહ્વાજ સોનાની થાય છે-મળે છે."

"મહિને મહિને શ્વેત અને કૃષ્ણ બન્ને પક્ષમાં (પખવાડીયામાં) ચંદ્રની કાંતિ સરખી જ હોય છે, તો પણ તેમાં એક જ પક્ષ શુક્લપણાને પામે છે-એક જ પખવાડીયું શ્વેત કહેવાય છે, તેથી કરીને એમ જણાય છે કે-પુણ્યથી જ યશ પ્રાપ્ત થાય છે.

એકદા રાજાએ ઝાંઝણની સાથે ઓળખાણ અને પ્રીતિને લીધે તેને ભોજન કરાવવાની ઇચ્છા થવાથી તેને નિમંત્રણ કરવા માટે તેની પાસે પોતાના પ્રધાનને મોકલ્યો. એટલે તેણે જઇને મંત્રીને કહ્યું કે—"હે મંત્રી! તમારા સંઘમાં અસંખ્ય મનુષ્યો છે, તેથી સૈન્યની અદા (આડુ) પડદાના [illegible] કોણ ને સર્વને ભોજન કરાવવા

૧ [illegible] !
[illegible]
[illegible]

શક્તિમાન હોય ? કોઇ પણ શક્તિમાન નથી. તેથી રાજા અસાર મનુષ્યોનો ત્યાગ કરી કેટલાક હજાર સારા સારા મનુષ્યોને ભોજન કરાવવા ઇચ્છે છે. અતિથિ માત્ર પાણી જ પી જાય તો પણ તે પાપના સમૂહનો નાશ કરે છે, તો પછી તેવા યાત્રાળુ અનેક અતિથિઓ જમાડવામાં આવે (જમી જાય) તો તેઓ મોક્ષ આપનારા કેમ ન થાય ? તો તત્કાળ પ્રસન્ન થઇને તેવા સારા પાંચ છ હજાર માણસોને સાથે લઇને તમે રાજાને ઘેર ભોજન કરવા પધારો. આ નિમંત્રણ વ્યર્થ કરવું યોગ્ય નથી." તે સાંભળી મંત્રીએ કહ્યું કે—" રાજાની જે આવી ઇચ્છા થઇ તે યોગ્ય જ છે, કેમકે પાપના પ્રચારનો નાશ કરી પુણ્યનો પ્રચાર કરવો તેવી પ્રવૃત્તિ પ્રથમથી રાજાઓએ જ કરેલી છે, પરંતુ આ સંઘને વિષે મહા કષ્ટથી એકત્ર થયેલા સર્વે સાધર્મિકો બાંધવથી અધિક માન્ય અને પૂજ્ય છે, તેથી ઉજ્વળ ગૌરવ (ભક્તિ) વડે શોભતા તેઓને જો કદાચ માત્ર અન્નના ગ્રાસ માટે જ હું અસાર કરૂં, તો હું છેલ્લી નરકે જ જાઉં." તે સાંભળી રાજાના પ્રધાને કહ્યું કે—" આ સાર–અસારનો વિવેક સર્વ બાબતમાં સર્વ કોઇને હોય છે; કેવળ તમારી પાસે જ આ વિવેક છે એમ નથી. જુઓ આ આશ્ચર્ય ! કહ્યું છે કે—

" धर्मः पेयं भोज्यं भक्ष्यं न्याय्यं च कार्यमथ गम्यम् ।
सारं सौख्यं सप्रतिपक्षं सर्वत्र सर्वेषाम् ॥ ९ ॥ "

" સર્વત્ર સર્વેને ધર્મ, પેય (પીવા લાયક), ભોજ્ય, ભક્ષ્ય, ન્યાય, કાર્ય (કરવા લાયક), ગમ્ય (ગમન કરવા લાયક), સારૂં અને સુખ આ સર્વ પદાર્થો સામાપક્ષ સહિત હોય જ છે, એટલે કે ધર્મની સામે અધર્મ, પેયની સામે અપેય, ભોજ્યની સામે અભોજ્ય, એજ રીતે અભક્ષ્ય, અન્યાય, અકાર્ય, અગમ્ય, અસાર અને દુઃખ એ સામા પક્ષમાં જાણવા."

તે સાંભળી ઝાંઝણ મંત્રીએ કહ્યું કે—" ખરી વાત છે કે સર્વત્ર સર્વને આ પ્રમાણે હોય છે, પરંતુ મારે તો અહીં સંઘમાં તે પ્રમાણે નથી, તેથી આ બાબતમાં તમારે કાંઇ કહેવા જેવું નથી." એમ કહી તેણે રાજાના પ્રધાનને નિવાર્યો. ત્યારે તે પ્રધાને રાજા પાસે જઇ આ સર્વ હકિકત તેને કહી તે સાંભળી રાજા પોતે મંત્રી પાસે

આવ્યો, કારણ કે જે કાર્ય પોતાથી થાય તે બીજાથી થઇ શકતું નથી. રાજાએ પણ આવીને તે જ પ્રમાણે મંત્રીને કહ્યું, ત્યારે આંઝણ હસીને બોલ્યો કે—" હે સ્વામી ! જો આપના મનમાં દુઃખ ન થાય મારી એક વિજ્ઞપ્તિ છે." ત્યારે રાજાએ બોલવાની અનુમતિ આપી એટલે તે બોલ્યો કે—" હે સ્વામી ! ખર્ચ કરવામાં રણસંગ્રામથી પણ અધિક ભય હોય છે, કારણ કે તે ખર્ચમાં આપની જેવા પણ ભય પામે છે, કારણ કે તે ખર્ચમાં આપની જેવા પણ ભય પામે છે. કદાચ સમુદ્ર ક્ષીણ થાય, પણ અમે ક્ષીણ થઇએ તેમ નથી. અથવા તો નવ નિધાનનો સ્વામી ચક્રવર્તી પણ અધિક ખર્ચ કરી શકતા નથી (તેથી જણાય છે કે રાજાઓની એવી રીતિજ હોય છે.) તેથી ફરીને હે દેવ ! જો સર્વ સંઘને ભોજન કરાવવું હોય તો જ બોલવું. અન્યથા કાંઇ બોલશો નહીં. આ સર્વ સંઘના મનુષ્યો સરખા હોવાથી તેમનો પંક્તિભેદ કરવો યોગ્ય નથી. રાવણે પોતાના દશ મસ્તકવડે દશ રૂદ્રો (મહાદેવ) ની પૂજા કરી હતી, પણ તેમાં અગ્યારમાં રૂદ્રની પૂજા કરી નહોતી, તેથી હનુમાને રાવણના કુળનો નાશ કર્યો હતો, માટે પંક્તિનો ભેદ કલ્યાણકારક નથી.

આ પ્રમાણે આંઝણનું વચન સાંભળી કાંઇક ખેદ પામી રાજાએ કહ્યું કે—" હે મંત્રી ! કહો કે દરેક ઘરે (મારા) સર્વ લોકો એક એક (સંઘના લોક) ને જમાડે તો તેમાં શી હરકત છે ? (અર્થાત્ મારી રૈયતના દરેક લોક પોતપોતાને ઘેર એક એક સંઘના માણસને જમાડે એમ તમે નિમંત્રણ સ્વીકારો). તે પણ તમે ન માનો તો ધારો કે કદાચ અમે જ તમારે ત્યાં જમવાને માટે તમને પ્રયાસમાં નાંખવા ઇચ્છીએ તો શું તમે મારા આખા દેશના લોકો સહિત મને નિમંત્રણ આપો ખરા કે ? " તે સાંભળી મંત્રીએ કહ્યું કે—" આવા સંઘ સિવાય બીજે પ્રસંગે જુદા જુદા ચહેરાને જમાડવામાં દોષ નથી, પરંતુ સંઘને વિષે જો તેમ કરવામાં આવે તો આપને અને અમને પણ એકાંતપણે પાપ વિગેરે અશુભ કર્મ જ હોય, તથા આખા દેશના લોકો સહિત આપને જો નિમંત્રણ કરવું, તે આપનું તો હું તૈયાર જ છું—નિમંત્રણ કરું જ છું. માટે તે અંગીકાર કરો."

ભોગ કરી મનનો ભંગ કરવામાં ધીર એવા તે મંત્રીએ વસ્ત્રનો ફેટો (ગોળો) પાથર્યો. તે વખતે " ભોજન કરીને પણ આ મંત્રીની હું પરીક્ષા કરીશ. " એવી ઇચ્છાથી રાજાએ મંત્રીનું તે નિમંત્રણ સ્વીકાર્યું, અને ભોજનનો દિવસ પોતે રાજાએ જ મહિનાને અંતે નિશ્ચિત કર્યો, તે ઉપર તે ધન્ય મંત્રીએ સર્વ સામગ્રી તૈયાર કરી.

પછી શ્વભ્રમતી (સાબરમતી) નદીને કાંઠે પંચ રંગી વસ્ત્રોના સુશોભિત સો ભોજનમંડપો કરાવ્યા. તેમાં દરેક મંડપમાં દરેક જ્ઞાતિના વિવેચન પૂર્વક પાંચ પાંચ હજાર મનુષ્યોને સારી રીતે ભક્તિથી ભોજન કરાવી શકાય તેવી ગોઠવણ કરી, અને રાજાએ પ્રયત્નથી એકઠા કરેલા કુલ પાંચ લાખ માણસોને પાંચ છ દિવસે તે મંત્રીએ ભોજન કરાવ્યું અને તે સર્વનો સત્કાર પણ કર્યો. જેમ પર્વતની શિલાઓ ઉપર, પર્વતના શિખરો ઉપર, ખાડાઓને વિષે, આંબાના વૃક્ષો ઉપર, બહેડાના વૃક્ષો ઉપર ખાલી (ઉજ્જડ) સ્થાનોને વિષે અને ભરેલા સ્થાનોને વિષે વિગેરે આખી પૃથ્વીના દરેક સ્થાનોને વિષે એક સરખી રીતે વરસાદ ગંભીર ગર્જના સહિત વૃષ્ટિ કરે છે, તેમ સુગંધી યશવાળા આ ઝાંઝણ મંત્રીએ તે મેઘની જેવીજ લીલા કરી (એક સરખી રીતે સર્વને ભોજનાદિક કરાવ્યું.

ત્યારપછી મનમાં હસતા મંત્રીએ સર્વ લોકો સાંભળતાં રાજાને કહ્યું કે—"હે દેવ ! શું આટલી જ ગુજરાત છે ? (તમારા ગુજરાત દેશમાં આટલા જ મનુષ્યો છે ?) આટલા મનુષ્યો જમ્યા છતાં પણ હજુ ઘણું વધારે બાકી રહ્યું છે (વધારો ઘણો છે)." એમ કહી તેણે રાજાને વધેલું પકવાન્નાદિક દેખાડી આશ્ચર્ય કર્યું. પછી જાણે પોતાનો ઉજ્વળ યશ હોય એવું તે પકવાન્ન સર્વ ચૈત્યોમાં અને શ્રદ્ધાળુ મનુષ્યોને ઘેર પણ ઘણું ઘણું મોકલ્યું. આ પ્રકારે રાજા વિગેરેને ભોજનાદિક કરાવવામાં તે મંત્રીએ પાંચ લાખ રૂપીયાનો ખર્ચ કર્યો.

ત્યારપછી કેટલેક દિવસે સારંગદેવ રાજાની રજા લઇ અદ્ભુત કર્મવડે વિશ્વને ચમત્કાર કરનાર મંત્રી સંઘ સહિત ધનનો વરસાદ વરસાવતો આગળ ચાલ્યો. અનુક્રમે ચાલતાં પાપ કર્મને નાશ કરનાર

તે સંઘ સ્ત્રીઓના ભૂષણોના મણિઓની કાંતિવડે તામ્ર (રાતી) દેખાતી નાગ્રાવતી (થંભાવતી) નામની નગરીએ પહોંચ્યો. ત્યાં શ્રી પાર્શ્વનાથ ની પ્રતિમા રહેલી છે, કે જે પ્રતિમા કેટલાક કાળ સુધી સ્વર્ગમાં ઇંદ્રને ઘેર રહી હતી, પછી કૃષ્ણ વાસુદેવની દ્વારકા નગરીમાં રહી હતી, પછી ભુવનપતિ દેવોએ આરાધન કરતી નાગેંદ્રના ભુવનમાં રહી હતી, અને ત્યારપછી આ નગરીમાં રહી છે, તે નાગાર્જુનની સુવર્ણસિદ્ધિનું કારણરૂપ થઇ છે, તથા શ્રી અભયદેવસૂરિનું શરીર સારૂં કર્યું છે, આવી તે શ્રી પાર્શ્વનાથની પ્રતિમાનું સંઘજનોએ ભાવથી વિધિપૂર્વક પૂજન કર્યું. ત્યારપછી તે સંઘ ગોધરા વિગેરે નગરોમાં થઇને લક્ષ્મણપુર નગરમાં આવ્યો. ત્યાં અત્યંત આનંદથી તેનો વખાણવા લાયક પ્રવેશ મહોત્સવ થયો. પછી દારિદ્રયરૂપી બળતા દાવાનળથી તાપ પામેલા લોકોને શીતળ કરવામાં ઝંઝા નામના વાયુ સમાન તે બુદ્ધિમાન ઝાંઝણ યાત્રા કરીને અઢી લાખ મનુષ્યોવાળા સંઘનું સ્વામીપણું પામીને આપત્તિના અસ્થાનરૂપ પોતાના માંડવગઢમાં પ્રાપ્ત થયો. તે વખતે રાજા તથા સર્વ લોકોએ સ્થાને સ્થાને મોટા ઉત્સવો કરવા પૂર્વક તેને પ્રવેશ કરાવ્યો. અનુક્રમે મંત્રી પોતાને ઘેર આવ્યો, પછી તેણે સત્કાર પૂર્વક સર્વ સંઘના લોકોને પોતપોતાને સ્થાને મોકલ્યા. તે વખતે સત્પુરૂષોનાં ઘરો ઉંચા બાંધેલાં તોરણોવડે શોભતા હતા. સ્ત્રીઓ પણ હાથમાં અક્ષત પાત્રને ધારણ કરી મધુર સ્વરનાવાળા મંગળ ગીત ગાવાવડે દેવીઓ જેવા ગૌરવને પામતી પોતપોતાને ઘેર ગઈ. ત્યારપછી અર્થી જનોને સુવર્ણના મેઘ જેવા તે મંત્રીએ નગરની સર્વ જ્ઞાતિઓને ભક્તિ સહિત ભોજન કરાવ્યું, શ્રી સંઘની ઘણી પૂજા કરી, પરિવાર સહિત રાજાનો ભક્તિ પૂર્વક સત્કાર કર્યો, અને પુત્રાદિકના ઉત્સર્જન વિગેરેનો મહોત્સવ કર્યો, તથા સૌભાગ્યની ઉપર મંજરીની જેમ શ્રી તીર્થયાત્રાને અનુસારે દેવોના આવ્હાનનો વિધિ પણ કર્યો.



[illegible] કરી [illegible] કરવામાં [illegible] તે મંત્રીએ [illegible] [illegible] ભોજન કરીને પણ આ મંત્રીની [illegible] કરીશ." એમ કહી [illegible] રાજાએ મંત્રીનું તે નિમંત્રણ [illegible], અને [illegible] દિવસ [illegible] રાજાએ જ [illegible] [illegible] કર્યું. [illegible] મંત્રીએ સર્વ સામગ્રી તૈયાર કરી.

પછી [illegible] કાંઈ [illegible] લક્ષોના [illegible] તેમાં હરેક મંડપમાં હરેક [illegible] પૂર્વક [illegible] મનુષ્યોને સારી રીતે ભક્તિથી [illegible] કરી, અને રાજાએ પ્રયત્નથી [illegible] દિવસે તે મંત્રીએ [illegible] પણ કર્યો. જેમ પર્વતની શિલાઓ ઉપર, [illegible] ઉપર, ખાડાઓને વિષે, આંબાના વૃક્ષો ઉપર, [illegible] ઉપર [illegible] (ઉંચા) સ્થાનોને વિષે અને ભરેલા સ્થાનોને વિષે વિગેરે [illegible] પૃથ્વીના હરેક સ્થાનોને વિષે એક સરખી રીતે વરસાદ ગંભીર ગર્જના સહિત વૃષ્ટિ કરે છે, તેમ સુગંધી યશવાળા આ આંબડ મંત્રીએ તે મેઘની જેવીજ લીલા કરી (એક સરખી રીતે સર્વને ભોજનાદિક કરાવ્યું.

ત્યારપછી મનમાં હસતા મંત્રીએ સર્વ લોકો સાંભળતાં રાજાને કહ્યું કે—"હે દેવ! શું આટલી જ ગુજરાત છે? (તમારા ગુજરાત દેશમાં આટલા જ મનુષ્યો છે? આટલા મનુષ્યો જમ્યા છતાં પણ હજુ ઘણું વધારે બાકી રહ્યું છે (વધારો ઘણો છે)." એમ કહી તેણે રાજાને વધેલું પકવાન્નાદિક દેખાડી આશ્ચર્ય કર્યું. પછી જાણે પોતાનો ઉજ્વળ યશ હોય એવું તે પકવાન્ન સર્વ ચૈત્યોમાં અને શ્રદ્ધાળુ મનુષ્યોને ઘેર પણ ઘણું ઘણું મોકલ્યું. આ પ્રકારે રાજા વિગેરેને ભોજનાદિક કરાવવામાં તે મંત્રીએ પાંચ લાખ રૂપીયાનો ખર્ચ કર્યો.

ત્યારપછી કેટલેક દિવસે સારંગદેવ રાજાની રજા લઇ અદ્ભુત કર્મવડે વિશ્વને ચમત્કાર કરનાર મંત્રી સંઘ સહિત ધનનો વરસાદ વરસાવતો આગળ ચાલ્યો. અનુક્રમે ચાલતાં પાપ કર્મને નાશ કરનાર

તેઓ સંઘ સ્ત્રીઓના ભૂષણોના મણિઓની કાંતિવડે તામ્ર (રાતી) દેખાતી તામ્રાવતી (ખંભાવતી) નામની નગરીએ પહોંચ્યો. ત્યાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમા રહેલી છે, કે જે પ્રતિમા કેટલાક કાળ સુધી સ્વર્ગમાં ઇંદ્રને ઘેર રહી હતી, પછી કૃષ્ણ વાસુદેવની દ્વારકા નગરીમાં રહી હતી, પછી ભુવનપતિ દેવોએ આરાધન કરાતી નાગેંદ્રના ભુવનમાં રહી હતી, અને ત્યારપછી આ નગરીમાં રહી છે, તે નાગાર્જુનની સુવર્ણસિદ્ધિનું કારણરૂપ થઇ છે, તથા શ્રી અભયદેવસૂરિનું શરીર સારૂં કર્યું છે, આવી તે શ્રી પાર્શ્વનાથની પ્રતિમાનું સંઘજનોએ ભાવથી વિધિપૂર્વક પૂજન કર્યું. ત્યારપછી તે સંઘ ગોધરા વિગેરે નગરોમાં થઇને લક્ષણપુર નગરમાં આવ્યો. ત્યાં અત્યંત આનંદથી તેનો વખાણવા લાયક પ્રવેશ મહોત્સવ થયો. પછી દારિદ્રયરૂપી બળતા દાવાનળથી તાપ પામેલા લોકોને શીતળ કરવામાં ઝંઝા નામના વાયુ સમાન તે બુદ્ધિમાન માંઝણ યાત્રા કરીને અઢી લાખ મનુષ્યોવાળા સંઘનું સ્વામીપણું પામીને આપત્તિના અસ્થાનરૂપ પોતાના માંડવગઢમાં પ્રાપ્ત થયો. તે વખતે રાજા તથા સર્વ લોકોએ સ્થાને સ્થાને મોટા ઉત્સવો કરવા પૂર્વક તેને પ્રવેશ કરાવ્યો. અનુક્રમે મંત્રી પોતાને ઘેર આવ્યો, પછી તેણે સત્કાર પૂર્વક સર્વ સંઘના લોકોને પોતપોતાને સ્થાને મોકલ્યા તે વખતે સત્પુરૂષોનાં ઘરો ઉંચા બાંધેલાં તોરણોવડે શોભતા હતા. સ્ત્રીઓ પણ હાથમાં અક્ષત પાત્રને ધારણ કરી મધુર સ્વરવાળા મંગળ ગીત ગાવાવડે દેવીઓ જેવા ગૌરવને પામી પોતપોતાને ઘેર ગઈ. ત્યારપછી અર્થી જનોને સુવર્ણના [illegible] તે [illegible] નગરની સર્વ જ્ઞાતિઓને ભક્તિ સહિત ભોજન [illegible] શ્રી [illegible] પૂજા કરી, પરિવાર સહિત રાજાનો ભક્તિ પૂર્વક [illegible] કર્યો અને પુંડરિકના ઉત્સર્જન વિગેરેનો મહોત્સવ [illegible] નગરીની જેમ શ્રી તીર્થયાત્રાને અનુ[illegible] વિધિ પણ કર્યો.

પ્રશસ્તિ.

શ્રીદેવેંદ્ર નામના મુનીંદ્રની પાટના મુગટ સમાન શ્રી ધર્મઘોષ નામના ગુરૂ હતા. તેમના ચરણકમળની રજવડે મસ્તકને પવિત્ર કરનાર પૃથ્વીધર નામના મંત્રી હતા, તેના વંશરૂપી આકાશના વિસ્તારને વિષે સૂર્ય સમાન શ્રી ઝાંઝણ મંત્રી હતા, આ ત્રણે પુરૂષો જગતના આંગણામાં જાણે ઉત્કૃષ્ટ મૂર્તિમાન દેવત્રયી હોય તેમ શોભતા હતા. પૂર્ણિમાના ચંદ્ર જેવા સુંદર (ઉજ્વળ) ગુણવાળા, આનંદ આપનાર ત્રણ રત્ન વડે દેદીપ્યમાન એવા ધર્મઘોષ નામના ગુરૂના બે ચરણકમળને વિષે ભમરા સમાન અને સમૃદ્ધિવાળી અવંતીના ચિરકાળ સુધી અલંકારના મણિ સમાન શ્રી પેથડ મંત્રીનો કર્ણને સ્વાદિષ્ટ (મનોહર) આ સુકૃતાદિકનો સાગર સમાન (સુકૃતસાગર) નામનો પ્રબંધ પૂર્ણ થયો. આ પ્રબંધ શ્રીનંદિરત્ન ગુરૂના ચરણકમળને વિષે ભ્રમરપણાને પામેલા રત્નમંડને રચ્યો છે, અને વિદ્યાવડે સુશોભિત પંડિત સુધાનંદ ગુરૂએ આ પ્રબંધને દોષ રહિત કર્યો છે (સુધાર્યો છે), તથા આની પહેલી પ્રત આળસ રહિત (ઉદ્યમી) વિનયવાન નંદિવિજય નામના મુનિએ લખીને પ્રગટ કરી છે. આ ગ્રંથને સત્પુરૂષો ગંધને વિસ્તારનાર વાયુના ન્યાયવડે[1] વિસ્તારો.

ઇતિ શ્રીગચ્છપ્રધાન ગુરૂ શ્રીસોમસુંદર સૂરિની પાટના અલંકાર શ્રીરત્નશેખર સૂરિના શિષ્ય પંડિત શિરોમણિ શ્રીનંદિરત્ન ગણિના ચરણની રેણુ સમાન શ્રીરત્નમંડને રચેલા મંડન શબ્દના ચિન્હવાળા આ સુકૃતસાગર નામના ગ્રંથને વિષે શ્રીપેથડના પુત્ર શ્રીઝાંઝણના પ્રબંધને કહેનારો આ આઠમો તરંગ સમાપ્ત થયો.

॥ ગ્રંથ સમાપ્ત. ॥

૧ [illegible]

૨ [illegible]